~~8557~~ ~~8587~~

પુસ્તક ૧૩
અંક ૧

દીપોત્સવી
વિ. સં. ૨૦૩૧



ચિત્ર ૫ : સૂર્ય-પરિકર, જૂનાગઢ

ચિત્રપરિચય માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ

# સ્વાધ્યાય

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
અરુણોદય ન. જાની

નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર ૧
સૂર્ય, પ્રભાસપાટણ



ચિત્ર ૨
ત્રિમુખ સૂર્ય, પ્રભાસપાટણ

( ફોટો કૉપીરાઈટ : બરોડા મ્યૂઝિયમ )

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ધોળકિયાનો લેખ ]

# સ્વાધ્યાય

**દીપોત્સવી, વિ. સં. ૨૦૩૧** — પુસ્તક ૧૩

નવેમ્બર, ૧૯૭૫ — અંક ૧


## યોગાચાર્ય શ્રીકૃષ્ણ


**ઉપેન્દ્રરાય જ. સાંડેસરા**


ભગવાન શ્રીકૃષ્ણની ઉત્તર વયનાં લગભગ ૩૧-૩૨ વર્ષ વિશે મહાભારતમાં કંઈ નિર્દેશ મળતો નથી. ભારતયુદ્ધ પછી લગભગ અઢી વર્ષે પાંડવોનો અશ્વમેધ પૂર્ણ થયો. ત્યારબાદ કોઈ સમયે તેઓ [illegible]કા ગયેલા તેમાં છ માસ વીતેલાં એમ માનીએ તો કુલ ત્રણ વર્ષ થયાં. અને યાદવાસ્થળી પૂર્વે તેમણે દ્વારકામાં એકાદ બે વર્ષ સ્થિતિ કરી હોય એવું ધારી શકાય તો, યુદ્ધથી યાદવાસ્થળી સુધીનાં છત્રીસ વર્ષમાંથી આ ચારથી પાંચ વર્ષ બાદ જતાં ૩૧-૩૨ વર્ષની એમની પ્રવૃત્તિ અંગે કંઈ જાણવા મળતું નથી. આ ગાળામાં તેઓ દ્વારકામાં જ રહ્યા હતા કે બીજે ક્યાંક ગયેલા તે વિશે પણ કશું જાણવા મળતું નથી. સંભવ છે કે પોતે જે રાજયોગને—જ્ઞાન, વિજ્ઞાન, કર્મ, ભક્તિ, ધ્યાન, સમાધિ, સંયમ, સમતા, સામર્થ્ય, માધુર્ય, અનાસક્તિ ઇ.ના સંમીલિત રૂપને પૂર્ણપણે સિદ્ધ કર્યો તેને પોતાના અંતરંગ શિષ્યો કેવી રીતે પચાવે છે, તેનું નિરીક્ષણ કરવા તેમ જ એમને કેળવવા માટે એમણે આ ગાળામાં લોકહિતકારક પ્રવૃત્તિસભર નિવૃત્તિ સ્વીકારી હોય. એનો કંઈક અણસાર યાદવી અગાઉ ‘યોગવેત્તા’ અને ‘પરમાર્થ-વિશારદ’ ઉદ્ધવ યાદવોની વિદાય લઈને (બદરિકાશ્રમ તરફ) ચાલ્યા ગયા, તેમાં મળે છે. (૧૬-૪-૧૦ થી ૧૨) ‘ભાગવત’માં શ્રીકૃષ્ણે પ્રસ્થાન કરતા ઉદ્ધવને આ સમયે સર્વશ્રેષ્ઠ આત્મજ્ઞાન આપ્યાનું નિરૂપ્યું છે. જે ઉદ્ધવગીતા અને અવધૂતગીતા નામથી સુપ્રસિદ્ધ છે. (‘ભાગવત’ ૧૧-૭ થી ૨૯) એ પછી ઉદ્ધવજી બદરિકાશ્રમમાં, નરનારાયણાશ્રમમાં લોકહિતાર્થે બહુ તપ કરીને મોક્ષ પામ્યા. (‘ભાગવત’ ૧૧-૨૯-૪૭) શ્રીકૃષ્ણ ઉદ્ધવને પોતાનાથી અણુમાત્ર પણ કમ સમજતા નહોતા. વળી લોકોને આત્મજ્ઞાનનો ઉપદેશ કરવા માટે જ એમણે ઉદ્ધવને પોતાની પાછળ મૂક્યા હતા એમ યોગી શુકદેવે જણાવ્યું છે. (‘ભાગવત’ ૩-૪-૩૦ થી ૩૫; ‘વિષ્ણુપુરાણ’ ૫-૩૭-૩૧ થી ૩૭માં પ્રસ્તુત ઉદ્ધવપ્રસ્થાનના પ્રસંગનો અછડતો નિર્દેશ છે.) ઉદ્ધવને ઉપદેશ આપ્યો ત્યારે ત્યાં મૈત્રેય ઋષિ પણ ઉપસ્થિત હતા. આ મૈત્રેય ઋષિએ શ્રીકૃષ્ણ દ્વારા પ્રાપ્ત જ્ઞાન વિદુરને આપ્યું હતું, જે ‘ભાગવત’ના ત્રીજા અને ચોથા સ્કંધમાં ‘વિદુર-મૈત્રેય સંવાદ’ નામથી સંગૃહીત છે.

'ભાગવતે' (૩-૩-૨૨, ૨૩) લાક્ષણિક રીતે નિર્દેશ કર્યો છે કે, 'શ્રીકૃષ્ણને ગૃહસ્થાશ્રમ સંબન્ધી યોગોમાં એટલે કે ભોગોમાં વૈરાગ્ય થયો. આ ભોગો ઈશ્વરને આધીન છે અને મનુષ્ય સ્વયં પણ એને અધીન છે. એટલે જો યોગેશ્વર શ્રીકૃષ્ણને જ વૈરાગ્ય આવી ગયો તો પછી (ભક્તિ આદિ) યોગ દ્વારા એમનું અનુગમન કરનારો ભક્ત, એ ભોગો ઉપર શી રીતે ભરોસો રાખીને નિરાંતે બેસે ?

* * *

અશ્વમેધ પછીનાં પંદરેક વર્ષનો સંક્ષિપ્ત વૃત્તાંત પંદરમા આશ્રમવાસિકપર્વમાં છે. એ પર્વમાં શ્રીકૃષ્ણ અંગે છૂટાછવાયા નિર્દેશ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે :

યુધિષ્ઠિર-અર્જુન વગેરે તો ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીને માતાપિતાની જેમ જ રાખતા. પણ ભીમસેનનાં વાણી અને વર્તન કઠોર રહેતાં. પરિણામે વૃદ્ધ ધૃતરાષ્ટ્રને યુદ્ધ પછી પંદરમે વર્ષે વૈરાગ્ય આવી ગયો. અને એણે પોતાનાં વિશ્વાસુ માણસો આગળ હૃદય ખોલ્યું તેમાં બોલ્યો કે, 'કૌરવોનો સંહાર મારા અપરાધથી જ થયો છે તે તમે જાણો છો. દુર્યોધન નાલાયક હતો છતાં મેં એનો કૌરવોના અધિપતિ તરીકે અભિષેક કર્યો હતો. (વળી દૂતકાર્ય કરવા આવ્યા ત્યારે) વાસુદેવ કૃષ્ણે મને કહ્યું હતું કે, 'દુષ્ટ બુદ્ધિવાળા આ પાપી દુર્યોધનનો તેના સલાહકારો સહિત વધ કરો તો સારું.' (જુઓ, 'ઉદ્યોગપર્વ' અ. ૧૨૬) પણ મેં પુત્રસ્નેહથી અભિભૂત થઈને એમનું અને વિદુર, ભીષ્મ...ઇ. મનીષીઓનું માન્યું નહિ તેથી મને સંતાપ થાય છે...(આ અનીતિના પરિણામે) ગદના મોટાભાઈ શ્રીકૃષ્ણ સર્વ રાજાઓના ભાવિવિનાશને જોઈ શકયા હતા, તેથી એમણે એ રીતે વર્તવામાં જ પરમ શ્રેય માન્યું હતું. એમનુ કહેવું ન માન્યું એટલે પંદર વર્ષથી બળ્યાં કરું છું'. ('આશ્રમવાસિકપર્વ' અ. ૧ થી ૫-૧ થી ૯.)

ખિન્ન ધૃતરાષ્ટ્રે વન જવાનું નક્કી કર્યું. પછી શિષ્ટાચાર તરીકે યુધિષ્ઠિરને રાજ્યધર્મનો ઉપદેશ કર્યો. એનો સમારોપ કરતાં ધૃતરાષ્ટ્ર બોલ્યો કે, 'નૃપસત્તમ ! તને પૂર્વે ભીષ્મે (જુઓ 'શાન્તિપર્વ' અને 'અનુશાસનપર્વ'), શ્રીકૃષ્ણે (જુઓ 'આશ્વમેધિકપર્વ' અધ્યાય ૨ થી, ૧૩ થી), અને વિદુરે (જુઓ 'શાન્તિપર્વ' ૧૬૧-૪ થી, વિદુર રાજ્યવ્યવસ્થાની મંત્રણા અને નિર્ણય કરનારા મન્ત્રી પણ છે. 'શાન્તિપર્વ ૪૧-૮ થી; તેથી અવારનવાર રાજ્યધર્મનો ઉપદેશ કરતા જ હશે), ઉપદેશ આપ્યા છે, તે છતાં મારે પણ તારા ઉપરની પ્રીતિને કારણે અવશ્ય કહેવું જોઈએ.' (૧૫-૧૨-૨૧ ઇ.)

ધૃતરાષ્ટ્ર-ગાન્ધારીની સાથે માતા કુન્તી પણ એમની સેવા કરવા માટે વન જવા માંડ્યાં. ત્યારે, એમને અટકાવવાનો પ્રયત્ન કરતાં યુધિષ્ઠિર બોલ્યા : 'નરશ્રેષ્ઠ વાસુદેવ પાસેથી ('વિદુલા-પુત્રાનુશાસન'ના કથાનક દ્વારા) તમારી પ્રજ્ઞાનું શ્રવણ કરીને મેં રાજાઓનો સંહાર કર્યો અને આ રાજ્ય પ્રાપ્ત કર્યું છે. હવે અમને છોડીને કયાં ચાલ્યા ?...' (૧૫-૨૨-૨૧થી). એકાદ વર્ષ પછી વાનપ્રસ્થ ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી અને કુન્તીને મળવા પાંડવો ધૃતરાષ્ટ્રના આશ્રમે આવ્યા. સૂત સંજયે આશ્રમના તાપસોને પાંડવ પરિવારનો પરિચય કરાવ્યો. પરિચય કરાવતાં તે બોલ્યો : 'દ્રૌપદીના પડખે આ જે સુવર્ણસમાન ઉત્તમ કાંતિવાળી અને મૂર્તિમાન ગૌરી જેવી વચ્ચે બેઠી છે તે

અપ્રતિમ ચક્રાયુધ શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા છે. અને આ જે વૃદ્ધિ પામેલા નીલકમળોની માળા જેવા વર્ણવાળી શ્યામ છે, તે જે શ્રીકૃષ્ણની સાથે સદા સ્પર્ધા કરતો હતો તે રાજસેનાપતિ તથા રાજાની બહેન અને વૃકોદરની શ્રેષ્ઠ પત્ની છે.'[1] (૧૫-૩૨-૧૦, ૧૧)

પાંડવો વનમાં ધૃતરાષ્ટ્રને મળવા આવ્યા હતા. ત્યાં વેદવ્યાસ પણ આવેલા. અને આ સૌના હૃદયનું દુઃખ દૂર કરવાની કરુણાથી અને એ સૌને વરદાન આપવાની ઇચ્છાથી બોલ્યા હતા: 'શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા જે તીવ્ર દુઃખાનુભવ કરી રહી છે તેની મને જાણ છે.' (૧૫-૩૬-૧૮) અને વેદવ્યાસને મૃત પુત્રોનાં દર્શન કરાવવાની પ્રાર્થના કરતાં ગાન્ધારીએ કહ્યું હતું: 'એ જ રીતે શ્રીકૃષ્ણની ભગિનિ, ભદ્રભામિણી સુભદ્રા અભિમન્યુના વધના શોકથી બળીઝળી રહી છે.' (૧૫-૩૭-૮)

વ્યાસે મૃતાત્માઓના દર્શન કરાવવાનું વરદાન આપતાં ગાન્ધારીને કહ્યું: 'આ પાર્થ ધનંજયને તું નર ઋષિ જાણ અને હૃષીકેશ કૃષ્ણને નારાયણ જાણ.' (૧૫-૩૯-૧૧)

વનમાંથી કુન્તીની વિદાય લેતાં રડતાં રડતાં મર્મ છેદી નાંખે એવી સરળ વાણીમાં યુધિષ્ઠિર બોલ્યા હતા: 'પૂર્વે આપણે જેમને જોયા હતા તે પાંચાલો, ચેદિઓ, મત્સ્યો અને યાદવોમાંથી કેવળ યાદવો જ શ્રીકૃષ્ણના આશ્રયને લીધે બાકી રહ્યા છે, જેમને જોઈને હું કેવળ ધર્મને માટે જ (પૃથ્વી ઉપર ધર્મરાજ્ય, રામરાજ્ય સ્થાપવા માટે જ જગતમાં) રહેવા ઇચ્છું છું, એ સિવાય બીજું કંઈ કારણ નથી. केवलं वृष्णिचक्रं तु वासुदेवपरिग्रहात्। यं दृष्ट्वा स्थातुमिच्छामि धर्मार्थं नान्यहेतुकम्। માતાજી! અમારા સૌ ઉપર કલ્યાણમયી દૃષ્ટિથી જુઓ. હવે તમારાં દર્શન થવાં દુર્લભ છે.' (૧૫-૪૪-૩૨ થી ૩૫)

વનમાં ત્રણ વર્ષ વસ્યા પછી, યુદ્ધ બાદ અઢારમે વર્ષે ધૃતરાષ્ટ્ર, ગાન્ધારી અને કુન્તી દાવાગ્નિથી બળીને સ્વર્ગે ગયાં. ('આશ્રમવાસિકપર્વ', અ. ૪૫ થી ૪૭; 'આશ્રમવાસિક'ના સંદર્ભો અહીં પૂર્ણ થયા, અને હવે 'મૌસલ' શરૂ થયું.)

કુન્તી આદિનાં સ્વર્ગગમન પછી બીજાં અઢાર વર્ષ પસાર થઈ ગયાં. યુદ્ધ પછીનું છત્રીસમું વર્ષ આવ્યું. આ સમય દરમિયાન શ્રીકૃષ્ણ-બલરામ જેવા સમર્થ આગેવાનોની દોરવણી અને પ્રભાવને લીધે યાદવો ભારતવર્ષમાં અત્યંત મહત્ત્વનું સ્થાન પામ્યા. સમ્રાટ યુધિષ્ઠિર પણ એમના તરફ સમ્માનપૂર્ણ પ્રેમભરી નજરથી જોતા. પરિણામે આન્તરિક શત્રુઓના વસ્તુતઃ મહાભયાનક ભયની ઉપેક્ષા કરીને, બાહ્ય ભયથી અત્યંત સલામત બનેલા યાદવો આળસુ, વિલાસી અને અભિમાની બન્યા; ભારે ઐશ્વર્ય, મોજશોખની વિપુલ સામગ્રી અને દુશ્મનો તરફથી નિષ્કણ્ટક થયા હોવાના ભાસને પરિણામે યાદવો એમની મૂળ પ્રકૃતિ ઉપર ગયા; મોટાઈના ખ્યાલથી છકી ગયા. સુખ અને મહત્તાના સ્વયંમન્ય ખ્યાલોને લીધે આરોગ્યના સામાન્ય નિયમોનેય ઉવેખવા માંડ્યા; નગરના રાજમાર્ગો ઉપર (પછી શેરીઓની તો વાત જ ક્યાં રહી?) કચરાના

---

૧ આ નિર્દેશ ઘણું કરીને હિડિંબાનો છે. એવી સ્થૂળતા અને શ્યામવર્ણના કારણે. એનો ભાઈ હિડિંબ રાક્ષસોની ટોળીનો આગેવાન હતો. એમ છતાં ભીમસેનને એક બીજી પત્ની, કાશીની બલધરા હતી. (૧-૯૦-૮૪) આનો નિર્દેશ મ.ભા.માં કેવળ એક જ વખત આવે છે, એ અત્રે નોંધવું જોઈએ.

ઢગલા થયા, અને ઉંદરો અથડાવા લાગ્યા; યાદવોની સ્ત્રીઓ, જે દ્વારકાના સંરક્ષણ કાર્યોમાંય પુરુષોની પડખે લડતી તે એટલી આળસુ બની કે રાંધેલા અન્નમાંયે ઢગલાબંધ કૃમિઓ જોઈ શકાતા હતા. અગાઉ પતિ-પત્નીમાં પરસ્પર વિશ્વાસ હતો તે લુપ્ત થઈ ગયો; પતિ પત્નીને અને પત્ની પતિને ઠગવા લાગ્યાં. દર્પના છાકમાં યાદવો પાપકર્મથી લજાતા નહિ: બલરામ અને શ્રીકૃષ્ણને છોડીને સર્વ વડીલો, બ્રાહ્મણો, પિતૃઓ અને દેવો સર્વને અવમાનવા અને દ્વેષ કરવા લાગ્યા. અવ્યવસ્થા એવી કાબૂ બહાર ગઈ કે કવિ એનું લાક્ષણિક રીતે વર્ણન કરતાં કહે છે કે, યાદવોના નિવાસોમાં શ્રીકૃષ્ણના પાંચજન્યની ગર્જના સાંભળીને સામે દારુણ સ્વરે ગધેડાં ભૂકતાં હતાં ! ( પણ કોઈ એને અટકાવવાની પણ દરકાર કરતું નહોતું ! ) ' ( ૧૬-૩-૧ થી ૧૫ ). આ રીતે યાદવોમાં ભરપૂર અનીતિ પ્રસરી રહી હતી. દરમિયાન વિશ્વામિત્ર, કણ્વ અને નારદ આ મુનિઓ દ્વારકા આવ્યા. એમને સારણ વગેરેએ દીઠા. ( સારણ વસુદેવનો રોહિણીથી થયેલો પુત્ર. ) એટલે દૈવદંડને અધીન થયેલા એ લોકો ( શ્રીકૃષ્ણ-જાંબવતીના પુત્ર ) સામ્બને સ્ત્રીવેશમાં શણગારીને પેલા ઋષિઓ આગળ લઈ ગયા,[૩] અને પછી એમને પૂછ્યું : ' આ પુત્રની ઇચ્છાવાળા મહાતેજસ્વી બભ્રુની પત્ની છે. તો આપ યથાવત જોઈને કહો કે આને શું જન્મશે ? ( ૧૬-૨-૧ થી ૬ )

આવી અમર્યાદ મશ્કરીથી અપમાનિત થયેલા મુનિઓ લાલચોળ થઈને બોલ્યા કે, ' શ્રીકૃષ્ણનો પુત્ર આ સામ્બ વૃષ્ણિ–અન્ધકોના વિનાશ માટે લોખંડના ભયાનક મુસળને જન્મ આપશે. એના વડે ઉદ્ધત, દુરાચારી, ઘાતકી એવા તમે રામ-જનાર્દનને છોડીને આખા કુળનો ઉચ્છેદ કરી નાખશો. હલાયુધ બલરામ પણ દેહત્યાગ કરીને સમુદ્રમાં પ્રવેશ કરશે, અને ભૂમિ પર સૂતેલા મહાત્મા શ્રીકૃષ્ણને જરા પારધિ બાણથી વીંધી નાખશે. ' પછી તેઓ શ્રીકૃષ્ણને મળ્યા ( અને બધો હેવાલ સુણાવ્યો. ) ( ૧૬-૨-૭ થી ૧૨ ).

બુદ્ધિમાન અને અન્તજ્ઞ શ્રીકૃષ્ણે વૃત્તાંત સાંભળીને યાદવોને( સુધર્મા સભામાં એકઠા કરીને ? ) કહ્યું કે ' ભાવિનિર્માણ એવું જ છે. ' એમ બોલીને તેઓ પુનઃ પોતાના ભવનમાં પ્રવેશ્યા. એ જગન્નાથે કાળને અન્યથા કરવાનું ઈચ્છ્યું નહિ. બીજે દિવસે તો સામ્બે ( યમ- ) દૂત જેવા મોટા મુસળનો જન્મ આપ્યો. શાપને કારણે પ્રસવેલા એ ઘોર મુસળનું રાજા ઉગ્રસેને ઝીણું ચૂર્ણ કરાવીને સમુદ્રમાં ફેંકી દીધું. અને પછી ઢંઢેરો પિટાવ્યો : ' આજથી આરંભીને વૃષ્ણિઓ અને અન્ધકોના ઘરોમાં કોઈ પણ નગરજને સુરાસવ ગાળવો નહિ. અને જો કોઈ

---

૩ ( ૧ ) મ.ભા.માં સામ્બને એક યાદવ અતિરથી તરીકે નિરૂપેલો છે. એનું આ એકમાત્ર તોફાન જ મ.ભા.માં વર્ણિત છે. પણ ' સામ્બપુરાણ ' ૩, ' ભવિષ્યપુરાણ 'નું ' બ્રાહ્મપર્વ ' ૬૬, ૭૨, ૭૩, ૭૫, ૧૨૭; ' સ્કન્દપુરાણ ' ૪–૧–૪૮; ૬–૨૧૩માં એનાં દુરાચરણોનું વર્ણન છે. એ અસંભાવ્ય લખાણોમાં પુરાણકારોના મનની મલિનતા જણાઈ આવે છે.

જૈન કથાગ્રન્થ ' વસુદેવ હિંડી 'માં પણ સામ્બનાં અમર્યાદ તોફાનોની વાતો આવે છે, જેની પાછળ વક્ર સાંપ્રદાયિક દૃષ્ટિ મુખ્યત્વે કાર્ય કરતી જણાઈ આવે છે.

( ૨ ) બૌદ્ધ જાતક ૪૫૪, ' ઘત જાતક ' અને જૈન કથાગ્રન્થ ' ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર 'માં કૃષ્ણ દ્વૈપાયન ઋષિના શાપથી યાદવોનો નાશ થયાનું વર્ણવ્યું છે, એમાં સાંપ્રદાયિક વિષના ઉછાળા સિવાય બીજું કંઈ નથી.

અમારાથી છૂપી રીતે ક્યાંય પણ દારૂ પીશે તો એને સગાંવહાલાં સહિત જીવતો શૂળીએ ચઢાવવામાં આવશે.' એટલે રાજભયથી સર્વેએ મદ્યનિષેધને માથે ચઢાવ્યો. (૧૬-૨-૧૩ થી ૨૦)

એવામાં તેરશને દિવસે અમાસ આવી. એટલે એને અને થયેલા કાળપલટાને જોઈને શ્રીકૃષ્ણ બોલ્યા : 'અત્યારે રાહુએ ચૌદશને દિવસે પુનઃ અમાસ કરી છે. મહાભારતના યુદ્ધ સમયે જે યોગ હતો તેવો જ આજે છે. એ આપણા વિનાશનો સૂચક છે.' આમ શ્રીકૃષ્ણ વિમાસણમાં પડી ગયા. પછી આ સમય અંગે બરાબર વિચાર કરીને એમણે માન્યું કે, 'પુત્રો તથા બન્ધુજનો હણાવાથી શોકસંતપ્ત ગાન્ધારીએ વ્યથિત થઈને જે શાપ ઉચ્ચાર્યો હતો તેને સાચું પાડનાર આ છત્રીસમું વર્ષ સન્મુખ આવી પહોંચ્યું છે. પૂર્વે જ્યારે વ્યૂહબદ્ધ સેનાઓ સામસામે ગોઠવાઈ ગઈ હતી ત્યારે ભયાનક ઉત્પાતોને જોઈને યુધિષ્ઠિરે જે કહ્યું હતું, તેવાં જ લક્ષણો અત્યારે પણ ઉપસ્થિત થયાં છે.' તેથી હવે ગાન્ધારીનાં વચનોને સત્ય કરવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણે તીર્થયાત્રા કરવાનો હુકમ કર્યો. એટલે એમની આજ્ઞાથી રાજપુરુષોએ ઘોષણા કરી કે, 'પુરુષશ્રેષ્ઠો! તમારે સમુદ્રના કિનારે તીર્થયાત્રા કરવા જવાનું છે.' (૧૬-૩- ૧૬ થી ૨૨)

દરમિયાન દ્વારકામાં ઉત્પાતો ચાલુ જ રહ્યા. કોઈ એક કાળી સ્ત્રી હસતી હસતી આવીને રાત્રે સ્ત્રીઓને સ્વપ્નામાં ઉઠાવી જવા લાગી. અલંકારો, છત્રો, ધ્વજો, કવચો વગેરેનું ભયાનક રાક્ષસો હરણ કરી જતા દેખાતા હતા. શ્રીકૃષ્ણને અગ્નિએ જે પેલું લોખંડનું વજ્રનાભ ચક્ર આપ્યું હતું તે યાદવોની નજર સામે જ સ્વર્ગમાં ચાલ્યું ગયું. અને એમના સૂર્ય સમાન તેજસ્વી રથને દારુક દેખતો રહ્યો, અને એના મનોવેગી ઘોડાઓ રથને લઈને સમુદ્રના પાણી ઉપર ચાલ્યા ગયા. ગરુડ અને તાડના ચિહ્નવાળી જે ધ્વજાઓનું શ્રીકૃષ્ણ અને બલરામ બહુમાન કરતા હતા તેને અપ્સરાઓ ઊંચકી ગઈ અને દિનરાત બોલવા મંડી કે 'તીર્થયાત્રાએ ઉપડો.'[૪] (૧૬-૪-૧ થી ૫)

ત્યારપછી તો યાદવો સ્ત્રીજન સહિત તીર્થયાત્રાએ (મોજ કરવા) ઉપડ્યા. સાથે ખાવાપીવાની પ્રચુર સામગ્રી અને અનેક પ્રકારનાં મદ્ય-માંસ તૈયાર કરીને લીધાં. (મદ્યનિષેધ ઢીલો કર્યો હશે જ.) (પછી દ્વારકામાં દારૂનિષેધ હોઈ પીધો નહિ પણ) દારૂમાં જ લોલુપતા રાખીને નગરની બહાર નીકળ્યા. પ્રભાસ આવ્યા. ત્યાં અનુકૂળ સ્થાનોએ ઉતારો કર્યો, અને સ્ત્રીઓની સાથે ખાણીપીણીમાં મશગુલ થઈ ગયા. એમને આ રીતે સમુદ્રની સમીપમાં (અને વિનાશની ધાર ઉપર) રહેલા જોઈને યોગવેત્તા અને અર્થવિશારદ (આત્મજ્ઞાની) ઉદ્ધવ તેઓની વિદાય લઈને (બદરિકાશ્રમ) ચાલ્યા ગયા. બે હાથથી નમસ્કાર કરીને ઉદ્ધવ સિધાવ્યા ત્યારે વૃષ્ણિચક્રના વિનાશને જાણતા શ્રીકૃષ્ણે એમને રોકવાનું ઇચ્છ્યું નહિ. એમ કાળથી ઘેરાયેલા યાદવો ઉદ્ધવને પોતાના (ચારિત્ર્ય-)તેજથી આકાશ અને પૃથ્વીને ભરી દઈને પ્રયાણ કરતા નિહાળી રહ્યા. (૧૬-૪-૬ થી ૧૨)

---

૪ આ દુર્નિમિત્તોનો અર્થ શો? ચોરીઓ થવા માંડી! ઘોડાઓ દેખરેખના અભાવે નાસી છૂટ્યા? ધ્વજાઓ કોઈએ નદીઓને આપી દીધી?

પછી તો મદ્યપાન શરૂ થયું. મદિરાના નશામાં મત્ત થયેલા આ દારૂડિયાઓએ જે અન્ન બ્રાહ્મણો માટે રાંધ્યું હતું તેમાં મદ્ય ભેળવીને, સુરાની ગંધથી છાકતું તે અન્ન વાનરોને ખવડાવી દીધું ! સેંકડો તૂરીઓના નાદ અને સંખ્યાબંધ નટ-નર્તકોનાં નૃત્યાદિ ચાલવા લાગ્યાં. આ રીતે આ છકેલાઓનું મહાપાન પ્રભાસમાં બરાબર જામ્યું. એ જામતાં મર્યાદાઓ તૂટી ગઈ. શ્રીકૃષ્ણની નજર સામે જ બલરામ, કૃતવર્મા, સાત્યકિ, ગદ અને બભ્રુએ પણ પીવા માંડયું ! ઠઠ્ઠામશ્કરી ચાલી. આક્ષેપ-પ્રતિઆક્ષેપ થયા. તેમાં સાત્યકિએ કૃતવર્માને નિદ્રાવશ પાંડવ સૈનિકોને રેંસી નાખવા બદલ ધુત્કાર્યો. પ્રદ્યુમ્ને સાત્યકિને ટેકો આપ્યો. સામે કૃતવર્માએ ડાબો હાથ કપાઈ ગયા પછી પ્રાયોપવેશન( આમરણ ઉપવાસ ) કરી બેઠેલા ભૂરિશ્રવાને સાત્યકિએ મારી નાખેલો તે અધાર્મિક કૃત્યની યાદ આપી. પરિણામે અયોગ્ય અને અનર્થકારી ઠઠ્ઠામશ્કરીથી ચિડાયેલા શ્રીકૃષ્ણ રોષપૂર્ણ વક્ર નજરથી ( ખાસ કરીને સાત્યકિ-પ્રદ્યુમ્ન સામે ) જોવા લાગ્યા. એટલે દારૂથી ગાંડા બનેલા સાત્યકિએ તરત જ, ( સત્યભામાના પિતા ) સત્રાજિતના સ્યમન્તક મણિના પ્રસંગનું શ્રીકૃષ્ણને સ્મરણ કરાવ્યું. આ સાંભળી પિતાની હત્યાના સ્મરણે સત્યભામા ખૂબ ચિડાયાં, રડવા માંડયાં અને શ્રીકૃષ્ણને કોપાવતાં તેમના પડખે જઈને ઊભાં રહ્યાં. પણ સાત્યકિનો આશય તો દ્રૌપદીના—સત્યભામા તેમ જ શ્રીકૃષ્ણની સખીના—પુત્રો વગેરેનું વૈર લેવાનો હતો, કંઈ સત્યભામાને ચીડવવાનો નહોતો. એટલે તેણે સત્યભામાને ઉદ્દેશીને પોતાનો આશય કહી સંભળાવી, શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં જ કૃતવર્માનો શિરચ્છેદ કર્યો, અને બીજાઓને ( કૃતવર્માના મિત્રોને ) પણ હણવા તૂટી પડ્યો. એને આ કાપાકાપી કરતો રોકવા હૃષીકેશ ધસી ગયા. પણ એ પહેલાં તો ભોજો અને અન્ધકો સાત્યકિને ઘેરી વળ્યા. એ લોકોને અતિક્રોધથી સાત્યકિ ઉપર ત્રાટકતા જોઈને, કાલપલટો પીછાનીને મહાતેજસ્વી શ્રીકૃષ્ણ ક્રોધે ન ભરાયા, પણ શાન્ત રહ્યા. न चुक्रोध महातेजा जानन्कालस्य पर्ययम् । દરમિયાન રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન સાત્યકિને મુકાવવા એની મદદે ધાયો. એ ભોજો સામે અને સાત્યકિ અન્ધકો સામે એમ લડવા મંડ્યા. પણ દુશ્મનો ઘણા હતા તેથી શ્રીકૃષ્ણની સન્મુખ માર્યા ગયા. સાત્યકિ અને પુત્ર પ્રદ્યુમ્ન હણાતાં ક્રોધે ભરાયેલા શ્રીકૃષ્ણે ( ત્યાં ઊભેલા ) એરકા ઘાસને મુઠ્ઠીમાં લીધું. ( આયુધો ખાસ હતાં નહિ. સાત્યકિને પણ બીજા યાદવોએ એંઠાં વાસણોથી ફટકારેલો ) મુઠ્ઠીમાં લેતાં વેંત ઘાસ લોખંડનું વજ્રતુલ્ય ઘોર મુસળ બની ગયું ! શ્રીકૃષ્ણે તેનાથી જે જે સામે આવ્યા તેમને મારી નાખ્યા. પછી તો કાળપ્રેરિત અન્ધકો, ભોજો, શૈનેયો અને વૃષ્ણિઓ ( એરકાનાં ) મુસળોથી એકબીજાનો ઘાણ કાઢવા લાગ્યા. એમાંનો જે કોઈ ક્રોધાવિષ્ટ થઈને એરકા ઉપાડતો એના હાથમાં એ વજ્રરૂપે જ દેખાતું. એક સાધારણ તૃણ પણ આમ મુસળરૂપે દેખાતું તે બધો જાણે કે બ્રહ્મદંડ ( શાપ )નો જ પ્રભાવ હતો ! એ લોકો જે જે તૃણ કાપી કાપીને ફેંકે એ વજ્રનું બનેલું દૃઢ મુસળ બની ગયેલું વરતાતું.[૫] અને પછી દારૂના નશામાં

---

૫ ૧૬-૪-૩૭ થી ૩૯ પૈકી જુઓ ૩૯.

आविध्याविध्य ते राजन्प्रक्षिपन्ति स्म यत्तृणम् ।
तद्वज्रभूतं मुसलं व्यदृश्यत तदा दृढम् ॥

જે કંઈ હાથમાં આવી ચઢયું, ખાસ કરીને રસોઈનાં ઉપકરણો, જેમાં મુસળો પણ હશે જ, તેનાથી આ લડાઈની શરૂઆત થઈ; પછી એરકા જેને ગુજરાતીમાં 'ઘા બાજરિયું', 'કુંવારું પાન' કે 'પાન' કહે છે તેનાથી યુદ્ધ આગળ ચાલ્યું, અને પ્રણાશ થયો. આ 'એરકા'નાં પાન ખરેખર તલવાર

મદમસ્ત બનીને પિતા પુત્રને અને પુત્ર પિતાને પણ હણવા મંડયા, જાણે પતંગિયાં અગ્નિમાં કૂદી પડવા મંડયા! કોઈનેય પલાયન કરવાનું સૂઝયું જ નહિ! સમયનો પલટો પારખી ગયેલા શ્રીકૃષ્ણ મુસળને ટેકે ઊભા રહીને આ હત્યાકાંડ જોઈ રહ્યા હતા. દરમિયાન સામ્બ, ચારુદેષ્ણ, પ્રદ્યુમ્ન, અને પૌત્ર અનિરુદ્ધ માર્યા જતાં એમણે રોષ ચઢ્યો. એવામાં નાનો ભાઈ ગદ પણ ધરાશાયી થતાં શાર્ઙ્ગચક્રગદાધર કૃષ્ણ અત્યંત કોપ્યાં અને તેમણે બાકીના બધાને સાફ કરી નાખ્યા.[૬] (૧૬-૪-૧૩થી ૪૪; ૧-૨-૨૨૦થી ૨૨૨)

આ રીતે શ્રીકૃષ્ણે લગભગ બધો સંહાર કરી નાખ્યો એટલે બભ્રુ અને સારથિ દારુકે એમને કહ્યું: 'ભગવન્! અચ્યુત! તમે અત્યંત સંહાર કરી નાખ્યો. ચાલો હવે બલરામની શોધ કરીએ.' (૧૬-૪-૪૫, ૪૬)

એટલે દારુક, બભ્રુ અને કેશવ રામનું પગેરું જોતા જોતા નીકળ્યા. ત્યાં તો એમણે અપારબળશાળી રામને એક વૃક્ષ નીચે એકાન્તમાં વિચારમગ્ન બેઠેલા દીઠા. ત્યાં પહોંચીને મહાનુભાવ શ્રીકૃષ્ણે દારુકને આજ્ઞા કરી કે, 'તું તત્કાળ કૌરવોને ત્યાં જા. પાર્થને યદુવંશનાશના સમાચાર આપ, જેથી એ સમાચાર સાંભળીને અર્જુન બની શકતી ત્વરાથી અહીં આવે.' શોકથી અચેત જેવો થઈ ગયેલો દારુક પાંડવોને સંદેશો પહોંચાડવા રથમાં ઉપડ્યો. દારુક ગયો એટલે પાસે ઊભેલા બભ્રુને શ્રીકૃષ્ણે કહ્યું કે, 'આપ શીઘ્ર જાઓ અને સ્ત્રીઓનું રક્ષણ કરો. રખે દસ્યુઓ (લૂંટારાઓ) વિત્તલોભથી એમની હિંસા કરે—લૂંટી લે અને ઉઠાવી જાય.' (પંચનદના લૂંટારાઓને આ સમાચાર પહોંચી ગયા હશે. તેથી અર્જુન જ્યારે યાદવોનું ધન અને સ્ત્રીઓને કુરુદેશ તરફ લઈ ગયા ત્યારે એમને લૂંટી લેવાનું આ ડાકુ આભીરોએ અગાઉથી વિચારી રાખ્યું હશે.' (૧૬-૫-૧ થી ૪)

---

જેવાં તીક્ષ્ણ હોય છે, તથા નીચેથી મૂઠની જેમ ઝાલી શકાય એવાં હોય છે. (એનાં ફૂલ ઘા ઉપર દાબવામાં આવે તો રૂજ જલદી આવે છે માટે ઘા બાજરિયું કહેવાય છે.) પ્રભાસ પાસે એ ઘાસ અત્યારે પણ ઊગે છે. એમાંથી કંઈ મુસળ ન જન્મે પણ મુસળની જેમ નાશનું નિમિત્ત બની શકે.

ખરેખર તો દારૂના નશામાં ભાન ભૂલેલા યાદવોએ હાથમાં જે કંઈ આવી ચઢેલું તેનાથી લડીને પ્રણાશ વહોરી લીધો તેનું આ કાવ્યમય વર્ણન છે. 'દ્રોણપર્વ' ૧૦-૪૭માં દ્રોણમૃત્યુ પછી વિલાપ કરતા ધૃતરાષ્ટ્રના આ શબ્દો જુઓ: 'આ રીતે મારા લીધે જ કૌરવોનો આ વિનાશ આવી પડયો છે. હે સૂત! જ્યારે મનુષ્યોનો કાળ પાકી ગયો હોય છે ત્યારે તેમના વધ માટે તૃણ પણ વજ્રરૂપ બની જાય છે. पक्कानां हि वधे सूत वज्रायन्ते तृणान्यपि ।

૬ યાદવીનું વૃત્તાંત નિરૂપનાર આ 'મૌસલપર્વ'માં શ્રીકૃષ્ણને યથાતથ નીરખનાર વેદવ્યાસ ઉપરાંત, બીજા કોઈ સાધારણ પંક્તિના અને શ્રીકૃષ્ણના ચારિત્ર્યને તત્ત્વતઃ સમજી નહિ શકનાર કવિનો હાથ પણ ફરી ગયેલો વર્તાય છે. તેથી જ્યારે મૂળ કવિ 'કાળપલટો પીછાનીને શ્રીકૃષ્ણ ક્રોધે ન ભરાયા' એમ વર્ણવે છે ત્યારે આ બીજો કવિ એમને એકથી વધુ વખત 'ક્રોધે ભરાતા' અર્થાત્ ચલિત થતા વર્ણવે છે. શ્રીકૃષ્ણનું સમગ્ર સ-રસ જીવન, એમની સાધના, અનાસક્તિ, કર્મયોગ, વિજ્ઞાન, ઉપદેશ તથા અંતિમ ક્ષણોની, એમની ભવ્ય યોગનિષ્ઠા સાથે આ બીજા પ્રકારના વર્ણનને કંઈ મેળ નથી. એ ક્ષુલ્લક છે એમ સ્પષ્ટ દેખાઈ આવે છે.

શ્રીકૃષ્ણની આજ્ઞા થતાં દારૂની અસરથી લથડિયાં ખાતો અને સંબન્ધીજનોના વધથી દુઃખી બભ્રુ સત્વર ઉપડ્યો તો ખરો, પણ કોઈ પારધિના કૂટયન્ત્રમાંથી છૂટેલા મુસળથી શાપિત બભ્રુ શ્રીકૃષ્ણની સમક્ષ ઓચિંતો માર્યો ગયો. બભ્રુ મૃત્યુ પામતાં શ્રીકૃષ્ણે મોટાભાઈને કહ્યું: 'રામ ! હું સ્ત્રીઓને સગાંવહાલાંને સોંપી આવું ત્યાં સુધી તમે મારી અહીં પ્રતીક્ષા કરજો.' તુરત જ શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા. સ્ત્રીઓની અતિવૃદ્ધ પિતા વસુદેવને સોંપણી કરી: 'આપ આપણી (આપણા કુળની) આ બધી સ્ત્રીઓનું રક્ષણ કરજો, અને અર્જુનની વાટ જોજો. બલરામ વનમાં મારી રાહ જોતા બેઠા છે, હું આજે એમને જઈને મળીશ. મેં અત્યારે આ યાદવોનો સંહાર દીઠો છે અને અગાઉ કુરુકુળના શ્રેષ્ઠ રાજાઓનો સંહાર પણ દીઠો છે. (બહુ સંહાર જોયો.) હવે મારાથી યાદવો વિનાની આ યાદવપુરી દ્વારકા જોઈ શકાશે નહિ. એથી હવે વનમાં જઈને હું તો બલરામની સાથે તપશ્ચર્યા કરીશ.' એમ કહી, નમીને પિતાના ચરણમાં મસ્તક ઢાળીને ત્યાંથી સત્વર ચાલી નીકળ્યા. શ્રીકૃષ્ણ ચાલી નીકળતાં, રક્ષક જવાથી અનાથ બની ગયેલ સ્ત્રી-બાળકોએ મહાન આક્રંદ કરવા માંડ્યું. રુદન કરતી સ્ત્રીઓના અવાજ સાંભળીને શ્રીકૃષ્ણ પાછા વળ્યા. સાન્ત્વન આપ્યું: 'સવ્યસાચી અર્જુન અહીં દ્વારકામાં આવશે. તમને એ નરોત્તમ દુઃખમુક્ત કરશે.' સ્ત્રીઓને આશ્વાસન આપીને શ્રીકૃષ્ણ સીધા વનમાં એકાન્તમાં બેઠેલા રામ પાસે ગયા. ત્યાં આવીને જોયું તો એક શ્વેત વર્ણના વિશાળકાય સર્પને યોગયુક્ત બલરામના મુખમાંથી નીકળીને મહાસાગરમાં પ્રવેશ કરતો દીઠો. (અર્થાત્ બલરામને યોગયુક્ત અવસ્થામાં દેહત્યાગ કરતા દીઠા.) (૧૬-૫-૫ થી ૧૫)

મોટાભાઈ બલરામ પરમધામ પધારી ગયા એટલે સંપૂર્ણ ગતિઓના જાણકાર દિવ્યદર્શી ભગવાન શ્રીકૃષ્ણ (સ્વ-રૂપનું) ચિન્તન કરતા કરતા એ સૂના વનમાં વિચરવા લાગ્યા. કેટલોક સમય એમ ચિન્તનમગ્ન સ્થિતિમાં વિચરણ કર્યા બાદ શ્રેષ્ઠ તેજસ્વી શ્રીકૃષ્ણ ભોંય પર બેઠા. બેસીને સૌથી પહેલાં તો પૂર્વે ગાન્ધારીએ તેમને જે વચનો કહ્યાં હતાં તેનું સ્મરણ કર્યું. વળી પોતાના શરીર ઉપર ઉચ્છિષ્ટ દૂધપાકનું લેપન કરતાં દુર્વાસાએ જે વચનો કહ્યાં હતાં તેનું પણ એમણે સ્મરણ કર્યું.[7] એ પછી મહાનુભાવ શ્રીકૃષ્ણ અન્ધક-વૃષ્ણિઓ અને કૌરવોના વિનાશનું ચિન્તન કરવા લાગ્યા. આમ સ્વસ્થપણે વિચારણા કરી લીધા પછી એમણે માન્યું કે, 'હવે સંક્રમણનો—સ્વધામગમનનો સમય પ્રાપ્ત થઈ ચૂક્યો છે.' એટલે એમણે ઇન્દ્રિયોનો સંપૂર્ણ નિરોધ કર્યો. એમણે ઇન્દ્રિયો, વાણી અને મનને સંપૂર્ણપણે નિરોધ્યાં અને મહાયોગનો આશ્રય કરીને (સમાધિની પેલે પારની, અનિર્વચનીય, સર્વવ્યાપી પરમ બ્રાહ્મી સ્થિતિમાં) પોઢી ગયા. એ જ સમયે મૃગોનો શિકાર કરવાની લાલસાવાળો જરા નામનો એક ઉગ્ર પારધિ ત્યાં આવ્યો. યોગયુક્ત થઈને સૂતેલા કેશવને મૃગ ધારીને એ જરા પારધિએ એમના પગના તળિયાને બાણથી વીંધી નાખ્યું. અને પછી મૃગને પકડી લેવા માટે ઝડપથી નિકટ આવ્યો. પણ ત્યાં તો એણે શું જોયું ? મૃગને બદલે પીતામ્બર-

---

૭ ગાન્ધારીનાં વચન માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૮, 'વત્સલ-ક્ષમામૂર્તિ'માં 'સ્ત્રીપર્વ' અ. ૨૫, ૨૬ના સંદર્ભ. દુર્વાસાનાં વચન માટે જુઓ ખંડ ૫, પ્રકરણ ૧; 'સર્વહિતૈષી'માં 'અનુશાસન-પર્વ' અ. ૧૪૪નો સંદર્ભ.

ધારી અનેક બાહુવાળા યોગયુક્ત (પરમ-)પુરુષ શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. (ઓળખી ગયો.)[૮] પોતાને એમનો અપરાધી માનીને દુઃખી થઈને એમના ચરણોમાં મસ્તક મૂકી દીધું. એટલે મહાત્મા શ્રીકૃષ્ણે એને આશ્વાસન આપ્યું. અને પોતાની કાન્તિથી પૃથ્વી અને આકાશને (સમગ્ર જગતને) વ્યાપ્ત કરતા ઊર્ધ્વલોકમાં પ્રયાણ કરી ગયા.[૯] અંતરિક્ષમાં પહોંચતાં ઇન્દ્ર, અશ્વિનીકુમારો, રુદ્રો, આદિત્યો, વિશ્વદેવો, મુનિઓ, સિદ્ધો, અપ્સરાઓ અને મુખ્ય ગન્ધર્વો એમનું સ્વાગત કરવા સામે આવ્યાં. એ પછી ઉગ્રતેજસ્વી, જગતના સર્જક, અવિનાશી અને **યોગાચાર્ય** મહાત્મા ભગવાન નારાયણ આકાશ-પૃથ્વીને પોતાની પ્રભાથી ભરી દઈને પોતાના અપ્રમેય સ્થાનમાં સિધાવ્યા. સ્વધામ પધાર્યા ત્યારે શ્રેષ્ઠ ગન્ધર્વો, ઉત્તમ અપ્સરાઓ, સિદ્ધો અને સાધ્યોએ એમની વિનીત ભાવથી પૂજા કરી. તે પછી તેઓ દેવો, ઋષિઓ અને ચારણોને પણ મળ્યા. દેવોએ ભગવાનનું અભિનન્દન કર્યું; મુનિશ્રેષ્ઠોએ ઋગ્વેદની ઋચાઓથી એમનું અર્ચન કર્યું; ગન્ધર્વો સ્તુતિગાન કરતા ઊભા રહ્યા અને પુરુહૂત ઇન્દ્રે એમનું પ્રીતિથી અભિનન્દન કર્યું.[૧૦] (૧૬-૫-૧૬ થી ૨૫)

---

૮ स चिन्तयानोऽन्धकवृष्णिनाशं, कुरुक्षयं चैव महानुभावः ।
मेने ततः संक्रमणस्य कालं, ततश्चकारेन्द्रियसंनिरोधम् ॥ १६-५-१८
स निरुद्धेन्द्रियवाङ्मनास्तु, शिश्ये महायोगमुपेत्य कृष्णः ।
जराथ तं देशमुपाजगाम, लुब्धस्तदानीं मृगलिप्सुरुग्रः ॥ १६-५-१९
स केशवं योगयुक्तं शयानं मृगाशङ्की लुब्धकः सायकेन ।
जराविध्यत्पादतले त्वरावांस्तं चाभितस्तज्जिघृक्षुर्जगाम ।
अथापश्यत्पुरुषं योगयुक्तं, पीताम्बरं लुब्धकोऽनेकबाहुम् ॥ १६-५-२०

અનેકબાહુ = ઘણા બાહુઓવાળા. કામકાચનના, સંસારના બન્ધનોમાંથી તાજો મુક્ત થતો અને ભક્તિની પ્રાથમિક ભૂમિકાએ રહેલો ભક્ત ભગવાનના અનેક બાહુવાળું અત્યંત ઐશ્વર્યશાળી રૂપ નીરખે છે. ભક્તિ જેમ જેમ તીવ્ર થતી જાય એમ ભગવાન એનું ઐશ્વર્યદર્શન ઓછું ને ઓછું કરાવતા જાય છે; છેવટે રહે ધર્મ અને મોક્ષરૂપી બે ભુજાવાળા ગોપાલકૃષ્ણ. એનાથી ઉન્નત અવસ્થામાં જ્યોતિરૂપનું દર્શન થાય; આ પરંપરા અનુસાર શું વ્યાધને અનેકબાહુવાળું ભગવદ્દર્શન થયું હશે ?

૯ मत्वात्मानमपराद्धं स तस्य, जग्राह पादौ शिरसा चार्तरूपः ।
आश्वासयत्तं महात्मा तदानीं,
गच्छन्नूर्ध्वं रोदसी व्याप्य लक्ष्म्या ॥ १६-५-२१

१० ततो राजन्भगवानुग्रतेजा, नारायणः प्रभवश्चाव्ययश्च ।
योगाचार्यो रोदसी व्याप्य लक्ष्म्या, स्थानं प्राप स्वं महात्माप्रमेयम् ॥ १६-५-२३
ततो देवैर्ऋषिभिश्चापि कृष्णः, समागतश्चारणैश्चैव राजन् ।
गन्धर्वाग्र्यैरप्सरोभिर्वराभिः, सिद्धैः साध्यैश्चानतैः पूज्यमानः ॥ १६-५-२४
ते वै देवाः प्रत्यनन्दन्त राजन्मुनिश्रेष्ठा वाग्भिरानर्चुरीशम् ।
गन्धर्वाश्चाप्युपतस्थुः स्तुवन्तः प्रीत्या चैनं पुरुहूतोऽभ्यनन्दत् ॥ १६-५-२५

'હરિવંશ' ૨-૧૦૨- ૩૧ થી ૩૬, 'વિષ્ણુપુરાણ' ૫-૩૭, ૩૮ તથા 'ભાગવત' ૧૧-૧ અને ૩૦માં યાદવકુળના સંહાર અને શ્રીકૃષ્ણના સ્વધામગમનની કથાઓ દ્રષ્ટવ્ય.

સ્વધામગમનના સમયે શ્રીકૃષ્ણની ઉંમર પૂર્ણ ૧૦૦ વર્ષની જણાય છે. વિગતો માટે જુઓ ખંડ ૧, પ્રકરણ ૯, 'શિષ્ટસંપ્રતિપત્તિસત્રો.'

આ બાજુ દારુક કુરુદેશમાં આવ્યો. પાંડવોને મળ્યો. યાદવો મૌસલયુદ્ધમાં આપસમાં લડીને નાશ પામ્યાના સમાચાર આપ્યા. યાદવોનો સંહાર થઈ ગયો અને વાસુદેવ શ્રીકૃષ્ણ તથા બલરામ પણ દેહમુક્ત થઈ ગયા સાંભળીને પાંડવો શોકસાગરમાં ડૂબી ગયા. બધા એકઠા થઈને વિચારણા કરવા લાગ્યા કે, 'હવે શું કરવું?' એમણે તો શાર્ઙ્ગધન્વા શ્રીકૃષ્ણના નિધનને સમુદ્રના શોષણ જેવું અશક્ય માન્યું. એમને આ સમાચાર ઉપર ભરોસો ન બેઠો. (આમ તો દારુક નીકળ્યો ત્યારે શ્રીકૃષ્ણ-બલરામ સ્વધામ પધાર્યા નહોતા. પણ સંભવ છે કે બભ્રુ માર્યો જતાં દારુક બલરામ પાસે રોકાઈ ગયો હોય. અથવા કોઈ બીજા સંદેશવાહકે પાંડવોને આ સમાચાર પહોંચાડ્યા હોય.) બધા ખિન્ન અને હતાશ થઈને બેસી ગયા. (૧૬-૧-૭ થી ૧૧; ૬-૧, ૨.)

એ પછી થોડી કળ વળતાં શ્રીકૃષ્ણના પ્રિયસખા અર્જુન, 'આ બધું મિથ્યા છે,' એમ બોલતા બોલતા ભાઈઓની રજા લઈને મામા વસુદેવને મળવા નીકળ્યા. દ્વારકા આવ્યા. વિધવા સ્ત્રી જેવી દ્વારકા જોઈ. પૂર્વે જે જગન્નાથ શ્રીકૃષ્ણથી સુરક્ષિત હોઈ અનુપમ નાથવતી હતી તે શ્રીકૃષ્ણની ૧૬,૦૦૦ અનાથ સ્ત્રીઓ રક્ષક અર્જુનને જોઈને પોકે પોકે રડવા લાગી. પુત્રો તથા શ્રીકૃષ્ણથી વિહીન સ્ત્રીઓને જોતાંવેંત અર્જુનની આંખમાંથી અશ્રુધારા ચાલી, એમનાથી આ દેખ્યું ન ગયું. પૂર્વે જે દ્વારકાપુરીરૂપી નદી યાદવોરૂપી જળથી ભરપૂર હતી, ઘોડાઓરૂપી માછલાંવાળી, રથરૂપી તરાપાવાળી, વાદિત્રો અને રથોના ઘોષરૂપી ગર્જનાવાળી, પ્રાસાદોનાં જલાશયોરૂપ ધરાવાળી, રત્નોરૂપી શેવાળવાળી, વજ્ર જેવા કિલ્લારૂપી ઘાટવાળી, શેરીઓરૂપી ઘૂમરીવાળી, ચોગનોરૂપી શાન્ત ધરાઓવાળી અને બલરામ-શ્રીકૃષ્ણરૂપી મગરમચ્છ-વાળી હતી તે જ દ્વારકારૂપી નદીને યદુવંશનાશને લીધે અર્જુને ઘોર વૈતરણી જેવી ગતશ્રી અને નિરાનન્દ દીઠી. આ દ્વારકા અને શ્રીકૃષ્ણની આ રાણીઓ જોઈને અર્જુન છૂટે મોંએ રડતા રડતા ધરણી પર ઢળી પડ્યા. એટલે સત્યભામા તથા રુક્મિણી વગેરે રાણીઓ ત્યાં દોડી આવી અને અર્જુનને વીંટાઈને રડવા લાગી. કેટલોક વખત રડ્યા પછી અર્જુનને ઊભા કર્યા, સોનાના આસન ઉપર બેસાડ્યા, અને કંઈ પણ બોલ્યાચાલ્યા વિના એમની આજુબાજુ ઊભી રહી. એટલે થોડું ધૈર્ય દાખવીને અર્જુને ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી, અને એમને અંગે કેટલીક વાતો કરી આ સ્ત્રીઓને આશ્વાસન આપ્યું. એ પછી અર્જુન મામા વસુદેવને મળવા ગયા. (૧૬-૬-૩ થી ૧૫)

પુત્રશોકથી સંતપ્ત વયોવૃદ્ધ વસુદેવ એ વખતે સૂતા હતા. એ દુઃખાર્ત મામાનો એમનાથીય વધુ દુઃખાર્ત અર્જુને આંખમાં આંસુની ધારા સાથે ચરણસ્પર્શ કર્યો. વૃદ્ધ વસુદેવ સૌ મૃત પ્રિયજનોને યાદ કરી કરીને અત્યંત વિવશપણે વિલાપ કરવા લાગ્યાઃ 'અર્જુન! જે યાદવવીરોને મેં સેંકડો રાજાઓ તથા દૈત્યોને જીતી લેતા જોયા હતા તેમને હવે જોતો નથી તોપણ દુર્મર એવો હું જીવું છું! જે બે શિષ્યો તારા પ્રિયપાત્ર અને માનપાત્ર હતા તે બે(પ્રદ્યુમ્ન-સાત્યકિ)ના અન્યાયથી યાદવવંશનું નિકંદન નીકળી ગયું. જે બે અતિરથીઓની તું અને મારો લાલ કૃષ્ણ સદૈવ પોરસાઈ પોરસાઈને પ્રશંસા કરતા હતા તે બે જણ યાદવનાશનું કારણ બન્યા. પણ હાય! હું સાત્યકિ, કૃતવર્મા, અક્રૂર કે પ્રદ્યુમ્ન કોઈનીય નિન્દા કરતો નથી. એ તો શાપ જ એમના નાશનું

નિમિત્ત થયો છે ! જે જગત્પ્રભુ કૃષ્ણે કેશી, કંસ, ચેદિનો શિશુપાલ, નિષાદપુત્ર એકલવ્ય, કલિંગો, માગધો, ગાન્ધારો, કાશીરાજ, મરુભૂમિના રાજાઓ, તેમ જ પૂર્વ, દક્ષિણ અને પર્વતપ્રદેશના રાજાઓનો સંહાર કર્યો હતો એ મધુસૂદને જ યાદવોની અનીતિની ઉપેક્ષા કરી. ( તું, નારદ અને મુનિઓ શ્રીકૃષ્ણને નિષ્પાપ, સનાતન અને અચ્યુત પરમેશ્વરરૂપથી પિછાનો છો. એ જ સર્વવ્યાપક અધોક્ષજે પોતાના કુટુમ્બીઓના વિનાશની ચુપચાપ ઉપેક્ષા કરી. મારા પુત્રરૂપે અવતરેલા જગદીશ્વર કૃષ્ણ ગાન્ધારી તથા ઋષિઓના શાપને મિથ્યા કરવા ઈચ્છતા નહોતા એટલે તો એમણે આંખ આડા કાન કર્યા. તારા પૌત્ર પરિક્ષિતને એમણે સજીવન કર્યો હતો એ તો તમે નજરે દીઠું છે. આવો, ધાર્યું કરી શકે એવો હોવા છતાં તારા આ મિત્રે પોતાના કુટુમ્બીજનોની રક્ષા કરવાનું ઇચ્છયું જ નહિ ને ! ક્ષેપક ૩૬. ) જ્યારે પુત્રો, પૌત્રો, ભાઈઓ અને મિત્રો આપસમાં લડીને ધરાશાયી થયા, ત્યારપછી એણે મને કહ્યું : ' પુરુષર્ષભ પિતાજી ! આ કુળનો આજે વિનાશ થયો છે. હવે અર્જુન દ્વારકા આવશે. એને તમે યાદવોના મહાસંહારનો વૃત્તાંત જણાવજો. યાદવોની મહાઅનીતિના સમાચાર સાંભળીને એ મહાતેજસ્વી તત્કાળ અહીં આવશે એમાં કંઈ શંકા નથી. મધુવંશી પિતાજી ! જે હું છું તે જ અર્જુન છે, અને જે અર્જુન છે તે જ હું છું એમ સમજીને એ જે પ્રમાણે કરવાનું કહે તે પ્રમાણે તમારે કરવું.[૧૧] એ ( યદુવંશનાં અનાથ ) સ્ત્રી-બાળકોની યથાયોગ્ય વ્યવસ્થા કરશે અને ( તમે યોગનિષ્ઠ થઈને દેહ મૂકશો એટલે ) તમારી ઉત્તરક્રિયા કરશે. પછી જ્યારે અર્જુન કિલ્લા અને અટારીઓવાળી આ નગરીમાંથી બહાર નીકળશે ત્યારે સમુદ્ર એને ડુબાડી દેશે. હું કોઈ પવિત્ર સ્થળે બુદ્ધિમાન બલરામની સાથે ( યોગ- )નિયમ ધારણ કરીને બેસીશ અને સદ્ય કાળ કરીશ. अहं हि कस्मिंश्चित्पुण्ये नियममास्थितः । कालं कर्ता सद्य एव रामेण सह धीमता ॥ ૧૬-૭-૧૮ ॥ આમ કહીને અચિન્ત્યપરાક્રમ હૃષીકેશ બાળકો સાથે મને મૂકીને ક્યાંક ચાલ્યો ગયો છે. ત્યારથી તારા એ બન્ને મહાત્મા ભાઈઓનો તથા ઘોર જાતિવધનો હું વિચાર કર્યા કરું છું. મેં અન્ન મૂકી દીધું છે અને તું આવી ગયો છે એટલે હવે હું જીવીશ પણ નહિ. માટે પાર્થ ! તું હવે શ્રીકૃષ્ણની બધી સૂચનાઓ સાંગોપાંગ પાર પાડ. જો તને આ રાજ્ય, સ્ત્રીઓ અને રત્નો સોંપ્યા. હું તો હવે નિશ્ચિત થઈને આ પ્રિય પ્રાણોનો ત્યાગ કરીશ. ' ( ૧૬-૭-૧ થી ૨૨ )

મામાએ ખિન્ન અર્જુનને બધી સોંપણ કરી. પછી અર્જુને ઉત્તર આપ્યો : ' મામા ! વૃષ્ણિપ્રવીર શ્રીકૃષ્ણ અને યાદવો વિનાની પૃથ્વીને હું લાંબા સમય સુધી જોઈ શકું એમ નથી. આ બાબતમાં રાજા યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ, સહદેવ, દ્રૌપદી અને હું છયે જણ એકમત છીએ.

---

૧૧ योऽहं तमर्जुनं विद्धि योऽर्जुनः सोऽहमेव तु ।
यद्‌ब्रूयात्तत्तथा कार्यमिति बुध्यस्व भारत ॥ ૧૬-૭-૧૫

સાથે વાંચો ક્ષેપક ૩૭:

यथा जीवं परं ब्रह्म महावाक्यस्य शासनात् ।

જુઓ ખંડ ૨, પ્રકરણ ૮, ' સખા 'માં પરિશિષ્ટ ' સનાતન સખા નર-નારાયણ ઋષિ 'માં શ્રીકૃષ્ણનાં પોતાને નારાયણ અને અર્જુનને નર તરીકે ઓળખાવતાં વચનો. ( ૩-૧૩-૩૮ થી ૪૦ )

રાજા યુધિષ્ઠિરને પણ આ પૃથ્વીનો પરિત્યાગ કરવાનો સમય આવી પહોંચ્યો છે. હું યાદવોની સર્વ સ્ત્રીઓ, વૃદ્ધો અને બાળકોને સાચવીને ઇન્દ્રપ્રસ્થ લઈ જઈશ.' (૧૬-૮-૧ થી ૫)

પછી અર્જુન યાદવોની સુધર્મા સભામાં ગયા. ત્યાં અમાત્યો અને વેદવેત્તા બ્રાહ્મણોને મળ્યા. આજથી સાતમે દિવસે સૌને ઇન્દ્રપ્રસ્થ લઈ જવાનાં હોવાથી ઝડપથી તૈયાર થઈ જવાની સૂચના આપી, કારણ કે, 'દ્વારકા નગરને સમુદ્ર ડુબાડી દેવાનો છે.' (૧૬-૮-૬ થી ૧૩)

શોકાકુલ અર્જુન તે રાત્રે તો શ્રીકૃષ્ણના નિવાસમાં વસ્યા. બીજે દિવસે વહાણું વાતાં મહાતેજસ્વી વસુદેવે (વીતરાગભયક્રોધ થઈ) ચિત્તને પરમાત્મામાં યોજીને—યોગનિષ્ઠ થઈને ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી, અંતિમયાત્રામાં એમની શિબિકાની આગળ એમણે કરેલ અશ્વમેધમાં ઉપયોગમાં લીધેલું છત્ર તથા અગ્નિહોત્રના અગ્નિઓ લઈને યાજકો તથા પાછળ પાછળ નગરજનો, સ્ત્રીઓ અને પુત્રવધૂઓ ચાલતાં હતાં. (આમાંની ઘણીખરી તો વિધવાઓ જ.) જીવંત દશામાં જે સ્થાન વસુદેવને બહુપ્રિય હતું ત્યાં એમનો ચંદનકાષ્ઠાદિથી અગ્નિસંસ્કાર કર્યો. એમની સાથે દેવકી, ભદ્રા, રોહિણી અને મદિરા એ ચાર પત્નીઓ સતી થઈ. પછી વજ્ર વગેરે કુમારોએ અને વસુદેવની બીજી સ્ત્રીઓએ એમને જલાંજલિ આપી. ત્યારબાદ જેણે કદી ધર્મલોપ નહોતો કર્યો તે અર્જુન આ ધર્મકાર્ય પૂર્ણ કરીને યાદવોની સંહારભૂમિ પર ગયા. સૌ યાદવોની યથાયોગ્ય ક્રમમાં અન્ત્યેષ્ટિ કરાવી. (૧૬-૮-૧૪ થી ૩૦)

એ પછી આપ્ત પુરુષો દ્વારા બલરામ અને શ્રીકૃષ્ણનાં શરીર ખોળી કઢાવીને તેમનો દાહ-સંસ્કાર કર્યો. એમ એમની તથા સૌ મૃત યાદવોની વિધિવત્ ઉત્તરક્રિયા પતાવ્યા પછી સાતમે દિવસે અર્જુને દ્વારકામાંથી પ્રયાણ કર્યું.[૧૨] એમના રથની પૂંઠે રડતી વિધવાઓ, વૃદ્ધો, બાળકો, નગરજનો, જનપદનાં જનો (સમગ્ર ચાતુર્વર્ણ્ય પ્રજા), શ્રીકૃષ્ણના (પ્ર-)પૌત્ર વજ્ર સહિત શ્રીકૃષ્ણની ૧૬૦૦૦ રાણીઓ અને તેમની સેવા તથા રક્ષણ માટે નોકરો, હાથીસવારો, ઘોડેસવારો, પદાતિઓ અને ઉત્તરાયુધિકો (અનામત દળો)ના કાફલાએ પ્રસ્થાન કર્યું. એ રીતે મહર્ધિમાન વૃષ્ણિમંડળ દ્વારકામાંથી નીકળતાં વેંત મકરાલય સાગરે રત્નોથી ભરીપૂરી દ્વારકાને જળબંબાકાર કરી દીધી! આ અદ્ભુત ઘટના નિહાળીને દ્વારકાવાસીઓ, 'હા દૈવ!' એમ બોલતા અધિકાધિક વેગથી નાસવા માંડ્યાં. (સંભવ છે કે સાગરમાં કેટલાક વખતથી ભરતીનાં મોજાં ઊછળતાં જ હશે. તેથી આ કૂચ કંઈ વ્યવસ્થિત ન હોતાં, ઊતાવળમાં જેમતેમ કરેલી નાસભાગ બની છે. ૧૬-૮-૩૧ થી ૪૧. દક્ષિણનું તીર્થ ધનુષ્કોટી સમુદ્રની ભરતીનાં મોજાંથી થોડાં વર્ષો ઉપર સાગરમાં ડૂબી ગયું તે સર્વવિદિત છે.)

આમ ગભરાટમાં નાસતાં નાસતાં આ સંઘ ગો-પશુ-ધાન્યથી સમૃદ્ધ પંચનદ પ્રદેશમાં

---

૧૨ દ્રષ્ટવ્ય: 'એ રીતે રામ અને શ્રીકૃષ્ણે યદુવંશનો સંહાર કર્યો. તે પછી તેઓ પણ સર્વ-સંહારક કાળનું ઉલ્લંઘન કરી શકયા નહિ...અર્જુન, યાદવહીન દ્વારકામાં આવ્યા. એમણે સુરાપાનથી સર્જાયેલો મહાવિનાશ જોયો. વસુદેવ, શ્રીકૃષ્ણ, બલરામ અને મુખ્ય યાદવોનો અગ્નિસંસ્કાર કર્યો... ૧-૨-૨૨૨ થી ૨૨૫.

પ્રવેશ્યો.[૧૩] અર્જુને ત્યાં પડાવ નાખ્યો. એકલા અર્જુનની સાથે ( રત્નરાશિ અને ) સ્ત્રીઓને દેખીને આભીર લૂંટારાઓને, એમને લૂંટી લેવાનો લોભ જાગ્યો. એમણે આપસમાં મંત્રણા કરીઃ 'આ એકલો અર્જુન આપણા દેખતાં વૃદ્ધો, બાળકો અને વિધવાઓને લઈ જાય છે. એના ચોકિયાતો તો માલ વગરના—હતૌજસ્—છે.' એમ વિચારણા કરીને આભીરો લાકડીઓ લઈને મહાભયંકર સિંહનાદો ( ગોકીરો ) કરતા આ સંઘ ઉપર તૂટી પડ્યા. ( પાછળ ) હુમલો થતાં અર્જુન ચોકિયાતો સાથે પાછા વળ્યા. લૂંટારાઓને ધમકાવવા માંડ્યા: 'અધર્મજ્ઞો! જો મરવાની ઇચ્છા ન હોય તો ભાગી જાઓ. મારાં બાણોથી હણાઈને શોકાતુર થવાનું માંડી વાળો!' પણ લૂંટારાઓએ તો અર્જુનની ચેતવણીને વ્યર્થ ગણીને ઉવેખી, અને એ જનસમૂહ પર તૂટી પડ્યા. એટલે અર્જુને વિશાળ ગાંડીવને મહામહેનતે માંડ માંડ કરીને ચઢાવ્યું, અને અસ્ત્રોને ચિંતવવાં માંડ્યાં, પણ યાદ આવ્યાં જ નહિ ને! યુદ્ધના ટાંકણે જ ભુજબળમાં આવો વિકાર જોઈને અને મહાસ્ત્રોનો વિનાશ અનુભવીને ( રક્ષણ કરવામાં નિષ્ફળ જવાથી ) અર્જુન લજ્જિત થઈ ગયા. અને પેલા હાથી, અશ્વ અને રથારોહી નિસ્તેજ વૃષ્ણિસૈનિકો પણ આ સંઘનું રક્ષણ કરી શક્યા નહિ. અર્જુને ઘણોયે પ્રયત્ન કર્યો, પણ સ્ત્રીઓની સંખ્યા ઘણી મોટી હતી અને ડાકુઓ અનેક તરફથી હુમલા કરતા હતા. (તેથી રક્ષણ કરવું મુશ્કેલ બની ગયું.) પરિણામે અર્જુન સહિત સર્વ યોદ્ધાઓની નજર સમક્ષ જ ડાકુઓ ઉત્તમ સ્ત્રીઓને ચોમેરથી ઉઠાવી જવા માંડ્યા તથા કેટલીક તો પોતાની મરજીથી પણ જવા લાગી! ઉદ્વેગ પામેલા અર્જુને યાદવ યોદ્ધાઓની મદદ સાથે ગાંડીવનાં બાણોથી ડાકુઓને મારવા માંડ્યા. પણ ક્ષણમાત્રમાં જ એ અક્ષય ગણાતાં બાણ ખૂટી પડ્યાં. અર્જુનને આઘાત લાગ્યો. એમણે ધનુષ્યની અણીથી લૂંટારાઓને મારવા માંડ્યા. (પણ કેટલું ચાલે!) પણ એ મ્લેચ્છો

---

૧૩ આ પંચનદ તે અર્વાચીન પંજાબ નહિ પણ કોઈ બીજો પ્રદેશ હોવા સંભવ છે. મ. ભા.ની સમીક્ષિત વાચનાના સંપાદકે 'मौसलपर्व', પૃ. ૪૮–૪૯ ઉપરની નોંધમાં પંજાબને પંચનદ માન્યો છે. પણ પ્રસ્તાવનામાં તેનાથી જુદી જ ધારણા વ્યક્ત કરીને સરસ્વતી, દષદ્વતી, અરુણા, બિયાસ અને લૂણી અથવા તો બીજી કોઈ નદી, એ પાંચે કચ્છના રણમાં જ્યાં મળતી હશે તે પ્રદેશ એવો તર્ક કર્યો છે, અને સમીક્ષિત નોંધમાં અનુરૂપ ફેરફાર કરવા સૂચવ્યું છે.

'સ્વાધ્યાય' ઑક્ટોબર ૧૯૭૧ના અંકમાં પૃ. ૩૨ ઉપર 'ગુર્જર અને યૌધેય' નામના લેખમાં ( શ્રી જેઠાલાલ ત્રિવેદી ) સૌરાષ્ટ્રના પંચાલ કે તેવા જ કોઈ બીજા પ્રદેશની 'પંચનદ' હોવાની સંભાવના કલ્પી છે, અને સમર્થનમાં પ્રખ્યાત લોકોક્તિ 'કાબે અર્જુન લૂંટિયો' ટાંકી છે.

મ. ભા. 'આરણ્યકપર્વ'માં પંચનદ અંગેના સંદર્ભ જોતાં જણાય છે કે 'પંચનદ' નામનાં એકથી વધુ તીર્થ હતાં, જેમાંનું એક પ્રભાસ આજુબાજુ કોઈક સ્થળે હતું. ( ૩-૮૦-૯૯; ૮૧-૧૪ )

સામાન્યતઃ હસ્તિનાપુર જવા માટે અર્વાચીન 'પંજાબ' વચ્ચે આવે પણ નહિ. તેથી આ 'પંચનદ' તે સૌરાષ્ટ્રમાંનો કોઈ પ્રદેશ હોય એમ કલ્પવું સંગત છે.

હિમાલયમાં કેદારનાથ પાસે મંદાકિની, સ્વર્ગંગા, મધુગંગા, ક્ષીરગંગા અને સરસ્વતીનો પંચગંગા સંગમ છે. આવો કોઈ સંગમ પુરાણા સમયમાં સૌરાષ્ટ્રમાં કોઈ સ્થળે થતો હોય અને તેને 'પંચનંદ' નામ અપાયું હોય એમ સંભવેઃ એમ પણ સંભવે કે નિસ્તેજ સૈનિકોને કારણે લૂંટાવાની ધાસ્તીને લીધે વધુ સલામતી માટે અર્જુને સિંધુ-સૌવીરનો વધુ લાંબો માર્ગ, પ્રવાસ માટે પસંદ કર્યો હોય, તો વચ્ચે 'પંજાબ' આવે.

તો યાદવોની શ્રેષ્ઠ સ્ત્રીઓને ઉપાડીને ચોતરફ ચાલ્યા ગયા.[૧૪] 'પ્રભાવશાળી' અર્જુન આ દૈવનું વિધાન છે એમ મનોમન ચિંતવીને દુઃખ તથા શોકથી ઊંડા નિસાસા નાખવા લાગ્યા. અસ્ત્રજ્ઞાન લુપ્ત થવાથી, બાહુબળ ક્ષીણ થવાથી, ધનુષ્ય કાબૂમાં ન રહ્યાથી અને અક્ષય બાણો ખૂટી પડવાથી અર્જુન અત્યંત ઉદાસીન થઈને આ દૈવની લીલા જોઈને 'આમાં કંઈ સાર નથી' એમ બોલતાં બોલતાં (યુદ્ધમાંથી) પાછા ફર્યા. લૂંટાતાં બચેલાં રત્નો તથા સ્ત્રીઓ, વૃદ્ધો અને બાળકોને લઈને અર્જુન કુરુક્ષેત્રમાં આવ્યા. બધાંને પુનઃ વસાવ્યાં. કૃતવર્માના પુત્ર અને હરાતાં બચેલી ભોજરાજ (ઉગ્રસેન?)ની સ્ત્રીઓને માર્તિકાવતમાં વસાવી. પછી ઈન્દ્રપ્રસ્થ આવ્યા. સાત્યકિના પુત્ર, તથા કેટલાક વૃદ્ધો અને બાળકોને સરસ્વતીના તટે વસાવ્યા. બાકી રહ્યાં તે સૌ આબાલવૃદ્ધસ્ત્રીઓને ઈન્દ્રપ્રસ્થમાં વસાવ્યા. શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રને ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય આપ્યું. એ પછી વજ્રે અટકાવી તો પણ અક્રૂરની પત્નીએ પ્રવ્રજ્યા લીધી. શ્રીકૃષ્ણની પટરાણીઓ પૈકી રુક્મિણી, ગાન્ધારી, શૈબ્યા, હૈમવતી અને જામ્બવતીએ અગ્નિપ્રવેશ કર્યો— સતી થઈ.[૧૫] સત્યભામા તથા શ્રીકૃષ્ણની બીજી માનીતી રાણીઓ તપસ્યા કરવાનો નિશ્ચય કરીને વનમાં ગઈ. જે દ્વારકાવાસી મનુષ્યો સાથે આવ્યાં હતાં તેમને યથાયોગ્ય ભાગ આપીને વજ્રને સોંપી દીધા. એમ સમયોચિત વ્યવસ્થા કર્યા પછી અર્જુન આંસુભરી આંખે કૃષ્ણ દ્વૈપાયન વ્યાસના આશ્રમે ગયા. (૧૬-૮-૪૨ થી ૭૪)

સત્યવાદી વ્યાસે અર્જુનને આવકાર આપ્યો. પણ એમનું વિષણ્ણ માનસ જોઈને પૂછ્યું: 'શું કોઈ અવીરે તારા ઉપર ઘા કર્યો છે? ('આભીર' જેવા જંગલી લોકોને 'વીર' કહી શકાય નહિ, તેથી આ પ્રશ્ન સમુચિત બની રહે છે.) કે, તેં બ્રહ્મહત્યા કરી છે? અથવા યુદ્ધમાં પરાજિત થયો છે?' (૧૬-૯-૧ થી ૬)

---

૧૪ (૧) मिषतां सर्वयोधानां ततस्ताः प्रमदोत्तमाः ।
समन्ततोऽवकृष्यन्त कामाच्चान्या प्रवव्रजुः ॥ १६-८-५७
સર૦ 'વિષ્ણુપુરાણ', ૫-૩૮-૨૬
प्रेक्षतस्त्वेव पार्थस्य वृष्ण्यन्धकवरस्त्रियः ।
जग्मुरादाय ते म्लेच्छाः समन्ताज्जनमेजय ॥ १६-८-६१

આ સ્ત્રીઓ તે યાદવોની યુવાન અને સુંદર સ્ત્રીઓ છે તે સ્પષ્ટ છે. એમાં શ્રીકૃષ્ણની કોઈ રાણી હોવાની શકયતા નથી. એ બધી રાણીઓ તો ઘણી વૃદ્ધ છે. શ્રીકૃષ્ણની ૧૬૦૦૦ રાણીઓએ સરસ્વતીમાં ડૂબી ને દેહત્યાગ કર્યાની વિગત આ પ્રકરણમાં આગળ આવશે. કેટલીક યાદવ સ્ત્રીઓ પોતાની મરજીથી ગઈ એમાં તેમની મનોદશા આવી હોઈ શકે: જો દસ્યુઓ ઉઠાવી જવાના છે એ નક્કી જ છે તો વિરોધ કરીને શા માટે વધુ દુઃખ ભોગવવું? અહીં પણ સર્વનાશમાં શું સુખ છે? જ્યાં રહ્યાં ત્યાં ખરાં.

"બ્રહ્મપુરાણ" ૨૧૨-૮૩ થી ૮૬ મુજબ અષ્ટાવક્ર ઋષિએ અપ્સરાઓને વિષ્ણુ પ્રાપ્ત થવાનું વરદાન આપ્યું. પણ સ્નાન કરીને ઋષિ પાણીની બહાર નીકળતાં અપ્સરાઓ હસી પડી તેથી, 'તમારું આભીરો અપહરણ કરશે' એવો શાપ આપ્યો. આને લીધે કૃષ્ણપત્નીઓનું હરણ થયું. પણ પુરાણને કશો જ આધાર નથી. હાલના 'બ્રહ્મપુરાણ'ની રચના ઇ. સ.ની ૧૦મીથી ૧૨મી શતાબ્દી છે. 'મૌસલપર્વ' ક્ષેપક પદ્યમાં આ કથાનું આછું સૂચન છે.

૧૫ પ્રસ્તુત સંદર્ભ અને એવા બીજા સંદર્ભો જોતાં એમ લાગે છે કે પતિ પાછળ સતી થવાનો રિવાજ બહુ પુરાણો છે, પણ એ ફરજિયાત નહોતો.

અર્જુને શ્રીમાન, ઘનશ્યામ, વિશાળ કમળ જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણ, બલરામ સહિત દિવંગત થયા અને પાંચ લાખ શૂરવીર યાદવો આપસમાં લડીને માર્યા ગયા તેના સમાચાર આપ્યા, અને વિષાદઘેર્યા હૃદયે બોલ્યા: 'અપારતેજસ્વી યાદવો અને યશસ્વી શ્રીકૃષ્ણના પરલોકગમનની વાત મારાથી સહી જતી નથી. સાગર સુકાઈ જાય, પર્વત ચળે, આકાશ ભોંય પર પડે અને અગ્નિ શીતળ થઈ જાય એના જેવું જ શાર્ઙ્ગધન્વા શ્રીકૃષ્ણનું મૃત્યુ મને અવિશ્વસનીય લાગે છે. એમના વિના મારે આ જગતમાં જીવવાની ઇચ્છા નથી.' (૧૬-૯-૧ થી ૧૪)

ત્યારપછી જેનું ચિંતન કરતાં નરવીર અર્જુનનું મન ક્ષણેક્ષણ ચિરાઈ જતું હતું એ આનાથીય મોટા કષ્ટને વર્ણવી હૃદય ખાલી કરતાં બોલ્યા: 'તપોધન ! મારી પૂંઠે પડી, યુદ્ધ કરી, પંચનદના આભીરો મારી નજર સમક્ષ જ હજારો યાદવ નારીઓને ઉપાડી ગયા. સામનો કરવા ધનુષ્ય ઉપાડયું તેની પણછ પણ ન ચઢાવી શકયો. મારામાં અગાઉ જેવું ભુજબળ રહ્યું નહોતું. વિવિધ અસ્ત્રોનું મારું જ્ઞાન વિલુપ્ત થઈ ગયું, અને મારાં બાણ પણ ખૂટી પડ્યાં. વળી જે અપ્રમેય પુરુષ, શંખચક્રગદાધર (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થના પ્રદાતા હોઈ) ચતુર્ભુજ, પિતામ્બરધારી, શ્યામસુન્દર, કમળદળસમાન નેત્રવાળા, મહાતેજસ્વી ભગવાન શ્રીકૃષ્ણ શત્રુસૈન્યોને ભસ્મીભૂત કરતા મારા રથની આગળ ચાલતા હતા (મારા સારથિ બન્યા હતા) એમને હું આજે દેખતો નથી. જે પહેલાં પોતાના તેજથી શત્રુસૈન્યોને બાળી નાખતા હતા અને પછી હું ગાંડીવમાંથી બાણ છોડીને શત્રુઓનો નાશ કરતો હતો, તે ભગવાનને હું જોતો નથી તેથી મને વિષાદ થાય છે, મને ચક્કર આવે છે, મારું ચિત્ત ખેદમાં ડૂબી ગયું છે અને મને શાન્તિ મળતી નથી—હું અશાન્ત થઇ ગયો છું. વીર જનાર્દન વિના હવે જીવવાની હોંસ રહી નથી. 'વિષ્ણુ કૃષ્ણ ગયા' એ સાંભળ્યું ત્યારથી હું દિશામૂઢ થઈને શૂન્યહૃદયે ભટકયા કરું છું. મને કલ્યાણકારી ઉપદેશ આપો.' (૧૬-૯-૧૫ થી ૨૪)

**(આત્મજાગૃતિવાળા મનુષ્યના હૃદયમાં સદાય વિવેકજ્ઞાનરૂપે બિરાજતા પરમર્ષિ પિતામહ)** કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસે અર્જુનને આશ્વાસન આપ્યું અને સમજાવ્યું: 'શ્રીકૃષ્ણ આ સંકટને ટાળી શકે એમ હતા તોપણ એમણે એની ઉપેક્ષા કરી, શ્રીકૃષ્ણ તો સમગ્ર ચરાચર પ્રાણીઓ સહિત ત્રણે લોકોની ગતિને પલટી શકે, તો આ ઋષિઓના શાપનો તો શો હિસાબ ? અને જે શંખચક્રગદાધર, પુરાણ ઋષિ, ચતુર્ભુજ શ્રીકૃષ્ણ તારા ઉપરના સ્નેહને કારણે તારા રથની આગળ ચાલતા હતા (તારા સારથિ બન્યા હતા) તે પૃથુલોચન શ્રીકૃષ્ણ પૃથ્વીનો ભાર ઉતારી તથા સર્વ જગતને બચાવીને પોતાના ઉત્તમ સ્થાને—સ્વધામે પધારી ગયા છે, માટે આનો શોક ન હોય, कुरुशार्दूल न ताञ्शोचितुमर्हसि। હું માનું છું કે તમે—પાંડવોએ—દેવોનું મહાન કાર્ય પાર પાડયું છે, તમે કૃતકૃત્ય અને સંસિદ્ધ થયા છો; હવે તમારે પણ પરમગતિ પામવાની વેળા આવી ગઈ છે...[૧૬] (૧૬-૯-૨૫ થી ૩૬; જુઓ ૧-૨-૨૨૬ થી ૨૨૯)

અર્જુન વેદવ્યાસના ઉપદેશનું રહસ્ય સમજી ગયા. વ્યાસાશ્રમેથી હસ્તિનાપુર આવ્યા. યુધિષ્ઠિરને બધા સમાચાર આપ્યા. સમાચાર સાંભળતાં જ યુધિષ્ઠિરે (સકામ) કર્મમાત્રનો ત્યાગ કરીને મહાપ્રસ્થાન કરવાનો નિર્ણય કર્યો. પાંચે પાંડવોએ એને અનુમોદન આપ્યું. એટલે

---

૧૬ વેદવ્યાસે અર્જુનને (પૌત્રને) મહાપ્રયાણ કરવાની ઘડી આવી ગઈ છે તે સૂચવી દીધું. ! આ નિર્દ્વંદ્વ પિતામહ તો અલિપ્ત હોઈ જગતનું કલ્યાણ કરવા માટે ચિરંજીવ છે !

યુધિષ્ઠિરે પરિક્ષિતનો રાજ્યાભિષેક કર્યો. (પણ એ નબળો શાસક હતો તેથી) રાજ્યનો કારોબાર યુયુત્સુને સોંપ્યો, અને કૃપાચાર્યને એના રક્ષક તરીકે નીમ્યા. પછી સુભદ્રાને (ભાઈના પ્રપૌત્ર) વજ્રની સોંપણી કરી; 'જો આ તારા પૌત્ર પરિક્ષિતને હસ્તિનાપુરની અને યદુવંશમાંથી બચી ગયેલા વજ્રને ઈન્દ્રપ્રસ્થની રાજ્યગાદી આપી છે. માટે તારે (એ બન્નેની, પણ તેમાં ખાસ કરીને) રાજા વજ્રની રક્ષા કરવી. તારે મનને અધર્મમાં લગાડવું નહિ.'[૧૭] (૧૬-૯-૩૭, ૩૮; ૧૭-૧-૧ થી ૯)

ત્યારબાદ ધર્મરાજે ધીમાન શ્રીકૃષ્ણ, વૃદ્ધ મામા વસુદેવ અને બલરામ વગેરેને જલાંજલિ આપી. સર્વને ઉદ્દેશીને વિધિવત્ શ્રાદ્ધ કર્યાં. રત્નો, વસ્ત્રો, ગામો વગેરેનાં દાન કર્યાં, પ્રજાને મહાપ્રસ્થાનના સમાચાર આપી, તેમનું મન મનાવીને વલ્કલ ધારણ કર્યાં: ઉત્સર્ગ-ઈષ્ટિ કરી અગ્નિહોત્રના અગ્નિઓનું જળમાં વિસર્જન કર્યું અને પાંચ પાંડવો, દ્રૌપદી અને કૂતરો એમ સાત જણાં નગરની બહાર નીકળ્યાં. ત્યારે પૂર્વે જ્યારે દ્યૂતમાં હારીને પાંડવો વનમાં ગયાં ત્યારે જેવું રુદન થતું હતું તેવું જ રુદન નગરની સ્ત્રીઓ (અને પ્રજા) કરવા લાગી. પણ યુધિષ્ઠિરનો અભિપ્રાય અને યાદવોનો વિનાશ જોઈને પાંચે ભાઈઓના મનમાં તો મહાયાત્રાનો (વિવેકપૂત ત્યાગથી થતા ચિત્તપ્રસાદનો અપૂર્વ) આનંદ હતો. **हर्षोऽभवच्च सर्वेषां भ्रातॄणां गमनं प्रति ।** (૧૭-૧-૧૦ થી ૨૩ અને ૨૮)...શ્રીકૃષ્ણની ૧૬૦૦૦ રાણીઓએ આયુષ્ય પૂર્ણ થયું જાણીને સરસ્વતીમાં પ્રવેશીને દેહત્યાગ કર્યો, અને (શ્રીવિષ્ણુના ધામમાં) અપ્સરાઓ થઈને શ્રીકૃષ્ણની સેવામાં ઉપસ્થિત થઈ ગઈ.[૧૮] (૧૮-૫-૨૧)

* * *

યદુવંશના નિકંદન અને ભગવાન શ્રીકૃષ્ણના અંતિમ દિવસોનું તાત્ત્વિક-ઐતિહાસિક-પૌરાણિક મિશ્ર વર્ણન અહીં નિરૂપાયું છે. રાજ્ય માટે અયોગ્ય એવા ભ્રષ્ટ, અસ્થિરવાસવાળા અને સંસ્કાર વગરના જે યાદવોને **યોગાચાર્ય** શ્રીકૃષ્ણે અનાસક્તભાવે તૈયાર કરીને સમૃદ્ધ તથા બળવાન બનાવ્યા હતા, તે યાદવો કામ-કાંચન-મદ્યમાં નિમગ્ન થઈ તેના નશાથી છકી ગયા. આચાર્યની તાલીમ વેગળી મૂકી, આપસમાં લડી મૂઆ. એક આખી જાતિએ—પાંચ લાખ સશક્ત માણસોએ—આત્મઘાત કર્યો.

હૃદયને નીચોવી નાખે એવા આ પ્રસંગના કેટલા અર્થ છે? (અથવા હશે?).

કામ-કાંચનમાં આસક્ત બની તેમાં ચકચૂર બનનાર, સ્વાર્થી બનાવટ મનુષ્ય કે જાતિઓ

---

૧૭ **परिक्षिद्धास्तिनपुरे शक्रप्रस्थे तु यादवः ।**
**वज्रो राजा त्वया रक्ष्यो मा चाधर्मे मनः कृथाः ॥** ૧૭-૧-૯

પાંચે પાંડવો અને દ્રૌપદી કર્મસંન્યાસ કરીને મહાયાત્રાએ ઉપડયાં, પણ સુભદ્રા જો એવો વિચાર કરીને મહાયાત્રાએ જવાનું કે સંન્યાસ લેવાનું વિચારે તો અધર્મ થાય. વજ્ર કાચી ઉંમરનો છે, બીનઅનુભવી છે. રક્ષણ કરે એવા વીર અને બુદ્ધિશાળી પુરુષોનો તેમ જ લક્ષ્મીનો પણ નાશ થઈ ગયેલ છે. આવા સંયોગોમાં સુભદ્રાનું કર્તવ્ય શોક સહન કરીને પણ ભાઈના પ્રપૌત્રને સાચવવાનું છે. એ કર્તવ્ય છોડે તો અધર્મ થાય.

૧૮. જુઓ ખંડ ૧, પ્રકરણ ૮, 'લગ્નો'માં શ્રીકૃષ્ણનાં લગ્નો અને કયા સંયોગોમાં ૧૬૦૦૦ રાણીઓનું એમણે પાણિગ્રહણ કર્યું હશે તેનો વિમર્શ. ખરેખર તો આ કથાનક દ્વારા સર્વ ક્રાન્તિઓના પ્રતીક પતિતપાવન શ્રીકૃષ્ણના પ્રતાપી ચારિત્ર્યનું એક ઝળહળતું પાસું સર્વમિત્ર સાત્વતોએ પ્રદર્શિત કર્યું છે.

કરુણ પ્રણાશ નિશ્ચિત છે. એની આસક્તિ અને સ્વાર્થના નશામાંથી જ સર્વવિનાશક મુસળ જન્મે તથા એનો પ્રાણ લે. અલબત્ત, એ નિર્જીવપણે ન મરે, ભયાનક અગ્નિ પ્રગટાવીને એની પ્રલયંકર આગમાં બળી મરે: શ્રીકૃષ્ણ જેવા નેતા પણ એને બચાવવા ન ઇચ્છે.

અનેક જન્મોની તપશ્ચર્યાના અંતે વસુદેવ-દેવકી શ્રીકૃષ્ણ જેવો સમર્થ પુત્ર પામ્યાં. (જુઓ 'ભાગવત' ૧૦-૩-૩૨ થી ૪૬નું કાવ્યમય વર્ણન.) એના સામર્થ્યથી ભૌતિક બન્ધનમાંથી છૂટ્યાં, બીજાંઓનેય છોડાવ્યાં...પણ અતિવૃદ્ધ અવસ્થામાં કુળનાશ થયા પછી એ વિભૂતિમાન પુત્ર એમને અંતિમ ભલામણો કરીને એમની પહેલાં સ્વર્ગે સંચર્યો. પાંડવો, તેમાંય ખાસ કરીને અર્જુન તથા યુધિષ્ઠિર શ્રીકૃષ્ણના અનન્યભાવે શરણાગત. શ્રીકૃષ્ણ ડગલે ને પગલે સર્વ સ્થિતિમાં એમનું રક્ષણ કરતા, હિત ચિંતવતા, સ્વયં કષ્ટ ઉઠાવીને સહાય કરતા. પણ એમનું આખું જીવન જુઓ, જાણે કષ્ટના સાગરોથી ભરપૂર! એમનેય છેવટે નિષ્કણ્ટક સામ્રાજ્ય સોંપી પગ વાળીને નિરાંતે બેસવાની તક આપી. પણ આખરે તો આ પ્રાણપ્રિય સખા અને ભાઈ કરુણ સંયોગોમાં પોતાની કુલસ્ત્રીઓ અને બાળકોની રક્ષાનો ભાર એમને ભળાવીને સ્વધામ સિધાવ્યા; અને જે રાણીઓને આ લોકનાથ નરકાસુરના કારાગારમાંથી બચાવીને લાવ્યા હતા, જે પટરાણીઓની સાથે કોઈ વિશિષ્ટ કારણસર ધર્મપૂર્વક લગ્નસંબન્ધ બાંધ્યો હતો, તેમને જ વિયોગ અને વૈધવ્યનો કારી ઘા થવા દીધો અને અનાથ હાલતમાં લૂંટાવા માટે જાણે કે રેઢી મૂકી દીધી. જે વાસનાઓમાં ચકચૂર નહોતાં, છકેલ નહોતાં; જે વત્સલ, ભક્ત, શરણાગત અને દક્ષ પણ હતાં તેમને આવા અતાગ જેવા કષ્ટસાગરમાં ડુબાડવાનું શું પ્રયોજન? પરમ-આત્માના પરિપૂર્ણ ઐશ્વર્યનું, પરિશુદ્ધ એવા આ અનન્ય ભક્તોના આત્મામાં પ્રકટીકરણ કરવા. શ્રીકૃષ્ણ સ્વધામ પધારતાં વસુદેવ-દેવકી, પાંડવો અને એમની રાણીઓએ પારાવાર યંત્રણા વેઠી, પણ એમનું વિજ્ઞાન-ભક્તિનું ઐશ્વર્ય આ પ્રલયંકર તુફાનમાં પણ ગયું નહિ. એમની આત્મજાગૃતિ વધુ દીપ્ત થઈ. સાંસારિક વિષયોમાં રહીસહી મમતા અને આસક્તિ અતિ અલ્પ સમયમાં ઓગળી ગઈ. એ સૌ પરમાત્માનું ચિંતવન કરતાં પરમાત્મભાવ પામ્યાં.

દેહ છે ત્યાં સુધી સુખદુઃખ છે જ. બીજાં કર્મ અહૈતુકી ભક્તિ અને વિજ્ઞાનની આગમાં બળીને ભસ્મીભૂત થઈ જાય, પણ પ્રારબ્ધ કર્મ તો ભોગવવાં જ પડે. વિકટતમ પ્રારબ્ધ કર્મ પણ શુદ્ધ હૃદયમાં બિરાજતા અન્તર્યામીનું સ્મરણ, ઉત્તરોત્તર વધતી જતી અનુભૂતિ, દર્શન, મિલન અને છેવટે સર્વ પ્રકારના પાશ છેદીને અનન્ય શરણાગત અત્યંત તીવ્ર ગતિએ અમૃતસાગરમાં નિમગ્ન થઈ જાય એનું આમાં નિદર્શન છે.[૧૯] અમૃતસાગરમાં નિમગ્ન થયા પછી અહંકારરહિત મૃત્યુંજય સર્વજ્ઞને પ્રારબ્ધ કર્મ પણ ભોગવવાનાં રહેતાં નથી, એ પ્રારબ્ધ સુદ્ધાંનો નિયામક બન્યો હોય છે.

---

૧૯　સર૦　मुनिर्विवक्षुर्भगवद्गुणानां
　　　　सखापि ते भारतमाह कृष्णः ।
　　यस्मिन्नृणां ग्राम्यसुखानुवादै-
　　　　र्मतिर्गृहीता नु हरेः कथायाम् ॥ 'ભાગવત' ૩-૫-૧૨

(વિદુર મૈત્રેયને કહે છે): 'તમારા સખા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મુનિએ ભગવાનના ગુણોનું વર્ણન કરવાની ઇચ્છાથી મહાભારત રચ્યું છે, કે **જે મહાભારતમાં ગ્રામ્ય સુખોનાં વર્ણનના માર્ગે મનુષ્યોની બુદ્ધિ ભગવાનની કથામાં મગ્ન થઇ જાય છે.'**

વેદવ્યાસ કહે છે: 'આ પૃથુલોચન શ્રીકૃષ્ણ પૃથ્વીનો ભાર ઉતારી તથા સર્વ જગતને મુક્ત કરીને પોતાના ઉત્તમ સ્થાને પધારી ગયા છે. कृत्वा भारावतरणं पृथिव्याः पृथुलोचनः । मोक्षयित्वा जगत्सर्वं गतः स्वस्थानमुत्तमम् ॥ ૧૬-૬-૨૬ ॥ સ્થૂળ રીતે જોઈએ તો જગતમાંથી સશક્ત વીર પુરુષોનો સંહાર થયો, સમૃદ્ધિ નાશ પામી અને પાંચાલો જેવા કેટલાક વંશોમાં તો કેવળ કન્યાઓ જ જીવતી રહી, પુરુષમાત્ર નાશ પામ્યા હતા. આ સંયોગોમાં શ્રીકૃષ્ણે ભૂમિનો કયો ભાર ઉતાર્યો? જગતને શામાંથી મુક્ત કર્યું? નશ્વર-અવસ્તુ એવાં ગ્રામ્ય સુખો પ્રાપ્ત કરવાની તૃષ્ણાથી અપરિમેય અને પ્રલયાન્તિક ચિન્તાના બોજાથી દબાઈ જતી, (ભક્ત, કર્મયોગી અને જ્ઞાની થવા મથતા) સાધકની ચિત્તરૂપી ભૂમિ ઉપરથી તૃષ્ણાનો એ અનન્તકલ્પ ભાર ઉતાર્યો અને તેને હળવી બનાવી. નશ્વરની પાછળ એ શાશ્વત છે, અવસ્તુની પાછળ એ વસ્તુ છે, અસત્યની પાછળ એ સત્ય છે એનું યથાતથ ભાન કરાવી સાધકના મનનો બોજો ઉતાર્યો. સાધક મટી સિદ્ધ થયેલા એ ( આન્તરિક ) જગતને આસુરી સંપદના પાશોમાંથી મુક્ત કર્યું. [ આસુરી સંપદ = ( ૧ ) કામ, ક્રોધ, લોભ, અથવા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરેનો સમૂહ. ( ૨ ) ત્રણ પ્રકારની એષણાઓ: પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા. ( ૩ ) ભય, લજ્જા, ઘૃણા, જાતિ, કુલ, શીલ, માન અને છુપાવવાની ઈચ્છા એ અષ્ટ પાશ. ( ૪ ) દંભ, દર્પ ( મોટાઈનો છાક ), અતિમાન, ક્રોધ, પારુષ્ય, ( કઠોરતા ), ( અનાત્મ વસ્તુમાં નિત્યબુદ્ધિરૂપી અજ્ઞાન. સિદ્ધ ચિત્ત આ સૌમાંથી વૈરાગ્ય પામીને શ્રીકૃષ્ણમાં, પરમાત્મામાં અનુરાગવાળું થયું, દિવ્યચક્ષુથી એની ક્રીડા નિહાળતું થયું. ] આ મુક્ત ચિત્તને પ્રતીતિ થઈ: 'જ્યારે ઉદ્ભવનો સમય આવે છે ત્યારે મનુષ્યનાં બળ, બુદ્ધિ, તેજ અને પ્રતિપત્તિ—જ્ઞાનનો વિકાસ થાય છે. અને જ્યારે વિપરીત સમય આવે છે ત્યારે એ બધાનો નાશ થાય છે( પણ સત્ તત્ત્વ યથાતથ રહે છે ). '[૨૦]

નર અને નારાયણ, બન્ને સનાતન સખા. નર યોદ્ધો, નારાયણ સારથિ. નર યંત્ર, નારાયણ યંત્રી. બધું બળ, બુદ્ધિ, ઓજસ્ નારાયણનું. નર ઈશ્વરને અધીન. એની સ્વતંત્રતા કેટલી? અહંકાર મૂકી નારાયણને શરણે જાય તેટલી! ભૌતિક ઘટના દ્વારા નારાયણે દર્શાવ્યું કે સારથિ નારાયણ વિના નર કંઈ નથી. એનું બળ, પરાક્રમ, બુદ્ધિ, ઓજસ્, જ્ઞાન બધુંય વ્યર્થસમું. અંતસમયે અર્જુનના મિષે સમગ્ર માનવજાતિને આ પરમ સત્યનું શ્રીકૃષ્ણે ભાન કરાવ્યું.

[ શ્રીરામકૃષ્ણ પરમહંસના અનુભૂત શબ્દો સર૦

**શ્રીરામકૃષ્ણ** ( ભક્તોને ):—ઈશ્વર બધું કરી રહ્યો છે એ જ્ઞાન જો થઈ ગયું તો તો જીવનમુક્ત! કેશવ સેન શંભુ મલ્લિકની સાથે આવ્યો હતો. મેં તેને કહ્યું કે ઝાડનું પાંદડું સુદ્ધાં ઈશ્વરની ઈચ્છા વિના હલે નહિ. સ્વતંત્ર ઈચ્છા કયાં છે? સર્વ કોઈ ઈશ્વરાધીન. નાગાજી ( સ્વામી તોતાપુરી ) એવડા મોટા જ્ઞાની, તેય પાણીમાં ડૂબી મરવા ગયેલા અહીંયાં એ અગિયાર માસ રહ્યા હતા. પેટના રોગની વેદનાથી આકુળવ્યાકુળ થઈ ગંગામાં ડૂબી મરવા સારુ ગયેલા. ઘાટની પાસેથી જેમ જેમ પાણીમાં આગળ જાય તેમ તેમ ગોઠણભરથી વધુ પાણી થાય નહિ. ત્યાર પછી એ સમજ્યા. ( કે ઈશ્વરની ઈચ્છા વિના મરી પણ શકાતું નથી ) સમજીને એ પાછા ફરી આવ્યા. મને એક વાર ખૂબ વાયુરોગ થયેલો, એટલે ગળામાં છરી ખોસી દેવા તૈયાર થયેલો!

---

૨૦ बलं बुद्धिश्च तेजश्च प्रतिपत्तिश्च भारत ।
भवन्ति भवकालेषु विपद्यन्ते विपर्यये ॥ ૧૬-૬-૨૫

એટલે કહું છું કે, "મા હું યંત્ર, તમે યંત્ર ચલાવનાર; હું રથ, તમે રથ હાંકનાર; જેમ ચલાવો તેમ ચાલું, જેમ કરાવો તેમ કરું."[૨૧]

'શ્રીરામકૃષ્ણ કથામૃત' પુસ્તક ૧, પૃ. ૧૧૭; વળી જુઓ 'શ્રીરામકૃષ્ણ લીલાપ્રસંગ' ભાગ ત્રીજો, ગુરુભાવ પૂર્વાર્ધ, પૃ. ૨૪૧–૨૪૫. ]

શ્રીભગવાને શ્રીમુખે ગીતામાં પ્રતિપાદિત કર્યું છે, અને વચન આપ્યું છે:

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥
यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥
तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः ॥ (૬-૩૦-૫ થી ૭=ગીતા ૮-૫ થી ૭)

અને અંતકાળે મારું જ સ્મરણ કરતાં કરતાં જે મનુષ્ય દેહ છોડે છે તે મારા સ્વરૂપને પામે છે, એમાં કંઈ સંશય નથી. અથવા હે કૌન્તેય! મનુષ્ય સદાસર્વદા જે જે સ્વરૂપનું ધ્યાન ધરે છે (અને એમાં રંગાઈ જાય છે તેથી) તે તે સ્વરૂપનું અંતકાળે પણ સ્મરણ કરતાં કરતાં દેહ છોડે છે, તેથી તે તે સ્વરૂપને પામે છે. આથી તું સર્વ કાળમાં એટલે હરહંમેશાં મારું અનુસ્મરણ-સતત કર, ઝઝૂમ્યા કર (એ જ માર્ગ છે). એમ તું મારામાં મન અને બુદ્ધિ રાખીશ તો મને પામીશ એમાં કંઈ શંકા નથી.

બલરામ, વસુદેવ, રાણીઓ અને પાંડવો એ બધાંય પરમાત્મનિષ્ઠ છે. એટલે આવા પ્રલયકારી સંભ્રમ સમયમાં પણ એ સૌની અંતસમયની નિષ્ઠા તો ભગવાનમાં છે. તેથી બલરામ અને વસુદેવે ચિત્તને પરમાત્મામાં યોજીને સમાધિપૂર્વક કલેવરનો ત્યાગ કર્યો, રાણીઓએ યથાસમય પોતાની મરજીથી દેહ છોડ્યા.[૨૨] પાંડવોએ શોકના આઘાતને સહન કર્યો. ઉપરામ પામ્યા. **યોગયુક્ત** થઈને હર્ષોલ્લાસપૂર્વક રાજ્ય અને કર્મમાત્ર ત્યાગીને (સંન્યાસી થઈને?) મહાપ્રસ્થાન કર્યું.[૨૩] અને સ્વયં **યોગાચાર્ય** શ્રીકૃષ્ણ? તેઓ પણ મહાયોગનો આશ્રય કરીને પોઢી ગયા.

---

૨૧ કેશવચંદ્ર સેન બ્રાહ્મસમાજના એક આગેવાન અને મહાન ભક્ત. શ્રીરામકૃષ્ણ સાથે એમને ગાઢ આત્મીયતા બંધાયેલી. સ્વામી તોતાપુરી સમર્થ વેદાન્તી સંન્યાસી અને શ્રીરામકૃષ્ણના ગુરુ. ક્યાંય ત્રણ દિવસથી વધુ રોકાતા નહિ, પણ શ્રીરામકૃષ્ણને વેદાન્ત અને યોગની સાધના શીખવવા દક્ષિણેશ્વરમાં ૩૨૩ દિવસ રોકાયેલા. દરમિયાન તબિયત બગડતાં ઉપર્યુક્ત પ્રસંગ બનેલો.

૨૨. કેટલીક રાણીઓએ અગ્નિપ્રવેશ અને કેટલીકે જળપ્રવેશ કરી દેહ ત્યાગ્યાની માહિતી છે. સ્પષ્ટપણે યોગયુક્ત રીતે દેહ ત્યાગ્યા એવી વિગત પ્રાપ્ત નથી. પરન્તુ સમગ્ર સંદર્ભોનો અભ્યાસ કરતાં, આ રાણીઓએ કૃતકૃત્ય થયાની ભાવના સાથે દેહ ત્યાગ્યાની છાપ ચિત્ત ઉપર પડે છે. ક્યાંય ઉતાવળ, અધીરાઈ, અશાન્તિ, શોક-મોહનું સૂચન નથી.

૨૩. જુઓ (૧) ઉપર ૧૭-૧-૨૨નો સંદર્ભ.

(૨) પાંડવો અને યશસ્વિની દ્રૌપદી ઉપવાસ કરીને પૂર્વ દિશા તરફ મુખ કરીને ચાલ્યાં. એ બધા મહાત્માઓ **યોગયુક્ત** થઈને ત્યાગધર્મને વરેલા હતા. ૧૭-૧-૨૭, ૨૮

(૩) પશ્ચિમ દિશામાં સાગરમાં ડૂબેલી દ્વારકાને પાંડવોએ જોઈ. એ જોયા પછી **યોગધર્મી** પાંડવો ત્યાંથી પાછા વળીને ઉત્તર તરફ ચાલ્યા. ૧૭-૧-૪૨ થી ૪૪

(૪) પછી જિતેન્દ્રિય પાંડવો ઉત્તરમાં ગયા. ત્યાં એ **યોગયુક્ત પુરુષોએ** મહાગિરિ હિમાલયને દીઠો. ૧૭-૨-૧

છેલ્લી પળે પારધિએ પગનું તળિયું વીંધી નાખ્યું, તો શ્રીકૃષ્ણે એને પણ સાન્ત્વન આપીને પ્રયાણ કર્યું. (હત્યારાની ગોળીઓ છાતી ઉપર ઝીલતાં વેંત 'હે રામ!' બોલીને દેહમુક્ત થનાર ગાંધીજીની અનન્ય **યોગનિષ્ઠા** આપણા યુગનું ખૂબ જાણીતું અને ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. અનુસ્મરણ કરનારના હૈયે અને હોઠે સર્વ સમયે રામનામ જ હોય.)

વિશ્વના અણુએ અણુમાં વ્યાપી રહેલા, બ્રહ્મમય બની રહેલા પુરુષોત્તમ શ્રીકૃષ્ણે, ચરાચરગુરુ અન્તર્યામી શ્રીકૃષ્ણે આ રીતે મમતાને બદલે કરુણાળુ પ્રેમની, અહંકારને બદલે નમ્રતાની, ભયને બદલે વિક્રમશીલતાની, આસક્તિને બદલે પરમાત્મા પ્રત્યેના અનુરાગની તથા નિર્મળ દૃષ્ટિની સ્થાપના કરીને, અવતારલીલા સંકેલી લીધી. અને તે છતાં એમની દિવ્ય અવતારલીલા સર્વત્ર ચાલુ જ છે, આ તે યોગાચાર્યનું કેવું અદ્ભુત આશ્ચર્યકારી યોગબળ!

* * *

મહાયાત્રાએ નીકળેલા પાંડવો પૂર્વ દિશામાં પ્રવાસ કરતા કરતા લૌહિત્ય સાગર પાસે આવી પહોંચ્યા.[૨૪] પાંડવો જો કે બધુંય ત્યજીને નીકળેલા છતાં હજુ પણ અર્જુનની આસક્તિ દિવ્ય ગાંડીવ અને અક્ષય ભાથાઓમાં ભરાઈ રહી હતી. (કે જે ધનુષ્ય હવે દિવ્ય નહોતું રહ્યું અને ભાથાઓ અક્ષય પણ નહોતાં રહ્યા!) એટલે એ રત્નવસ્તુઓનો તેણે ત્યાગ કર્યો નહોતો. એવામાં સાક્ષાત્ અગ્નિદેવ ત્યાં આવ્યા. એમણે પાંડવોને પોતાની ઓળખ આપી: 'હું અગ્નિ છું. મેં જ અર્જુન તથા નારાયણ શ્રીકૃષ્ણના પ્રભાવથી ખાંડવવન બાળ્યું હતું. હવે અર્જુને આ ઉત્તમ આયુધ ગાંડીવનો ત્યાગ કરીને વનમાં ભ્રમણ કરવું જોઈએ. અત્યારે એની કંઈ જ આવશ્યકતા નથી. મહાત્મા શ્રીકૃષ્ણ પાસે જે ચક્રરત્ન હતું તે પણ ચાલ્યું ગયું છે. જ્યારે સમય આવશે ત્યારે તે પુનઃ તેમના હાથમાં આવી જશે. (જુઓ ૧૬-૪-૩) ગાંડીવને હું અર્જુન માટે વરુણ પાસેથી માગી લાવેલો માટે હવે તેને પુનઃ વરુણને પાછું સોંપી દેવું જોઈએ. એટલે બીજા પાંડવ ભાઈઓએ પણ અર્જુનને ધનુષ્ય ત્યજી દેવા જણાવ્યું. અર્જુને ગાંડીવ અને ભાથા જળમાં ત્યજી દીધા. પછી ત્યાંથી પાંડવો દક્ષિણ તરફ ચાલ્યા. (૧૭-૧-૩૧ થી ૪૧)....દક્ષિણથી લવણસમુદ્રના ઉત્તર કિનારે થઈને તેઓ દક્ષિણ-પશ્ચિમ (નૈર્ઋત્ય) તરફ ગયા, અને ત્યાંથી પશ્ચિમે. ત્યાં એમણે સાગરમાં ડૂબેલી દ્વારકા જોઈ. એ જોયા પછી યોગધર્મમાં સ્થિર થયેલા એ પાંડવો પાછા વળીને પૃથ્વીની પ્રદક્ષિણા પૂર્ણ કરવાની ઇચ્છાથી ઉત્તરે હિમાલયમાં ગયા. (૧૭-૧-૪૨ થી ૪૪; ૨-૧,૨)

---

૨૪. અત્યારની બ્રહ્મપુત્રા નદીનું નામ 'લૌહિત્ય' છે. આસામની નજીકનો આદિવાસીઓથી વસાયેલો, બ્રહ્મપુત્રા આસપાસનો પ્રદેશ અત્યારે પણ 'લોહિત' તરીકે ઓળખાય છે. કાલિદાસના 'કુમારસંભવ'ના આદિ શ્લોક પ્રમાણે હિમાલયની પશ્ચિમ સીમાએ 'લૌહિત્ય' અને પૂર્વ સીમાએ 'લવણ' છે. લૌહિત્ય એ સાગરનું નામ છે. માનસસરોવર આ સુકાઈ ગયેલા સાગરનો અવશેષ હોય એમ સંભવે. બ્રહ્મપુત્રાનું એ ઉદ્ભવસ્થાન છે. બ્રહ્મપુત્રાનું બીજું નામ 'લવણોદા' પણ છે. અત્યારે જેમ બ્રહ્મપુત્રા-ગંગાનો સંગમ થાય છે તેમ ત્યારે સંગમ થતો હતો કે તે સીધી જ સાગરને મળતી હતી તેની ચોક્કસ માહિતી મ.ભા.ની વાચનામાં પ્રાપ્ય નથી.

(જુઓ 'મહાપ્રસ્થાનિકપર્વ'ની પ્રસ્તાવના, પૃ. ૨૫ અને અધ્યાય ૧ ઉપરની સમીક્ષિત નોંધ ૨૧.)

[મહાપ્રસ્થાન દરમિયાન હિમાલયમાં યોગભ્રષ્ટ થઈને—પરમાત્માનું સમાધિપૂર્વક અનુસ્મરણ ચૂકીને—અનુક્રમે દ્રૌપદી, સહદેવ, નકુલ, અર્જુન અને ભીમસેન પતન પામ્યાં—મૃત્યુ પામ્યાં. કેવળ યુધિષ્ઠિર જ સદેહે સ્વર્ગમાં પહોંચ્યા, એવું કવિ વર્ણવે છે. યોગનિષ્ઠ થયા પછી પણ બીજરૂપે રહી ગયેલી તીવ્ર આસક્તિના સંસ્કારથી સાધક અંતકાળે જરીક વિચલિત થઈ જાય છે, અથવા વિચલિત થઈ શકે છે એ ભયસ્થાનનું આમાં રૂપક દ્વારા વર્ણન કરેલું છે. શ્રીકૃષ્ણનું સ્મરણ ચૂકી જવાય એટલે મૃત્યુના પાશમાં આવી જ ગયા એવું આમાં ધ્વનિત કરેલું છે.[૨૫] ધર્મરાજ યુધિષ્ઠિરનેય થોડુંક નરકદર્શન કરવું પડ્યું તે પણ આમાં સમાઈ જાય છે.

એ છતાં 'કલ્યાણમાર્ગે જનારની કદી પણ દુર્ગતિ થતી નથી અને તે યોગભ્રષ્ટ થાય તો પણ બીજા જન્મોમાં ખંતથી પ્રયત્ન કરીને પાપમુક્ત થઈને છેવટે પરમ ગતિને પામે જ છે,' એવું શ્રી ભગવાને વચન આપ્યું છે (ગીતા ૬-૪૦ થી ૪૭), તે મનુષ્યમાત્રને ધૈર્યપ્રદ છે.]

સ્વર્ગમાં ગયેલા યુધિષ્ઠિરે દેવનદી ગંગાના પવિત્ર જળમાં સ્નાન કરી માનુષી શરીર ત્યાગ્યું. પછી જ્યાં પોતાના ભાઈઓ, દ્રૌપદી વગેરે સ્નેહીજનો હતાં તે સ્થાને આવ્યા. ત્યાં એમણે બ્રાહ્મ શરીરથી સંપન્ન (ચિન્મય) ભગવાન ગોવિન્દ શ્રીકૃષ્ણને જોયા. (પૂર્વે પાઞ્ચભૌતિક શરીરધારી શ્રીકૃષ્ણમાં એમનું બ્રાહ્મવર્ચસ્ અનુભવેલું—જોયેલું હતું, તે કારણે) અગાઉ જોયેલા સાદૃશ્યથી એમને ઓળખી લીધા. એમનું શ્રીવિગ્રહ તેજથી ઝગમગતું હતું. ચક્ર વગેરે ઘોર અને દિવ્ય અસ્ત્રો પુરુષરૂપ ધારણ કરીને એમની સેવામાં ઉપસ્થિત હતાં. અત્યંત તેજસ્વી વીર અર્જુન એમની

---

૨૫ જુઓ:

तेषां तु गच्छतां शीघ्रं सर्वेषां योगधर्मिणाम् ।
याज्ञसेनी भ्रष्टयोगा निपपात महीतले ॥ १७-२-३

भ्रष्टयोगा ध्यानात् स्खलितमानसाः ॥ पं. नीलकंठ

વળી દ્રષ્ટવ્ય :

યુધિષ્ઠિર : હિમાદ્રિ હે! ભવ્ય તારાં શિખરોથી ભવ્યતર,
ઉચ્ચતર, શુભ્રતર ચારિત્ર્યલક્ષ્મી વડે જે,
ક્યાં છે તે સૌ પુરુષોમાં પુરુષોત્તમ, પ્રબુદ્ધ?
ક્યાં છે તે મહામનીષી? ક્યાં છે કૃષ્ણ?
કૃષ્ણ? કૃષ્ણ?

અન્ય સૌ : .
પડઘા : કૃષ્ણ!!
યુધિષ્ઠિર : કેવા કૃષ્ણ હવે?
અર્જુન : કૃષ્ણ હવે અન્તર્યામી...
**કૃષ્ણ-લૂખું જીવન જે એ મૃત્યુ.**
('મહાપ્રસ્થાન', પૃ. ૧૧)

ઉપાસના કરી રહ્યા હતા.[૨૬] [ ૧૮-૩-૩૯ થી ૪૧; ૪-૧ થી ૩; યુધિષ્ઠિરે મધુસૂદનના આવા ( ચિન્મય ) સ્વરૂપનું દર્શન કર્યું. ત્યારે દેવોથી પૂજાતા આ બન્ને પુરુષોત્તમોએ યુધિષ્ઠિરને આવેલા જોઈને એમનું યથાયોગ્ય સન્માન કર્યું. 'સ્વર્ગારોહણપર્વ' ક્ષેપક ૧૫. ]

ભારતવર્ષની યુગોની સાધનાના પૂર્ણ ફલસ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ્યા. એ સાધનાનો સાર, કામ-કાંચન-અસહિષ્ણુતાનો સંપૂર્ણ ત્યાગ અર્થાત્ અનાસક્તિ; અસત્‌માં, સારહીનમાં વૈરાગ્ય; પરમાત્મા પ્રત્યે અનન્ય અનુરાગ, સંપૂર્ણ પ્રપત્તિ, શુદ્ધ અહૈતુકી ભક્તિ; આ અનુરાગને સ્થિર રાખવા માટે તીવ્ર અભ્યાસયોગ અને શુદ્ધ કર્મયોગવિજ્ઞાન.

પરમર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસે, નિર્મળ હૃદયમાં વિરાજતા ભક્તિપૂત વિવેકજ્ઞાને, ભારતવર્ષની મૂર્તિમંત સરસ્વતીએ એ સાધનાને શબ્દદેહમાં બરાબર ગૂંથીને જગત્કલ્યાણ અર્થે, મહાભારતના રૂપે મનુષ્યજાતિને અર્પણ કરી. આજે પણ એ સાધના ધ્રુવ જ્યોતિ બનીને

---

૨૬ ददर्श तत्र गोविन्दं ब्राह्मेण वपुषान्वितम् ।
तेनैव दृष्टपूर्वेण सादृश्येनोपसूचितम् ॥ १८-४-२

दीप्यमानं स्ववपुषा दिव्यैरस्त्रैरुपस्थितम् ।
चक्रप्रभृतिभिर्घोरैर्दिव्यैः पुरुषविग्रहैः ।
उपास्यमानं वीरेण फल्गुनेन सुवर्चसा ॥ १८-४-३

૧૮-૪-૩ સાથે જુઓ,

शङ्खभृन्नन्दकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।
रथाङ्गपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥ १३-१३५-१२०

( = 'વિષ્ણુસહસ્રનામ' ૧૨૦ )

( ભગવાન વિષ્ણુ ) **ભૂતાદિ ( તામસ ) અહંકારરૂપ** પાંચજન્ય નામનો શંખ ધારણ કરવાથી **શંખભૃત;** એમની પાસે **વિદ્યામય** નન્દક નામનું ખડ્ગ છે તેથી **નન્દકી; મનસ્તત્ત્વાત્મક** સુદર્શન ચક્ર એમની પાસે છે અથવા એમની આજ્ઞાથી સંસારચક્ર ચાલી રહ્યું છે તેથી **ચક્રી;** એમનું **ઇન્દ્રિયાદિ ( રાજસ ) અહંકારરૂપ** શાર્ઙ્ગ ધનુષ્ય છે તેથી **શાર્ઙ્ગધન્વા; બુદ્ધિતત્ત્વાત્મિકા** કૌમોદકી નામની ગદા ધારણ કરે છે તેથી **ગદાધર;** એમના હાથમાં રથાંગ અર્થાત્ ચક્ર છે. તેથી **રથાંગપાણિ; આવાં આવાં શસ્ત્રોથી સજ્જ હોઇ એમને ક્ષોભિત કરી શકાતા નથી માટે અક્ષોભ્ય; ભગવાન પાસે કેવળ આટલાંજ આયુધ હોય એવો નિયમ નથી, પણ પ્રહાર કરનારી સર્વ વસ્તુ એમનાં આયુધ છે તેથી સર્વપ્રહરણાયુધ;** આંગળિયો વગેરે જે આયુધરૂપે પ્રસિદ્ધ નથી તે પણ ( જેમ કે નૃસિંહાવતારમાં ) એમનાં આયુધ બને છે. વળી અંતમાં **સર્વપ્રહરણાયુધ** વચનથી સત્ય-સંકલ્પ વડે એમનું સર્વેશ્વરપણું દેખાડયું છે, જેમ કે શ્રુતિમાં एष सर्वेश्वरः। આ સર્વેશ્વર છે ( માણ્ડૂક્ય ઉ. ૬) એમ કહ્યું છે.

( 'વિષ્ણુસહસ્રનામ'નું શાંકરભાષ્ય )

જુઓ 'વિષ્ણુપુરાણ' ૧-૨૨-૬૭ થી ૭૯માં ભગવાનનાં અસ્ત્રો અને આભૂષણોનું વર્ણન છે તે, એ મુજબ ભગવાન પ્રાણીઓનાં કલ્યાણ માટે પુરુષ, પ્રધાન, બુદ્ધિ, અહંકાર, પંચભૂત, મન, ઈન્દ્રિયો, વિદ્યા અને અવિદ્યા એ સર્વને અસ્ત્રો તથા આભૂષણો રૂપે ધારણ કરે છે.

વૈરાગ્યશીલ પણ પરમાત્મામાં અનુરાગયુક્ત મનુષ્યના ચિત્તમાં પ્રકાશ પાથરે છે, એને નિર્મળ બનાવે છે; અને એ નિર્મળ ચિત્તમાં, જેને વાણી, મન, અને ઇન્દ્રિયોથી જાણી શકાય નહિ એવા કહ્યા છે તે યોગેશ્વર પરમાત્મા શ્રીકૃષ્ણનાં સ્વચ્છ દર્પણમાં પડતા પ્રતિબિમ્બની જેમ દર્શન કરીને ભક્ત-જ્ઞાની પ્રસન્ન થાય છે. સર્વ ખળભળાટ શમી જઈને એ પ્રશાન્ત થાય છે, તદ્રૂપ બને છે: અને પરમાત્માનો આદેશ મળતાં પરમાત્માની, ભક્તિપૂર્વક વિશ્વસમસ્તની શિવજ્ઞાને સેવા કરતાં વિચરણ કરે છે.

× × ×

इति विद्यातपोयोनिरयोनिर्विष्णुरीडितः ।
वाग्यज्ञेनार्चितो देवः प्रीयतां मे जनार्दनः ॥

આ રીતે મેં વિદ્યા અને તપના ઉદ્ભવસ્થાન અજન્મા ભગવાન શ્રીવિષ્ણુનું સ્તવન કરીને તેમનું વાગ્યજ્ઞથી અર્ચન કર્યું છે, તો જનાર્દન ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ.

# જૂનાગઢ મ્યૂઝિયમની સૂર્યપ્રતિમાઓ

પુષ્પકાંત વિ. ધોળકિયા

સૂર્ય વૈદિક દેવ છે. ઋગવેદમાં તેની સ્તુતિ માટે દસ સૂક્તો સંગ્રહાયાં છે, તેમાં તેને જગતનો સર્જક, રક્ષક, આત્મા, પાપપુણ્યનો દ્રષ્ટા, સોનેરી આંખવાળો, સોનાની જીભવાળો વર્ણવવામાં આવેલ છે. પુરાણોમાં તો સૂર્ય માટે અનેક આખ્યાયિકાઓ આપી છે. તે અદિતિનો પુત્ર હોવાથી આદિત્ય નામ ચરિતાર્થ થયું છે. સૂર્યને એક, બે, ત્રણ, કે ચાર પત્નીઓ હોવાનું જણાવી તેનાં નામ સંજ્ઞા, રાસી, પ્રભા, દ્યૌ અને છાયા, રન્નાદેવી અગર રાંદલ જણાવવામાં આવેલ છે. સૂર્યના સ્વરૂપમાં બ્રહ્માદિ ત્રણે દેવોની એક રૂપતા હોવાનું જણાવી, ઉદય વખતે બ્રહ્મા, મધ્યાહ્ને મહેશ્વર, અને અસ્તકાળે વિષ્ણુ સ્વરૂપ હોવાનું 'આદિત્ય-હૃદય-સ્તોત્ર'માં સૂચવ્યું છે. આ રીતે પૌરાણિક કાળમાં સૂર્ય ઉપાસના થતી હતી તેની પ્રતીતિ આ પરથી થાય છે. આ પછીના સમયમાં પણ સૌરપંથનો પ્રચાર હતો તે ગ્રંથોમાં થયેલ ઉલ્લેખો અને શિલ્પસ્થાપત્ય પરથી જાણી શકાય છે.

સૌરાષ્ટ્રમાં પણ સૂર્યપૂજા થતી હતી તેની પ્રતીતિ પણ આ વિસ્તારમાં આવેલ મંદિરો પરથી આવે છે. પ્રભાસ એ શૈવ, વૈષ્ણવ ઉપરાંત "ભાસ્કર ક્ષેત્ર" પણ હતું તેમ સ્કંદપુરાણકારે કહ્યું છે.[1] આ કથનને સમર્થન આપે તેવાં લગભગ બારેક સૂર્યસ્થાનોનો ઉલ્લેખ પ્રભાસ અને તેનાં સમીપવર્તી સ્થળોમાં સ્કંદપુરાણ-અંતર્ગત પ્રભાસખંડકાર આપે છે. સૂત્રાપાડા, ભીમદેવળ (પ્રાંચી પાસે) પોરબંદર વિસ્તારમાં આવેલ સૂર્યમંદિરો, અને વંથળી, માંગરોળ વગેરે સ્થળેથી પ્રાપ્ત થયેલ અવશેષો પરથી જણાય છે કે, પ્રાચીન સમયથી ચાલુ થયેલ સૂર્યપૂજા આ વિસ્તારમાં તે પછી પણ ચાલુ રહેલી છે.

આ લેખનો ઉદ્દેશ જૂનાગઢ મ્યૂઝિયમમાં સંગ્રહાયેલ સૂર્યપ્રતિમાઓનો પરિચય કરાવવાનો હોઈ હવે તે તરફ લક્ષ્ય કેન્દ્રિત કરીએ :

**ચિત્ર ૧ :** નિમીલિત ચક્ષુયુક્ત તેના પૂર્ણચંદ્ર સમા મધુર મુખ પર પ્રસન્નતાની આભા રેલાઈ રહી છે. નિરાડમ્બરી છતાં ગૌરવશીલ પરિવાર દેવતાઓ વિહીન આ આદિત્યપ્રતિમાના શીર્ષ પર, મણિપદકયુક્ત અતિ પ્રાચીન શૈલીનો અષ્ટકોણ મુકુટ શોભી રહ્યો છે. કંઠમાં બે સરની મુક્તમાળા, ઉત્તરીય વસ્ત્રની વચ્ચે ગ્રંથિ કરી અતિ મોહક રીતે ગોઠવેલ છે. પારદર્શક ધોતી સહજ રીતે ત્વચા સાથે ચોંટી ગઈ છે. પગમાં અણીદાર હોલબૂટ ધારણ કરેલ છે. સારાયે અંગ ઉપર, દિવ્ય મૃદુતા છવાયેલી છે. દ્વિભુજ ખંડિત થયા હોવા છતાં પ્રતિમાના અતુલ સૌંદર્યને કોઈ ક્ષતિ પહોંચતી નથી. (ચિત્ર ૧. જુઓ આ અંકના કવરપેજ બીજા ઉપરનું ચિત્ર).

---

१ प्रभासखण्ड, अ, २८, श्लोक ११.

આ પ્રતિમા (માપ લંબાઈ ૯૦ સે.મી., પહોળાઈ ૪૧ સે.મી., જાડાઈ ૧૬ સે.મી. જૂનાગઢ, એક્ઝી. ૨, નં. ૧૬૫૦) ભીમદેવળ (પ્રાંચી પાસે આવેલ) સૂર્યમંદિર-ધર્માદિત્યના ગૂઢ મંડપના દ્વારના સૂર્યપાર્ષદો વર્તમાનમાં પ્રભાસ-પાટણ મ્યૂઝિયમમાં આ લેખના લેખક દ્વારા રક્ષાયેલ છે, તેમાં વસ્ત્રભૂષાની આવી જ શૈલી જોવામાં આવે છે, તેથી આ આદિત્યપ્રતિમાનું નવમી શતાબ્દીનું સમયાંકન કરવામાં વાંધો નથી.

જૂનાગઢ મ્યૂઝિયમમાં આ પ્રતિમા પ્રભાસ-પાટણથી લાવવામાં આવેલ છે. શ્રી એમ. એ. ઢાંકી અને શ્રી હરિશંકર પ્ર. શાસ્ત્રી આ પ્રતિમા પ્રભાસના કોઈ સૂર્યમંદિરની હોવાનું જણાવે છે.[૨] પરંતુ આ પ્રતિમાનાં ભાસ્કર્ય, વસ્ત્રશૈલી અને કળા, અને ભીમદેવળના ઉપર કહેલા સૂર્ય-પાર્ષદોની કળા અને શૈલી વચ્ચે ઘણું સામ્ય છે. તે પરથી આ મૂર્તિ ધર્માદિત્યની પૂજ્ય પ્રતિમા હોવાનું માનવા કારણ રહે છે. પ્રથમ તે ધર્માદિત્યમાં પ્રસ્થાપિત થયેલ હોય અને પાછળથી દેવાલય ખંડિત કે ઉજ્જડ થતાં નજીકનાં બીજા મંદિરમાં પ્રભાસ લાવવામાં આવી હોય તેવું પણ બન્યું હોય. એક મંદિર ખંડિત થતાં તેની પ્રતિમા બીજા દેવાલયમાં પૂજાઅર્ચન પામ્યાનાં ઉદાહરણ પ્રાપ્ત છે. ગુજરાતના મૂર્તિવિધાનમાં આ સમયની ઉત્તમ પ્રતિમાઓની હરોળમાં સ્થાન પામે તેવી આ મૂર્તિ છે.

**ચિત્ર ૨ :** સામાન્ય રીતે સમભંગમાં, અશ્વારૂઢ, પરિકરયુક્ત પરિવાર દેવતાઓ સાથે, સૂર્યના સ્વરૂપની પ્રતિમા પ્રાપ્ત થાય છે. પરંતુ અહીં જે પ્રતિમાનો પરિચય કરાવવામાં આવે છે તે ગુજરાતની અમૂલ્ય ભાગ્યે જ પ્રાપ્ત થતી દિવાકરની પ્રતિમા છે. તે ગુજરાતના મૂર્તિવિધાનનું અમોલ ઘરેણું છે. સપ્તાશ્વ રથ પર, પદ્માસનમાં, ધ્યાનમુદ્રામાં બિરાજમાન આ સૂર્યને ત્રિમુખ અને ચાર હસ્ત છે. આગળના ભાગમાં અરુણ સારથિ રથનું નિયંત્રણ કરે છે. હસ્ત ખંડિત થયેલ હોઈ તેનાં આયુધો વિષે જાણી શકાતું નથી. જમણી બાજુનો નિમ્ન હસ્ત પદ્માસન પર સ્થિત છે, મુદ્રા પરથી તેમાં બીજોરું ફળ હશે તેમ લાગે છે. મુખ પાછળ પ્રભાવલય છે. કંઠમાં ત્રણસેરી માળા અને ધારણ કરેલ ઉપવસ્ત્ર હવામાં ઊડી રહ્યું છે, ઉદરબંધ ધારણ કરેલા છે. પ્રતિમા ખંડિત થયેલ હોવાં છતાં તેનું સૌંદર્ય ઓછું થયું નથી. (ચિત્ર નં. ૨ જુઓ આ અંકના કવરપેજ બીજા ઉપરનું ચિત્ર.)

રેતિયા પથ્થરની આ પ્રતિમાનું માપ લંબાઈ ૪૩ સે. મી, પહોળાઈ ૩૦ સે. મી. અને જાડાઈ ૮.૫ સે. મી. છે. પ્રભાસ-પાટણના અર્કસ્થળ ત્રિવેણી કાંઠેથી પ્રાપ્ત થયેલ આ પ્રતિમા ૧૧મી શતાબ્દીની છે. (નં. ૧૬૫૧). કેટલીક વાર ત્રિમુખ ત્રણ દિશામાં દર્શાવી, ચતુર્મુખની કલ્પના કરી લેવાની હોય છે. ચતુર્મુખી સૂર્યનો ઉલ્લેખ મળે છે પરંતુ અહીં સપ્ત અશ્વ, આગળ સારથિ અરુણ દર્શાવેલ છે અને જમણી બાજુના નિમ્ન હસ્તમાં બીજોરું ફળ હોવાનું સ્પષ્ટ જણાય છે. તે પાછળથી ખંડિત થયેલ છે. આ પ્રતિમા ત્રિમુખ સૂર્યની હોવાનું જણાય છે.

કમળધારી દ્વિભુજ સૂર્ય અર્ધ છે. તેની ભવ્યતા પરથી તે કોઈ મંદિરની પૂજ્ય પ્રતિમા હશે તેમ લાગે છે. મસ્તક પર મુકુટ, કર્ણમાં કુંડળ, અર્ધમિલિત નયનો અને ઉદરબંધ ધારણ કરેલ છે. પ્રતિમાનો કટિથી નીચેનો તથા પરિકરનો ઉપરનો ભાગ ખંડિત થયો છે.

---

૨ પ્રભાસ પાટણનાં પ્રાચીન સૂર્ય-મંદિરો, ફા.ગુ.સ. ત્રૈમાસિક, જાન્યુ. માર્ચ, ૧૯૬૩.

પ્રાપ્ત સ્થાન અજ્ઞાત છે તેવી આ રેતિયા પથ્થરની પ્રતિમા પ્રાયઃ ૧૨મી શતાબ્દીની છે.

**ચિત્ર ૩ :** જેનું પ્રાપ્તિ સ્થાન જાણી નથી શકાયું તેવી આ રેતિયા પથ્થરની ૨૫×૧૪×૯ સે.મી.ના માપની જટામુકુટધારી લઘુ સૂર્યાણી દ્વિભુજ છે. વામ હસ્તમાં કમળ છે અને દક્ષિણ હસ્તમાં બીજોરું ફળ છે. કંઠમાં એકસરી માળા છે અને કર્ણમાં કુંડળ શોભી રહ્યાં છે. પગ પાસે બે ગણ (અશ્વિનીકુમાર?) સ્થિત છે. આ સૂર્યાણીને ૧૪મી શતાબ્દીમાં મૂકી શકાય. (નં ૧૬૫૫). (જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનું ચિત્ર)

**ચિત્ર ૪ :** આ રેતિયા પથ્થરનો ખંડિત સૂર્ય-પરિકર છે. પરિકરમાં બન્ને બાજુ ત્રણ ત્રણ સમભંગમાં સ્થિત દ્વિભુજમાં કમળ ધારણ કરેલ આદિત્યો છે. તેની ઉપર બન્ને બાજુ બે અને મધ્યમાં એક એમ પાંચ ગોખમાં રવિ ઉત્કરાસનમાં બિરાજમાન છે. તેની આજુબાજુ કમળ પાંખડીની ભાત કંડારાયેલી છે. પરિકરની બહારની બાજુએ બન્ને તરફ વ્યાલ આકૃતિ અને મકરમુખ પણ આવેલાં છે.

સૂર્યના મસ્તકની પાર્શ્વમાં સૂર્યમુખીનાં ખીલેલાં ફૂલ જેવું પ્રભામંડળ કોતરાયેલ છે. તેની ઉપર બે માલાધર છે. કટિની એક બાજુ અંધકારનો નાશ કરતા હોવાનું પ્રતીક બાણ તાકતી તથા બીજી બાજુ આયુધ ધારણ કરી ગતિશીલ અસ્પષ્ટ આકૃતિ દર્શાવેલી છે. આ આદિત્ય ચતુર્ભુજ હશે, પણ તેના બે ખંડિત હસ્ત દેખાય છે. પગ પાસે બન્ને તરફ દંડ તથા પિંગળ અને બે પત્નીઓ ઉષા અને પ્રત્યુલા અથવા સંજ્ઞા અને રાસી સેવામાં ઉપસ્થિત છે. નીચે બેસણીમાં અશ્વમુખ કંડારાયેલ છે.

પાણીમાં રહેલ હશે એવી અતિ ખંડિત થયેલ આ પ્રતિમા પ્રાયઃ ૧૪મી શતાબ્દીની છે; તેનું માપ લંબાઈ ૧૨૬, પહોળાઈ ૭૩ અને જાડાઈ ૨૪ સે.મી. છે. (નં. ૧૬૫૨). (ચિત્ર ૪, જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનું ચિત્ર).

**ચિત્ર ૫:** શ્વેત આરસનો આ દિનકર કોઈ પરિકરનો ખંડ હોવાનું જણાય છે, તેની લંબાઈ ૩૪, પહોળાઈ ૧૯, જાડાઈ ૧૧ સે.મી. છે. ગોખમાં રહેલ દિનકરે દ્વિભુજમાં કમળ, પગમાં હોલબૂટ ધારણ કરેલ છે. એનો સમય પ્રાયઃ ૧૪મી સદી હોઈ શકે (નં. ૧૬૫૪).

ઉક્ત કથિત ક્રમ ૧૬૫૨ તથા ૧૬૫૪નાં પ્રાપ્તિસ્થાન વિષે જે તે વખતે નોંધ થયેલ ન હોઈ જાણી શકાયેલ નથી.

જૂનાગઢથી ૧૫ કી.મી. દૂર આવેલ પ્રાચીન વામનસ્થલી અને વર્તમાન વંથલીમાંથી પ્રાપ્ત થયેલ શ્વેત આરસના પથ્થર જેવું આ સૂર્ય પરિકર ત્રણ ખંડમાં વહેંચાયેલ છે. ફૂલવેલની ભાતથી સુશોભિત થયેલ આ પરિકરમાં ઉપરના ભાગમાં, મધ્ય ગોખમાં આદિત્ય ઉત્કરાસનમાં બેઠેલ છે. સપ્ત અશ્વ દ્વારા રથ ખેંચાઈ રહ્યો છે. આ સૂર્યને ૭ હસ્ત છે. તેમાં (૧) વરદમુદ્રા, (૨) (૫) તથા (૬) કમળ, (૩) અસ્પષ્ટ, (૪) બીજોરું, ધારણ કરેલાં છે. તેની બન્ને બાજુ ગોખની બહાર ઉષા અને પ્રત્યુલા અંધકાર-ભેદન કરતી હોય તેમ બાણ ફેંકવાની મુદ્રામાં છે. તેની બાજુના ગોખમાં સૂર્ય સમભંગ સ્થિત છે. તેના પગ પાસે બન્ને તરફ ગણ

ઉપસ્થિત છે. ઘંટિકાના શિલ્પી નીચેના ગોખમાં પણ સૂર્ય આવેલ છે. તેની બાજુમાં બહાર બન્ને તરફ દેવાંગનાઓ અને મકરમુખ કોતરાયેલાં છે.

મધ્યભાગની નીચેના બન્ને ભાગમાં વ્યાલ-આકૃતિ આવેલી છે. બન્ને બાજુ માલાધારિણી અને ચન્દ્રશાલાની ભાતવાળા ગોખમાં બે બે સૂર્ય આવેલા છે; અને નીચેના સૂર્યની ઉપરની ભાત, બંધ કમળ અને તેની અંદર કળી આવેલ એવા આકારની છે. આ ગોખની બહાર બે દેવાંગનાઓ પ્રાર્થના મુદ્રામાં છે.

આ પરિકરમાં કુલ ૧૨ સૂર્ય આવેલા છે. પરિકરની મધ્યમાં રહેલ સૂર્યને છ હસ્ત છે. 'અંશુમદ્દભેદાગમ'માં દ્વાદશ આદિત્ય હોવાનું અને દરેકની સંક્ષિપ્ત નોંધ લેવાયેલ છે.[3]

પ્રાયઃ ૧૫મી શતાબ્દીના આ પરિકરની વિશિષ્ટતા તે સાભિલેખ છે. લેખ કંડારવા માટે જગ્યાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હશે તેથી જ્યાં જગ્યા મળી ત્યાં તે પટ્ટીઓ ઉપર કોતરેલો છે. લેખ આ પ્રમાણે છે:

कपोलभ्रां. वीरम भार्या नामल देवि सुत भां. वरसिंह भार्या भादल भा. पद्मसिंह भार्या रत्न. देव श्री टटार वैद्य प्र( भ ) ( प्रा १ )साद मंडप परगर कारापिता.

कपोल ( वीर )म भार्या नामल देवि सुत नरसींह भार्या भादल भां नरसींह भार्या रत्न, सुत वेगडं धरमश कपोल ज्ञातिऊल ॥

પરિકરના રૂપકામ અને લેખની ભાષા પરથી આ અવશેષ પ્રાયઃ ૧૪મી શતાબ્દીનો હોવાનું શ્રી હરિશંકર પ્ર. શાસ્ત્રી[4] જણાવે છે (નં. ૧૬૫૬). (ચિત્ર ૫, જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર.)

**ચિત્ર ૬ :** આ શ્વેત આરસના દ્વિભુજથી દાંડીવાળાં કમળ ધારણ કરેલ સૂર્ય સમભંગમાં સ્થિત છે, તેને ફરતું પરિકર છે, તેમાં બે કમળધારી સૂર્ય ઉત્કરાસનમાં છે. ઉપરના ભાગમાં મસ્તક પાસે બન્ને બાજુ ઉત્કરાસનમાં એક હસ્ત ઊર્ધ્વ કરીને અશ્વિનીકુમાર બિરાજેલ છે.

મધ્યમાં રહેલ સૂર્યના મસ્તક પર મુકુટ, કર્ણમાં કુંડળ, ગળામાં ત્રણ સેરની માળા અને વનમાલા ધારણ કરેલ છે. ઉદરબંધ, અન્ય અલંકારો, પારદર્શક ધોતી અને પગમાં દીર્ઘ પગરખાં શોભી રહ્યાં છે. ચરણની બન્ને તરફ ઉષા અને પ્રત્યુષા તથા દંડ અને પિંગળ ઉપસ્થિત છે. બેસણીમાં સપ્ત અશ્વમુખ કંડારાયેલ છે એવી આ પ્રતિમા તેના રૂપકૌશલ્ય પરથી પ્રાયઃ ૧૪મી શતાબ્દીની હોવાનું જણાય છે.

૮૪ સે.મી. લંબાઈ, ૫૨ સે.મી. પહોળાઈ અને ૨૨ સે.મી. જાડાઈની આ પ્રતિમા અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર ગામમાં ખોદકામ ચાલતું હતું તે દરમ્યાન મળેલી

---

૩. કનૈયાલાલ ભા. દવે: ગુજરાતનું મૂર્તિવિધાન– અમદાવાદ, ૧૯૬૩, પૃષ્ઠ ૩૯૭.

૪. શ્રી હરિશંકર પ્ર. શાસ્ત્રી: જૂનાગઢ મ્યૂઝિયમના કેટલાક અપ્રસિદ્ધ શિલાલેખો, સ્વાધ્યાય, પુ. ૧, અંક ૪, પૃષ્ઠ-૪૩૧.

છે (નં. ૧૯૨૨). આજે દામનગરમાં સૂર્ય મંદિર હોવાનું જણાયું નથી. (જુઓ આ અંકના પાછલા પૂંઠા ઉપરનું ચિત્ર).

પ્રાયઃ ૯મી શતાબ્દીથી ૧૪મી સદીની આ પ્રતિમાઓમાં કેટલીકનું સ્થાન અજ્ઞાત છે, પરંતુ વર્તમાન જૂનાગઢ જિલ્લામાં વિવિધ સ્થળોએ સૂર્યમંદિરો આવેલાં છે. પ્રાચીન સમયમાં પણ ત્યાં આવેલાં હતાં. તેથી તે પણ આ જિલ્લામાંથી જ પ્રાપ્ત થઈ હોય તેમ માનવાને કારણ રહે છે. આ પરથી પ્રતીત થાય છે કે આ વિસ્તારમાં સૂર્યપૂજાનો પ્રચાર અને પ્રસાર સારા પ્રમાણમાં હતો તે પ્રાયઃ ૧૫મી શતાબ્દીથી ઘટતો ગયો છે.[૫]

---

૫. ગુજરાત ઇતિહાસ પરિષદના ૭મા અધિવેશનમાં ભુજ(કચ્છ)માં રજૂ કરેલ નિબંધ.

ચિત્રો—નિયામકશ્રી, સંગ્રહાલયખાતું, ગુજરાત રાજ્યના સૌજન્યથી.

# યાજુષજ્યોતિષભાષ્યકાર સોમાકરનાં સમય અને સ્થળ

હિમ્મતરામ મહાશંકર જાની

યાજુષ જ્યૌતિષના ભાષ્યકાર સોમાકર માટે જ્યોતિઃશાસ્ત્રના ઇતિહાસકાર કે. શં. બા. દીક્ષિત લખે છે કે :—ટીકાકાર સોમાકરના જન્મસમય માટે કોઈ સાધન મળતું નથી, કારણ બીજા ગ્રંથોમાં તેમજ ટીકાઓમાં તેના નામનો ઉલ્લેખ મળતો નથી. આ સોમાકરની વિસ્તૃત અને સંક્ષિપ્ત એમ બે ટીકાઓ છે. વિસ્તૃત ટીકાના આરંભમાં તેનું નામ તથા છેવટમાં "શેષકૃત વેદાંગ જ્યોતિષ સમાપ્ત" એમ લખેલું છે. બીજી ટીકા પ્રથમ ટીકાનું જ સંક્ષિપ્ત રૂપ છે. તેમાં સોમાકરનું નામ અથવા શેષકૃત ઇત્યાદિ શબ્દો નથી. સોમાકરની ટીકા કેવળ નામમાત્ર ટીકા છે. જે શ્લોકો સરળ છે અને જેમનો ગણિત સાથે કોઈ જ સંબંધ નથી, તેમને છોડીને બાકીના શ્લોકોના અર્થ સોમાકરને સમજાયા નથા.[१]

મ. મ. પં. સુધાકર દ્વિવેદી પોતે સંપાદન કરેલા જ્યૌતિષ-વેદાંગ, સોમાકર-સુધાકર ભાષ્ય સહિત નામના પુસ્તકની ભૂમિકામાં લખે છે કે :—

સોમાકર શેષકુલમાં ઉત્પન્ન થએલો કાશીનિવાસી દાક્ષિણાત્ય બ્રાહ્મણ હતો. તે જ્યોતિષશાસ્ત્રના ગહન વિષયોથી અજાણ હતો એમ તેના લેખ ઉપરથી અનુમાન થાય છે. એનો જન્મસમય હજી સુધી જણાયો નથી.[२]

બીજા લેખકોએ ઉપરોક્ત અભિપ્રાયોનો જ પોતાના લેખોમાં સંગ્રહ કર્યો છે.[३] આમ ઉપરોક્ત બંને વિદ્વાનો તથા બીજા પણ કોઈ સોમાકરના સ્થળ અને સમય સંબંધી પ્રકાશ પાડી શક્યા નથી. આથી આ વિષયમાં અમોને પ્રાપ્ત થએલો ઇતિહાસ જે નીચે મુજબ છે, તે સંશોધકોના આનંદની ખાતર રજુ કરીએ છીએ.

અત્યાર સુધીમાં પ્રાપ્ત થએલી હસ્તપ્રતોમાં કે. દીક્ષિતે જોએલી પ્રતોનો કોઈ ઉલ્લેખ તેમણે કર્યો નથી, એટલે તે પ્રતોનો લિપિકાળ કયો હશે તે જાણી શકાય તેમ નથી. મ. મ. પં. સુધાકર દ્વિવેદી પોતાને પ્રાપ્ત થએલી હસ્તપ્રતોનો ઉલ્લેખ કરે છે. તેમને પ્રાપ્ત થએલી હસ્તપ્રતોમાં લિપિકાળ ૧૮૯૫, ૧૮૨૭, ૧૯૧૭ એમ સંવતથી જણાવેલો છે. એકાદ પ્રત પ્રાચીન છે, તેમ

---

१ भारतीय ज्योतिष (हिन्दी), પ્રકાશન બ્યૂરો, ઉ. પ્ર. સરકાર પ્રકાશન, સને ૧૯૫૭, પૃ. ૬૪-૬૫

२ याजुषज्यौतिषम् (સંસ્કૃત) ભૂમિકા, પ્રભાકરી કંપની, બનારસ પ્રકાશન, સને ૧૯૦૮

३ ડૉ. ગોરખપ્રસાદ, भारतीय ज्योतिष का इतिहास, પ્રકાશન બ્યૂરો, ઉ. પ્ર. સરકાર, સને ૧૯૫૬, પૃ. ૧૮

તેમણે લખ્યું છે. તેમાં શકે...નંદનવત્સરાન્તર્ગત વૈશાખસિત દશમ્યાં શેષ નીલકંઠેન લિખિતં એમ છેવટે પંક્તિ છે, પણ તેથી કાલનું નિરૂપણ થઈ શકતું નથી.

અમને પ્રાપ્ત થયેલી હસ્તપ્રતોમાં સોમાકરભાષ્યની એક પ્રતમાં[૪] લેખનકાળ માટે "સંવત્ ૧૬૫૨ વર્ષે કાર્તિક વદિ ૧૩ ગુરૌ શ્રી મહીસંગમતીર્થે લિખિતમ્" એવો ઉલ્લેખ છે. અત્યાર સુધીમાં પ્રાપ્ત થએલી હસ્તપ્રતોમાં આ સૌથી જુની છે. અને તેનો લેખનકાળ ઈ.સ. ૧૫૯૬ હોવાથી ભાષ્યકાર તેનાથી ઓછામાં ઓછા સો વર્ષ પહેલાંનો માનીએ તો સોમાકરનો સમય ૧૪૯૬ એટલે પંદરમી સદીનો છેલ્લો ભાગ આવે છે. આમ છતાં કદાચ તેથી પણ જુનો હોય તો તે પણ સંભવિત છે. મહીસંગમતીર્થમાં એટલે સ્તંભતીર્થ-ખંભાત(ગુજરાત)માં પ્રત લખાઈ છે. ભાષ્યકારની અટક શેષ એવી છે, તેવી અટક ગુજરાતમાં નથી હોતી તેથી તેમજ તેની ભાષા જોતાં તે સુદૂર દક્ષિણ પ્રદેશનો હોય તેમ સહજ દેખાઈ આવતું હોવાથી તે ગુજરાતી નથી એમ નક્કી હોવાથી સદરહુ પ્રત લખાઈ તે પહેલાં ભાષ્યની રચના અને પ્રસિદ્ધિ થઈ ગયાં હોવાં જોઈએ, જેથી તે ગુજરાતી વિદ્વાનોની જાણમાં આવી ગઈ હોય અને તેની આ પ્રત લખાઈ હોય. આવું બનવામાં ઓછામાં ઓછાં સો વર્ષનો ગાળો માનીએ તો પ્રથમ દૃષ્ટિએ સોમાકરભાષ્ય ઈ.સ.ની પંદરમી સદીના ઉત્તરાર્ધથી પછીનું તો ન જ હોઈ શકે.

સોમાકરે પોતે પોતાને શેષ અટકથી ઓળખાવ્યો નથી. મંગલાચરણમાં તેણે પોતાનું નામ 'સોમાકર' એમ સ્પષ્ટ જણાવ્યું છે. પણ ત્યાં શેષ સોમાકર એવું લખ્યું નથી. ફક્ત ભાષ્યની સમાપ્તિ પછી इति शेषकृतं ज्योतिःशास्त्रभाष्यं समाप्तम् એમ હસ્તપ્રતોમાં લખેલું જોવા મળે છે, એટલે ભાષ્યકારનું પૂરું નામ શેષ સોમાકર છે એમ માનવું પડે છે. જો તેનું પૂરું નામ શેષ સોમાકર હોય તો તેમાં શેષ એ અટક છે અને સોમાકર એ વ્યક્તિનું પૂરું નામ છે. શેષ એ અટક અર્થાત્ કુળનું નામ છે. એટલે તે શેષકુળનો છે, એમ ઠરે છે. આથી શેષ કુળનો જે કાળ હોય એ જ તેનો કાળ હોય તે દેખીતું છે.

અહીં શેષકુળ એટલે શું? તેવો પ્રશ્ન ઉદ્‌ભવે છે. અત્યાર સુધીની શોધખોળથી ત્રણ વિદ્વત્ કુટુંબની વ્યક્તિઓનાં નામ શેષ ઉપનામવાળાં મળી આવ્યાં છે. એમાંથી એકની પ્રાચીનતા ઈ.સ. ૧૦૦૦ પહેલાંથી, બીજાની ઈ.સ. ૧૪૦૦થી અને ત્રીજાની ઈ.સ. ૧૬૦૦થી જોવા મળે છે.

આ ત્રણે કુળનાં માણસો સંસ્કૃતસાહિત્યમાં અમર નામના મેળવનારી વ્યક્તિઓ છે. પણ તે ત્રણે કુટુંબો જુદાં જુદાં કુટુંબો હોવાથી આ અટક ધંધાના કારણે કે સ્થળની યાદી તરીકે અથવા કોઈ વિશિષ્ટ યોગ્યતા દર્શાવવા માટે જનતાદ્વારા યોજાએલી હોય તેમ લાગે છે.

ત્રણે કુળનો કર્ણાટક પ્રાંત (આન્ધ્રપ્રદેશ) તેમજ ગોદાવરીના કિનારા સાથે સંબંધ હોવાથી સ્થળ ઉપરથી અટક પડી હોય તે બનવાજોગ છે. જો આવું હોય તો શેષ નામનું કોઈ પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ ગામ હોવાની કલ્પના કરી પ્રાન્તીય ભૂગોળ શોધવી પડશે. જો ગામની જગ્યાએ દક્ષિણ-પ્રાન્તમાં (આન્ધ્રપ્રદેશમાં) આવેલા શેષાદ્રિને લઈએ તો પ્રશ્નનો જવાબ સરલ બને છે. એ તરફના

---

૪ વડોદરા પ્રાચ્યવિદ્યામંદિરની નં. ૯૪૭૪ વાળી પ્રત.

લોકોમાં પોતાના નામની આગળ ગામનું નામ જોડવાની પ્રણાલિકા હોવાથી શેષાદ્રિના પ્રદેશમાં વસનારાં કુટુંબો પોતાના નામની આગળ ગામના (સ્થળના) ઉલ્લેખ માટે શેષ પદ મૂકતા હોય તો તે સંભવિત લાગે છે.

જો આવું જ હોય તો શેષ સોમાકરનું સ્થળ (તેનું કે તેના પૂર્વજોનું સ્થળ) સુદૂર દક્ષિણ પ્રાન્તમાં શેષાદ્રિની તળેટીમાં હોવું જોઇએ એમ નિશ્ચયપૂર્વક કહી શકાય. જો તેમ નથી એવું માનીએ તો બીજી કલ્પનાઓનો આશ્રય લેવો પડશે.

વ્યાકરણ મહાભાષ્યકાર ભગવાન્ પતંજલિને ભારતીય વિદ્વાનો શેષના અવતાર ગણી ઘણી પૂજ્યતાથી સંભારે છે. તેમના વંશને શેષકુળ તરીકે ઓળખતા હોય તો તે યોગ્ય છે. પણ આવું છે કે નહિ તેની ખબર નથી.

આમ છતાં આન્ધ્રપ્રદેશમાં બ્રાહ્મણોના કોઈ એક કુળને શેષકુળ એમ સંજ્ઞાથી ઓળખાવવામાં આવેલું છે. ભગવાન્ શંકરાચાર્યની સૌંદર્યલહરી ઉપર લક્ષ્મીધરા નામની પ્રસિદ્ધ ટીકા લખનાર વિદ્યાનાથ કે જે પ્રતાપરુદ્રયશોભૂષણ નામના અલંકારશાસ્ત્રના ગ્રંથનો પણ લેખક છે તે લક્ષ્મીધરાની પુષ્પિકામાં લખે છે કે પોતે પૃથ્વી ઉપરનો સાક્ષાત્ શેષનાગ છે, અને તેની સાતમી પેઢીએ થઈ ગએલ મહાદેવ પંડિત શેષકુળનો મુગુટ છે. જેમકે :—

इति श्रीलोल्लकुलसंप्रदायप्रवर्तक भ्रमराम्बिकावरप्रसादसंमुल्लसितमहासारस्वतभट्टलोल्लपतिग्रन्थ-विवरणकर्तृश्रीमहोपाध्यायमहादेवाचार्यसप्तमेन साहित्यपारिजातस्मृतिकल्पतरुप्रबन्धप्रबन्धृलक्ष्मीधरार्यषष्ठेन भरतार्णवपोताख्यसाहित्यमीमांसाग्रन्थद्वयप्रणेतृविरिञ्चिमिश्रपञ्चमेन मीमांसाद्वयजीवातुनिर्मातृपुरुषोत्तम-महोपाध्यायनप्त्रा प्राभाकरामृतवाहिनीप्रभावलीखण्डनाद्यनेकप्रबन्धसन्दर्भप्रवर्तकबिरुदपदमहोपाध्याय-लक्ष्मणार्यपौत्रेण नयविवेकदीपिकाप्रबन्धसंविधातृमहोपाध्यायविद्वत्सार्वभौमनूतनव्यासाद्यनेकबिरुदाङ्कित-श्रीविश्वनाथभट्टारकतनयेन अधीतदशशतनयेन पार्वतीगर्भशुक्तिमुक्तारत्नेन बहूकृतकृतधीतिरत्नेन लोल्लकुलकल-शाम्बुधिसुधांशुना यशः प्रांशुनां **हारितगोत्रकल्पशाखिना आपस्तम्बशाखिना** षड्दर्शनीशारदश्वना **प्रतिपक्षवृक्षजञ्झामातरिश्वना** भ्रमराम्बिकाप्रसादसमासादितप्रतिमाविशेषेण **भुवि शेषेण** निखिलयामलतन्त्रार्ण-**वावगाहनरुद्रेण** आश्रयीकृतगजपतिवीररुद्रेण नीलगिरिसुन्दरचरणारविन्दचञ्चरीकेण **वाणीसहचरीकेण** **सरस्वतीविलासाद्यनेकस्मृतिनिबन्धनलक्ष्मीधराद्यनेकसाहित्यनिबन्धननयविवेकभूषणाद्यनेकगुरुमतनिबन्धनयोग-दीपिकाद्यनेकपातञ्जलमतनिबन्धनमहानिबन्धनाख्यमानवधर्मशास्त्रटीकाकर्णावतंससबर्हावतंसाद्यनेककाव्यकल्प-केन** आश्रितजनकल्पकेन निग्रहानुग्रहकौशिकेन श्रीमहोपाध्यायलक्ष्मीधरदेशिकेन कृतेयं **लक्ष्मीधराख्या सौन्दर्य-लहरीस्तुतिव्याख्या । अनया सन्तुष्टा भवतु भगवती भवानी ॥**

આ લાંબા લેખમાં લક્ષ્મીધરે પોતાની સાતપેઢીના પુરુષોનાં નામ તથા તેમણે કરેલી સાહિત્યસેવાનો ખ્યાલ આપ્યો છે. પોતાને તે વ્યાકરણ, તંત્રશાસ્ત્ર તથા નીતિશાસ્ત્રનો નિરંકુશ પંડિત માને છે. જેમકે તે કહે છે કે :—

वयमिह पदविद्यां तन्त्रमान्वीक्षिकीं वा
यदि पथि विपथे वा वर्तयामः स पन्थाः ।

उदयति दिशि यस्यां भानुमान् सैव पूर्वा
न हि तरणिरुदीते दिक्पराधीनवृत्तिः ॥

અમે વ્યાકરણ, તંત્ર અને નીતિશાસ્ત્રમાં સાચું કે ખોટું જે કહીએ તે પ્રમાણભૂત છે. કારણ જ્યાં સૂર્ય ઊગે છે તેને જ પૂર્વદિશા કહે છે. સૂર્ય ઊગ્યા પછી દિશાઓ ( સમજવામાં )માં પરતંત્રતા રહેતી નથી.

મારી સાતમી પેઢીએ

यः कर्णाटवसुन्धराधिपमहास्थाने सुवर्णायितो
यो विद्वन्निकषायितो नृपगृहे वेमाख्यपृथ्वीशितुः ।
श्रीमल्लोल्लटभट्टशिष्य इति यो लोल्लाख्यया श्रूयते
श्रीशेषान्वयशेखरः स हि महादेवो विपश्चिन्महान् ॥

જે કર્ણાટક ભૂમિના અધિપતિના ખાસ અધિકારમાં સોના જેવો છે. જે વેમ મહારાજાની સભામાં વિદ્વાન્ તરીકેની કસોટીમાં પાર ઉતર્યો છે, અને જે લોલ્લટ ભટ્ટનો શિષ્ય હોવાથી લોલ્લ નામથી ઓળખાયો છે તે શેષકુળનો મુગુટ મહાવિદ્વાન્ મહાદેવ ( મારી સાતમી પેઢીનો પુરુષ )છે.[૫]

## લક્ષ્મીધરની પેઢીનું વંશવૃક્ષ અને તેનું કાર્ય

(૧) મહાદેવાચાર્ય—ભટ્ટ લોલ્લટપતિ ગ્રંથનો વિવરણકાર, શેષકુળનો શિરોમુગટ.

(૨) લક્ષ્મીધરાર્ય—સાહિત્યપારિજાત, સ્મૃતિકલ્પતરુ આદિનો કર્તા.

(૩) વિરંચિમિશ્ર—ભરતાર્ણવપોત નામના સાહિત્યશાસ્ત્ર તેમજ મીમાંસાગ્રંથનો કર્તા.

(૪) પુરુષોત્તમ —મીમાંસાદ્વયજીવાતુ નામના ગ્રંથનો કર્તા.

(૫) લક્ષ્મણાર્ય —પ્રાભાકરામૃતવાહિની, પ્રભાવતીખંડન આદિ અનેક ગ્રંથોના કર્તા.

(૬) વિશ્વનાથ ભટ્ટારક—નયતત્ત્વદીપિકાકાર.

(૭) લક્ષ્મીધર—લક્ષ્મીધરા ટીકાનો કર્તા, સરસ્વતીવિલાસાદિ અનેક ધર્મશાસ્ત્રના ગ્રંથો, નયતત્ત્વભૂષણ આદિ પ્રભાકરમતના મીમાંસાના અનેક ગ્રંથો યોગદીપિકા આદિ પાતંજલ યોગદર્શનના ગ્રંથો અને માનવધર્મ-શાસ્ત્રની ( મનુસ્મૃતિની ) મહાનિબંધ નામની ટીકા, ટિકાકર્ણાવતંસ, સબ્હર્ાવતંસ આદિ અનેક કાવ્યોનો કર્તા. ( વિદ્વાનોના અભિપ્રાય મુજબ પ્રતાપરુદ્રયશોભૂષણનો કર્તા વિદ્યાનાથ )

ઇતિહાસકારોના કથન મુજબ પ્રતાપરુદ્રયશોભૂષણ ઈ. સ. ૧૩૦૦માં રચાયું છે.[૬] આથી લક્ષ્મીધરનો જન્મકાળ ઈ. સ. ૧૨૫૦ લગભગ આવે. લક્ષ્મીધર કહે છે તેમ મહાદેવ તેની સાતમી

૫ सौन्दर्यलहरी ( સંસ્કૃત ), મસૂર યુનિવર્સિટી પ્રકાશન, સને ૧૯૫૩, પૃ. ૨૦૩-૨૦૪

૬ ડૉ. કીથ, संस्कृतसाहित्य का इतिहास ( हिन्दी ), પ્ર. મોતીલાલ બનારસીદાસ, વારાણસી, સને ૧૯૬૭, પૃ. ૪૯૭

પેઢીએ થએલો પૂર્વજ હતો અને તે શેષ કુલનો શિરોમુકુટ હતો, તો તે મહાદેવનો સમય પ્રતિ પેઢી ઓછામાં ઓછાં ૩૦ વર્ષ માનીએ તો ૧૨૫૦-૨૧૦ = ૧૦૪૦ ઈ.સ. ગણાય.

મહાદેવ શેષકુળનો અગ્રગણ્ય પુરુષ હતો, પણ તે લોલ્લટ ભટ્ટનો શિષ્ય હોવાથી પાછળથી લોલ્લટ વંશનો ગણાયો. આ કુળ હારિતગોત્રી અને કૃષ્ણયજુર્વેદી આપસ્તંબ શાખાનું હતું.[૭]

આમ જોતાં લગભગ ઈ. સ. ૧૦૪૦ સુધી આ શેષકુળનું અસ્તિત્વ માનવું પડે તેમ છે. શેષકુળ સરસ્વતીનું ઉપાસક હતું. તેની લક્ષ્મીધરે જણાવેલી સાત પેઢી જોતાં તેમની સારસ્વત-સાધના જોઈ મુગ્ધ થયા વગર રહેવાતું નથી. જે જે કુળની શેષકુળ તરીકે ભાળ મળી આવી છે, તે બધાં જ આશ્ચર્યજનક રીતે સારસ્વત કુળ છે. તેઓએ પોતાને મળેલી શાખ અદ્ભુત રીતે સાચી સાબિત કરી દીધી છે.

ભગવાન્ પતંજલિની મહાવૈયાકરણ તરીકે મોટી પ્રતિષ્ઠા ભારતીય વિદ્વાનોના હૃદયમાં છે. તેઓ સાક્ષાત્ શેષનો અવતાર હતા તેવી કિંવદંતી પણ પ્રસિદ્ધ છે. અનુમાન થાય છે કે જેઓ વ્યાકરણશાસ્ત્રમાં ઘણાં જ નિષ્ણાત હોય તેમના માટે તેઓ શેષના અવતાર જેવા છે એમ ઘણાં માણસો માનતા હશે. ધારો કે આમ કોઈ વૈયાકરણ કુળનો શેષકુળ તરીકે વ્યવહાર પ્રચલિત થયો હતો. તો કયા કુળને આ મહાસમ્માન પ્રાપ્ત થયું હતું તે શોધવું પડશે. આ બાબતમાં શોધતાં માલુમ પડે છે કે પ્રક્રિયાકૌમુદીના કર્તા રામચંદ્રનું કુળ આ સમ્માનનું અધિકારી હોવાથી તેને તે સમ્માન મળ્યું હતું અને ત્યારપછી તેવાજ બીજા કોઈ એક કુળને પણ મળ્યું હતું. આમ માનવામાં કારણભૂત લાગતી ઉક્તિઓ પૈકી પ્રક્રિયાકૌમુદીકારના પૌત્ર વિઠ્ઠલની ઉક્તિ નીચે મુજબ છે. જે ઘણી મહત્ત્વની છે.

> किं शेषः पाणिनिर्वा वररुचिरथवा सर्वविद्याप्रणेता
> शम्भुर्भूमावभूद्भूसुरकुलतिलको ह्यान्ध्रदेशेऽग्र्यवंशे ।
> ऋग्वेदी सर्वशास्त्रप्रकटनपटुधीः कृष्णजो रामचन्द्रोऽ
> नन्ताचार्यप्रपौत्रो दिशतु कृतिमतिर्मे स कौण्डिन्यगोत्रः ॥

શું સાક્ષાત્ શેષનાગ કે પાણિનિ અથવા વરરુચિ કે પછી સર્વ વિદ્યાઓના પ્રણેતા ભગવાન શંકર સકલશાસ્ત્રોના વ્યાખ્યાન માટે આન્ધ્રદેશમાં અગ્રગણ્ય બ્રાહ્મણકુળની શોભા ( તિલક ) જેવા રામચંદ્ર રૂપે ઋગ્વેદી કૌણ્ડિન્ય ગોત્રમાં કૃષ્ણના પુત્ર અને અનંતાચાર્યના પૌત્ર રૂપે જન્મ્યા હતા તે મને ગ્રંથ સમજવા બુદ્ધિ આપો.

અહીં ઉત્પ્રેક્ષાથી રામચંદ્ર શેષાવતાર હતા એમ સિદ્ધ કર્યું છે. ત્યારથી આ રૂઢિ પ્રચલિત થએલી છે. આથી રામચંદ્રનું કુળ શેષકુળ તરીકે પૃથ્વી ઉપર પ્રખ્યાત થયું. વિઠ્ઠલનું બીજું એક પદ્ય પણ આવાજ અર્થનું છે. જેમ કે:—

> गम्भीरार्थां मितोक्त्या कलितसकलसच्छल्यरत्नाकरांश्री-
> शेषोक्तन्यायगर्भां स्वपरमतयुतां प्रक्रियाकौमुदीं ताम् ।

---

૭ सौंदर्यलहरी ( સંસ્કૃત ), મૈસૂર યુનિવર્સિટી પ્રકાશન, સને ૧૯૫૩, પૃ. ૨૦૩-૨૦૪

व्याकुर्वन् बुद्धिहीनो यदपि तदपि तत्पुत्रजो रामचन्द्रा-
चार्योक्तेः पाठरक्षाकरणगुणतया सज्जनैर्नोपहास्यः ॥

ગંભીર અર્થવાળી છતાં ટુંકામાં કહેવાએલી જેથી સુંદર શલ્ય (પથ્થરો અથવા રત્નો) વાળા રત્નાકર-સમુદ્ર જેવી, શ્રી શેષે કહેલા ન્યાય જેની અંદર સમાએલા છે એવી, પોતાના તથા પારકાના મતોને દર્શાવનારી જે પ્રક્રિયાકૌમુદી છે તેનું ગ્રંથકારના પુત્રનો બુદ્ધિહીન પુત્ર ગમે તેવું વ્યાખ્યાન કરે છે, છતાં તે શ્રીરામચંદ્ર આચાર્યની ઉક્તિઓના પાઠની રક્ષા કરવા રૂપી ગુણવાળું હોવાથી સજ્જનોની મશ્કરીને પાત્ર નહિ બને.

અહીં 'શ્રીશેષોક્તન્યાયગર્ભા' એવું પ્રક્રિયાકૌમુદીને વિશેષણ આપ્યું છે, તેમાં શેષ પદથી પતંજલિ તથા રામચંદ્રનો શ્લેષથી ઉલ્લેખ છે. આથી પોતાને શેષાવતાર પતંજલિ જેવા માનતા તે કુળના વિદ્વાનોએ તે કુળ શેષકુળ છે એમ તેને પ્રસિદ્ધિ આપી છે, એમ અમારો મત છે.[૮]

પ્રક્રિયાકૌમુદીનો રચનાકાળ લગભગ ઈ.સ. ૧૪૨૦ જેટલો વિદ્વાનોએ માન્યો છે.[૯] ગ્રંથકાર રામચંદ્ર "કાશિકાવૃત્તિ ઘણી વિસ્તૃત હોવાથી છાત્રો તેને યાદ રાખી શકે તેમ ન લાગવાથી છાત્રોના ઉપકાર માટે અનંતાચાર્યના પુત્ર નરહરિના પુત્ર કૃષ્ણનો પુત્ર અને નૃસિંહનો પિતા, વિઠ્ઠલનો પિતામહ, લક્ષ્મીધરનો પ્રપિતામહ, અનંતનો પ્રપ્રપિતામહ અને ગોપાલનો શિષ્ય એવા રામચન્દ્રે પ્રક્રિયાકૌમુદી રચી છે." એવા લેખ ઉપરથી અનંતાચાર્યના પુત્ર નરહરિના પુત્ર કૃષ્ણનો પુત્ર અને કૌણ્ડિન્યગોત્રી ઋગ્વેદી આન્ધ્રદેશનો બ્રાહ્મણ હતો એ સ્પષ્ટ છે. પ્રક્રિયાકૌમુદી સિદ્ધાન્તકૌમુદી પહેલાં ઘણી પ્રસિદ્ધ હતી અને પઠનપાઠનમાં ખૂબ ઉપયોગમાં લેવાતી હતી તે પ્રસિદ્ધ જ છે. તે (૧) ગ્રંથકારપૌત્ર વિઠ્ઠલ વિરચિત પ્રસાદ (૨) મધુસૂદનનંદન જયંત વિરચિત તત્ત્વચંદ્ર (૩) નરસિંહાત્મજ શેષકૃષ્ણ વિરચિત પ્રકાશ (૪) વિદ્યાનાથ દીક્ષિત નિર્મિત પ્રક્રિયાગ-જન (૫) વારણવનેશ શાસ્ત્રી વિરચિત અમૃતસૃતિ અને (૬) વિશ્વધર્મશાસ્ત્રી કૃત સત્યક્રિયા વ્યાકૃતિ એમ ૭ ટીકાઓથી શોભી રહેલી છે તે તેની લોકપ્રિયતા દર્શાવવા પૂરતું પ્રમાણ છે.[૧૦]

રામચંદ્રના (૧) પ્રક્રિયાકૌમુદી (૨) કાલનિર્ણયદીપિકા અને (૩) વૈષ્ણવસિદ્ધાન્ત-સદ્દીપિકા એમ ત્રણ ગ્રંથો છે. તેમાં કાલનિર્ણયદીપિકા ગ્રંથ ઉપર તેના પુત્ર નૃસિંહનું કાલનિર્ણય-દીપિકાવિવરણ નામનું અત્યુપયોગી વ્યાખ્યાન છે.[૧૧] આમ આ વિદ્વત્કુળ સુરભારતીનું પરમોપાસક તથા દીર્ઘકાળ પર્યંત લબ્ધપ્રતિષ્ઠ રહ્યું છે. તેમ જ ઈ.સ.ની પંદરમી સદીમાં શેષ સંજ્ઞાથી યુક્ત થએલું જોવા મળે છે. રામચંદ્રની પહેલાંના પુરુષો આચાર્ય ઉપનામવાળા જોવામાં આવે છે. ખુદ રામચંદ્રને પણ રામચંદ્રાચાર્ય તરીકે લખેલા જોવામાં આવે છે.

---

૮ प्रक्रियाकौमुदी (संस्कृत), प्रसाद-संस्कृतटीका—પ્રારંભિક શ્લોકો, સં. ત્રિવેદી રા. બ. કમળાશંકર પ્રાણશંકર, બોમ્બે સંસ્કૃત અને પ્રાકૃત સિરિઝ (મુંબાઈ સરકાર) પ્રકાશન, સને ૧૯૨૫

૯ પં. યુધિષ્ઠિર મીમાંસક, व्याकरणशास्त्र का इतिहास, भा. १

૧૦ व्याकरणमहाभाष्यभूमिका, નિર્ણયસાગર, પ્રેસ, મુંબાઈ.

૧૧ ત્રિવેદી રા. બ. કમળાશંકર પ્રાણશંકર, પ્રક્રિયાકૌમુદીની ભૂમિકા (અંગ્રેજી), સને ૧૯૨૫

## પ્રક્રિયાકૌમુદીકાર રામચંદ્રનું વંશવૃક્ષ

- અનંતાચાર્ય
  - નરહરિ (આચાર્ય)
    - ગોપાલાચાર્ય (પ્રક્રિયાકૌમુદી-કારના ગુરુ)
    - રામચંદ્ર
      - જાનકીનંદન
    - વિઠ્ઠલાચાર્ય
      - અનંત
        - વાસુદેવ
          - અનંત
          - શેષનારાયણ શ્રૌતસર્વસ્વ, નાન્તસંગ્રહ બૌધાયનાગ્નિષ્ટોમ પ્રયોગના કર્તા
            - કૃષ્ણસૂરિ
              - મહાદેવસૂરિ
                - શેષવિષ્ણુ
    - કૃષ્ણાચાર્ય
      - નૃસિંહ
        - કૃષ્ણ
          - રામેશ્વર
            - વિઠ્ઠલાચાર્ય
              - અનંત
          - નાગનાથ (શેષ નાગોજી જ્યોતિઃશાસ્ત્ર ભાષ્યકર્તા)
            - ગોપાલગુરુ
              - રામચંદ્ર
        - ચિંતામણિ
      - રામચંદ્રાચાર્ય (પ્રક્રિયાકૌમુદીકાર)
        - નૃસિંહ (કાલનિર્ણયદીપિકા-વિવરણકાર)
          - વિઠ્ઠલ (પ્રક્રિયાકૌમુદીની પ્રસાદ ટીકા કર્તા)
            - લક્ષ્મીધર
              - અનંત

આ વંશવૃક્ષ વ્યાકરણશાસ્ત્રકા ઇતિહાસમાં પં. યુધિષ્ઠિર મીમાંસકે આપ્યું છે, તેમાં પ્રક્રિયા-કૌમુદીના સંપાદક રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ અનંતાચાર્ય પૌત્ર કૃષ્ણાચાર્યના દ્વિતીય પુત્ર નૃસિંહનું જે વંશવૃક્ષ પ્રક્રિયાકૌમુદીની ભૂમિકામાં દર્શાવ્યું છે તે ઉમેરીને આપવામાં આવ્યું છે.

## કાશીના શેષકુલનું વંશવૃક્ષ

- વિષ્ણુ (મહાભાષ્ય - પ્રકાશિકા ટીકાકાર)
  - શેષ રામચંદ્ર (નૈષધીયચરિત ટીકાકાર)
    - શેષ નરસિંહ (ગોવિન્દાર્ણવ ગ્રંથના કર્તા)
      - શેષ શ્રીકૃષ્ણ (કંસવધ, મુરારિ વિજયનાટક આદિ ઘણા ગ્રંથોના લેખક)
        - શેષ વીરેશ્વર ભટ્ટોજી દીક્ષિત આદિના ગુરુ
          - શેષ પુરુષોત્તમ
      - ચિંતામણિ

કાશીમાં આવી વસેલું શેષકુળ પહેલાં ગોદાવરી કિનારે રહેતું હતું. ત્યાં તેઓ વ્યાકરણ-શાસ્ત્રના મોટા વિદ્વાનો અને ખ્યાતનામ અધ્યાપકો હતા. તેઓ ભટ્ટભટ્ટારક નામે ઓળખાતા હતા. કાશીમાં આવેલા માણસો પોતાના પૂર્વજો જેટલા વિદ્વાન્ ન હતા, છતાં પૂજાતા હતા અને દરેક પંડિતસભામાં તેમને અગ્રસ્થાન અપાતું હતું. પાછળથી આ કુટુંબ ભટ્ટભટ્ટ નામથી ઓળખાવા લાગ્યું અને પૂર્વની માફક આજે પણ પંડિતસભાઓમાં તેમની અગ્રપૂજા થાય છે.

કાશીના શેષકુળમાં શેષશ્રીકૃષ્ણ મોટા વિદ્વાન થઈ ગયા છે. તેમણે ઘણા ગ્રંથો લખ્યા છે. જેમકે (૧) ઉપપદતિઙ્ વ્યાખ્યાન (૨) કંસવધ (૩) પદચંદ્રિકા (૪) પારિજાતહરણચંપૂ (૫) પ્રક્રિયાકૌમુદીની પ્રક્રિયાપ્રકાશનામની ટીકા (૬) પ્રાકૃતચંદ્રિકા (૭) મુરારિવિજય નાટક (૮) યઙ્લુગન્ત શિરોમણિ (૯) શબ્દાલંકાર (૧૦) શૂદ્રાચારશિરોમણિ (૧૧) સ્ફોટતત્ત્વ (૧૨) ઉષાપરિણયચંપૂ (૧૩) સત્યભામા પરિણય નાટક (૧૪) સત્યભામા વિલાસ વગેરે.

આ શેષશ્રીકૃષ્ણ પોતાના મુરારિવિજય નાટકમાં પોતાનું ઓળખાણ આપતાં લખે છે કેઃ—

अस्ति किल दाक्षिणात्यस्य गोदारोधोवास्तव्यस्य श्रीमद्विश्वरूपवंशवनमुक्तामणेराधिविद्यानगरसमं विद्वद्वृन्दवितीर्णभट्टभट्टारकापरनाम्नो भट्टनृसिंहस्यात्मजः कृष्णभट्टो नाम महान्विद्वत्कविः ॥

અર્થાત્ ગોદાવરી કિનારે રહેનારા દાક્ષિણાત્ય (બ્રાહ્મણ) શ્રીવિશ્વરૂપના કુલનો મણિ અને વિદ્યાનગરની સભાનો સભાસદ વિદ્વાનોના સમુહે જેને ભટ્ટભટ્ટારક પદવી આપેલી છે. (જેનું ભટ્ટ-ભટ્ટારક ઉપનામ, અટક છે.) તેવા ભટ્ટ નૃસિંહનો પુત્ર કૃષ્ણભટ્ટ નામનો મહાવિદ્વાન્ કવિ છે.

આમાં નૃસિંહ ગોદાવરી કિનારે રહેનારા ભટ્ટભટ્ટારક અટકવાળા દાક્ષિણાત્ય બ્રાહ્મણ હતા એ હકીકત કહેવાએલી છે.

નૃસિંહ પોતાના ગોવિન્દાર્ણવ નામના ધર્મશાસ્ત્રગ્રંથમાં પોતાનો પરિચય આપતાં લખે છે કે તેઓ પહેલાં ગોદાવરી કિનારે રહેતા હતા પછી ત્યાંથી કાશીમાં આવ્યા અને વ્યાકરણની શાળા સ્થાપી (આ સમય સોળમી સદીનો પૂર્વાર્ધ છે.) કાશીના શેષકુળની વિષ્ણુ, શેષ રામચંદ્ર, શેષ નરસિંહ, શેષ શ્રીકૃષ્ણ અને શેષ વીરેશ્વર એમ પેઢી માલુમ પડે છે. જો શેષ નરસિંહથી જ કાશીમાં નિવાસ કરતો હોય તો વિષ્ણુ અને રામચંદ્ર ગોદાવરી કિનારે રહેનારા ઠરે છે.

વિષ્ણુની વ્યાકરણશાસ્ત્રમાં મોટી પ્રતિષ્ઠા છે. તેમણે પાણિનિનાં બધાં સૂત્રોની વ્યાખ્યા લખી છે. તેમજ વ્યાકરણ મહાભાષ્ય ઉપર મહાભાષ્યપ્રકાશિકા નામની ટીકા લખી છે. તેમને માટે કહેવાય છે કેઃ—

फणिभाषितभाष्यस्य तत्त्वं वेत्ति सरस्वती ।
शेषो वा शेषविष्णुर्वा नान्योऽस्ति धरणीतले ॥

પતંજલિના મહાભાષ્યનું તત્ત્વ સરસ્વતી જાણે છે, શેષનાગ જાણે છે અથવા શેષવિષ્ણુ જાણે છે. બીજો કોઈ જાણકાર પૃથ્વી ઉપર નથી. આ શ્લોકમાંના વિષ્ણુ શબ્દની જગ્યાએ કેટલાક કૃષ્ણ એમ શબ્દ મૂકે છે.[૧૨]

---

૧૨ શ્રી રંગનાથસ્વામી, એસ. પી. વી., ઈન્ડિયન એન્ટીક્વેરી (અંગ્રેજી), વો. ૪૧, સ ૧૯૧૨, પૃ. ૨૪૫

શેષ શ્રીકૃષ્ણના પુત્ર શેષ વીરેશ્વર સિદ્ધાન્તકૌમુદીકાર ભટ્ટોજી દીક્ષિત, તર્કસંગ્રહકાર અન્નંભટ્ટ તથા પંડિતરાજ જગન્નાથના ગુરુ હતા. ભટ્ટોજી દીક્ષિતની પરંપરા શ્રીવીરેશ્વર દીક્ષિત, શ્રીહરિદીક્ષિત એમ આગળ વધી હતી. પ્રસિદ્ધ વૈયાકરણ નાગોજી ભટ્ટ શ્રીહરિ દીક્ષિતના શિષ્ય થાય. ભટ્ટોજી દીક્ષિતના બીજા પુત્ર શ્રી ભાનુજી દીક્ષિત હતા, જેમણે અમરકોશની પ્રખ્યાત રામાશ્રમી નામની ટીકા લખી છે.

આમ ત્રણ શેષકુળ જાણવા મળે છે. પહેલું શેષકુળ કર્ણાટક પ્રદેશનું કૃષ્ણયજુર્વેદની આપસ્તંભ શાખાના હારિતગોત્રનું છે. જેની ઈ.સ. ૧૦૦૦ થી ૧૩૦૦ સુધીની સાત પેઢી જાણવા મળી છે. બીજું શેષકુળ પ્રક્રિયાકૌમુદીકાર રામચંદ્રનું છે, જે ઋગ્વેદી કૌણ્ડિન્યગોત્રનું છે. અને આંધ્ર પ્રદેશનું છે. આની ઈ.સ. ૧૩૦૦ થી પછીની નવ પેઢી ( આસરે ૩૦૦-૪૦૦ વર્ષ સુધીની ) જાણવા મળે છે. ત્રીજું શેષકુળ વારાણસીનું દક્ષિણાત્ય બ્રાહ્મણોનું છે. જેમનો કાળ સોળમી સદીના આરંભથી મળે છે. (વર્તમાનમાં પણ આ કુળ વિદ્યમાન છે.) આ કુળના શેષ શ્રીકૃષ્ણે કંસવધ અકબર પાદશાહના સમયમાં લખ્યો છે. શ્રીકૃષ્ણ માટે એક જગ્યાએ લખાયું છે કે " अयं महाराष्ट्राभिजनः शेषोपनामकनृसिंहसूनुः श्रीकृष्णकविः श्रीकाश्यां ' अकबरपादशाहसमये ख्रिस्ताब्दीय-षोडशशतकस्योत्तरभाग आसीत् ।

અર્થાત્ આ મહારાષ્ટ્રીય ( બ્રાહ્મણ ) શેષ ઉપનામવાળા નૃસિંહનો પુત્ર શ્રીકૃષ્ણ કવિ અકબર પાદશાહના સમયમાં ખ્રિસ્તાબ્દની( ઈ.સ.ની ) સોળમી સદીના ઉત્તરાર્ધમાં ( ૧૫૫૦થી ૧૬૦૦ ) કાશીમાં હતો, ઇન્ડિયન એન્ટીકવેરી, પુ. ૪૧, પૃ. ૨૪૫ ઉપર 'વારાણસીના શેષકુલ વિષે ' નામના લેખના લેખક "શ્રી એસ. પી. વી. રંગનાથસ્વામી આર્યવરગુરુ "નો અભિપ્રાય છે કે કાશીના આ શેષકુળનો આદ્યપુરુષ વિષ્ણુ હતો. આ વિષ્ણું મોટો વૈયાકરણ હોવાથી જેમ પ્રક્રિયાકૌમુદી-કારના માટે શેષ વિશેષણ ( ઉપનામ–અટક ) જોડાયું એવો જે તર્ક કર્યો છે તે વિષ્ણુને પણ લાગુ પડે છે અને તેથી તેનું કુળ શેષકુળ ગણાયું હશે.

મોટા વૈયાકરણોને શેષાવતાર યા સાક્ષાત્ શેષ ગણવાનો તે સમયે રિવાજ પડી ગયો હતો. દાખલા તરીકે તાજિકનીલકંઠી નામના વર્ષપત્રિકાપદ્ધતિ ગ્રંથના કર્તા નીલકંઠને માટે મુહૂર્ત-ચિંતામણિની પીયૂષધારાટીકાકાર ગોવિન્દે फणिपतिमणितिव्याकृतौ शेषनागः એમ વિશેષણ વાપરી તેના વૈયાકરણત્વને કારણે શેષનાગ કહ્યો છે.[૧૩] ખુદ નીલકંઠ પણ પોતાના પિતામહને व्याख्यद्भुजंगपगवीः મહાભાષ્યના ભણાવનાર તરીકે વર્ણવે છે. આમ વ્યાકરણશાસ્ત્રના અધ્યાપકોને શેષનાગની ઉપમા મળતી રહી છે.[૧૪]

શેષ ઉપનામવાળા વિદ્વાનોના નામથી કેટલીક રચનાઓ જાણવા મળી છે, જેમકે:

| | |
|---|---|
| શેષ મેંગનાથપુત્ર શેષ કમલાકર | —ગીતગોવિંદ ટીકા |
| શેષ અનંત | —પદાર્થચંદ્રિકા (સપ્તપદાર્થી) ની ટીકા |
| | —ન્યાયસિદ્ધાન્ત દીપપ્રભા ટીકા |

---

૧૩ મુહૂર્તચિંતામણિની પીયૂષધારાટીકા, પ્રારંભિક શ્લોકો (સંસ્કૃત).
૧૪ ताजिकनीलकण्ठी द्वितीयतन्त्र સમાપ્તિના શ્લોકો ( સંસ્કૃત ).

| | |
|---|---|
| શેષ રામકૃષ્ણ | —અમરુશતકટીકા |
| શેષ ગોવિંદ | —સર્વસિદ્ધાન્તસંગ્રહટીકા |
| | —જ્યોતિષભાષ્ય |
| | —અગ્નિષ્ટોમ પ્રયોગ |
| શેષશાર્ઙ્ગધર | —સપ્તપદાર્થી (પદાર્થચંદ્રિકા) ટીકા |
| | —લક્ષણાવલી (ન્યાયમુક્તાવલી) ટીકા |
| શેષ નારાયણ | —શ્રૌતસર્વસ્વ |
| શેષ વાસુદેવનો પુત્ર અને શેષ અનંતનો પૌત્ર | —નાન્તસંગ્રહ<br>—બૌધાયનાગ્નિષ્ટોમ પ્રયોગ |
| શેષ પંડિત | —લઘુન્યાયસુધા |
| શેષ નાગ | —વેદાંગજ્યૌતિષભાષ્ય |

કેટલાકના મતમાં પદાર્થચંદ્રિકા શેષ અનંતની રચેલી છે. આ અનંત કયો તે સમજાતું નથી, કારણ તે પોતાને શેષ શાર્ઙ્ગધરનો શિષ્ય જણાવે છે.[૧૫]

ત્રણ પ્રકારના શેષકુળના વિદ્વાનોની કૃતિઓનું જે વિવરણ ઉપર લખ્યું છે, તે જોતાં આ કુળોમાં ઉત્પન્ન થએલા બીજા પણ ઘણા વિદ્વાનો હશે (જેમની નોંધ અહીં થઈ શકી નથી.) કારણ સરસ્વતીની ઉપાસનામાં તે કુળના માણસો લાગી ગએલા જોવામાં આવે છે.

અહીં આપણા વિષયને લગતી બે નોંધો ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. જેમાં (૧) શેષ ગોવિંદકૃત જ્યોતિષભાષ્ય અને (૨) શેષ નાગકૃત વેદાંગજ્યૌતિષભાષ્ય.

અત્યાર સુધી વિદ્વાનોનો એવો અભિપ્રાય જોવામાં આવતો હતો કે વેદાંગજ્યૌતિષ ઉપર પ્રાચીન ભાષ્ય ફક્ત સોમાકરનું જ છે. પરંતુ સોમાકરભાષ્યના અવલોકનથી તેમજ અહીં જણાવેલાં બે ભાષ્યો જોવાથી બીજાં પણ ભાષ્યો હોવાનું જણાય છે.

સોમાકરભાષ્યમાં શ્લો. ૧૮ના ભાષ્યમાં पर्वणां व्यवस्थेत्येक आहुः । अन्ये त्वाहुः ઇત્યાદિ ઉલ્લેખો હોવાથી બીજાં ભાષ્ય હોવાં જોઈએ તે નક્કી છે.

આ બીજા ભાષ્યકારો શેષ ગોવિંદ અને શેષનાગ હશે કે બીજા કોઈ પ્રાચીન અજ્ઞાત વિદ્વાનો હશે એમ પ્રશ્ન થાય છે. શેષ સોમાકર, શેષ ગોવિંદ તથા શેષ નાગ પૈકી ઉપર જણાવેલી વંશાવલીઓમાં ફક્ત શેષ નાગનું (શેષ નાગોજીનું) નામ પ્રક્રિયાકૌમુદીકાર રામચંદ્રના વંશમાં જોવામાં આવે છે. અને તે પ્રક્રિયાકૌમુદીકારના ભાઈ નૃસિંહનો પૌત્ર છે. પ્રક્રિયાકૌમુદીનો રચના કાળ ઈ.સ. ૧૪૨૦ છે. એટલે તેનો કાળ તેનાથી ૪૦-૫૦ વર્ષ જેટલાં અંતરે ગણીએ તો ઈ.સ. ૧૪૬૦-૧૪૭૦નો સમય આવે. આ શેષ નાગનું નિવાસસ્થાન આન્ધ્રપ્રદેશમાં (કોઈ ગામ) હોવું જોઈએ. કારણ આ કુળ આન્ધ્રપ્રદેશનું છે.

શેષ સોમાકર તથા શેષ ગોવિંદનું નામ ત્રણે વંશાવલીમાંથી કોઈમાં દેખાતું નથી, પણ તેઓ શેષકુળના છે એ નક્કી છે, કારણ શેષ ઉપનામથી યુક્ત તેમનાં નામ છે. શેષ ગોવિંદનું

---

૧૫ શ્રી રંગનાથસ્વામી, એસ. પી. વી., ઈ. એ. (અંગ્રેજી), વો. ૪૧, સને ૧૯૧૨. પૃ. ૨૪૫

જ્યોતિષશાસ્ત્રભાષ્ય જોવામાં આવ્યું નથી. પરંતુ સોમાકરનું ભાષ્ય સારી રીતે જોવા મળ્યું છે. ભાષ્યની ભાષા જોતાં તેમાં પ્રેરણાર્થક चुद् ધાતુનો વારંવાર કરાએલો ઉપયોગ ગ્રન્થકારની પ્રાચીનતા તથા સુદૂર દક્ષિણ ભારતમાં તેનો નિવાસ હોય તે બે બાબતો માનવા પ્રેરે છે. પ્રાચીનકાળના કવિઓમાં કાલિદાસે આ ધાતુનો ઉપયોગ (રઘુ. સ. ૧ શ્લો. ૯) કર્યો છે, પણ તે એકાદ વખત જ. આલંકારિક વિદ્વાનોએ જુગુપ્સાજનક અશ્લીલદોષનું નિરૂપણ કર્યા પછી તેનો ઉપયોગ ઉત્તર ભારતના ગ્રન્થકારો લગભગ કરતાં નથી જ. પરંતુ દક્ષિણ ભારતના આન્ધ્રાદિપ્રદેશના લોકો હજી પણ તેનો નિર્દોષ શબ્દોની જેમ (સામાન્ય વાતચીતમાં પણ) પ્રયોગ કરતાં જોવામાં આવે છે. મીમાંસકોમાં આ ધાતુથી ઉત્પન્ન પ્રેરણાર્થક શબ્દ ખૂબ વપરાયો છે. અને તેઓ પૈકી ઘણા આન્ધ્ર અને તેની દક્ષિણના પ્રાન્તના છે. સોમાકર જો કાશીનિવાસી શેષકુળનો હોત તો તેણે આ શબ્દનો ઉપયોગ ન જ કર્યો હોત. આથી એ કાશીસ્થ શેષકુળનો તો નથી જ એ નક્કી છે.

બીજું વળી કાશીમાં શેષકુળ સોળમી સદીના પૂર્વાર્ધમાં આવી સ્થિર થયું છે. આ સમયમાં મહારાષ્ટ્ર તેમજ કાશીમાં જ્યોતિઃશાસ્ત્રની ત્રણે શાખાઓના જ્ઞાનનો ખૂબ વિકાસ થએલો છે. ગ્રહલાઘવકાર ગણેશથી લઈ સિદ્ધાન્તતત્ત્વવિવેકકાર કમલાકર પર્યંતના અનેક મહારાષ્ટ્રીય વિદ્વાનોની તે સમયની જ્યોતિઃશાસ્ત્રીય જ્ઞાનપરંપરા જોતાં તેમના સમયમાં શેષ સોમાકર કાશીમાં રહી વેદાંગજ્યોતિષનું ભાષ્ય લખે અને તેમાં તે વિદ્વાનો, તેમનાં કાર્ય અને તે સમયના વિકસિત જ્યોતિઃશાસ્ત્રીય જ્ઞાનની આછી પાતળી પણ ઝલક ન દેખાય એ અદ્ભુત લાગે છે. તેથી સોમાકર કાશીસ્થ શેષકુળનો નથી એ બહુ જ સ્પષ્ટ હકીકત છે.

ઇન્ડિયન એન્ટીકવેરીના લેખકે શેષ ઉપનામવાળા બીજા કેટલાક વિદ્વાનોના ગ્રન્થોની સૂચિ આપી છે તેમાં શેષનાગનું વેદાંગજ્યોતિષ ઉપર ભાષ્ય હોવાનું જણાવેલું છે. આવું કોઈ ભાષ્ય આજ દિન સુધી જાણવામાં આવ્યું નથી. સુધાકર દ્વિવેદીજી પોતે સોમાકર ભાષ્યનું સંપાદન કરતાં એક હસ્તપ્રત ઉપર ભાષ્યકાર તરીકે શેષનાગ એવું નામ હોવાનું જણાવે છે. અને તેનો તેમણે સોમાકરભાષ્યના પાઠાન્તરો મેળવવામાં ઉપયોગ કર્યો છે. એમ પણ જણાવ્યું છે. એટલે સોમાકર ભાષ્ય જ હતું. બીજું નહિ તે દિવા જેવું સ્પષ્ટ છે. આથી શેષનાગ એ જ સોમકર હોય એમ માનવાને કારણ મળે છે. જો સોમાકર એ જ શેષનાગ હોય તો શેષનાગનો સમય ઈ.સ. ૧૪૬૦ આજુબાજુનો પ્રથમ જણાવી દેવાયો છે, તેમજ તેનું કુળ પણ પ્રક્રિયાકૌમુદીકાર રામચંદ્રનું છે, તે પણ વંશવૃક્ષ જોતાં તેમાં તેનું નામ હોવાથી સમજાય તેમ છે. અને તે આન્ધ્રપ્રદેશનો છે તે પણ ઉઘાડું છે. એટલે પણ સોમાકર કાશીસ્થ શેષકુળનો નથી એમ ઠરે છે. જો કાશીના શેષકુળનો નથી તો તેનો કાળ આન્ધ્રના શેષકુળના સમય દરમ્યાનનો આવે અને સ્થળ આન્ધ્રપ્રદેશ માનવું પડે. આથી શ્રી સુધાકર દ્વિવેદીએ તેને કાશીના દાક્ષિણાત્ય શેષકુળનો માન્યો છે તે ખોટું સાબિત થાય છે.

અમારા વિચાર મુજબ ઇન્ડિયન એન્ટીકવેરીના લેખકે વેદાંગજ્યોતિષના ભાષ્યકાર તરીકે શેષનાગ એમ જે લખ્યું છે તે શેષનાગ આન્ધ્રના પ્રક્રિયાકૌમુદીકાર રામચંદ્રના કુળનો શેષનાગ (શેષ-નાગોજી) નથી. કારણ કે શેષ નાગોજી હોય તો તે રામચંદ્રના ભાઈ નૃસિંહનો પૌત્ર છે અને તેણે વેદાંગજ્યોતિષ ઉપર ભાષ્ય લખ્યું હોય તો વિઠ્ઠલની જાણમાં હોત અને તેણે તેનો ઉલ્લેખ કર્યો હોત. પણ તેવું નથી. એટલે તેણે વેદાંગજ્યોતિષભાષ્ય લખ્યું હોય તેમ જણાતું નથી. છતાં તેણે વેદાંગ-

જ્યોતિષભાષ્ય લખ્યું છે એમ માનીએ તો તેમાં પણ વિકસિત ખગોળશાસ્ત્રીય જ્યોતિઃ શાસ્ત્રના જ્ઞાનની ઝલક આવવી જોઈએ. કારણ કે તે વખતે ભાસ્કરાચાર્ય અને તેમના પછીના બીજા વિદ્વાનોના ગ્રંથોનો સારો પ્રચાર થઈ ચૂકયો હતો. ભાષ્યકાર તેનાથી અનભિજ્ઞ હોય તે બને જ નહિ તેથી જે ભાષ્ય સોમાકરના નામથી મળે છે, તે શેષ નાગનું હોઈ શકતું નથી. એટલે શેષ નાગે કોઈ ભાષ્ય લખ્યું હોય તો તે બીજું જ હોવું જોઈએ.

બીજું વળી રામચંદ્રના પુત્ર નૃસિંહે રામચંદ્રની કાલ નિર્ણયદીપિકાનું વિવરણ લખ્યું છે. આ વિવરણ સાથેનો ગ્રંથ તેની જાણમાં હોવો જ જોઈએ. અને જો તે જાણતો હોય તો ઇષ્ટકાલ નિર્ણય જે રામચંદ્રે આપ્યો છે,[૧૬] અને તેનું વિવરણ કરતાં નૃસિંહે જે વાકયો ઉદ્ધૃત કર્યાં છે, તેનો પણ તેણે ઉપયોગ કર્યો હોત. આમ કાલનિર્ણયદીપિકાનું નામ તેમાં અનાયાસે પણ આવી જવું જોઈતું હતું. તે નથી તે જ બતાવે છે કે જે ભાષ્ય સોમાકરના નામથી મળે છે તેનો કર્તા શેષ નાગ (શેષ નાગોજી ઈ.સ. ૧૪૬૦ લગભગ) નથી.

સોમાકર પોતાના ભાષ્યમાં પ્રમાણ તરીકે વૃદ્ધગર્ગસંહિતા તથા શ્રુતિ વાક્યો ટાંકે છે. ફક્ત એક જ જગ્યાએ તે **च युगा द्वादश । वैष्णवो बार्हस्पत्य०** ઇત્યાદિ. કોશની જરૂર પડી છે ત્યાં નિઘંટુની અને શબ્દનિરૂપણ (વ્યુત્પત્તિ) માટે નિરૂક્તની પંક્તિઓ ટાંકે છે. અમરકોશ આદિ કોઈનો ઉપયોગ કરતો નથી. આમ બીજા ગ્રન્થો છોડી તેણે ગર્ગસંહિતાનો જ ઉપયોગ કર્યો છે તે તેને પ્રાચીનકાળનો ઠરાવવાનું મહત્ત્વનું કારણ ઠરે છે. તેની સાથે અમરકોશાદિનો ત્યાગ પણ તેવું જ કારણ છે. પરન્તુ તેથી તે વરાહમિહિર કરતાં પણ પ્રાચીન હોય તેમ ઠરતું નથી. કારણ શ્લોક પાંચમાની વ્યાખ્યા કરતાં (**युगस्य पंचवर्षस्य**ની વ્યાખ્યા કરતાં) **ते च युगा द्वादश... तैः षष्ट्यब्द निष्पत्तिः** આવું જે પાંચ વર્ષનો એક યુગ અને તેવા બાર યુગો મળી (૫ × ૧૨ = ૬૦) સાઠ વર્ષનું સંવત્સરચક્ર બનાવે છે તે તેને વરાહમિહિરની પછીનો સાબિત કરે છે. કારણ ગર્ગસંહિતામાં પ્રભવાદિ સાઠ સંવત્સરો નથી. **बृहस्पते मध्यमराशिभोगाच्छंवत्सरं सांहितिका वदन्ति** એ સંવત્સર પદ્ધતિ જ ગર્ગસંહિતામાં નથી. પણ બૃહસ્પતિના નક્ષત્રભોગથી કાર્તિકાદિ બાર સંવત્સરો છે. સાઠ સંવત્સરની પદ્ધતિ સર્વપ્રથમ શ્રીપતિની રત્નમાલામાં જોવામાં આવે છે. ત્યાં ધનિષ્ઠારંભે સૂર્ય, ચંદ્ર, તથા બૃહસ્પતિ આવે ત્યારે પ્રભવનો આરંભ થાય અને સાથે સાથે માઘશુક્લ પ્રતિપદ અને ઉત્તરાયણનો પણ આરંભ થાય આવું વિધાન છે.[૧૭] તે જ વિધાન સોમાકરે પણ સ્વીકાર્યું છે. આગળ જતાં આ પદ્ધતિ પડતી મૂકાઈ છે અને બૃહસ્પતિના મધ્યમરાશિભોગ જેટલાકાળને સંવત્સર માની મેષાદિ બાર રાશિના બાર સંવત્સરોની પાંચ આવૃત્તિથી સાઠ સંવત્સરોની ગણના સ્વીકારી લીધી છે. એટલે તે પહેલાં ચાલતી પદ્ધતિ જેનો જેનો ખ્યાલ સર્વ પ્રથમ વરાહે આપ્યો છે, અને જે શ્રીપતિ પછીના ગ્રન્થોમાં દેખાતી નથી તેનો ઉપયોગ સોમાકરે કરેલો હોવાથી તે વરાહમિહિરથી લઈ શ્રીપતિ સુધીના ગાળામાં (ઈ. સ. ૫૦૬થી ઈ. સ. ૧૦૩૯)માં ગમે ત્યારે થયો હોય તેમ માનવું પડે તેવું છે.

---

૧૬ રામચંદ્રની કાલનિર્ણયદીપિકા, પર્વકાલનિર્ણય, શ્લોક ૧

૧૭ શ્રીપતિકૃત રત્નમાલા, સંવત્સર પ્રકરણ ૧, શ્લોક ૧૨-૧૫

બીજું વળી ભાષ્યનો ઉપસંહાર જોતાં નષ્ટ થએલી યાગાદિ ક્રિયાઓ યથા કાલે થાય તો જ સારૂં ફળ આપનારી બને તેટલા માટે યોગ્યકાળનું જ્ઞાન જે કરાવી શકતો હોય તે જ યજ્ઞને વાસ્તવિક કરાવી શકે છે, આવું જે કંઈ સોમાકરે કહ્યું છે તે લુપ્ત થએલા બ્રાહ્મણધર્મના પુનરૂત્થાનકાળનો માણસ જ કહી શકે કારણ પછી તો બધા નિયમો બની ગયેલા અને ધર્મશાસ્ત્રીય નિબંધો રચાઈ ગએલા જોવા મળે છે. સોમાકરને વેદાંગજ્યોતિષભાષ્ય લખવાનું પ્રયોજન તે પોતે વેદજ્ઞ હોવાથી યજ્ઞક્રિયાનો વાસ્તવિક કાળે આરંભ થાય તે માટે વાસ્તવિક કાળના જ્ઞાન માટે કારણભૂત એવું વેદાંગજ્યોતિષ નષ્ટ-ભ્રષ્ટ અવસ્થામાં હતું છતાં પોતાની પ્રતિભાનો ઉપયોગ કરી યથાશક્ય ભાષ્ય લખવા પ્રેરાયો છે તેમ લખે છે.

આ કાળ ઈ.સ.ના આઠમા સૈકા પછીનાં સો બસો વર્ષનો (ઈ.સ. ૭૯૦ અને ૧૦૦૦ વચ્ચેનો વખત) છે.[૧૮] જેમાં બ્રાહ્મણધર્મ પુનઃ સારી રીતે જામી જાય છે. સોમાકર આ કાળનો હોય તે ધારણા સાચી ઠરે તેમ છે.

શ્રીપતિનો સમય ઈ.સ. ૧૦૩૯ લગભગનો છે. આ કાળમાં કર્ણાટક પ્રદેશમાં શેષકુળ હતું તેમ આગળ જણાવી ગયા છીએ. લક્ષ્મીધરની સાતમી પેઢીએ થએલ શેષવંશનો શિરોમુગટ મહાદેવ ઈ.સ. ૧૦૪૦ લગભગનો ઠરે છે. એટલે સોમાકર તેનો સમકાલિક અને સગોત્રી (શેષકુળનો હોવાથી) હોય તો તેમ બનવું અસંભવિત નથી. તેથી તેનો સમય ઈ.સ. ૧૦૦૦ લગભગ માનવામાં વાંધો નથી.

આમ સોમાકર 'શેષ સોમાકર' હોવા સાથે પ્રાચીન પણ ઠરે છે. અને તેણે વેદાંગજ્યોતિષનું ભાષ્ય લખતી વખતે પોતાના કાળમાં પ્રસાર પામેલા જ્યોતિષજ્ઞાન જેટલીજ યોગ્યતા ધરાવી હોય તે પણ બનવા જોગ છે. એટલે શ્રી સુધાકર દ્વિવેદીજી તેને જ્યોતિષશાસ્ત્રના ગહન વિષયોથી અનભિજ્ઞ જુએ તો તેમાં આશ્ચર્ય જેવું રહેતું નથી. કારણ પાછળથી વિકસિત થએલા જ્ઞાનથી તે વંચિત હોય જ.

બીજું સ્વ. દીક્ષિતના લેખમાં સોમાકરની વિસ્તૃત તથા સંક્ષિપ્ત એવી બે ટીકાઓનો ઉલ્લેખ છે. તેમાં વિસ્તૃત ટીકા એ સોમાકરનું ભાષ્ય છે અને જે સંક્ષિપ્ત ટીકા કે જેને છેડે કે આદિમાં ક્યાંક ટીકાકારનું નામ નથી તે કદાચ શેષ ગોવિન્દની ટીકા હોય તો તે બનવા જોગ છે. અમોને તે ટીકા જોવા મળી નથી એટલે કંઈ પણ નિશ્ચયાત્મક કહી શકતા નથી. તેમજ શેષ ગોવિન્દનું જ્યોતિષભાષ્ય કે શેષ નાગ (શેષ નાગોજી)નું વેદાંગજ્યોતિષભાષ્ય ઇન્ડિયન એન્ટીકવેરીમાંના લેખના લેખક શ્રી એસ.પી.વી. રંગનાથસ્વામી આર્યવર ગુરુ (વિજાગાપટ્ટન)ની સૂચિમાંથી જ જાણવા મળ્યું છે. જેની અત્યાર પહેલાંના કોઈ લેખકે છણાવટ કરી નથી. તે ઉપર શક્ય વિચાર કર્યો છે.

આમ સોમાકરનું સ્થળ કર્ણાટક પ્રદેશ અને પ્રાચીનતા સાથે કાળની મર્યાદા રેખા ઈ.સ. ૧૦૦૦ લગભગની ઠરે છે. જો તેને તેટલો પ્રાચીન ન માનીએ તો શેષ નાગોજી તરીકે ઈ.સ. ૧૪૬૦-

---

૧૮ પ્રો. મેકડોનલ, સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, ગુજરાતી આવૃત્તિ, પ્ર. પોપ્યુલર પબ્લિશીંગ હાઉસ સૂરત, સને ૧૯૬૮, પ્રાસ્તાવિક પૃ. ૧૦ ઉપરની ફૂટનોટ.

૧૪૭૦ની મર્યાદારેખાનો માનવો પડશે. જો પ્રાચીન માનીએ તો તેને હારિતગોત્રી કૃષ્ણયજુર્વેદની આપસ્તંબ શાખાનો ગણવો પડશે. જો પછીનો માનીએ તો ઋગ્વેદી કૌણ્ડિન્યગોત્રનો માનવો પડશે. આમાંથી તે પોતાના ભાષ્યમાં કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીયસંહિતામાંથી શ્રુતિવાક્યો ટાંકતો હોવાથી કૃષ્ણયજુર્વેદી અને તેથી પ્રાચીન કાળનો ઈ.સ. ૧૦૦૦ લગભગનો માનવો પડે તેમ છે. આ માન્યતા વધારે ઉચિત છે. તેની શૈલી પણ તે પ્રાચીન કાળનો હોય તેમ દર્શાવે છે, એટલે તેને પ્રાચીન કાળનો (ઈ.સ. ૧૦૦૦ લગભગનો) માનવો એ જ બુદ્ધિગ્રાહ્ય મત છે.

# હાલાર પ્રદેશ અને હાલારી વાક્સ્વરૂપ: ઐતિહાસિક ભૂમિકા

શાન્તિભાઈ આચાર્ય

**પ્રાચીન સંદર્ભો:**

આજનો ગુજરાત નામે ઓળખાતો પ્રદેશ પ્રાચીન સમયમાં આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટ[1] એવાં ત્રણ જુદાં જુદાં નામોથી ઓળખાતા પ્રદેશ વિસ્તારોનો બનેલો હતો. આ ત્રણે પ્રાચીન ભૂ-વિસ્તારોની ચોક્કસ ભૌગોલિક સીમારેખાઓ દર્શાવવાનો અહીં પ્રયત્ન કર્યો નથી. પરંતુ આ વિસ્તારો ભૌગોલિક રીતે ભિન્ન હતા તેટલું જ પ્રાચીન સંદર્ભોની મદદથી અહીં દર્શાવવામાં આવ્યું છે.

પ્રાચીન સંદર્ભો લાટ અને સૌરાષ્ટ્રને સ્પષ્ટ રીતે ભિન્ન કરી આપે છે. આજના પ્રદેશો સાથે સરખાવીને કહેવું હોય તો, આજનો સૌરાષ્ટ્ર પ્રદેશ તે પ્રાચીન સંદર્ભોનો પણ સૌરાષ્ટ્ર અને આજનું સમસ્ત દક્ષિણ ગુજરાત તે પ્રાચીન સંદર્ભોનો લાટ પ્રદેશ એમ જાડી રીતે કહી શકાય. પરંતુ આનર્ત વિષે આટલી સ્પષ્ટ રીતે કહી શકાય તેમ નથી. પ્રાચીન સંદર્ભો આ પ્રદેશ અંગે ભિન્ન મતો દર્શાવે છે. કેટલાક વિદ્વાનોના મતે આનર્ત અને સૌરાષ્ટ્ર એ બંને જુદા જુદા વિસ્તારો હતા તો બીજા કેટલાક આ બંનેને જુદા વિસ્તારો નહીં ગણતાં સૌરાષ્ટ્રને આનર્ત વિસ્તારનો ભાગ ગણીને ચાલવાના મતના છે.[2] આજનું સમસ્ત ઉત્તર ગુજરાત પ્રાચીન સમયના આનર્ત વિસ્તારમાં સમાઈ જતો પ્રદેશ છે તેમ કહી શકાય.

અહીં આપણે સૌરાષ્ટ્રમાં આવેલા હાલાર પ્રદેશની ઐતિહાસિક ભૂમિકા તપાસવાની હોવાથી ઉપર્યુક્ત પ્રાચીન સંદર્ભોમાંથી અન્ય બંનેને છોડીને સૌરાષ્ટ્ર પ્રદેશને જોઈએ.

સૌરાષ્ટ્રના નામની બાબતમાં જોતાં મહાભારત, પાણિનિના ગણપાઠ, રુદ્રદામન (ઈ.સ. ૧૫૦) અને સ્કંદગુપ્ત(ઈ.સ. ૪૫૬)ના ગિરનારના શિલાલેખો અને કેટલાંક વલ્લભી તામ્રપત્રો પરથી જણાય છે તેમ આ નામ સુરાષ્ટ્ર તરીકે પ્રચલિત હતું. પ્રાકૃત સાહિત્યમાં આના સુરઠ અને સુરઠ્ઠ એવાં બે રૂપો પ્રચલિત જણાય છે.[3]

સૌરાષ્ટ્ર અંગેના આ સિવાયના બીજા ઘણા બધા સંદર્ભો પ્રાચીન સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. મુંબઈ ગેઝેટિયર પ્રમાણે મેગેસ્થિનસ (ઈ.સ.પૂ. ૩૦૦) પાતાલનું વર્ણન "બહુવિશ્વાસ-

---

૧ ગેઝેટિયર ઑફ ધ બૉમ્બે પ્રેસિડેન્સી, વૉલ્યુમ ૧, પાર્ટ ૧, (હિસ્ટરી ઑફ ગુજરાત), બૉમ્બે (૧૮૯૬ એ. ડી.), પૃ. ૬.

૨ એજન, પૃ. ૬.

૩ એજન, પૃ. ૬.

પૂર્વક" સૌરાષ્ટ્રને લાગુ પાડી શકાય તેવું છે.[૪] ટૉલેમી (Ptolemy–150 A.D.)માં પણ 'સૌરાસ્ત્રેને' (Saurastrênê)નો ઉલ્લેખ મળે છે. આ પ્રદેશને તેમણે રણની દક્ષિણે નહીં મૂકતાં સિંધુના ત્રિકોણિયા પ્રદેશમાં મૂક્યો છે.[૫] એક કોસમસ ઇન્ડિકોપ્લેસ્તસ (Kosmos Indik-opleustes) નામના પાદરી નાવિક જેણે ઈ.સ. ૫૩૦ થી ૫૫૦ની વચ્ચે ટોપોગ્રાફિઆ ક્રિશ્ચિઆના (Topographia Christiana)પુસ્તક લખ્યું છે, તે પણ જણાવે છે કે ઓરહોથા (Orrhotha)ને પોતાનો રાજવી હતો.[૬] આપણે ઉપર નોંધ્યું છે તે ગેઝેટિયરના મતે આ ઓરહોથા તે સૌરાષ્ટ્રનું આજનું વેરાવળ.

આરબોએ ઈ.સ. ૬૪૧-૪૨ની ઇજિપ્ત પરની જીત પછીથી રોમન સામ્રાજ્ય સાથેનો વ્યવહાર બંધ કર્યો તે પહેલાંના સૌરાષ્ટ્ર વિષે મળતા આ પ્રાચીન સંદર્ભો છે.

જૈન અને બુદ્ધ સાહિત્યમાં સૌરાષ્ટ્રનો સુરઠ્ઠ તરીકે ઉલ્લેખ છે અને તેની રાજધાનીને બારાવઈ (Baravai) કહી છે. સૌરાષ્ટ્રનું રાજ્ય એ અનાર્ય પ્રદેશ હતો તેમ આ સાહિત્ય જણાવે છે. આથી આ પ્રદેશમાં રાજા સંપ્રતિ (ઈ.સ.પૂ. ૨૦૦)ના શાસન પછીથી જ જૈન મુનિઓને ધાર્મિક પ્રચારની છૂટ અપાઈ હતી.[૭]

એમ કહેવાય છે કે આચાર્ય કાલક પારસકુળમાંથી ૯૬ રાજવીઓને અહીં લાવ્યા અને સમગ્ર પ્રદેશને ૬ મંડળમાં વિભાજી દીધો.[૮]

ઇતિહાસના પ્રથમ તબક્કામાં બારાવઈ રાજધાની ધરાવતો પ્રદેશ સૌરાષ્ટ્ર મંડળ તરીકે ઓળખાતો હતો. એમ જણાય છે કે જૈન સાહિત્યની આ બારાવઈ (દ્વારાવતિ) અને પેરીપ્લસ-(Periplus)ની બારાકે (Barake) એ બંને નામોના ચીલા આજની દ્વારકામાં જળવાયા છે.

## આજનો હાલાર પ્રદેશ :

આજનો હાલાર પ્રદેશ ભારતના પશ્ચિમ કિનારે ઉત્તર અક્ષાંશ ૨૧°-૪૭′ થી ૨૨°-૫૭′ની વચ્ચે અને પૂર્વમાં ૬૮°-૫૭′ થી ૭૦°-૩૦′ રેખાંશ વચ્ચે આવેલો છે.[૯] આજના ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓ પૈકીનો તે એક જિલ્લો છે. ઈ.સ. ૧૯૬૦ના મે માસની ૧ તારીખે ગુજરાતનું દ્વિભાષી રાજ્ય મુંબઈમાંથી છૂટું થઇને સ્વતંત્ર બન્યું ત્યાર પછીથી હાલાર જિલ્લાને તેના મુખ્ય શહેર જામનગર પરથી જામનગર જિલ્લો એવું નામ આપવામાં આવ્યું છે.

---

૪ એજન, પૃ. ૫૩૪.

૫ એજન, પૃ. ૫૩૮.

૬ એજન, પૃ. ૫૪૭.

૭ 'લાઈફ ઇન ઍન્સિયન્ટ ઇન્ડિયા ઍઝ ડિપિક્ટેડ ઇન ધ જૈન કેનન્સ'—જગદીશચંદ્ર જૈન, બૉમ્બે (૧૯૪૭, એ.ડી.), પૃ. ૨૫૩

૮ 'પ્રિ-બુદ્ધિસ્ટ ઇન્ડિયા'—રતિલાલ એન. મહેતા, બૉમ્બે, (૧૯૩૯ એ.ડી.), પ્ર. ૩, પૃ. ૩૩૯

૯ સેન્સસ ૧૯૬૧, ગુજરાત, જામનગર ડિસ્ટ્રીક્ટ, પૃ. ૩.

હાલાર એવું નામાભિધાન કરનાર આ પ્રદેશના સ્થાપક રાજ્યકર્તા જામ શ્રી રાવળજી હતા. રાવળજી કચ્છમાંથી ઊતર્યા અને આ પ્રદેશ જીતી લીધો. તેમણે ઈ.સ. ૧૫૪૦માં પ્રદેશની રાજધાની તરીકે નવાનગરની સ્થાપના કરી અને પોતાના પૂર્વજ હાલાજીના નામથી સમગ્ર વિસ્તારને હાલાર પ્રદેશ નામ આપ્યું.[૧૦] સદ્‌ગત ડોલરરાય માંકડના મતે નવાનગરની સ્થાપનાનું વર્ષ ઈ.સ. ૧૫૪૮નું નહીં પરંતુ ૧૫૩૯નું હોય તેમ જણાય છે.[૧૧] આજે આ શહેર જામનગર તરીકે ઓળખાય છે, અને આપણે ઉપર નોંધ્યું છે તે મુજબ આ શહેર પરથી સમસ્ત જિલ્લાને પણ જામનગર જિલ્લો એવું નામ આપવામાં આવ્યું છે.

આ જિલ્લાની ઉત્તર-દક્ષિણ વધારેમાં વધારે લંબાઈ ૮૦ માઈલની છે અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૧૦૪ માઈલની છે. જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૪૦૨૦.૧ ચોરસ માઈલ છે.[૧૨]

આ જિલ્લાની ઉત્તરે, કચ્છનો અખાત છે અને દક્ષિણે જૂનાગઢ જિલ્લો આવેલો છે. તેની પૂર્વ તરફની હદ રાજકોટ જિલ્લાથી અને પશ્ચિમ તરફની અરબી સમુદ્રથી બંધાયેલી છે. જરા હળવાશથી કહીએ તો જિલ્લાનો આકાર કંઈક અંશે દેશી નાવડીને મળતો આવે છે તેમ કહી શકાય. આ સાથે રહેલો નકશો આ વાતની શાખ પૂરશે.

## વસ્તી :

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ હાલાર જિલ્લાની કુલ વસ્તી ૧૧,૧૧,૩૪૩ થાય છે. આમાંનો મોટો ભાગ ગ્રામવાસી છે. કુલ વસ્તીમાંથી ગ્રામવાસી વસ્તીની સંખ્યા ૭,૧૮ ૯૩૬ છે તે કુલ વસ્તીના ૬૫.૬૯ ટકા થાય છે.[૧૩]

## ભાષાઓ :

હાલાર વિસ્તારમાં ગુજરાતી ભાષાનું જે સ્વરૂપ બોલાય છે તેને હાલારી બોલીના નામે ઓળખવામાં આવે છે. જિલ્લાના ઓખા તાલુકા સિવાય બધા જ વિસ્તારોમાં મુખ્યત્વે આ સ્વરૂપ પ્રચલિત છે. ઓખા તાલુકામાં મુખ્ય વસ્તી વાઘેર કોમની છે અને વાઘેરો હાલારી મિશ્રિત કચ્છીનો ઉપયોગ કરે છે. આ સ્વરૂપને કેટલાક સ્થાનિક લોકો "જાડેજી" તરીકે પણ ઓળવાવે છે. આ તાલુકા પૂરતી આ વસ્તી મુખ્ય હોવા છતાં જિલ્લાની સમગ્ર વસ્તીની સરખામણીએ તો તે નગણ્ય કહેવાય તેવી છે. ૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે આ પ્રદેશમાં બોલાતી ભાષાઓની વિગત નીચે મુજબ છે. ૧૯૭૧ના આ અંગેના આંકડા પ્રાપ્ત બન્યા નથી.

---

૧૦ 'યદુવંશપ્રકાશ અને જામનગરનો ઇતિહાસ'—માવદાનજી ભીમજીભાઈ રત્નુ, જામનગર, (ઈ. સ. ૧૯૩૪), પૃ. ૯૨.

૧૧ 'જામવિજય કાવ્ય',—ડોલરરાય ર. માંકડ, 'સ્વાધ્યાય', પુસ્તક ૩, અંક ૪, પૃ. ૪૦૨.

૧૨ સેન્સસ, એજન, પૃ. ૫

૧૩ જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા (૧૯૭૧), જામનગર જિલ્લો, પૃ. ૧૧


GULF OF KUTCH
ARABIAN SEA
JUNAGADH DIST.
RAJKOT DIST.
N
SCALE :-1" APPROX. 25 KM.
50'
69'
10'
20'
69'-30'
40'
50
70'
23'
22'
30'
22'


જામનગર જિલ્લો

### ૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ ભાષાઓની વહેંચણી[૧૪] :

| અનુ. નં | મુખ્ય મુખ્ય ભાષાનું નામ | કુલ વસ્તીના ટકા | ગ્રામ | શહેરી |
|---|---|---|---|---|
| | બધી ભાષાઓ કુલઃ | ૧૦૦% | ૧૦૦% | ૧૦૦% |
| ૧ | ગુજરાતી | ૯૫.૪૮ | ૯૮.૭૯ | ૮૯.૪૮ |
| ૨ | મરાઠી | ૦.૨૬ | ૦.૦૫ | ૦.૬૨ |
| ૩ | હિન્દી | ૦.૪૫ | ૦.૦૬ | ૧.૧૫ |
| ૪ | સિંધી | ૦.૬૧ | ૦.૦૮ | ૧.૫૭ |
| ૫ | ઉર્દૂ | ૦.૪૫ | ૦.૧૯ | ૦.૯૨ |
| ૬ | ગઢવાલી | ૦.૦૭ | — | ૦.૨૧ |
| ૭ | કચ્છી | ૧.૯૬ | ૦.૭૫ | ૪.૧૫ |
| ૮ | તામીલ | ૦.૧૪ | ૦.૦૧ | ૦.૪૦ |
| ૯ | પંજાબી | ૦.૧૧ | — | ૦.૩૧ |
| ૧૦ | મલયાલમ | ૦.૧૨ | ૦.૦૧ | ૦.૩૨ |
| ૧૧ | અન્ય | ૦.૩૫ | ૦.૦૬ | ૦.૮૭ |

### હાલારના પ્રાચીન વસવાટો :

આ વિસ્તારના સૌથી જૂના વસાહતીઓ તરીકે શર્યાતો અને યાદવોને ગણી શકાય. શર્યાતોના સમયની પૌરાણિક નગરી કુશસ્થલિનો આવેતુ યાદવોએ કબજો લઈને દ્વારાવતિ નામ આપ્યું હતું. આ દ્વારાવતિના સ્થળનિર્ણયમાં હજી મતમતાંતરો પ્રવર્તે છે.

યાદવો સ્થિર થયા બાદ ધનસંપત્તિ અને સત્તા પરત્વે ખૂબ ફાલ્યા ફૂલ્યા. એક વાર તેઓ પ્રભાસ પાટણ મિજબાની અર્થે ગયા ત્યારે ત્યાં ખૂબ જ દારૂ પીને અંદરોઅંદર લડી, ઘણાખરા કપાઈ મૂઆ. આ ખબર મળતાં યાદવોના સગા અર્જુને હસ્તિનાપુરથી દોડી આવીને મૃતદેહોની અંતિમ વિધિ કરી અને જેઓ બચ્યાં હતાં તેવાં મુખ્યત્વે સ્ત્રીઓ અને બાળકોને લઈને તેણે હસ્તિનાપુર પાછા જવા પ્રયાણ કર્યું. પરંપરાએ કહેવાતું આવ્યું છે કે પાછા ફરતી વખતે તેને આભીરોએ લૂંટી લીધો. નીચેની લોકોક્તિ જે હતાશ માણસોને સાંત્વન આપવા માટે હજી આજે પણ ગુજરાતી ભાષામાં વપરાય છે તેમાં આ પ્રસંગનાં મૂળ હોય તેવું લાગે છે :

સમય સમય બળવાન હૈ નહીં પુરુષ બળવાન,
કાબે અરજુન લુંટિયો એ હી ધનુષ એ બાણ.

પરંપરા એમ પણ જણાવે છે કે આ બધાંએ દ્વારકા નગરી છોડી એટલે તરત જ સમુદ્રે એ નગરીને પોતાની ગોદમાં સમાવી લીધી. દ્વારકા ડૂબી ગઈ હતી તે ઘટનાને સાહિત્ય અને લોકોક્તિનો બંનેનો ટેકો મળે છે.[૧૫] ડૉ. હસમુખ સાંકળિયાએ અત્યારના દ્વારકા શહેરમાં

---

૧૪ સેન્સસ, ૧૯૬૧, એજન, પૃ. ૫.

૧૫ 'દ્વારકા ઇન ટ્રેડિશન ઍન્ડ આર્કિઓલૉજી'—એચ. ડી. સાંકળિયા, ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા, ૨ જૂન, ૧૯૬૩, પૃ. ૬.

ખોદકામ કરીને પુરાતત્ત્વની દૃષ્ટિએ જે સંશોધન રજૂ કર્યું છે તે દ્વારકાના ડૂબવાની પારંપારિક વાતને સમજવામાં મદદરૂપ થાય તેમ છે.

ખોદકામમાંથી પ્રાપ્ત થયેલ માટીકામના પુરાવાઓ ડૉ. સાંકળિયાને એમ માનવા પ્રેરે છે કે જે દ્વારકા ડૂબી ગઈ તેમાં જે વસાહતીઓ હશે તે કાં તો રાજસ્થાન અને કાં સિંધમાંથી અહીં ઊતરી આવ્યા હશે. આ વસાહત ડૂબી ગયા બાદ તરતમાં જ ૨૫ ફૂટ ઊંચા રેતીમા ટીંબા પર એ બીજી વસાહત શરૂ થઈ હશે. આ સમય ગુજરાત અને માળવામાં ક્ષત્રપો રાજ્ય કરતા હતા તે ઈ.સ.ની બીજી-ત્રીજી શતાબ્દીનો હશે. ડૉ. સાંકળિયા માને છે કે ઈ.સ.ની પહેલી શતાબ્દીના ગણાતા ગ્રીક પ્રવાસ-ગ્રન્થ 'પેરીપ્લસ'માં ઉલ્લેખાયેલી "બારાકે" કદાચ આ ટીંબા પરની નગરી હોય.

ક્ષત્રપોના રાજ્યકાળ ( આશરે ઈ.સ. ૧૦૦થી ૪૦૦ ) વિષયક, આપણને તેમના અનેકવિધ લેખો પરથી બહુમૂલ્ય માહિતી મળે છે. હાલારમાં જામનગર જિલ્લાના ભાણવડ મહાલના ગુંદા ગામના એક અવાવરું કૂવાના તળિયેથી પથ્થર પર કોતરાયેલો એક ક્ષત્રપકાલીન લેખ મળેલો છે.[૧૬] આ લેખમાં સાલના આંકડા ૧૦૩ વંચાય છે અને કૂવાનું ખોદાણ અને બાંધકામ રસોપદ્ર નામના સીમાડે લોકોના વપરાશ માટે કરવામાં આવ્યું છે તેમ લખેલું છે. રસોપદ્ર ગામનો સ્થળનિર્ણય હજી થઈ શક્યો નથી. પરંતુ આ ઉપરથી ક્ષત્રપકાળ દરમિયાન આ વિસ્તાર તેમના શાસન તળે હોવાનું અનુમાન કરી શકાય ખરું.

ગુપ્તોની પડતીના અને સૈન્ધવોની ચઢતી( આશરે ઈ. સ. ૭૫૦ )ના કાળ દરમિયાન આ વિસ્તાર મૈત્રકોની સત્તા તળે હોવાનું જણાય છે. મૈત્રકોના તાબામાં એવા આ સૈન્ધવોએ સિન્ધમાંથી ઊતરી આવી પશ્ચિમ સૌરાષ્ટ્રમાં આણ પ્રવર્તાવીને ભુતુમ્બિલિકા નામે રાજધાની સ્થાપી. આ સ્થળ તે આજના ભાણવડ કસબાથી પાંચેક કીલોમીટર દૂર આવેલા ઘુમલીને ગણાવવામાં આવે છે. આ ભુતુમ્બિલિકા કે ભુમલીમાં એક જેકદેવ નામનો રાજા રાજ્ય કરતો હતો તેવું એક તામ્રપત્ર વિ. સં. ૭૯૪ એટલે કે ઈ. સ. ૭૩૮નું ઓખા તાલુકાના ધિણકી ગામેથી મળી આવ્યું છે. પણ આ તામ્રપત્રના ખરાપણા વિશે ડૉ. ભગવાનલાલ[૧૭] અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી[૧૮] એ બે વિદ્વાનોએ શંકા પ્રગટ કરેલી છે.

ડૉ. શાસ્ત્રીનો સૈન્ધવ રાજવીઓ વિશે એવો મત છે કે સૈન્ધવો સૌરાષ્ટ્રના આ પશ્ચિમ ભાગમાં ઈ. સ.ના આઠમા-નવમા સૈકામાં રાજ્ય કરતા હતા. મહા સામંત રાણકે ઈ. સ. ૮૬૦ થી ૮૮૦ સુધી પચ્છત્રી નામે ઓળખાતા પ્રદેશમાં રાજ્ય કર્યું હતું. આ પચ્છત્રી તે આજના ભાણવડ

---

૧૬ 'એ ન્યૂ ક્ષત્રપ ઇન્સ્ક્રિપ્શન'—ડૉ. બ્યુલર, ઇન્ડિયન એન્ટિક્વિરી, વૉ. ૧૦, ૧૮૮૧ જૂન, પૃ. ૧૫૭-૮ અને 'હિસ્ટોરિકલ ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ ગુજરાત'—ગિરિજાશંકર વલ્લભજી આચાર્ય, ભાગ ૧, બૉમ્બે, ૧૯૩૩, પૃ, ૨૧.

૧૭ ગેઝેટિયર, એજન, પૃ. ૧૩૭.

૧૮ 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ', ડૉ. હરિપ્રસાદ ગ. શાસ્ત્રી, અમદાવાદ (ઈ. સ. ૧૯૬૪), પૃ. ૧૪૯.

તાલુકામાં આવેલા પાછતરડી ગામથી ઓળખાવી શકાય. લગભગ નવમી સદીના ઉત્તરાર્ધમાં 'નવસુરાષ્ટ્ર મંડલ'માંના[૧૯] "જયેષ્ઠકુલદ્ધો" વિસ્તારમાં આવેલી ભુતમ્બિલિમાં એક બાસ્કલદેવ નામનો રાજા રાજ્ય કરતો હતો.

આ સમય દરમિયાન સિંધના જાડેજા રજપૂતોએ સંભવતઃ કચ્છ દ્વારા આ પ્રદેશ પર ચડી આવવાનો આરંભ કર્યો.

ત્યાર બાદ ચૌલુક્ય સમય (ઈ. સ. ૯૬૧થી ૧૨૪૨) અને તેમની એક શાખા વાઘેલાઓના સમય (ઈ. સ, ૧૨૧૯ થી ૧૩૦૪) દરમિયાન, સ્થાનિક રાજ્યકર્તા જેઠવાઓએ તથા જાડેજાઓએ, એ બન્નેની સત્તાનો સ્વીકાર કર્યો હતો. આશરે ઇ. સ. ૧૩૧૬ની સાલમાં સિંધના જાડેજાઓએ જેઠવાઓની રાજધાની ઘુમલીનો નાશ કર્યો અને તેઓને પોરબંદરની પાસે આવેલા છાયા ગામે નસાડી મૂક્યા. આ હુમલા બાદ જાડેજાઓ ત્યાં જ રહ્યા હોય તેમ લાગતું નથી.

પછીથી ફરીને ઈ. સ. ૧૫૩૫ની સાલમાં જામ રાવળ હાલાની સરદારી હેઠળ જાડેજાઓ સૌરાષ્ટ્રમાં ચડી આવ્યા. જામ રાવળે ૧૫૪૦માં નાગના બંદર( નવાનગર ) વસાવીને આજુબાજુના પ્રદેશ પર પોતાની હકુમત સ્થાપી દીધી. સમગ્ર વિસ્તારને પોતાના વડવાના નામ પરથી 'હાલાર' એવું નામ આપ્યું.

## સૌરાષ્ટ્રમાં રાજકીય પ્રદેશ તરીકે હાલાર

મુસ્લિમ સમય ( ઈ.સ. ૧૩૦૪ થી ૧૭૬૦ ) દરમિયાન દ્વીપકલ્પ સૌરાષ્ટ્રનો એક ભાગ માત્ર કાઠિયાવાડ તરીકે ઓળખાતો હતો. આખો દ્વીપકલ્પ સોરઠના નામથી ઓળખાતો હતો. મીરાત-ઇ-એહમદી (હીજરી સંવત ૧૧૭૦ એટલે કે ઈ. સ. ૧૭૫૬)ના લેખકના જણાવ્યા પ્રમાણે સોરઠ પાંચ જિલ્લાઓમાં વહેંચાયેલો હતો. આ પાંચ જિલ્લાઓ તે હાલાર, કાઠિયાવાડ, ગોહિલવાડ, બાબરીઆવાડ, અને જેતવાડ. ઉપરાંત તે નોંધે છે કે નવાનગર એ જુદો જિલ્લો ગણાતો હોવા છતાં સોરઠની આવકમાં જ તેની આવકને સમાવવામાં આવતી હતી.

એક બીજા પરિચ્છેદમાં આ લેખક સૌરાષ્ટ્રના વિભાગને નીચે મુજબ સમજાવે છે :

"સૌરાષ્ટ્ર કે સોરઠમાં સોરઠ સરકાર, ઇસ્લામનગર સરકાર અને કચ્છ કે ભુજનગર સરકારનો સમાવેશ થાય છે. તેમાં કેટલાક જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે. આ જિલ્લાઓ તે નૈયદ જેને તેઓ જેતવાડ કહેતા તે, હાલાર કે નવાનગર અને તેની આજુબાજુનો વિસ્તાર, કાઠિયાવાડ, ગોહિલવાડ, બાબરીઆવાડ, ચોરવાડ, બાંછલ, જગત કે દ્વારકાથી જાણીતા સ્થળની પડોશમાં આવેલો ઓખાગીર, પ્રભાસક્ષેત્ર કે સોમનાથ અને તેની આજુબાજુનો વિસ્તાર, નાઘીર કે સાલઘોઘા નામે ઓળખાતો વિસ્તાર અને નળકાંઠા હાલાર એ દ્વીપકલ્પની ઉત્તર–પશ્ચિમે આવેલો છે."[૨૦]

---

૧૯ જુઓ, 'નવ-સુરાષ્ટ્ર મંડલ' નામનો લેખ—ડૉ. એચ. ડી. સાંકળિયા, જર્નલ ઑફ ધ ગુજરાત રિસર્ચ સોસાયટી, વો. ૨૯, ઑક્ટો. ૧૯૬૭, નં. ૪/૧૧૬, પૃ. ૨૪૫

૨૦ ગેઝેટિયર, એજન, પૃ. ૨૦૯

આખા એ દ્વીકલ્પને કાઠિયાવાડના નામથી ઓળખાવાનો ઇતિહાસ હજી હમણાંનો છે. ઈ.સ.ના ૧૮મા સૈકાના મધ્ય ભાગ સુધી સૌરાષ્ટ્રનો એક ભાગ જ કાઠિયાવાડ તરીકે ઓળખાતો. ત્યાર બાદ તે સદીના અંત ભાગમાં આ પ્રદેશમાં અંધાધૂંધી ફેલાઈ ત્યારે આ વિસ્તારના કાઠીઓએ જબરો ભાગ ભજવ્યો હતો. આ વિસ્તારમાં ખંડણી ઉઘરાવવા આવનારા મરાઠાઓને સૌથી વધારે સામનો આ કાઠીઓનો કરવો પડ્યો હતો. આથી આ મરાઠાઓએ આ સમસ્ત પ્રદેશને કાઠીઓના પ્રદેશ કાઠિયાવાડ તરીકે જ ઓળખાવ્યો. પછીથી બ્રિટીશરોએ આ વપરાશ ચાલુ રાખ્યો.[૨૧]

પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં અને સોળમાના આરંભમાં સૌરાષ્ટ્રમાંનો નવાનગરનો વિસ્તાર અમદાવાદના મુસ્લિમ રાજકર્તાઓના શાસન હેઠળ હતો અને ત્યાં જામ સ્થાનિક સત્તા ધરાવતા હતા. જામ એ કચ્છની મોટી અને કાઠિયાવાડમાં આવેલા નવાનગર કે નાના કચ્છની નાની એમ બંને જાડેજા શાખાઓનો ખિતાબ હતો.[૨૨]

ઈ.સ. ૧૬૬૨ની સાલમાં તત્કાલીન રાજ્યકર્તા જામ હતો તે પોતાની પાછળ નાનો બાળક વારસદાર મૂકીને મરી ગયો. જામના ભાઈએ આ બાળકને બાજુ પર રાખીને ગાદી પચાવી પાડી. મર્હુમ જામના એક નોકરે આ બાળકને અમદાવાદ લઈ જઈને બાળકના ગાદીના હક્ક માટે સુબાની મદદ માગી. સુબાએ બધું બરાબર ગોઠવવા માટે કુતુબુદ્દીન નામના ફોજદારને નવાનગર સામે મોકલ્યો. કુતુબુદ્દીને નવાનગરનો કબજો લઈ તે વિસ્તારને અમદાવાદ સાથે જોડી દીધો અને નવાનગરનું નામ ઈસ્લામનગર પાડ્યું. આ ઘટના ઈ.સ. ૧૬૬૪ની આજુબાજુની છે. પછીથી ઠેક ઔરંગઝેબના રાજ્યકાળ (ઈ.સ. ૧૬૫૮ થી ૧૭૦૭) સુધી આ પ્રદેશ મુસલમાન સુબાઓની હકુમત તળે રહ્યો.

ઔરંગઝેબના મૃત્યુ પછીથી ફરીને આ પ્રદેશ જામના કબજા હેઠળ આવ્યો. ત્યારથી માંડી ઠેક આશરે ઈ.સ. ૧૮૦૦ની સાલ સુધી તે જાડેજા રજપૂતોના તાબામાં રહ્યો. લગભગ આ કાળ દરમિયાન, નવાનગરના જામે પોરબંદર તાબાના કંડોરણાનો કિલ્લો બળજબરીથી કબજે કર્યો. પોરબંદરના રાજ્યકર્તાએ આ કિલ્લો પાછો મેળવવા માટે બ્રિટીશરોની મદદ માગી. આમ થવાથી બ્રિટીશરોનો ત્યાં પગપેસારો થયો. કર્નલ વૉકરે કંડોરણાનો કિલ્લો પોરબંદરને પાછો આપી દેવડાવ્યો અને સંધિમાં મૂકેલી શરતો સ્વીકારવાની જામને ફરજ પાડી.

ઈ.સ. ૧૮૬૩ની સાલ પહેલાં કાઠિયાવાડનો આખો વિસ્તાર રાજકીય રીતે જુદા જુદા દસ વિભાગોમાં વહેંચાયેલો હતો. તેની ઉત્તર-પશ્ચિમ સીમા–રેખાએ હાલાર અને ઓખામંડળ આવેલાં હતાં. બ્રિટીશરોને આ વિભાગો વહીવટ માટે અનુકૂળ નહીં પડવાથી તેઓએ સમસ્ત વિસ્તારને ઝાલાવાડ, હાલાર, સોરઠ, અને ગોહિલવાડ એવા ચાર વિભાગો કે પ્રાંતોમાં વહેંચી નાખ્યો. આ નવી રચનાની દેખરેખ મુંબઈ સરકારના અધિકારીઓ રાખતા અને આ અધિકારીઓ ઈ.સ. ૧૯૦૨માં મુંબઈ સરકારના એજન્ટના રાજકીય નાયબ અધિકારીઓ જેવા હોદ્દાથી ઓળખાતા. આ ચારે પ્રાંતમાં સૌથી મોટો હાલાર હતો. તેનું ક્ષેત્રફળ આશરે ૭૫૦૦ ચોરસ માઈલ હતું,

---

૨૧ ગેઝેટિયર, એજન, પૃ. ૨૦૯

૨૨ ગેઝેટિયર, એજન, પૃ. ૨૬૫ (પાદટીપ)

તેમાંનો અરધો વિસ્તાર તો નવાનગર રાજ્યનો હતો. આ હાલારમાં[૨૩] મોરબી, ગોંડલ, વાંકાનેર, ધ્રોળ અને રાજકોટ રાજ્યોનો સમાવેશ થતો હતો.

આ અને આ પછીના છેક આપણે સ્વતંત્રતા પ્રાપ્ત કરી તે ઈ.સ. ૧૯૪૭ના સમય સુધી આ વિસ્તાર પર જાડેજાઓનું રાજ્ય રહ્યું છે. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ દેશના બધા જ દેશી રજવાડાઓનું સાર્વભૌમ હિંદમાં એકીકરણ કરવામાં આવ્યું. એ વખતે કાઠિયાવાડના નવાનગર સહિતના બધા દેશી રજવાડાઓનું એકીકરણ કરીને સૌરાષ્ટ્ર રાજ્યની રચના કરવામાં આવી. આ નવી રચનામાં જૂના જે ચાર પ્રાંતો હતા તેની પુનર્રચના કરીને સૌરાષ્ટ્ર રાજ્યને પાંચ જિલ્લાઓમાં વહેંચી નાંખવામાં આવ્યું. આ પાંચ જિલ્લાઓ તે હાલાર, મધ્ય સૌરાષ્ટ્ર, ઝાલાવાડ, ગોહિલવાડ અને સોરઠ. આ તબક્કે હાલાર જિલ્લામાં મુખ્યત્વે નવાનગર રાજ્યનો વિસ્તાર સમાવિષ્ટ હતો. ત્યારથી માંડીને આજ સુધીમાં આ જિલ્લાના વિસ્તારોમાં ખાસ ફેરફારો થયા નથી બૃહદ્ મુંબઈ રાજ્યની રચના વખતે આ જિલ્લો તે રાજ્ય નીચે અને ૧૯૬૦ની ૧મેના રોજ નવું ગુજરાત રાજ્ય રચાયા બાદ તે આ રાજ્ય નીચે છે. ગુજરાત રાજ્યે સૌરાષ્ટ્રના પાંચમાંથી છ જિલ્લાઓ કરીને જ્યારે જિલ્લાના મુખ્ય શહેરનું નામ જિલ્લાઓને આપ્યું ત્યારે પણ હાલાર વિસ્તાર તો તેનો તે રહ્યો છે. માત્ર રાજકોટ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, અમરેલી અને ભાવનગર એવાં જિલ્લાનાં નવાં નામોની જેમ હાલારનું પણ જામનગર નામ રખાયું. ત્યાર પછીથી આ જિલ્લો જામનગર જિલ્લાના નામે ઓળખાય છે.

## માનવ અને ભાષા બંનેની આ વિસ્તારમાં પ્રાચીનતા :

અગાઉ એમ માનવામાં આવતું હતું કે પ્રાચીન સૌરાષ્ટ્રની ભૂમિમાં પ્રાચીન માનવનો વસવાટ ન હતો. પરંતુ ઝાલાવાડ કે સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલાં રંગપુર અને રોજડી, અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ, તેમ જ હાલાર કે જામનગર જિલ્લામાં આવેલાં લાખાબાવળ, આમરા અને વસાઈ જેવાં સ્થળોનાં ખોદકામ પરથી જણાય છે કે સૌરાષ્ટ્રના આવા ઘણા ભાગોમાં પ્રાચીન માનવ વસાહતો હતી.[૨૪] પ્રથમ પાષાણયુગનો માનવ, જેની ઝાંખી માત્ર થઈ શકે છે તેવા ભૂતકાળમાં જ્યારે પૂર્વ આફ્રિકા અને સૌરાષ્ટ્ર ભૂમાર્ગથી જોડાયેલાં હશે તે કાળે, ડૉ. સાંકળિયા અણસારો આપે છે તેમ, તે પૂર્વ આફ્રિકાથી સૌરાષ્ટ્રમાં આવ્યો હોય. પ્રાચન કાળનો વહેલામાં વહેલો જે મનુષ્ય અહીં આવ્યો હશે તે નેગ્રીટો કે નેગ્રોઇડ[૨૫] પ્રકારનો હશે તેમ ધારી શકાય. આ માનવીની જે કંઈ ભાષા હશે તે તેના પછીથી આવેલા માનવીની ભાષામાં લુપ્ત થઈ ગઈ હશે તેવી કલ્પના કરી શકાય.

માનવનો જે બીજો પ્રકાર આપણા દેશના સંદર્ભમાં જોવા મળે છે તે પ્રોટો-ઓસ્ટ્રોલોઇડ લોકોનો છે. આ પ્રકારના લોકો આખા દેશમાં ફેલાયેલા જોવા મળે છે. સમય જતાં આ પ્રકારના

---

૨૩ 'ધ હિસ્ટરી ઓફ કાઠિયાવાડ'—એચ. વિલ્બરફોર્સ બેલ; લંડન (૧૯૧૬ એ. ડી.), પૃ. ૨૫૬.

૨૪ 'સ્ટોન એજ ફાઇન્ડઝ ઇન સૌરાષ્ટ્ર; એ લિન્ક વીથ હરપ્પન એરા'—ડૉ. એચ. ડી. સાંકળિયા, 'ધ ટાઇમ્સ ઓફ ઇન્ડિયા', ૨૮ એપ્રિલ, ૧૯૬૩.

૨૫ 'રાજસ્થાની ભાષા' (હિંદી)—સુનીતિકુમાર ચેટરજી, ઉદયપુર (૧૯૪૯) પૃ. ૩૭

લોકો ઑસ્ટ્રિક જાતિઓ તરીકે ઓળખાવા લાગ્યા. દેશની આજની ભીલ અને કોલ જાતિઓના તેઓ દૂર દૂરના પૂર્વજો હતા. આ લોકોની જે કોઈ ભાષા હશે તે તેમના પછીથી આવેલા માનવીની ભાષામાં ભળી ગઈ હશે તેમ અનુમાન કરી શકાય તેમ છે. ગુજરાત વિસ્તારના ભીલોની ભાષાનો ઈ.સ. ૧૮૯૫માં ફાધર થોમ્સને અભ્યાસ કર્યો હતો ત્યારે તેને તેમાં કુલ ૬ ટકા શબ્દો અજાણ્યુ મૂળના માલૂમ પડ્યા હતા.[૨૬]

આપણા દેશમાં આવેલો ત્રીજા પ્રકારનો મનુષ્ય તે ભૂમધ્ય પ્રદેશનો (મેડિટેરિનિયન) હતો. આ લોકો સિંધુ નદીના દોઆબમાં સ્થિર થયા અને ધીરે ધીરે કાઠિયાવાડ અને ગુજરાતમાં થઈને ભારતના દક્ષિણ ભાગમાં ખસતા ગયા.[૨૭] આ લોકોની ભાષા પણ ધીરે ધીરે ફેલાવા લાગી અને આજના દ્રાવિડ કુળોની ભાષાઓમાં વિકસી.

ત્યાર બાદ આર્યોનું આગમન થયું. તેઓએ સિંધુના દોઆબમાં પૂર્વે વસેલા વસાહતીઓને નસાડી મૂકયા અને ત્યાં સ્થિર થઈને સમય જતાં જેને આર્યાવર્તથી[૨૮] ઓળખાવી શકાય તે સમસ્ત પ્રદેશમાં ફેલાઈને વસાહતો સ્થાપી.

**આર્ય-ભાષા :**

આ આર્ય લોકોની ભાષાના પુરાવા વેદ અને બ્રાહ્મણ ગ્રંથોમાં જળવાયેલા રહ્યા છે. આ પ્રાચીન આર્ય-ભાષાને ડૉ. સુનીતિકુમાર ચેટરજી જણાવે છે તેમ નવ્ય આર્ય-ભાષાઓના મૂળશ્રોતની ગણાવી શકાય.[૨૯] વેદના રચનાકાળ સુધી આ ભાષાનો ફેલાવો સિંધ અને રજપૂતાનામાં થયો લાગતો નથી. આર્ય લોકો સંભવતઃ મારવાડની મરુભૂમિથી પરિચિત હતા. આ ભૂમિને તેઓ ધન્વનના નામે ઓળખાતા હતા. આ સમયની ભાષામાં ભિન્ન ભિન્ન બોલીઓનું મિશ્રણ જણાય છે.[૩૦] આ ભાષાની ભિન્નતા ધ્યાનમાં લઈને ભાષાશાસ્ત્રીઓ( Philologists )એ તેને ઉદીચ્ય કે ઉત્તર સીમાઓ તરફની ભાષા, મધ્યદેશીય કે તત્કાલીન મધ્યના પ્રદેશની ભાષા અને પ્રાચ્ય કે પૂર્વ તરફની ભાષા એવા ત્રણ વિભાગોમાં વહેંચી નાખી. એ કાળની ભાષા વિષે અહીં આટલી માહિતી પૂરતી ગણાય. આજે ઉપલબ્ધ થતો સૌથી પ્રાચીન લખાણનો પુરાવો આપણને મોહેં-જો-દડો અને લોથલમાંથી મળતી ભિન્ન ભિન્ન તખ્તીઓમાંથી પ્રાપ્ત થાય છે. આ તખ્તીઓને ઉકેલવા માટે અનેક વિદ્વાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ હજી સુધી તેમાં સારા પ્રમાણમાં મતમતાંતરો છે.

આ પછીથી મૌર્યકાળની ભાષાઓના પ્રાચીન પુરાવાઓ પ્રાપ્ત થાય છે. અશોકના શિલા-લેખોના નામે જાણીતા થયેલા લેખો ભારતમાં જે જે સ્થળોએ આવેલા છે તે તે સ્થળોની તત્કાલીન ભાષા તેમાં જળવાઈ રહેલી છે. આ શિલાલેખો બ્રાહ્મી તેમ જ ખરોષ્ઠી એ બંને લિપિઓમાં મળે છે. ભારતમાં મળતા બધા જ શિલાલેખોની ભાષા એકસરખી નથી. તેમાં જે તે સ્થળની ભાષા

---

૨૬ 'પ્રાકૃતભાષા' (હિંદી)—ડૉ. પી. બી. પંડિત, બનારસ (૧૯૫૪), પૃ. ૧૨.

૨૭ 'ઓરિજીન ઍન્ડ ડેવલપમેન્ટ ઑફ બંગાલી લેંગ્વેજ'—સુનીતિકુમાર ચેટરજી, કલકત્તા-(૧૯૨૬), પૃ. ૩૬.

૨૮ 'રાજસ્થાની ભાષા', એજન, પૃ ૪૩

૨૯ 'રાજસ્થાની ભાષા', એજન, પૃ. ૪૬

૩૦ 'ઓરિજીન ઍન્ડ ડેવલપમેન્ટ ઑફ બંગાલી લેંગ્વેજ', એજન, પૃ. ૯૯.

આવતી હોય તેમ જણાય છે. અશોકના ગિરનારના શિલાલેખોની ભાષા રાજ્યની પ્રાચ્યપ્રાકૃત ભાષા નથી જણાતી. તે કોઈ તે વિસ્તારના તત્કાલીન સ્થાનિક લોકોની બોલીનાં લક્ષણોવાળી ભાષા જણાય છે. આમાં જણાતાં કેટલાંક સ્થાનિક લક્ષણો નીચે મુજબનાં ગણાવી શકાયઃ

સયુંક્ત ધ્વનિ (જુઓ ૧ સદીના ગણાતા પેરિપ્લસમાં દ્વા > બ, દ્વારકાનો બારાકે તરીકે ઉલ્લેખ)

ત્વ અને ત્મ > પ

સંસ્કૃત ઋ > અ

,, ક્ષ > છ અને ચ્છ

આ ઉપરાંત સંયુક્તાક્ષર '**સ્ત**' અને '**સ્ઠ**'માં '**સ્ઠ**'નો '**સ્ટ**' થાય છે, પરંતુ '**સ્ત**'નો તો '**સ્ત**' જ રહે છે.[૩૧] આ શિલાલેખોને બાદ કરતાં પછીથી સાહિત્યમાં જે પ્રાકૃત મળે છે તે લગભગ એકસરખું છે. આથી આ શિલાલેખની બોલીઓ પછીથી સાહિત્યની ભાષાઓ એક સરખી મળે છે. આ પછીથી અપભ્રંશ ભાષાઓના પુરાવાઓ આપણને ભારતના નાટ્યશાસ્ત્ર, ભામહ, અને દંડીની કૃતિઓ તેમ જ વલભીના રાજા ધારાસેનના તામ્રપત્ર લેખોમાંથી પ્રાપ્ત થાય છે.

## ઇન્ડો-આર્યન : તેના ફાંટાઓ અને હાલારી

### વાગ્ભેદો :

વાગ્વ્યવહાર માટે એક ભાષાનું સાધન વાપરનારા સમાજને એક ભાષાસમાજ ગણાવી શકાય. આવા કોઈ પણ એક ભાષાસમાજમાં વાગ્ભેદો તો હોવાના જ. આનું મુખ્ય કારણ કોઈ પણ એક ભાષાસમાજના સભ્યો એકસરખો વાગ્વ્યવહાર કરી શકતા નથી તે છે. કોઈ પણ ભાષાસમાજમાં વાગ્ભેદનો આધાર મુખ્યત્વે વાગ્વ્યવહારની ઘનિષ્ટતા પર નિર્ભર છે. જેમ વાગ્વ્યવહારની ઘનિષ્ટતા વધારે તેમ વાગ્ભેદનું પ્રમાણ ઓછું અને જેમ આ ઘનિષ્ટતા ઓછી તેમ વાગ્ભેદનું પ્રમાણ વધારે હોવાનું. આમા પ્રત્યેક ભાષાસમાજ ભાષાદષ્ટિએ ન્યૂનાધિક વાગ્વ્યવહારે વિભાજિત હોય છે. જે તે ભાષાસમાજના ભાષાભેદમાં પણ આ ઘનિષ્ટતા એક કારણરૂપ હોય છે. પછી ભલે એ ભેદ ભાષાના ધ્વનિતંત્રગત, રૂપતંત્રગત કે વાક્યના સ્તરના એમ કોઈ પણ પ્રકારના હોય. તે તે ભાષાસમાજના નકશાઓ દોરીને આવા ભેદોની રેખાઓના વિસ્તારો દર્શાવી શકાય છે.

### વાગ્ભેદની રેખાઓ :

કોઈ પણ ભાષાસમાજને આપણે જોયું તેમ ભાષા વપરાશ પ્રમાણે વિસ્તારોમાં વિભાજિત કરી શકાય છે. આવી રીતે જે જે ભેદરેખાઓ વડે વિસ્તારો જુદા પડે તે ભેદરેખાને પારિભાષિક રીતે વાગ્ભેદની રેખા કહેવામાં આવે છે. આવી અનેક રેખાઓના સમુચ્ચય વડે બોલીના વિસ્તારો

---

૩૧ 'ધ લેંગ્વેજ એન્ડ ડાયલેક્ટસ' નામે લેખ—ડૉ. પી. બી. પંડિત, ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની ૬૬મી સુવિનેર, ભાવનગર (૧૯૬૧), પૃ. ૨૦૩.

પાડવામાં આવે છે. માત્ર બેચાર આવી રેખાઓથી કોઈ બોલીવિસ્તારને જુદો કરી શકાશે નહીં. અસંખ્ય એવી ધ્વનિતંત્રગત, રૂપતંત્રગત અને વાક્યગત રેખાઓ દ્વારા કોઈ એક બોલીવિસ્તારને ભાષાસમાજના નકશા પર અલગ પાડી શકાશે.

**વૈદિક આર્ય ભાષાસમાજ :**

ઇન્ડો-આર્યન ભાષાના આજ સુધી જે ફાંટાઓ પડતા આવ્યા છે તેમની આ રૂપરેખાની માંડણી મુખ્યત્વે ડૉ. પંડિતના લેખ[32] પર કરી છે. હાલારી બોલી ઈ.સ. પૂર્વે આશરે ૧૦૦૦ વર્ષ પહેલાં જે આર્યો ભારતમાં આવ્યા તેમની ભાષાના પડેલા ક્રમશઃ ફાંટાઓમાંથી અવતરી છે. ઋગ્વેદની ઋચાઓમાં જે વાગ્ભેદો વપરાય છે તે તેઓની ભાષાના ભેદોના દ્યોતક છે તેમ કહી શકાય.

પ્રાચીન આર્યભાષા(હવે પછીથી '**પ્રાઆભા**'થી ઓળખાવવામાં આવશે)માં શ, સ અને ષ એવા ત્રણ ઉષ્માક્ષરો હતા. પછીથી પશ્ચિમ તરફ આ ત્રણેનું ઉચ્ચારણ દંત્ય ઉષ્માક્ષર સ તરીકે થવા લાગ્યું અને ઉત્તરપશ્ચિમ વિભાગમાં દંત્ય સ અને તાલવ્ય શ કે દંત્ય સ અને મૂર્ધન્ય ષ વચ્ચેનો ભેદ જળવાવો સંભવતઃ ચાલુ રહ્યો. આથી જો આ ભેદને દર્શાવતી વાગ્ભેદની રેખા દોરવામાં આવે તો આનાથી ત્રણ ભિન્ન વિસ્તારો પડી જશે.

આર્ય ભાષાસમાજનું સૌથી પ્રાચીન વિભાજન ઉત્તર, મધ્ય, અને પૂર્વ એમ ત્રણ વિસ્તારોમાં થઈ શકે. આ વિસ્તારોને એકબીજાથી અલગ પાડતી કેટલીક વાગ્ભેદોની રેખાઓ નીચે પ્રમાણે છેઃ

પૂર્વ છેડે '**ઋ**'નો 'ઉ'માં વિકાસ
'**ર**'ને બદલે '**લ**'ના વપરાશનું પ્રભુત્વ
'**ર્ત**' સંયુક્તાક્ષરનો **ટ**માં વિકાસ
**શ, સ, ષ** અને ત્રણેનો **શ** એક જ ઉષ્માક્ષરમાં સંકોચ

પૂર્વ તરફનો ભાષાસમાજ પહેલો છૂટો પડ્યો હોવા છતાં તે મધ્ય વિભાગના સમાજ સાથે નીચેનાં સમાન લક્ષણો ધરાવતો હતોઃ

સ્વરાન્વિત **મ**નો સ્વરાન્વિત સાનુસ્વાર **વં**માં વિકાસ
દંત્ય-ઉષ્માક્ષર + અનુનાસિક **મ** અર્થાત્ **સ્મ**નો અનુનાસિક
**મ** + મહાપ્રાણ **હ** અર્થાત્ **મ્હ** માં વિકાસ અને
સંયુક્તાક્ષર **ક્ષ્** નો **ક્ખ્** માં વિકાસ

ઉપર નિર્દેશ કરેલો ભાષાસમાજ ઉત્તરના અને ઉત્તરપશ્ચિમ તરફના ભાષાસમાજોથી જે લક્ષણોથી જુદો પડે છે તેમાં અનુનાસિક + અઘોષ વ્યંજનના યુગ્મનું પરિવર્તન એ એક લક્ષણ છે, અર્થાત્ ઙ્ક,–ઞ્ચ્–,–ણ્ટ–,–ન્ત–મ્પ જેવાં યુગ્મોનું ઙ્ગ્–,–ઞ્જ–,–ણ્ડ્–,–ન્દ અને મ્બ્માં પરિવર્તન.

મધ્ય ભાગના દક્ષિણ છેડે કેટલાંક એવાં લક્ષણો દેખા દેતાં હતાં જે મધ્ય કરતાં ઉત્તર વિભાગ સાથે મળતાં હોય. આમ આ છેડાનો વિસ્તાર મધ્યના વિસ્તારથી પોતાનું અલગપણું ઊભું કરી રહ્યો હતો. આમાંનાં કેટલાંક લક્ષણો નીચે મુજબ છેઃ

---

૩૨ પંડિત, પી. બી., પાદનોંધ ૩૧નો સંદર્ભ.

યુગ્મ **ક્ષ્**–નો **ચ્છ્**માં વિકાસ. વ્યજંનયુગ્મ –**ત્વ**નું **ત્ત**માં પરિવર્તન (મધ્ય અને પૂર્વમાં **ત્વ**નું **પ્પ**માં પરિવર્તન થાય છે.)

ત્રણે બોલીવિસ્તારોને અલગ પાડતાં લક્ષણોમાંના આ કેટલાંક લક્ષણો છે, અને આ રીતે જુદા પડેલા ત્રણે વિસ્તારો સંભવતઃ પ્રાચીન કાળના ઉદીચ્ય મધ્યદેશીય અને પ્રાચ્ય નામોથી ઓળખાતા વિસ્તારો છે.

આ પછીથી આ વિસ્તારોના ભાષાસમાજોના ફરીથી બીજા ફાંટાઓ પડ્યા અને તેમાંથી ધીરે ધીરે પૂર્વના જૂથમાંથી બંગાળી, આસામી અને ઉડિયા અને ઉત્તર તથા ઉત્તરપશ્ચિમ જૂથ-માંથી પંજાબી લહન્દા અને સિંધી ભાષાઓ (તે કાળે બોલીઓ) અસ્તિત્વમાં આવી.

પૂર્વ અને ઉત્તર (ઉત્તરપશ્ચિમ)નાં જૂથો અલગ પડ્યા પછીથી ભાષાકીય રીતે મધ્યના વિસ્તારના દક્ષિણ છેડે આ વિસ્તારથી ફરીને ભેદક લક્ષણો વરતાવા લાગ્યાં. ઉ. ત. સ્વરાન્તર્ગત **ણ્**-ની જાળવણીનું લક્ષણ. આ લક્ષણ ઉત્તર વિસ્તારના લક્ષણ સાથે મળતું હતું. આ વિસ્તારમાંથી લોકોનું એક જૂથ છૂટું પડીને સિલોનમાં ગયું. આ જૂથની ભાષા આથી તદ્દન અલગ પડી જઈને આજની સિંહાલી ભાષામાં વિકસી. આ જૂથની ભાષામાં મૂર્ધન્ય ધ્વની અગ્નિ-મતા એ તેનું બીજું આગવું લક્ષણ બની રહે છે. પાછળથી આ મરાઠી અને કોંકણી ભાષાઓમાં વિકસે છે.

એક જે બીજો ફાંટો ફંટાયો તેમાં ગુજરાતી, રાજસ્થાની અને ભીલી ભાષાઓ અલગ પડી. મધ્યના જૂથથી આ જૂથને જુદાં પાડતાં જે લક્ષણો છે તેમાંનાં કેટલાંક નીચે મુજબ છે :

પુંલિંગ અને નપુંસકલિંગ નામોની પ્રથમાનો **અઉ**,–અને–**અઉં**માં વિકાસ

મધ્યમાં **આ**નો વિકાસ–**આ** તરીકે થયો.

મધ્યવિસ્તારમાં બધાં જ નામોને નપુંસકલિંગના **બ.વ.**નો પ્રત્યય લાગુ થયો પરંતુ બાકીના વિસ્તારમાં પ્રાચીન **અ–આ** પ્રત્યય **આ** તરીકે ચાલુ રહ્યો.

આ સમય સુધી ગુજરાતી ભાષા એ તેની અન્ય સહભાષાઓ રાજસ્થાની અને ભીલીની સાથે બોલીસ્વરૂપે હતી. આનો ભાષા તરીકેનો ગુજરાતી એવો ઉલ્લેખ સૌથી પહેલો ઈ.સ. ૧૭૩૧માં બહાર પડેલી એક જર્મન ભાષાશાસ્ત્રીની રોજનીશીમાં[૩૩] અને પછીથી ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં રચાયેલા મનાતા પ્રેમાનંદના નાગદમણમાં મળે છે.

ડૉ. તેસ્સિતોરી જેને પ્રાચીન પશ્ચિમ-રાજસ્થાની તરીકે ઓળખાવે છે તે સ્વરૂપના કાળ સુધી તે ગુજરાતી ભાષાસમાજની અલગ રેખા જણાતી નથી. આ કાળ પછીથી સંયુક્તાક્ષરો **અઇ** અને **અઉ**નો ભિન્ન વિકાસ, સહાયકારી **છ્** અંગેની પસંદગી, છઠ્ઠી વિભક્તિના પ્રત્યય તરીકે **ન**નો ઉપયોગ વગેરે જેવાં ભિન્ન લક્ષણો તરી આવતાં જણાય છે. આ સમય દરમિયાન ગુજરાતીની કંઈક અલગ સીમરેખા દર્શાવી શકાય તેવી સ્થિતિ પ્રાપ્ત થયેલી છે.

કચ્છનું રણ અને અરવલ્લીના ડુંગરાઓ અનુક્રમે ઉત્તરપશ્ચિમ અને ઉત્તર તરફની સીમા-રેખાઓ બને છે. ઉત્તરપૂર્વના, પૂર્વના અને દક્ષિણના વિસ્તારોની હદરેખાઓ ભીલોની વસ્તી-

---

૩૩ 'લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઇંડિયા'—જ્યોર્જ ગ્રિઅર્સન, વો. ૯, ભા. ૨, પૃ. ૪૨૬.

વાળા ડુંગરાળ અને જંગલના વિસ્તારોથી બંધાયેલી છે. તેની પશ્ચિમ તરફ સમુદ્રથી કુદરતી હદ બંધાયેલી છે.

## સૌરાષ્ટ્ર પ્રદેશને અલગ પાડતાં કેટલાંક ભાષાલક્ષણો :

આજના ગુજરાતી ભાષાસમાજને કેટલાક વિદ્વાનોએ તારવેલાં કોઈ કોઈ વિસ્તારનાં છૂટક છૂટક એવાં ભાષાલક્ષણો પરથી તથા મુખ્યત્વે તો આવાં લક્ષણોવિષયક છાપ પરથી વિભિન્ન બોલી-વિસ્તારોમાં વિભાજવામાં આવે છે. આના આધારે સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત એવા બૃહદ્ વિસ્તારો ભિન્ન બોલી-વિસ્તારો તરીકે ગણાવી શકાય. અહીં છાપના આધારે જ આ વિસ્તારો અલગ પાડ્યા છે તે વાત પર ભાર મૂકવો ઘટે છે કેમ કે જેને પ્રમાણભૂત કહી શકાય તેવી બોલી પરનાં કામો આ વિસ્તારમાં હજી થવાં બાકી છે. નીચેનાં કેટલાંક લક્ષણોથી સૌરાષ્ટ્ર વિસ્તાર જુદો તરી આવે છે.

**ડ અને ડ઼ની સમરેખ ઉપસ્થિતિ.**

આખા સૌરાષ્ટ્ર વિસ્તારમાં આ બંને ધ્વનિઓની સમરેખ ઉપસ્થિત (Contrast) છે. ઉ.ત.

**પાડી** (સ્ત્રી.) ભેંસનું માદા બચ્ચું.

**પાડ઼ી** 'પડ' ધાતુનું કર્મણિ ભૂ. કૃ. (સ્ત્રીલિંગ રૂપ).

આ દૃષ્ટાંત દર્શાવે છે તેમ ડ અને ડ઼ એ બંને આ વિસ્તારમાં સ્વતંત્ર ધ્વનિઘટકો છે.

તળભૂમિમાં આ ધ્વનિઓનો સંબંધ પૂરક વહેંચણી(CD)નો છે અને તેથી તેઓ એક ઘટક ડ'ના પેટાઘટકો છે.

જૂના અંત્ય હ્રસ્વ ઇની જાળવણી:

સૌરાષ્ટ્રની કોઈ કોઈ બોલીઓમાં જૂનો અંત્ય-ઇ જળવાઈ રહ્યો હોય તેમ લાગે છે. ઉ.ત. **આંખ**ને બદલે **આંખ્ય, દોડ**ને બદલે **દોડ્ય** વગેરે ઉચ્ચારણોમાં રહેલો અંત્ય-યકાર તે જૂના અંત્ય-ઇના અવશેષરૂપ છે.

સંસ્કૃત-**માન** પ્રત્યયની **આણ** પ્રત્યયમાં જાળવણી :

સંસ્કૃતનો પ્રાચીન-**માન** પ્રત્યય (સંસ્કૃત દશ્યમાન પ્રકારનો) સમસ્ત સૌરાષ્ટ્રમાં કર્મણિ ભૂતકૃદંત પ્રત્યય-**આણ**માં જળવાઈ રહ્યો છે. ઉ. ત. દેખાણો, મરાણો, ભરાણો, ધરાણો વગેરે. તળ ગુજરાતમાં **આ**ના બદલે ભૂતકાળના-**ય** પ્રત્યયની સાથે નવો કર્મણિ પ્રત્યય **આ** વપરાય છે, આથી ત્યાં દેખાયો, મરાયો ભરાયો, ધરાયો, વગેરે રૂપો છે.

અહીં પ્રો. કે. કે. શાસ્ત્રીના મતની પણ નોંધ લેવી ઘટે છે.[૬૪] પ્રો. શાસ્ત્રી માને છે કે **આ-આણ** પ્રત્યય સંસ્કૃતના **માન**ની જાળવણીરૂપ રહેલો પ્રત્યય નથી. આ તો કેટલાક અંત્ય**આ**-વાળાં અંગોની સાથે આવતો અને **ત**ને બદલે વપરાતો જૂનો-**ન** પ્રત્યય છે.

પ્રાચીન ગુજરાતીના કર્મણિ રૂપની જાળવણી:

---

૬૪ શાસ્ત્રી, કે. કા., 'ગુજરાતી ભાષાશાસ્ત્ર' વૉ. ૨., ભા. ૩, પૃ. ૧૩૬.

જૂની ગુજરાતીમાં વર્તમાનકાળના દર્શક(indicative)રૂપના પહેલા પુરુષ બહુવચનમાં કર્મણિરૂપ પ્રચલિત હતું. આ રૂપ સૌરાષ્ટ્રની કેટલીક બોલીઓમાં કરી-ઇ, બોલી-ઇ, ( કરીં, બોલીં ) વગેરે દૃષ્ટાંતોમાં જળવાયેલું છે. તળ ગુજરાતમાં આના બદલે કરી-એ, બોલી-એ રૂપો મળે છે.

તૃતીયાના–એં પ્રત્યયની જાળવણી :

દક્ષિણ-પશ્ચિમ સૌરાષ્ટ્રની કેટલીક બોલીઓમાં તૃતીયા વિભક્તિનો-એં પ્રત્યય જૂની ગુજરાતીના પ્રત્યયના અવશેષરૂપ જળવાઈ રહ્યા છે.

તળગુજરાતના ભાષાસમાજથી સૌરાષ્ટ્રના ભાષાસમાજને જુદાં પાડતાં આ કેટલાંક લક્ષણો છે. ગુજરાતી ભાષાની બોલીઓ વિશે પ્રમાણભૂત કામો થયેલાં નહીં હોવાથી અહીં કેટલાંક છાપ પરથી તારવેલાં લક્ષણો રજૂ કરવામાં આવ્યાં છે. ગુજરાતીની બોલીઓ વિશે કંઈક વ્યવસ્થિત રૂપનો કહેવાય તેવો, સંભવતઃ, પ્રથમ પ્રયાસ આપણને ગ્રીઅર્સનમાં મળે છે. તે કાઠિયાવાડી બોલીનાં સામાન્ય લક્ષણો નોંધતાં હાલારી વિશે પણ તેમનાં લક્ષણોની નોંધ કરે છે. હાલારીનો તે હાલાડી તરીકે ઉલ્લેખ કરીને જણાવે છે કે તે બોલીના ૭,૭૦,૦૦૦ ભાષકો હતા. આ સિવાય આ બોલી વિષે તે લખે છે કે "કચ્છના અખાત પર બોલાતી હાલાડીએ કચ્છીમાંથી "પંડનો" જેનો અર્થ "પોતાનો" થાય છે તેવા કેટલાક શબ્દસમૂહો અપનાવ્યા છે તે સાચું, પરંતુ આની સંખ્યા એટલી મોટી નથી કે જેથી તેનો અલાયદો વિચાર કરવો પડે."[૩૫]

આ પછીથી ડૉ. ટી. એન. દવેમાં[૩૬] હાલારી વિષે ઉલ્લેખો મળે છે. તેઓ "ધી ડાયલેક્ટ્સ ઑફ ગુજરાત" શીર્ષક નીચે ભિન્ન ભિન્ન બોલીઓનાં થોડાં લક્ષણો આપે છે ત્યાં હાલારી વિષે તેઓ નીચે મુજબ જણાવે છે:

હાલારીમાં વર્તમાન માન્ય ગુજરાતીના **ત્યાં** ના બદલે **ઉંઆં**

,, ,, ,, **કંઇ**ના બદલે **કાંઇ**

,, ,, ,, **ત્યારે**ના બદલે **તઇયે**

વપરાય છે. ઉપરાંત હાલારી ભાષક વાતવાતમાં 'ભલા' શબ્દ વાપર્યા કરે છે. વાક્યમાં જ્યાં જ્યાં 'શ' આવતો હોય ત્યાં ત્યાં હાલારી ભાષક 'સ'નો ઉપયોગ કરે છે. ઉ.ત. વર્તમાન માન્ય ગુજરાતીના 'શું'ના બદલે હાલારીમાં 'સું' એ ત્યાં સુધી છે કે ભવિષ્યકાળના રૂપોમાં પણ 'શ'ના બદલે હાલારીમાં 'સ' પ્રયોજાય છે. ઉ.ત. 'ખાસું સું'.

ત્યાર બાદ આ બોલી વિષેનાં કંઈક લક્ષણો ડૉ. પંડિતના "લૅંગ્વેજ ઍન્ડ ડાયલેક્ટસ" લેખમાંથી પ્રાપ્ત થાય છે. ગુજરાતીની ભિન્ન ભિન્ન બોલીઓનાં લક્ષણ આપતા આ લેખમાં હાલારી વિષે ડૉ. પંડિત લખે છે કે "બોલી તરીકે હાલારી ઘણી વહેલી છૂટી પડી છે, અને તેમાં સંભવતઃ ઈ, એ, અ, આ, ઉ, ઓ એવી ૭ સ્વરોની ધ્વનિયોજના છે. તે કચ્છની સામે જ આવેલી છે અને કચ્છી-સિંધી જૂથમાંથી ઘણી સામગ્રી ઉછીની લે છે."

---

૩૫ 'ધ લૅંગ્વેજ ઍન્ડ ડાયલેક્ટસ' નામે પાદનોંધ ૩૧નો લેખ, એજન, પૃ. ૨૦૩.

૩૬ દવે, ટી. એન. 'ધ લૅંગ્વેજ ઑફ ગુજરાત', અમદાવાદ ( ૧૯૪૮), પૃ. ૪૯

આ બોલી વિષેની કંઈક વધારે વિગતો સ્વ. ડૉ. માંકડના[૩૭] બે લેખોમાંથી પ્રાપ્ત થાય છે. આ બે લેખો તે "ગુજરાતીમાં મૂર્ધન્ય ડ અને મૂર્ધન્યતર ડ઼" અને "સમ પિક્યુલૅરિટિઝ ઑફ સોરઠી ડાયલેક્ટ" છે. આમાંથી પહેલામાં ડૉ. માંકડ હાલારીના ધ્વનિતંત્રના પ્રશ્નને સીધા જ સ્પર્શ કરે છે. બીજા લેખમાં તે સોરઠીનાં જે લક્ષણોની વાત કરે છે તે મહદંશે હાલારીને પણ લાગુ પાડી શકે તેવાં છે.

આ બોલી વિષે જે કંઈ અને જેવું છે તેવું આટલું કાર્ય થયું હોવાની અમારી જાણ છે.

આમ ગુજરાતીની બોલીઓ વિષે જે કંઈ મળે છે તે મહદંશે પ્રાથમિક કક્ષાનું છે. અહીં પસંદ કરેલી હાલારી તે ગુજરાતીની એક વિશિષ્ટ બોલી છે. વિશિષ્ટ એટલા માટે કે કચ્છની સામે જ આ બોલીનો પ્રદેશ આવેલો હોવાથી તેમાં કચ્છીની કંઈક અંશે અસર હોવાનો સંભવ છે. ઉપરાંત ભિન્ન ભિન્ન વસાહતીઓ ઘણા પ્રાચીન કાળથી આ વિસ્તારમાં વસ્યા હતા અને આજે પણ ઓખામંડળના વાઘેરો, બરડા અને અલેચના ડુંગરાઓમાં વસતા ચારણો અને રબારીઓ, આ વિસ્તારની આજુબાજુના વિસ્તારોમાં વસતા આહિરો અને મેરો, સીક્કા, બેડીબંદર અને જામનગરમાં વસતા ખારવાઓ વગેરે જેવી જ્ઞાતિઓની વસાહતો, આ વિસ્તારના ભાષાવિષયક અભ્યાસની પસંદગીમાં રસ પૂરનારી બાબતો છે. આ ઉપરાંત અહીં વસતી ભાટિયા, મેમણ અને મહાજન જેવી જ્ઞાતિઓ હજી આજે પણ પોતાના આંતરવ્યવહારમાં મહદંશે કચ્છીનો ઉપયોગ કરે છે. આ રીતે જોતાં આ બધી જ્ઞાતિઓની બોલીઓનાં લક્ષણોની તારવણી, હાલારીથી પડતો ભેદ વગેરેની તપાસ પણ કરવા જેવાં કાર્યો છે.

---

૩૭ 'ગુજરાતીમાં મૂર્ધન્ય ડ અને મૂર્ધન્યતર ડ઼' નામે લેખ—ડૉ. ડોલરરાય ર. માંકડ, નૈવેદ્ય, (વિ. સં. ૨૦૧૮), પૃ. ૨૪૪–૫, અને 'સમ પિક્યુલૅરિટીઝ ઑફ સોરઠી ડાયલેક્ટ'—ડૉ. ડોલરરાય ર. માંકડ, છઠ્ઠી ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ, પટનાના પ્રૉસિડિંગ્સ અને ટ્રાન્ઝેક્શન (૧૯૩૦), પૃ. ૬૮૯–૭૦૪.

# લોકમાન્યતામાં સપ્તમાતૃકા

મૃદુલા હ. મહેતા

ભારતમાં ઘણે સ્થળેથી સપ્ત-માતૃકાઓનાં મંદિરો અને શિલ્પો પ્રાપ્ત થાય છે. આ મંદિરો અને શિલ્પો મુખ્યત્વે મધ્યયુગનાં છે; પણ શિલ્પો શુંગ-કુષાણ સમયથી તે ઉત્તર મધ્યયુગ સુધીનાં પ્રાપ્ત થાય છે. એ પરથી જાણી શકાય છે કે એ સમય દરમ્યાન ભારતમાં માતૃકાપૂજાની આ રીત વધુ પ્રચલિત હશે. કદંબો, ચૌલુક્યો, સોલંકીઓ અને વાઘેલા જેવાં કેટલાંક રજપૂત કુળોમાં તે પૂજાતી હતી અને કેટલાકની તે કુળદેવી હતી.[1] વળી કેટલાંક મોટાં શૈવ કે શાક્ત મંદિરોમાં શણગારાર્થે થતા શિલ્પોમાં માતૃકાનાં શિલ્પો કે પટ્ટ થતાં. આથી ગુજરાતમાં શામળાજી, પ્રભાસપાટણ, ધૂમલી વગેરે સ્થળેથી મોટાં કલાત્મક શિલ્પો પ્રાપ્ત થયાં છે. ગુજરાતમાં સોલંકી રજપૂતો ડીસાવળ બ્રાહ્મણો અને વૈશ્યોમાં સપ્ત-માતૃકા કુળદેવી તરીકે પૂજાય છે અને તે કારણે તેમનાં રહેઠાણો પાસે માતૃકાનાં સેવ્ય સ્થાનકો અને પ્રતિમાઓ જોવા મળે છે.[2]

સપ્ત-માતૃકાઓનાં આ શિલ્પો બે રીતે પ્રાપ્ત થાય છેઃ અલગ મૂર્તિઓ તરીકે અને એક પટ્ટમાં એક સાથે સપ્ત-માતૃકાઓના પટ્ટમાં એક બાજુ સ્કંદ કે વીરભદ્ર કંડારવામાં આવે છે,[3] અને અંતે ગણેશ કંડારવાની પ્રથા છે. સપ્તમાતૃકાનાં આ શિષ્ટ શિલ્પોની જેમ કેટલાંક અષ્ટમાતૃકાનાં શિલ્પો પણ મળે છે.

ગુજરાતમાં સૌ પ્રથમ માતૃકાનાં શિલ્પો ક્ષત્રપ સમયનાં (એટલે કે ઈ. સ. ૧-૨-૩ સદીનાં) પ્રાપ્ત થાય છે. શામળાજી[4] અને પ્રભાસ પાટણમાંથી[5] આવાં શિલ્પોમાં આગ્નેયી (સ્વાહા), યમી, વારાહી, ભૈરવી, દેવમાતા (અદિતિ = આર્યા), અજાદેવી (સ્વાહા) વગેરેનાં શિલ્પો મળ્યાં છે.

---

૧ દવે કનૈયાલાલ ભાઈશંકર, ગુજરાતનું મૂર્તિવિધાન, સપ્તમાતૃકા, પ્ર. ગુજ. વિદ્યાસભા, ૧૯૬૩. પૃ. ૩૬૪

૨ જેમ કે પાટણમાં ડીસાવાલની ખડકીમાં સપ્તમાતૃકાનું પૂજિત મંદિર છે.

૩ ડૉ. રાવ ટી. ગોપીનાથ ('સમરાંગણ સૂત્રધાર', જૂની આવૃત્તિને આધારે), સ્કંદ અને ૭ કૃત્તિકાઓનો ઉલ્લેખ કરે છે.

ડૉ. શુકલ ડી. એન., હિન્દુ કેનન ઑફ આઈકોનોગ્રાફી (વાસ્તુશાસ્ત્ર, ગ્રં. ૨, પૃ. ૨૯૩) ગોપીનાથ રાવનો ઉપર્યુક્ત ઉલ્લેખ કરે છે. ગોરખપુર, ૧૯૫૮

દવે, ક. ભા., એજન, પૃ. ૩૬૪

૪ પરીખ ર. છો. (સંપાદક): ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ. ભાગ-૨, ગુજરાત વિદ્યાસભા, ૧૯૭૨, પૃ. ૩૮૮

૫ ઢાંકી મધુસૂદન અને શાસ્ત્રી હરિશંકર:

'પ્રભાસ પાટણનાં પ્રાચીન શક્તિ મંદિરો.', લેખ પ્રસિદ્ધ થયો, 'ફાર્બસ સભા ત્રૈમાસિક', અંક ૧લો, પૃ. ૨૯

ભારતમાં સૌથી પ્રાચીન શિલ્પો, શુંગ-કુષાણ સમયના અહિચ્છત્ર-મથુરાથી પાટલિપુત્ર સુધીનાં થયેલાં પુરાતત્ત્વીય ખોદકામોમાંથી પ્રાપ્ત થયાં છે. આ અવશેષોમાં પકવેલી માટીનાં, અને પાષાણનાં શિલ્પો પ્રાપ્ત થયાં છે,[૬] જ્યારે શિષ્ટ શિલ્પો સાતમી-આઠમી સદીનાં બદામી, ઈલોરા, ઓરિસ્સા, બેલૂર, કુંભકોણમ્ વગેરે સ્થળેથી મળ્યાં છે.

શિષ્ટ શિલ્પોમાં બ્રાહ્મી, વૈષ્ણવી, માહેશ્વરી, ઐન્દ્રી, વારાહી અને ચામુણ્ડાનાં શિલ્પો પ્રાપ્ત થાય છે. તેમાં પહેલી ૭ દેવીઓ બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોની શક્તિઓ છે અને ચામુણ્ડાને કેટલાંક સ્વતંત્ર શક્તિ ગણે છે, કેટલાંક તેને યમની શક્તિ ગણે છે.[૭]

માર્કણ્ડેય પુરાણમાં માતૃકાઓનો ઉદ્ભવ વર્ણવ્યો છે. ત્યાં ચામુંડાને સ્થાને સિંહીનો ઉલ્લેખ છે.[૮] ગ્રંથોમાં આઠમી દેવી તરીકે વામની, વૈનાયકી, ચાંડી, ચંડિકા, મહાલક્ષ્મી, કામ-સંકર્ષિણી વગેરેના ઉલ્લેખો મળે છે.[૯] પણ શિલ્પોમાં સ્કંદમાતા, વારુણી, વાયવી, યમી, નારસિંહી, વૈનાયકી જેવી માતૃકાઓનાં શિલ્પો મળે છે. બૃહત્સંહિતામાં સાત માતૃકાઓનાં નામો પછી યમી, વારુણી, કૌબેરી, નારસિંહી, વૈનાયકીનાં નામોનો ઉલ્લેખ છે.[૧૦]

માર્કણ્ડેય પુરાણ પ્રમાણે અસુરોનો વધ કરવા માટે દુર્ગાને મદદ કરવા દરેક દેવોએ પોતાની શક્તિ દેવીને આપી તેમાંથી આ માતૃકાઓ ઉત્પન્ન થઈ.[૧૧] શૈવ અને વૈષ્ણવ પુરાણોમાં સપ્ત માતૃકાઓનો ઉદ્ભવ વર્ણવ્યો છે. અંધકાસુરવધ વખતે અને હિરણ્યકશિપુના વધ વખતે, અનુક્રમે આ પુરાણો માતૃકાની ઉત્પત્તિ શિવે કરી હતી તેમ જણાવે છે.[૧૨] આ માતૃકાઓના રક્ષણ અર્થે શિવે ભૈરવને પણ ઉત્પન્ન કરેલ. વળી, મહાભારતમાં એકથી વધુ સ્થળે સપ્ત-માતૃકાઓ અને અન્ય માતૃકાઓનો ઉલ્લેખ થયો છે.[૧૩] મહાભારતના આ ઉલ્લેખો કંઈક પછીના, છતાં ઈ.સ.ની ૪થી ૫મી સદીથી અર્વાચીન નહિ હોય તેમ અનુમાન થયું છે. પાંચમી સદીના બૌદ્ધ આરોગ્ય-વિષયક ગ્રંથ—કાશ્યપ સંહિતામાં સપ્તમાતૃકાઓ અને સ્કંદ તથા અન્ય લોકમાતૃકાઓનો ઉલ્લેખ મળે છે.[૧૪] ચરક, સુશ્રુત વગેરે ગ્રંથોમાં બાલગ્રહોનું અલગ પ્રકરણ હોય છે, તેમાં સ્કંદ સાથે માતૃકાઓનો ઉલ્લેખ થયો છે. આ ગ્રંથો શુંગ-કુષાણ સમયના માનવામાં આવે છે. આરોગ્યના આ ગ્રંથોમાં ઉલ્લેખિત આ લોકમાતૃકાઓ અને મહાભારતના માતૃકાના ઉલ્લેખો શિલ્પગ્રંથો અને પુરાણોના ઉલ્લેખો કરતાં પ્રાચીન છે. આગળ ઉલ્લેખિત બૃહત્સંહિતાનો ઉલ્લેખ પણ પછીનો અને ૫-૬ઠ્ઠી સદીની આસપાસનો માનવામાં આવે છે.

---

૬ પુરી બી. એન., ઇન્ડિયા અન્ડર કુષાણ્સ (અંગ્રેજી), પૃ. ૧૩૪ અને ૧૪૦

૭ દેરાસરી ડી. પી., પૌરાણિક કથાકોષ, પૃ. ૨૫૪

૮ ગુજરાતનું મૂર્તિવિધાન, એજન, પૃ. ૩૫૩

૯ ગુજરાતનું મૂર્તિવિધાન, એજન, પૃ. ૩૫૩

૧૦ બેનર્જી, હિન્દુ આઈકોનોગ્રાફી (અંગ્રેજી), પૃ. ૫૦૪

૧૧ માર્કણ્ડેય પુરાણ–દેવી માહાત્મ્ય, અ ૫૮/૧૧-૧૨

૧૨ દેરાસરી ડી. પી., પૌરાણિક કથાકોષ, પૃ. ૨૪૭, ૨૫૫, ૨૫૬

૧૩ મહાભારત વનપર્વ, અ. ૨૩૦/૩૦, અ. ૧૬/૩૮; અરણ્ય પર્વ, ૨૧૭-૯ તથા ભીષ્મપર્વ અને વિરાટપર્વમાં.

૧૪ અગ્રવાલ વાસુદેવ શરણ, પ્રાચીન ભારતકે લોકધર્મ (હિં.); સ્કંદ મહ. પૃ. ૪૫ અને ૫-૧૧

વાસુદેવ શરણુ અગ્રવાલના મત પ્રમાણે આ સપ્ત કે અષ્ટ માતૃકા-પૂજા સ્કંદ અને બાલ-ગ્રહોની પૂજા સાથે સંકળાયેલી છે. લોકોમાં તેમની પૂજા શુંગ કે કુષાણુ સમયથી કે તે પહેલાંથી થતી હશે. "અહિચ્છત્ર કે ખીલોને" તથા "પ્રાચીન ભારત કે લોકધર્મો"માં તેમણે આ મત પ્રદર્શિત કર્યો છે. તેમણે અહિચ્છત્ર, બોધગયા, પાટલિપુત્ર વગેરેના ખોદકામોમાંથી મળેલાં માટીનાં તેમ જ ટેરાકોટાનાં શિલ્પોના આધારે તે પ્રદર્શિત કર્યો છે.[૧૫]

માર્કણ્ડેય પુરાણની પૌરાણિક માન્યતા સાથે વૈદિક દેવી વિષયક માન્યતા સામ્ય ધરાવે છે. વૈદિક સાહિત્યમાં જે તે દેવની શક્તિ-તેમની પત્ની તરીકે ઉલ્લેખ પામી છે બ્રહ્મા-બ્રહ્માણી, ઈન્દ્ર-ઈન્દ્રાણી કે ઐન્દ્રી, જેમ વારુણી, વાયવી, યમી, આગ્નેયી, શિવા, ભવાની વગેરે. અદિતિની દેવમાતા કે આર્યા તરીકે સ્વતંત્ર ઉપાસના થતી. બ્રાહ્મણ ગ્રંથોમાં શિવને બ્રહ્માના પુત્ર કહ્યા છે.[૧૬] તેમાં જ શિવનાં આઠ સ્વરૂપો અને તેમની શક્તિઓનો ખ્યાલ વિકાસ પામ્યો હતો. બીજી બાજુ અગ્નિની શિખાઓ-તેની પત્નીઓ મનાઈ. તેનાં છ સ્વરૂપોનો ખ્યાલ પણ તેમાં વિકાસ પામ્યો હતો. આ બન્ને માન્યતાને માતૃકાપૂજા સાથે સંબંધ છે. શિવના પુત્ર તરીકે સ્કંદનો ઉલ્લેખ થાય છે, અને ત્યારે સ્કંદમાતા-ગૌરી કે પાર્વતીનો ઉલ્લેખ થાય છે. બીજી બાજુ, સ્કંદને અગ્નિભૂ કહેવામાં આવે છે.[૧૭] અને સ્વાહાને સ્કંદમાતા કહેવાય છે. આ બન્ને માન્યતાઓ પુરાણોમાં રજૂ થઈ છે.

પુરાણોની એક પરંપરા માતૃકાપૂજાનો સંબંધ બાલગ્રહો અને રોગો સાથે છે, એ માન્યતાનું સમર્થન કરે છે.[૧૮] સમુદ્રમંથનમાંથી લક્ષ્મી નીકળ્યાં તે પહેલાં અલક્ષ્મી કે જ્યેષ્ઠાદેવી નીકળ્યાં હતાં. જ્યેષ્ઠાદેવી કદરૂપાં હતાં, તેથી કોઈ તેમની સાથે લગ્ન કરવા તૈયાર ન હતું. ત્યારે કપિલ મુનિ તેમને લઈ ગયા. ત્યારથી જ્યેષ્ઠાદેવી કપિલપત્ની કહેવાય છે. સૃષ્ટિના આરંભ સમયે મહાકાલી રૂપે ત્રણ મહાદેવીઓએ બ્રહ્મા પાસે સૃષ્ટિ કરાવી. પ્રલય વખતે એ જ ઉગ્ર રૂપ ધારણ કરે છે. એ જ જ્યેષ્ઠાદેવી કે મહામારી રૂપે સંપત્તિ અને ધનને હરી લે છે.

આ જ્યેષ્ઠાદેવી તેનું નામ સૂચવે છે તેમ સપ્ત કે અષ્ટ માતૃકાસમૂહની મુખ્ય દેવી છે.[૧૯] તેના જ્યેષ્ઠા, જરા, મોટી, વૃદ્ધા એવાં અપર નામો છે. તે ભયંકર દેવી છે, પણ પોતાના ભક્તોના શત્રુઓનો સંહાર કરી-તે તેમનું રક્ષણ કરે છે.[૨૦]

---

૧૫ અગ્રવાલ વાસુદેવ શરણ, એજન, પૃ-૬૭

સુશ્રુત, ઉત્તરતંત્ર અ ૨૭/૩-૫. સ્કંદ, રેવતી, પૂતના, શકુનિ, નૈગમેષ વગેરે કુલ બાર બાલગ્રહોનો તેમાં ઉલ્લેખ છે. તેમાં સાત માતાઓ અને પાંચ પુરુષ ગ્રહનાં નામ છે. ત્યાં જ સ્કંદની સ્તુતિ વગેરે થઈ છે. મહાભારતના અરણ્યપર્વમાં સ્કંદ અને માતૃકાઓના સંબંધ વિશે આખ્યાયિકાઓ છે.

૧૬ પૌરાણિક કથાકોષ, એજન, પૃ. ૫૬૬

વિષ્ણુ પુરાણ, અ-૮. રુદ્રસંહિતામાં આવી જ માન્યતા રજૂ થઇ છે.

૧૭ પૌરાણિક કથાકોષ, એજન, પૃ. ૧૧૪, પૃ. ૬૭૫

૧૮ પૌરાણિક કથાકોષ, એજન, પૃ. ૨૪૭, ૨૫૫-૬

૧૯ પૌરાણિક કથાકોષ, એજન, પૃ. ૨૪૭

૨૦ પૌરાણિક કથાકોષ, એજન, પૃ. ૨૫૨

આ જયેષ્ઠા દેવીનો ઉલ્લેખ સૂત્ર સાહિત્યમાં બૌધાયન સૂત્રમાં છે. ત્યાં તેની ઉપાસના-પૂજાનો ઉલ્લેખ છે.[૨૧]

સ્કંદ, તેની પત્ની દેવસેના કે રેવતી (કૌમારી) તથા ૭ કૃત્તિકાઓ (જેમાં એક જયેષ્ઠા છે) મળીને સપ્તમાતૃકાઓ લોકોમાં પૂજાતી. લોકોમાં બાળરોગોની આ માતાઓ બે પ્રકારની હતી. ભક્ષક-ઉગ્ર, અને રક્ષક-શાંત. પહેલાં આ માતાઓ ભક્ષક હતી, પણ પૂજા કરનારનું તે રક્ષણ કરવા લાગી. આ માતાઓનો પુત્ર તે લોહિતાક્ષ. આ લોહિતાક્ષનું બીજું નામ તે ભદ્રશાખ કે વિશાખ.[૨૨]

૭ કૃત્તિકાઓમાં મુખ્ય જયેષ્ઠા, કૃત્તિકા, પૂતના, શકુનિ, રેવતી અને ષષ્ઠી છે. એ રોગ રૂપી શત્રુને હણનારી રક્ષક માતાઓ મનાવા લાગી. ક્યારેક તેમની સાથે સ્કંદમાતા તરીકે પાર્વતી-આર્યા કે શિષ્ટ શિલ્પની માહેશ્વરી અથવા તો સ્વાહા કે આગ્નેયીની ગણના થતી. કેટલીક વાર આર્યા કે દેવમાતા અદિતિની ગણના પણ થઈ છે. આ માતાઓ તેથી સાત કે આઠના સમૂહમાં મુખ્યત્વે પૂજાતી. તેમની સાથે સ્કંદ અને લોહિતાક્ષ વગેરે બાલગ્રહોની કે ટેરાકોટાની પ્રતિમા બનાવી લોકો પૂજતા.

લોકોમાં આ દરેક માતા વિશે શું માન્યતા હતી તે જોઈએ.

**જયેષ્ઠા:** તે ઉગ્ર દેવી છે. તે જ અલક્ષ્મી, મોટી, જરા, કે વૃદ્ધા છે. તે રોગચાળાની અને મહામારીની દેવી છે. તેની પૂજા મહાભારતના સમયમાં થતી. મગધના આખા પ્રદેશમાં તેની પૂજા પ્રચલિત હતી. રાજગૃહની તે અધિષ્ઠાત્રી દેવી હતી. મગધ રાજવી જરાસંધ આ દેવીની કૃપાથી જન્મેલો અને જીવિત થયેલો, તેથી તેનું નામ જરાસંધ પાડવામાં આવેલું.[૨૩]

આજ સુધી લોકોમાં મહામારી, રોગચાળાની અને વિનાશની દેવી તરીકે તેની પૂજા પ્રચલિત રહી છે. દક્ષિણ ભારતમાં તે શીતળાના સ્વરૂપ તરીકે પૂજાય છે. મહારાષ્ટ્રમાં તેને 'મારી અમ્મા' કહે છે. બંગાળમાં પણ તેની પૂજા જયેષ્ઠા તરીકે પ્રચલિત છે. ગુજરાતમાં તે

---

૨૧ શુકલ ડી. એન., હિન્દુ કેનન ઓફ આઈકોનોગ્રાફી, પૃ. ૩૨૪

બૌધાયન ધર્મસૂત્ર પ્રમાણે, તેનાં બીજાં નામો કપિલપત્ની, કુમ્ભી, હસ્તિમુખા, વિઘ્નપાર્ષદા, જયા અને નૃત્તિ (નિર્ઋતિ) છે.

૨૨ આમ સપ્તમાતૃકાનાં શિલ્પોમાં અગ્રસ્થાને સ્કંદ વચ્ચે માતાઓ અને છેલ્લે પુત્ર તરીકે ભદ્રશાખ કંડારાતો હશે. તે જ તેના માતૃકાસ્વરૂપ સાથે વધુ સંબંધ ધરાવે છે. આજે ગણેશ કોતરાય છે તેને શિષ્ટ સ્વરૂપની માહેશ્વરી સાથે સંબંધ હશે તેમ અનુમાન કરવું પડે, જે એટલું તર્કયુક્ત લાગતું નથી.

પૌરાણિક કથાકોષ, એજન, પૃ. ૫૫૯

શાખ-સ્કંદ શરજૂથમાંથી પ્રગટ થઈ શંકર, પાર્વતી, ગંગા, અને અગ્નિ બેઠાં હતાં ત્યાં ગયા ત્યારે તે દરેકને થયું કે સ્કંદ કોને પગે લાગશે? સ્કંદ આ સમજી ગયા, તેથી તેમણે ચાર રૂપ લીધાં. તે અનુક્રમે સ્કંદ, શાખ, વિશાખ (વિશાળ), અને નૈગમેષ. સ્કંદ અગ્નિ સમાન તેજસ્વી હતા. તે શંકર પાસે ગયા. મહાભારત, શાંતિપર્વ, અ. ૪૪ના આધારે, પૌરાણિક કથાકોષ ૧૯/૩૮.

૨૩ મહાભારત, વનપર્વ, અધ્યાય ૪૪૨, ૩૦.

'મહામારી' તરીકે જાણીતી છે. મરકી-કોગળિયા વખતે એક બકરાનો 'બલિ' બનાવી રંગીને, જંગલમાં હાંકી કાઢવામાં આવે છે. એની સાથે 'રોગ મૂકવાનો' વિધિ થાય છે. કોઈક ઠેકાણે કોગળિયાનું પૂતળું બનાવી ગામ બહાર લઈ જઈ લોકો તેની પૂજા કરે છે.[૨૪] ભારતના અન્ય ભાગોમાં તેના અપર સ્વરૂપ શીતલાની પૂજા વધુ થાય છે.

એક પૌરાણિક માન્યતા પ્રમાણે આ જ્યેષ્ઠા કે જરા કાલની પુત્રી છે. તેનો મોટો ભાઈ પ્રજ્વર છે.[૨૫]

**રેવતી:** તે ઉગ્ર દેવી છે. તેને ક્યારેક સ્કંદપત્ની, તો ક્યારેક સ્કંદમાતા કહી છે.[૨૬] સ્કંદપત્ની તરીકે તેને મહાસેના, દેવસેના, ભદ્રા, કૌમારી કહી છે. શિષ્ટ શિલ્પોમાં તે કૌમારી અને લોકમાન્યતામાં તે કુમારી છે. એક વખત તેની સ્વતંત્ર પૂજા થતી હશે તેમ કુમારિકાખંડ (સ્કંદ પુરાણ), કુમારિકાક્ષેત્ર (ખંભાત) કન્યાકુમારી વગેરે વિભાગો—ક્ષેત્રો—તીર્થો પરથી જાણી શકાય છે. બાળકોના ગર્ભને માતાના ઉદરમાંથી કાઢી તે ખાઈ જતી તેવી માન્યતા લોકોમાં છે.

**કૃત્તિકા:** સંસ્કૃત ગ્રન્થોમાં કૃત્તિકાને 'બહુલા', 'પલાલા' કે 'બલાલા' કહી છે.[૨૭] વ્રજ, ઉત્તરપ્રદેશ, કાશી, બિહાર અને બંગાળમાં શુંગ-કુષાણ સમયથી આજ સુધી તેની પૂજા પ્રચલિત છે. વૃંદાવનમાં બહુલાવન નામના સ્થળે ષષ્ઠીએ બહુલાનો મેળો ભરાય છે.[૨૮] બિહારમાં ગંગા અને કરતોયા નદીના સંગમ પર બહુલા ચતુર્થીએ (ભા. કૃ. ૪, બોળચોથ) બહુલાનો મેળો ભરાય છે, અને ત્યાં સ્ત્રીઓ બહુલાની પૂજા કરે છે, ગીતો ગાય છે.[૨૯] બંગાળમાં કૃતવા ગામે બહુલાનું શાક્તપીઠ છે.[૩૦] ત્યાં બહુલાદેવી અને ભૈરવ ભીરુકની પૂજા થાય છે. જે પ્રદેશમાં બહુલાની પૂજા આજે પ્રચલિત છે ત્યાં તે પુત્રપ્રાપ્તિ માટે પૂજાય છે. એ પ્રદેશોમાં પુત્રજન્મ નિમિત્તે બહુલાનાં ગીતો ગાવાની પ્રથા છે.

ગુજરાતમાં બહુલા ચતુર્થી (ભા. કૃ. ૪) બોળચોથ નામે થાય છે. શું તેનું આ મૂળ તાત્પર્ય ભુલાઈ ગયું હશે ?

**પૂતના:** સપ્તમાતૃકામાં આ દેવી ઉગ્ર અને ક્રૂર દેવી ગણાય છે. તેથી લોકો તેને રાક્ષસી પણ કહે છે. તે નાના બાળકનું મૃત્યુ કરે છે તેવી માન્યતા લોકોમાં છે. બાળકોના મૃત્યુને

---

૨૪ ભગવદ્ગોમંડળ, ગોંડલ, 'મહામારી', પૃ. ૭૦૬૦

૨૫ મેનન પદ્મિની—પુરાણ સંદર્ભકોશ (હિં.), પૃ. ૭૬

૨૬ પૌરાણિક કથાકોષ, એજન, પૃ. ૪૯૧

મહાભારત, વનપર્વ, અ. ૧૩૩-૬ના આધારે.

૨૭ ડાઉસન, એ ક્લાસિકલ ડિકશનરી ઑફ હિન્દુ માઈથોલોજી. પૃ. ૪૦. અગ્રવાલ વાસુદેવ શરણ, પ્રાચીન ભારતીય લોકધર્મો, પૃ. ૫૭. પૌરાણિક કથાકોષ, એજન પૃ. ૩૪૨

૨૮ મિત્તલ પ્રભુદયાલ, વ્રજ કા સાંસ્કૃતિક અધ્યયન, ષષ્ઠી—શ્રાવણ વદ ૬, પૃ. ૧૦૨

૨૯ એજન, પૃ. ૧૦૬

૩૦ ડે.—જ્યોગ્રોફિકલ ડિકશનરી ઑફ ઇન્ડિયા, બહુલા, પૃ. ૪૬, 'તંત્ર ચૂડામણિ'ના આધારે.

નિવારવા તેની પૂજા થતી. વ્રજના મહાવનમાં કાર્તિક શુક્લ ષષ્ઠીએ પૂતનાનો મેળો ભરાય છે.[૩૧] કૃષ્ણ સાથે તેનું નામ જોડાયેલું હોવાથી તે ઘણું જાણીતું છે.

**શકુનિ:** આ એક બાલગ્રહ છે. આ બાલરોગ બાળકને ભૂત-પ્રેતાદિથી થતો હોવાની માન્યતા છે. શબ્દાર્થ પ્રમાણે શકુનિ એટલે સમડી અને સર્પધ્વજ અને ઉત્તરપ્રદેશની નાગપંચમી અને શીતલા ષષ્ટી(સપ્તમી કે અષ્ટમી)ની કથાઓમાં આ બન્ને અર્થમાં તેનો ઉલ્લેખ થયો છે. શીતલા ષષ્ઠી નિમિત્તે દોરાતા ચિત્રોમાં તેનું આલેખન થાય છે, અને પૂજન થાય છે.[૩૨]

**ષષ્ટી:** સપ્તમાતૃકામાં આ શાંત અને કલ્યાણકારી માતા છે. ભારતમાં આજે સર્વત્ર આ માતાની પૂજા પ્રચલિત છે. બાલજન્મ પછી છઠ્ઠે દિવસે રાત્રે સૂતિકાગૃહમાં તેનું પૂજન થાય છે. તે વિધાત્રી છે તેવી માન્યતા છે. તેથી પૂજનના ભાગરૂપે બાજઠ પર કાગળ અને લેખિની મૂકવામાં આવે છે. આથી ભાગ્ય સારું લખાય છે, આયુષ્ય લાંબું થાય છે તેવી પણ લોકમાન્યતા છે. ઉત્તર પ્રદેશમાં આખી રાત સ્ત્રીઓ જાગરણ કરે છે, અને ષષ્ટીનાં ગીતો ગાય છે. તેને ધરાવેલો પ્રસાદ માત્ર સ્ત્રી-બાળકો જ ખાઈ શકે છે.[૩૩] બંગાળામાં ષષ્ટીપૂજન ઘણા વિધિથી કરવામાં આવે છે, ત્યારે સૂતિકાગૃહમાં ષષ્ટીની લોટની પ્રતિમા કરી પૂજે છે.

આ ષષ્ટીદેવીનું વાહન બિલાડી છે. ક્યારેક દેવીનું મુખ બિલાડીનું કરવામાં આવે છે. તેથી તે માર્જારમુખી કે માર્જારકર્ણી તરીકે પણ ઓળખાય છે. તેનો રંગ અને વસ્ત્રો પીળાં કરવાની પ્રથા છે. એક હાથે બાળકને તેડયું હોય તેવી ષષ્ટીની પ્રતિમા થાય છે.

**આર્યા:** વૈદિક સાહિત્યમાં અદિતિ-દેવમાતા માટે આર્યા શબ્દ વપરાયો છે. માનવ ગૃહ્યસૂત્ર(૨-૧૪)માં આર્યાનો ઉલ્લેખ દેવો સાથે થયો છે. લોકોમાં તેનું પૂજન થતું હશે. બાણના હર્ષચરિતમાં આર્યવૃદ્ધાની પૂજાનો ઉલ્લેખ થયો છે.[૩૪] પ્રાચીન જૈન-બૌદ્ધ ગ્રંથોમાં 'આર્યામહ' નામના લોકોત્સવનો ઉલ્લેખ મળે છે. બૌદ્ધ ગ્રંથોમાં તેનો ઉલ્લેખ 'આર્યવૃદ્ધા' કે 'વૃદ્ધ જીવક' તરીકે થયો છે.[૩૫] સપ્તમાતૃકામાં તેનો ઉલ્લેખ આર્યા, વેદમાતા કે દેવમાતા તરીકે થાય છે. પૌરાણિક દેવીઓની યાદીમાં અને મહાભારતમાં પણ તેનો ઉલ્લેખ મળે છે.

'આર્યા' શબ્દ પાર્વતી કે રૌદ્રી માટે પણ પ્રચલિત હતો. પાર્વતી, ગૌરી, આર્યા એ શાંત માતૃસ્વરૂપો છે, જ્યારે રૌદ્રી એ ઉગ્ર સ્વરૂપ છે. લોકોમાં તેનો ઉલ્લેખ સ્કંદમાતા તરીકે પણ થતો. તે બાળકોથી ઘેરાયેલી રહે છે, તેથી તે બહુપુત્રિકા દેવી કહેવાય છે. તેની બાધા-માનતા પણ થાય છે. તેનો વાસ કદંબના વૃક્ષમાં છે, અને ત્યાં તેનું પૂજન કરવાનું ગ્રંથો કહે છે.

---

૩૧ વ્રજ કા સાંસ્કૃતિક અધ્યયન, પૃ. ૨૭૨

૩૨ ત્રિપાઠી રામપ્રસાદ, ભારત કે ત્યૌહાર (હિં.), પૃ. ૧૨૫, ૧૨૬, ૧૨૭. નાગપંચમી અને શીતલા સપ્તમી.

૩૩ વ્રજ કા સાંસ્કૃતિક ઇતિહાસ, પૃ. ૨૭૨; મથુરા-વ્રજ, ઉત્તરપ્રદેશ, બિહાર, માગધ, રોહિલખંડ અને રાજસ્થાન.

૩૪-૩૫ પ્રાચીન ભારતીય લોકધર્મો, એજન પૃ. ૧૬૦

ગુજરાતમાં શામળાજી આજુબાજુના વિસ્તારમાં કણબી, કોળી અને આદિવાસી લોકોમાં 'કળશી છોકરાની માતા' નામની દેવી ઉપર ઘણી આસ્થા છે. તેઓ શામળાજીમાં નદી તીરે આવેલા વિષ્ણુના વિશ્વરૂપની વૃક્ષ નીચે મૂકેલી પ્રતિમાની આ દેવી માની પૂજા કરે છે.[36]

વાસુદેવ શરણ અગ્રવાલ બૌદ્ધ જાતહારિણી દેવીને આ આર્યાનું બૌદ્ધ સ્વરૂપ માને છે.[37]

**સ્વાહા :** આગ્નેયી, સ્વાહા કે અજોમુખી દેવીની પૂજા લોકોમાં ઘણી પ્રચલિત હતી. પુરાણો કાર્તિકેયની માતા તરીકે સ્વાહાનો ઉલ્લેખ કરે છે. તે અગ્નિપત્ની હોવાથી આગ્નેયી કહેવાય છે. તેમનો પુત્ર સ્કંદ છે તેવી માન્યતાથી સ્કંદનું એક વિશેષણ 'અગ્નિભૂ' છે. બ્રાહ્મણ ગ્રન્થોમાં અગ્નિની શિખાઓને સ્વાહા કહી છે, અને આ શિખાઓ તેની પત્નીઓ છે, તેમ જણાવ્યું છે. મહાભારત અને પુરાણોમાં સ્કંદ સ્વાહાનો પુત્ર છે તેને લગતી કેટલીક આખ્યાયિકાઓ છે.[38]

બીજી પૌરાણિક માન્યતા પ્રમાણે, દક્ષ પ્રજાપતિ-નૈગમેય(નૈગમેષ)ની પત્ની સ્વાહા છે. આ નૈગમેષ અને તેની પત્નીની પૂજા યક્ષ-યક્ષિણી તરીકે લોકોમાં પ્રચલિત હશે. વ્રજ-મથુરાથી માંડીને પાટલિપુત્ર અને વૈશાલી સુધી તેની પૂજા શુંગ-કુષાણ સમયમાં ઘણી પ્રચલિત હતી.[39] જૈન બૌદ્ધ સાહિત્યમાં તેના ઘણા ઉલ્લેખો છે.[40] આ નૈગમેષ યક્ષની પૂજા જૈનોમાં આજ સુધી ચાલુ રહી છે, અને દરેક મોટાં જૈન મંદિરમાં તેની પ્રતિમા અવશ્ય હોય છે. દક્ષયજ્ઞ વખતે શિવે દક્ષનું માથું કાપ્યું હતું, તેને બકરાનું (કે મેષનું?) માથું આપીને સજીવન કર્યો એવી પૌરાણિક માન્યતા છે. આથી નૈગમેષ યક્ષ ને સ્વાહાનાં મુખ બકરાનાં થાય છે. સ્વાહા તેથી અજોમુખી તરીકે પણ ઓળખાય છે. સંસ્કૃત નાટકોમાં આ દેવીનો ઉલ્લેખ મળે છે.

આ દેવી અનેક પુત્ર-પરિવાર આપનારી દેવી છે, એવી માન્યતાને કારણે તેની પ્રતિષ્ઠા સૂતિકાગૃહમાં પુત્રજન્મ પહેલાં થતી. તે બહુપુત્રિકા દેવી તરીકે પણ તેથી જાણીતી છે. બંગાળમાં સૂતિકાગૃહમાં ડાંગરની ઝૂડીમાંથી આ દેવીની પ્રતિમા બનાવી તેનું સ્થાપન કરે છે.[41]

---

૩૬ હવે ક. ભા., ગુજરાતનું મૂર્તિ વિધાન.

૩૭ પ્રાચીન ભારતીય લોકધર્મો, આર્યામહ, પૃ. ૧૬૦

૩૮ પૌરાણિકકથાકોષ, પૃ. ૬૭૫

મહાભારત વનપર્વ અને પુરાણોના આધારે આ પ્રમાણે આખ્યાયિકા નોંધી છે. અગ્નિને સપ્તર્ષિઓની પત્નીઓ ઉપર કામના હતી. આથી સ્વાહા આ દરેક ઋષિની પત્નીનું સ્વરૂપ લઈ અગ્નિ સાથે સમાગમ કરે છે, પણ અરુંધતીના સતીત્વના કારણે તે અરુંધતીનું સ્વરૂપ લઈ શકતી નથી. છ ઋષિ-પત્ની તરીકે છ વાર સમાગમ કરવાથી સ્કંદ ઉત્પન્ન થયા માટે તે છ માતાના પુત્ર કહેવાયા અને અગ્નિથી ઉત્પન્ન થયા માટે અગ્નિભૂ કહેવાયા.

૩૯ પ્રાચીન ભારતીય લોકધર્મો, પૃ. ૪૫

૪૦ ,, ,, ,, , પૃ. ૪૫

૪૧ પ્રાચીન ભારતીય લોકધર્મો, સ્કંદમહ, પૃ. ૪૫

ગુજરાતમાં ક્ષત્રપ સમયના ખોદકામોમાંથી આ દેવીની પ્રતિમા પ્રાપ્ત થાય છે,[૪૨] તેથી તે સમયે આ દેવીની પૂજા પ્રચલિત હશે તેમ માની શકાય. આજે પણ આ દેવીનાં સ્થાન મળે છે; માતાનો મેળો ભરાય છે.[૪૩]

મહાભારત અને પુરાણોમાં બાલગ્રહોની દેવીઓનાં જુદાં જુદાં નામો મળે છે. મહાભારતમાં વનપર્વ, અરણ્ય, ભીષ્મ વગેરે પર્વોમાં દેવીઓની યાદીમાં માતૃકાઓનાં નીચેનાં નામોનો ઉલ્લેખ મળે છે.[૪૪]

મહાભારતની अ યાદીમાં (૧) દેવસેના, (૨) પૂતના, (૩) દિતિ કે મુખમંડિકા, (૪) કુમારી(રેવતી), (૫) સરમા, (૬) દેવમાતા(અદિતિ), (૭) આર્યા અને (૮) ષષ્ટી.

આ યાદીમાં દિતિ અને સરમાનાં નામો નવાં છે.

**દિતિ :** દક્ષ પ્રજાપતિની બે પુત્રીઓ અદિતિ અને દિતિ. દિતિ, તે દાનવોની માતા છે, અને કશ્યપ પ્રજાપતિની પત્ની છે. તે બહુ ઉગ્ર માતૃકા છે. તે બાલગ્રહ અને બાલરોગની દેવી છે,[૪૫] તેને બાળકોનું માંસ બહુ પ્રિય હતું, તેથી તે બાળકોને ઉપાડી જતી તેવી માન્યતા લોકોમાં પ્રચલિત હતી.

**સરમા :** વૈદિક સાહિત્યમાં તે યમ સાથે સંકળાયેલી છે. તે કૂતરાની માતા છે. તેવી લોકમાન્યતા છે. આ દેવીને કૂતરાનું મુખ થતું. બીજી માન્યતા પ્રમાણે તે દક્ષ પ્રજાપતિની પુત્રી છે. મહાભારતમાં તેની પૂજા કારંજવૃક્ષમાં કરી દેવીને પ્રસન્ન કરવાનું જણાવ્યું છે.

કેટલાક ગ્રન્થો તેને દીર્ઘજિહ્વી કે દહનર્ક્ષ કહે છે. સરમાની લાંબી લટકતી જીભને કારણે તે આ નામે ઓળખાઈ હશે ? ભગવદ્ગોમંડળ (કોષ) પ્રમાણે દહનર્ક્ષ એ પુરુષ ગ્રહ છે. બાલગ્રહ ને યક્ષ તરીકે તેની પૂજા થતી. તે કૃત્તિકાઓનો પહેલો તારો છે. તેને ગુજરાતમાં 'દુલા' કે 'દહન' કહે છે. ઉત્તરપ્રદેશમાં હોળીની રાખની 'દુલા'ની પ્રતિમા કરી શીતલાઅષ્ટમીએ (ચૈત્ર) તેની પૂજા કરે છે.

રાત્રે કૂતરાનું રડવું સાંભળવું તે મૃત્યુનું સૂચક છે, અપશુકનિયાળ છે, તેવી માન્યતા ભારતમાં બધે પ્રચલિત છે.

મહાભારતની ब યાદીમાં આર્યા, પલાલા (કૃત્તિકા), રુદ્રા,વૃષલી(બૃહલી), મિત્રા, કાકી, હલિમા નામો છે.

---

૪૨ પરીખ ર. છો. (સંપાદિત) ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ભા. ૨., પૃ. ૩૮૮

૪૩ ઢાંકી મધુસૂદન ને શાસ્ત્રી હરિશંકર—પ્રભાસ પાટણનાં શાક્ત મંદિરો, ફાર્બસ સભા ત્રૈમાસિક, અંક. ૧, પુસ્તક ૨૯.

૪૪ પૌરાણિક કથાકોષ, પૃ. ૬૭૬; વનપર્વ, ૨૨૭-૧૮-૪૦, ૨૩૦-૬; ભીષ્મપર્વ, અ-૩૩; વિરાટ પર્વ, અધ્યાય-૬; અરણ્ય ૧૧૯-૩૫, ૨૧૭-૧૦, ૨૧૮-૪૮-૪૯, ૨૧૯-૬; ૧૮-૪૨

૪૫ પૌરાણિક કથાકોષ, પૃ. ૪૦૫

એમાં મિત્રા, કાકી, વૃષલી ને હલિમાનાં નામો નવાં છે.

**મિત્રા :** આ મિત્રા કે સુમિત્રા એ જ 'શત્રુઘ્ની' માતા છે. રોગરૂપી શત્રુને હણનારી માતા તરીકે તેની પૂજા થતી.

ગુજરાતમાં શત્રુઘ્નીમાતા કુળદેવી તરીકે પૂજાય છે, અને તેનાં સેવ્ય મંદિરો હોય છે.

**કાકી :** સ્કંદના શરીરમાંથી ઉત્પન્ન થયેલ આ એક પુરુષ દેવતા છે.[૪૬] બીજી માન્યતા પ્રમાણે તે કશ્યપમુનિને તામ્રાથી થયેલી પુત્રી છે. બાલરોગની દેવતા તરીકે તે પૂજાતી હતી.

**વૃષલી કે બૃહલી :** બહુ રૂપવાળી આ દેવી રોગની અધિષ્ઠાત્રી દેવી હતી. તે અનેક રૂપ ધારણ કરતી માટે તે બહુરૂપા કહેવાઈ છે. તેને 'પિચ્છિલી' કે 'પિલિપિચ્છકેતી' કહી છે. તે પાંડુરોગની દેવી હતી.

**હલિમા :** આ માતા વિશે કંઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

સંસ્કૃત શબ્દકોષ 'શબ્દકલ્પદ્રુમ' સપ્તમાતૃકાનાં શિષ્ટ નામો આપી સ્કંદપુરાણના કુમારિકાખંડને આધારે નીચેનાં લોકમાતૃકાઓનાં નામો આપે છે.

(૧) ચર્ચિકા, (૨) માર્જારકર્ણિકા, (૩) કર્ણમોટી, (૪) મહાગન્ધા, (૫) ભૈરવી, (૬) કપાલિની, (૭) ચામુંડા.

**ચર્ચિકા :** તે ક્ષેમંકરી કે ચર્મમુણ્ડા—ચામુંડા દેવી છે. પ્રાકૃત શબ્દકોષ, 'પાઈઅસદ્-મહણ્ણવો' તેને જ 'મહામારી' કે 'મારીમાતા' કે રેવતી કહે છે. હેમચંદ્રાચાર્ય 'દેશીનામ-માલા'માં ક્ષેમંકરી, ચર્ચિકા અને ચર્મુણ્ડાને એક જ કહે છે. માર્કણ્ડેય પુરાણ (૬૧/૪૮) તેને જ વિનાશકારી દેવી-કાલી, કાલકર્ણી કે 'અલક્ષણા' કહે છે. ચામુંડાના આવા સ્વરૂપને કારણે જ તેને યમભાર્યા કે યમી કહી છે. તે વિનાશ કે મૃત્યુ કરનારી છે.[૪૭] ગુજરાતમાં 'મહામારી' કે 'મારીમાતા'ની પૂજા પ્રચલિત છે. મહારાષ્ટ્રમાં તેને જ 'મારીઅમ્મા' કહે છે.

શિષ્ટ શિલ્પોમાં તે જ સાતમી માતા તરીકે સ્થાન પામી છે.

**માર્જારકર્ણિકા:** એ આગળ વર્ણવેલ ષષ્ટીદેવી છે. કર્ણમોટી(-સરમા ?) અને મહાગન્ધા વિશે કંઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. ગુર્જર-પ્રતિહાર સમયના લેખમાં 'ગંધદેવી'ની પૂજાનો અને માતૃકાપૂજાનો ઉલ્લેખ મળે છે; તેથી તે સમયે મહાગન્ધા દેવીની પૂજા પ્રચલિત હશે તેમ માની શકાય.[૪૮] 'કર્ણમોટી' માતાનો ઉલ્લેખ 'માલતીમાધવ'માં છે, તેથી તે પણ પૂજિત જાણીતી દેવી હશે.

**ભૈરવી:** ભૈરવની શક્તિ તે ભૈરવી. પૌરાણિક માન્યતા પ્રમાણે અંધકાસુરવધ વખતે માતૃકાઓની ઉત્પત્તિ થઈ અને તેમની રક્ષાર્થે ભૈરવની ઉત્પત્તિ શિવે કરી. ગુજરાત, રાજસ્થાન અને પશ્ચિમ ભારતમાં ભૈરવ અને ચામુણ્ડાની પૂજા પ્રજામાં બહુ પ્રચલિત છે, તે નોંધપાત્ર છે.

---

૪૬ પૌરાણિક કથાકોષ, પૃ. ૧૧૧

૪૭ પૌરાણિક કથાકોષ, પૃ. ૨૫૪

૪૮ મિશ્ર વિભૂતિભૂષણ, ધી ગુર્જર-પ્રતિહારઝ એન્ડ ધેર ટાઇમ્સ, પૃ. ૧૦૭

વળી, તાંત્રિક ઉપાસનામાં પણ ભૈરવીની પૂજા મહાવિદ્યા તરીકે, અને તેની ગણના ચોસઠ યોગિનીમાં, પણ થાય છે.

**કપાલિની:** આ એક ઉગ્ર દેવી હતી. તેના હાથમાં મૃત્યુ અને વિનાશસૂચક કપાલ કે ખોપરી રહેતી. તે વિનાશ, પ્રલય, અને મૃત્યુની દેવી હતી. પૂર્વ મધ્યયુગમાં ઉજ્જૈનમાં તેની પૂજા વિશેષ થતી. તેની પણ તાંત્રિક ઉપાસના મધ્યયુગમાં પ્રચલિત હતી.

આ યાદીની ચર્ચિકા, ભૈરવી, કપાલિની, અને ચામુણ્ડા એ એક જ દેવીનાં વિવિધ નામો કે સ્વરૂપો છે. અને તેનું પ્રત્યેક સ્વરૂપ માતૃકાનાં નામોમાં જુદું જોવા મળે છે, તે બે વસ્તુ તરફ ધ્યાન દોરે છે. પ્રથમ, પ્રાચીન માતૃકાપૂજા અને બાલરોગોની દેવીની માન્યતાને સ્થાને નવાં જ નામો પુરાણો જણાવે છે. બીજું, તે વખતે તાંત્રિક અને ઉગ્ર ઉપાસનાના સ્વરૂપનો પ્રચાર ઘણો વધી ગયો હશે.

આગળ વર્ણવેલી દેવીઓના નામો મત્સ્ય પુરાણની દેવીઓની યાદીમાં જોવા મળે છે. બહુપુત્રિકા, શકુનિ, કાલકર્ણી, પિચ્છિલી (વૃષલી), મારી (મહામારી), કર્ણમોટી, જયેષ્ઠા, અજામુખા (સ્વાહા), બિલાડી, (ષષ્ઠી) કે માર્જારમુખી, રેવતી વગેરે.[૪૯]

વાયુ પુરાણમાં પટલા (કૃત્તિકા, પલાલા-બલાલા) ષષ્ઠી, રેવતી, આર્યા (બહુપુત્રિકા), વૃષકન્યા (વૃષલી) વગેરે[૫૦] નામો જોવા મળે છે.

કાલિકા પુરાણ પ્રમાણે જયેષ્ઠા, રુદ્રી, બાલા (બલાલા), કાલવિકર્ણી, કાલી, બલપ્રમથિની, વગેરે.[૫૧]

વિષ્ણુધર્મોત્તર પુરાણ માતૃકાઓનું ટૂંકું મૂર્તિવિધાન જણાવે છે, કે માતૃકા જે તે દેવની જેમ—આયુધ, વાહન વગેરે યુક્ત કરવી, તે સાથે તેમના પૂજા-વિધિ વગેરેનો ઉલ્લેખ કરે છે.[૫૨]

બૃહત્સંહિતા (પાંચમી સદી-વરાહમિહિર) અ. ૫૭માં દેવીઓનાં મૂર્તિવિધાન જણાવતાં નોંધે છે કે પ્રત્યેક દેવી, ખોળામાં એક બાળક માતાનું સ્તનપાત કરતી કે આંગળિયે વળગાડેલ કોતરવી. આવાં પ્રાચીન શિષ્ટ શિલ્પો, ઇલોરા તથા એલિફન્ટામાંથી પ્રાપ્ત થયાં છે. તેમની એક બાજુ વીરભદ્ર છે, અને બીજી બાજુ ગણેશ હોય છે.

---

૪૯ મત્સ્ય પુરાણ, અધ્યાય ૧૭૩, શ્લો. ૧૦-૩૨, અ. ૧૭૯, દેવીસૂચી.

૫૦ વાયુ પુરાણ, અધ્યાય ૯ શ્લો. ૮૫-૯૮.

૫૧ કાલિકા પુરાણ, અધ્યાય ૫૩; હજરા આર. સી. સ્ટડીઝ ઇન ઉપપુરાણઝ. (અંગ્રેજી), પૃ. ૨૧૫

આમાં ઉલ્લેખિત કાલવિકર્ણી, બલપ્રમથિની વગેરે સપ્તમાતૃકાઓનો ઉલ્લેખ 'વરાહ પુરાણ'ના આધારે રાવ ટી. ગોપીનાથ આપે છે, ત્યારે નોંધે છે કે આ દેવીઓ માનસિક આધ્યાત્મિક ઉપાસના માટેની છે.

આથી, ઉપર જે બીજું તારણ કાઢયું છે તેને પુષ્ટિ મળે છે.-મૃ.

૫૨ વિષ્ણુધર્મોત્તર પુરાણ, અ-૩./૨૨૧-૭.૩/૨૨૨ અને આગળ.

મહાભારતમાં બાલગ્રહો અને માતૃકાઓની પૂજાનો ઉલ્લેખ આ પ્રમાણે છે. આ બાલગ્રહો ઉગ્ર છે. તેઓ "માંસ-શોણિત-ભાજન" છે. તેમને પ્રસન્ન કરવાથી બાળકોને રોગાદિનો ઉપદ્રવ તેઓ કરતી નથી. આ ગ્રહો સોળ વર્ષ સુધી જ બાળકોને હેરાન કરે છે, પછી તેમની અસર રહેતી નથી. મગધમાં આ માતૃકાઓની પૂજા ઘેર ઘેર થતી. દીવાલ ઉપર તેનાં ચિત્રો થતાં અને લોકો તેમનો ઉત્સવ કરતા.[૫૩]

વિલિયમ ક્રુક નામના વિદ્વાને વર્તમાન ભારતના લોકધર્મો વિશે લખતાં ઉત્તરપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં નીચેની માતૃકાઓ પૂજાય છે, તેમ નોંધ્યું છે.[૫૪]

| | | |
|---|---|---|
| ૧. શીતલા | બળિયાદિ રોગ માટે | (ગુજરાતમાં આ જ નામે પૂજાય છે. અન્યત્ર જ્યેષ્ઠા દેવી[૫૫]) લોકોમાં બોર નીચે પૂજાતી બોરમા |
| ૨. મસાણી | મૃત્યુની દેવી, યમી | નિઋર્તિ, કાલી, ચર્ચિકા કે ચામુણ્ડા. |
| ૩. વાસન્તી | વસંત ઋતુમાં થતાં ઓરી-અછબડાં | શીતળાનું એક અપર સ્વરૂપ છે. એનું નામ છે. |
| ૪. મહામાઈ | મહામારી-જ્યેષ્ઠા | ગુજરાતમાં મહામારી |
| ૫. પોલેમડે | શરીરનું ઢીલું પડવું, ગળું પડવું શુષ્કાદેવી.[૫૬] | ગુજરાતમાં બાળકનું ગળું પડે ત્યારે દોરો મંત્રાવી બાંધવાની પ્રથા છે. |
| ૬. લમકિરિયા | ઉતાવળી દેવી. | તાવની ઝડપથી વધઘટ થાય તેની દેવી-શક્તિ; ગુજરાતમાં દુલાદેવ કે દહદડા-દહનનું પૂજન થાય છે. |
| ૭. અગવાની | પાંડુરોગ, શરીરનું પીળું પડવું-કમળો પૃચ્છલી કે બૂહલી | |

એમાં, મુખ્ય શીતલા દેવી છે. હરદ્વારમાં તેમનાં નામો શીતલા, સહેલા, રુનકી, ઝુનકી, મહિલા, મેરહલા અને મન્ડીલા છે. તેમાં પણ મુખ્ય શીતલા છે. ગુજરાતમાં રુનકી, ઝુનકી, મન્ડીલાની પૂજા નીચલા થરોમાં થાય છે.[૫૭]

---

૫૩ મહાભારત, સભાપર્વ, અ-૧૬/૩૮, (પુના સંસ્કરણ)

ગુજરાતમાં નાગપંચમી, શીતલાસપ્તમી વગેરે લોકતહેવારોમાં નાગ, શીતલા વગેરેની પૂજા દીવાલો પર ચિત્રો કરીને કરવાની પ્રથા આજે પણ છે, અને નાગ અને શીતલાનાં સ્થાનકો નજીક હોય તો ત્યાં પૂજા-દર્શન નિમિત્તે મેળા ભરાય છે.

૫૪ ક્રુક વિલિયમ, પોપ્યુલર રીલિજિયન એન્ડ ફોકલોર આ-૨૭ (૧૯૬૪) પૃ. ૧૧૫-૧૧૬

૫૫ શીતળાની પૂજા લીમડા નીચે પણ થાય છે.

૫૬ શુષ્કાદેવીની પૂજાનો ઉલ્લેખ મત્સ્યપુરાણ; એક અધ્યયન, પૃ. ૧૯૪-૧૯૬ પર છે.

૫૭ ભારત સરકાર સેન્સસ રીપોર્ટ (અંગ્રેજી) ૧૯૬૧. ગ્રન્થ પાંચમો; ફેર્સ એન્ડ ફેસ્ટીવલ્સ ઑફ ગુજરાતના આધારે; સૂચિપત્ર-ટેબલ પહેલું અને છઠ્ઠું.

આજે વર્ષની વદ છઠ્ઠને દિવસે ષષ્ટી વગેરે દેવી નિમિત્તે ઉપવાસ વ્રત થાય છે. શ્રાવણ અને ચૈત્રમાં વદ-સુદ સાતમ, આઠમ અને ક્યારેક છઠ્ઠના દિવસે શીતલાનું પૂજન થાય છે. માર્ગશીર્ષ અને આષાઢ શુક્લ ષષ્ઠીએ સ્કંદ ષષ્ઠી અને કાર્ત્તિક કૃષ્ણ અષ્ટમીએ કાલભૈરવ અષ્ટમીનાં અનુષ્ઠાન વ્રતો આવે છે. બંગાળ અને દક્ષિણમાં સ્કંદ ષષ્ઠી પ્રચલિત છે, અને ભૈરવ પૂજા સર્વત્ર લોકોમાં પ્રચલિત છે. વ્રજમાં કાર્ત્તિક કૃષ્ણ ષષ્ઠીએ પૂતનાનો મેળો ભરાય છે; તેનો ઉલ્લેખ આગળ થયો છે. પાલિ અટ્ઠ કથાઓના 'ઉદ્દાનવગ્ગ' પ્રમાણે ફાગણ, આષાઢ, અને કાર્ત્તિક કૃષ્ણ ષષ્ઠીએ સ્કંદ અને માતૃકાઓની પૂજા થતી હતી, તે પરંપરા લોકોમાં આજ સુધી જળવાઈ રહી છે, તે વ્રત-અનુષ્ઠાનો અને મેળાઓ પરથી જણાઈ આવે છે. વળી, આજ સુધી તેમની પૂજા રોગાદિના શાંતિ માટે જ થતી રહી છે, અને બાળકોનાં આરોગ્ય અને દીર્ઘાયુષ્ય માટે થતી રહી છે. તેનો પ્રભાવ ધર્મગ્રન્થો, અને શિષ્ટ શિલ્પો પર પણ પડેલો છે.

# "વૈરાગ્યમૂર્તિ"ની જીવનસાધના

**જયન્ત પ્રે. ઠાકર**

આજથી સવા બસો વર્ષ પૂર્વેના ભૂતકાળમાં ડોકિયું કરીએ તો જણાય છે કે ગુજરાતને માટે તે સમય ખૂબ અંધાધૂંધીનો હતો. અંગ્રેજોનો આપણા દેશના રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ તો થઈ ચૂકયો હતો, પરન્તુ એ રક્તવર્ણનો સડો હજી ભારત માતાના વામ અંગ એવા બંગાળથી આગળ વધી શકયો ન હતો. ગુજરાતમાં તો ત્યારે જાણે કોઈને માથે મોડ ન હતો. મુસલમાનોની સત્તા નામશેષ બની ગઈ હતી અને ગાયકવાડ—પેશ્વાનાં ધાડાં જ્યારે ઇચ્છા થાય ત્યારે એકદમ ઊતરી આવી ચૂસી જતાં હતાં. કાઠી-ગરાસિયા જેવી દબાયેલી જાતિઓ પણ ધાડ પાડી લૂંટ ચલાવ્યા કરતી હતી. ધાર્મિક અધોગતિ પણ એટલી જ હતી. સદાચાર પર દુરાચારનું ભારે વર્ચસ્વ જામ્યું હતું. વામમાર્ગ, કૂડાપંથ, કૌલ, શાક્ત, અને કાંચળિયા પંથ જેવા કેવળ વહેમો ઉપર જ ટકનારા પંથોનું જ જાણે સામ્રાજ્ય સ્થપાયું હતું! ગુજરાતના બે મહાન સમ્પ્રદાયો જૈન અને વૈષ્ણવ પણ ત્યારે સડી રહ્યા હતા.

આવા અધઃપતન અને અન્ધકારના સમયમાં સમાજની સાન ઠેકાણે લાવવાનો એક પ્રશસ્ય પ્રયત્ન સૌરાષ્ટ્રમાં ગિરનાર પાસે ત્રંબા ગામમાં વસતા અદ્વૈતી સ્વામી **આત્માનન્દે** કર્યો. અયોધ્યાથી આવેલા એક **રામશર્મા** આ સ્વામીના શિષ્ય થયા અને સ્વામી **રામાનન્દ** તરીકે ઓળખાયા. **રામાનન્દજી**એ પોતાના ગુરુના આ નિઃસ્વાર્થ અને જનહિતકર પ્રયાસને ઠીક ઠીક વેગ આપ્યો. આ ભગીરથ કાર્ય માટે જે સત્કાર્યકર્તાઓનું મંડળ રચાયું તેનું '**ઉદ્ધવ સમ્પ્રદાય**' એવું નામ રાખવામાં આવ્યું. સ્વામી **રામાનન્દજી** પોતે સાક્ષાત્ **ઉદ્ધવ**ના અવતાર મનાવા લાગ્યા. ગુરુ **આત્માનન્દજી** કેવલાદ્વૈતી હતા, જ્યારે **રામાનન્દ** સ્વામી પર **શ્રીરામાનુજાચાર્ય**ની અસર સવિશેષ હોઈ તે શુદ્ધાદ્વૈતી હતા. પરંતુ લોકકલ્યાણ એ સર્વદર્શનોનો ઉદ્દેશ હોઈ આવા સમાજ-સુધારણાના કાર્યમાં આ ભેદ અન્તરાયરૂપ થાય એમ ન હતો. ગુરુના આદેશ અનુસાર **રામાનન્દજી** પણ ગામે ગામ ઘૂમી ઉપદેશ આપતા હતા.

આ જ અરસામાં વિ. સં. ૧૮૩૭(ઈ.સ. ૧૭૮૧)ના ચૈત્ર શુ. ૯ના રોજ અયોધ્યા પાસેના છપૈયા ગામમાં એક તેજસ્વી પુરુષનો જન્મ થયો. તેનું નામ હતું **ઘનશ્યામ.** નાની ઉંમરમાં જ તે ઘર છોડી રખડપટ્ટીમાં નીકળી પડ્યા, જે દરમિયાન તે **નીલકણ્ઠ** બ્રહ્મચારી તરીકે પ્રસિદ્ધિ પામ્યા. ફરતા ફરતા તે સં. ૧૮૫૬(ઈ.સ. ૧૮૦૦)ના શ્રાવણ વદ ૬ને દિવસે સૌરાષ્ટ્રમાં માંગરોળ બંદરથી ત્રણેક માઈલ દૂર આવેલ લોજ ગામમાં **રામાનન્દજી**ના શિષ્ય **મુક્તાનન્દ**ને મળ્યા. પછી તો ગુરુ **રામાનન્દે નીલકણ્ઠ** બ્રહ્મચારીને દીક્ષા આપી **સહજાનન્દ** બનાવ્યા. આ વખતે તેમની ઉંમર માત્ર ૧૯ વર્ષની હતી. સ્વામી **સહજાનન્દે** ગુરુના સમાજસુધારણાના મહાકાર્યને અતિતીવ્ર વેગ અર્પ્યો અને સંપ્રદાયને અત્યન્ત દૃઢ તેમ જ સમૃદ્ધ કરી મૂકયો. તેમણે 'સુધારાદિત્ય' બની અજ્ઞ સમાજને વહેમયવનની પકડમાંથી છોડાવવા ત્રીશ વર્ષ સુધી અવિરત

રીતે મથન કર્યું. પરિણામે આ **'જીવન્મુક્ત'** અગર **'ઉદ્ધવ સમ્પ્રદાય'** **'સ્વામીનારાયણ સમ્પ્રદાય'** તરીકે જ પ્રખ્યાતિ પામ્યો, કારણ કે સ્વામી **સહજાનન્દ** સાક્ષાત્ નારાયણનો જ અવતાર લેખાવા લાગ્યા હતા.

સતી થવાનો રિવાજ દૂર કરવા માટે **રાજા રામમોહન રાય**ને કાયદા તરફ વળવું પડેલું; ત્યારે તે પહેલાં જ આ **સ્વામી નારાયણે** મહાગુજરાતમાં ધાર્મિક સુધારા દ્વારા બાળકીને દૂધ પીતી કરવાનો તથા સતી થવાનો રિવાજ બંધ કરાવેલા. હોળીનાં તેમ જ લગ્નનાં બીભત્સ ગીતો—ફટાણાં—પણ કડકાઈપૂર્વક તેમણે પોતાના 'સત્સંગી 'ઓમાંથી દૂર કર્યાં હતાં. તેમના અનુયાયીઓ ઉચિત રીતે જ 'સત્સંગી' એવું સાર્થક શુભ બિરુદ પામ્યા હતા! અને આ 'સત્સંગી'ઓ એટલે નાનકડો સમ્પ્રદાય નહિ, પણ મહાગુજરાતના લાખો કુટુમ્બો! એ સમ્પ્રદાયમાં બધા લોકોને કોઈ ભેદભાવ વિના જોડાવા એમણે એલાન આપ્યું અને એ રીતે પતિત જાતિઓનો ઉદ્ધાર એમણે સમ્પ્રદાય દ્વારા સાધ્યો, ઉચ્ચને નીચે ઉતારીને નહિ; એ પણ એક આદર્શ કાર્ય હતું. એટલું જ નહિ, પણ ખોજા જેવી અહિન્દુ જાતિઓ પણ સરળતાથી તેમના સમ્પ્રદાયમાં જોડાઈ શકી.

આજે તો આપણે 'સમ્પ્રદાય' શબ્દમાત્રથી કોઈ સંકુચિત વાડાની કલ્પના કરીએ; પરન્તુ જે જમાના અને જે અતિકલુષિત વાતાવરણ વચ્ચે આ **'સ્વામીનારાયણ સમ્પ્રદાય'**ની સ્થાપના તથા વિકાસ થયાં તેનો ખ્યાલ કરવામાં આવે તો એવા કપરા સંયોગોમાં પણ સમાજના સર્વ સ્તરોમાં આચાર, વિચાર અને ઉચ્ચારની એકતા પ્રવર્તાવનાર અને આપણા સમાજને અધોગતિમાંથી ઉગારનાર આ સમ્પ્રદાયની મહત્તા સહેજે સમજાશે. અને આ વિશાળ દૃષ્ટિએ જોતાં એ સમ્પ્રદાય સાથે જેનું નામ જોડાયું છે તે સ્વામી **સહજાનન્દ**ને અવતારી પુરુષ લેખવા એ સાવ અયુક્ત નહીં ગણાય. **'શ્રીમદ્ભગવદ્ગીતા'**માં ભગવાન્ શ્રીકૃષ્ણે વચન આપ્યું છે કે:

> "यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
> अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
>
> परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
> धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥" (૪.૭-૮)

અર્થાત્—"જ્યારે જ્યારે 'ધર્મ'ની ગ્લાનિ થાય અને 'અધર્મ' પ્રબળ બને ત્યારે ત્યારે સજ્જનોનું એટલે કે 'દૈવી સમ્પત્તિ'નું રક્ષણ કરવા માટે અને દુર્જનોનો એટલે કે 'આસુરી સંપત્તિ'નો નાશ કરવા માટે તેમ જ 'ધર્મ'ને સ્થિર કરવા માટે હું જમાને જમાને અવતરું છું." આનો અર્થ એવો નથી કે ઈશ્વરતત્ત્વ સ્વયં જન્મે છે. કોઈક સમુચિત પાત્રમાં દૈવી અંશ મૂકી તેના દ્વારા પોતાનું અભીષ્ટ કાર્ય કરાવવાનો જ આ કોલ ગણાય. મહાપુરુષ તેના કાર્યથી જ પ્રખ્યાતિ પામે છે. સ્વામી **સહજાનન્દ** અર્થાત્ **સ્વામીનારાયણે** જે રીતે સમાજનો ઉદ્ધાર કર્યો તેનો તટસ્થ રીતે વિચાર કરતાં આપણું મસ્તક એ મહાપુરુષ સમક્ષ નમી પડે એમાં અસ્વાભાવિક કંઈ જ નથી. સાચી રીતે જ આ સમ્પ્રદાય સુધારાનો અને વિપ્લવકારી સમ્પ્રદાય મનાયો છે.

આવાં ક્રાન્તિનાં કાર્યો એકલે હાથે કોઈ કરી શકે નહિ. એ માટે **અનેક**ના સહકારની અપેક્ષા રહે છે. **શ્રી સ્વામીનારાયણ**નું પણ આ પ્રખર વિપ્લવકાર્યમાં સહાયરૂપ એવું એક મુખ્ય-શિષ્યોનું મણ્ડલ હતું, જેની સંખ્યા **વલ્લભાચાર્ય**ના શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયની અષ્ટછાપની માફક આઠની હતી.

**રણછોડ, લાલો, ભોજો, નિરાંત** વગેરે ભક્તોનાં મણ્ડલોમાં તો તે તે ભક્તરાજ એકલા જ અસાધારણ વ્યક્તિ લેખાતા, પરન્તુ **રામાનન્દ** સ્વામીનું મણ્ડલ તો જાણે ભક્તોની શાળા જ બની ગયું હતું, અને એ જ પરમ્પરા **સ્વામીનારાયણ**ના સમયમાં પણ વિકસી રહી હતી. તેમના મુખ્ય શિષ્યો હતા **મુક્તાનન્દ, બ્રહ્માનન્દ, પ્રેમાનન્દ, નિષ્કુળાનન્દ, વાસુદેવાનન્દ, દેવાનન્દ, મંજુકેષાનન્દ** અને **દીનાનાથ શાસ્ત્રી.**

આ શિષ્યમાળાની મધ્યે વિરાજતા સ્વામી **નિષ્કુળાનન્દ**ની જીવનસાધનાનો પરિચય સાધવાનો અને તેનું યથામતિ મૂલ્યાંકન કરવાનો અહીં એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

* * *

સૌરાષ્ટ્રના હાલાર જિલ્લાના શેખપાટ ગામમાં **રામભાઈ** નામના એક શ્રદ્ધાળુ સુથાર રહેતા હતા, જેમણે સ્વામી **આત્માનન્દ**ને ગુરુ કરેલા. તેમનાં ભાવુક પત્ની **અમૃતબા**એ ઈ.સ. ૧૭૬૬માં મોટી ઉંમરે એક પુત્રરત્નને જન્મ આપ્યો એને પ્રભુપરાયણ જીવન ગુજારતા **રામભાઈ** કેવળ ગુરુકૃપાના ફળસ્વરૂપ જ લેખતા હતા. તેથી તે બાળકનું નામ પણ તેમણે **લાલજી** જ રાખ્યું. પોતે જ્યારે જ્યારે ગુરુસાન્નિધ્યમાં જાય ત્યારે તેઓ અચૂક રીતે બાળક **લાલજી**ને પણ સાથે લઈ જતા. પરિણામે બાળકમાં સાત્ત્વિકતાના સંસ્કાર સારી રીતે સિંચાયા. તથાપિ તત્કાલીન સામાજિક રૂઢિ અનુસાર જિજ્ઞાસુ **લાલજી** પણ બાળલગ્નનો ભોગ થઈ પડેલા, પરન્તુ પ્રથમથી જ તેમની અભિરુચિ વૈરાગ્ય પ્રત્યે સવિશેષ રહી હતી.

નાની વયે જ પિતાનું સુખ ગુમાવતાં **લાલજી**ને સંસાર-વ્યવહારમાં ઝુકાવવું પડ્યું. પોતાના ધંધામાં તો **લાલજી** સુથાર બહુ કુશળ હતા જ. જે કંઈ કામ હાથમાં લે તેની પાછળ ખંતથી મંડી પડે તેવો તેમનો આગ્રહી સ્વભાવ હતો. પૈસે ટકે પણ તે સુખી હતા. ઘેર ગાડું, બળદ, ગાય, ઘોડી અને દશ-બાર ડોબાં પણ હતાં. ખાસ્સું મોટું ઘર અને જમીન પણ હતી. ગામમાં શાખ પણ એમની એવી જામેલી કે બધાંને જ્યારે ને ત્યારે એમની સલાહસૂચનાની જરૂર પડતી. પોતાની ફરજ બરાબર બજાવનારી પત્ની તથા નાનાં નાનાં ભુલકાઓનું આકર્ષણ પણ જેવું તેવું ન હતું. જેની ઇચ્છા થાય તે ચીજ તરત તેમને મળી રહેતી.

આ બધું છતાં જ્ઞાન-વૈરાગ્યની પકડ એવી સજ્જડ હતી, કે **લાલજી**નું ચિત્ત આ કશા પ્રલોભનમાં ચોંટતું જ ન હતું. બહુ ભણ્યા ન હોવા છતાં **લાલજી** ભગત જ્ઞાનવૈરાગ્યની વાતો કરવા બેસે ત્યારે શ્રોતાઓને તેમનામાં મોટા સન્તમહાત્માનો ભાસ થયા વિના રહેતો નહિ. એક વાર તો **લાલજી**એ ગુરુ **રામાનન્દજી** પાસે દીક્ષા માટે જક પકડી, કહે 'મને હવે ઘરમાં ગોઠતું જ નથી!' ગુરુએ સમજાવ્યું કે 'હજી સંસારસુખ ભોગવવાનાં બાકી હોવાથી દીક્ષાનો સમય પાક્યો નથી'. છેવટે ઈ.સ. ૧૭૮૭માં ૨૧ વર્ષની ઉંમરે તેમને તેમણે નિજ આશ્રિત તરીકે સ્વીકાર્યા અને 'તમારા હૃદયની ભાવના હું બરાબર સમજું છું એટલે જરૂર પડ્યે જરૂર તમને અમારી પાસે બોલાવી લઈશું'' એવું આશ્વાસન પણ આપ્યું.

આશ્રિત તરીકે સ્વીકારાયા પછી **લાલજી**ની ગુરુભક્તિ અધિકાધિક ગાઢ થતી ચાલી. ગુરુના સંગમાં જેટલું રહી શકાય એટલું એ રહેતા અને સાથી 'સત્સંગી'ઓ સાથે જ્ઞાનગોષ્ઠી તેમ જ વાચન-મનન એ તો એમના નિત્યનિયમ જેવાં જ થઈ પડેલાં. **લાલજી**ના સરળ અને નિખાલસ સ્વભાવે ગુરુની પ્રીતિ પણ સમ્પાદિત કરી હતી અને ઉપદેશસભાઓમાં પણ ગુરુની નજીક જ બેસવાનો તો **લાલજી** ભગતનો જાણે ઈજારો જ હતો! તથાપિ કવચિત્ એ ભક્તહૃદયમાં એક વાત ખટકતી હતી: "ગુરુજીએ કહ્યું છે ખરું કે 'જરૂર પડ્યે તમને અમારા ભેળઃ બોલાવી લઈશું', પણ એમને અમારી જરૂર જ કયાં પડે છે? અને શાની પડે?! **મુક્તાનન્દ** સ્વામી જેવા તેમના પ્રીતિપાત્ર પટ્ટશિષ્ય હોય ત્યાં મારા જેવાનો તો તેમને ખપ જ શાનો પડે?!" અને પોતે સ્પષ્ટવક્તા હોવાથી કોઈક વાર વળી આવી વરાળ બહાર પણ કાઢી નાખતા.

સમયનાં વહેણુ તો સતત વહ્યાં જ કરે છે. તેમને કોઈની રાહ જોવાનું રુચતું નથી અને કોઈને તેમની ઉપેક્ષા કરવાનું પાલવતું નથી. **લાલજી** ભગતને આશ્રિત થયે ૧૩ વર્ષ થઈ ગયાં. પોતે ૩૪ વર્ષની વયે પહોંચ્યા. ઈ.સ. ૧૮૦૦નું વર્ષ હતું. **રામાનન્દ** ગુરુ તો જાણે સમય સાથે સ્પર્ધા કરતા હોય તેમ ગામે ગામ ફરતા હતા. તેઓ કચ્છમાં વિહરી રહ્યા હતા ત્યારે એક સાંજે ઉપદેશસભામાં જ લોજ ગામથી **મુક્તાનન્દ** સ્વામીનો પત્ર આવ્યો. તે વાંચતાં વાંચતાં જ ગુરુ પુલકિત થઈ ગયા. ગુરુના મુખ પર થતું પરિવર્તન નિહાળી નિયમ મુજબ નજીક જ બેઠેલા **લાલજી**થી સીધો સવાલ કરી નખાયો:

"**મુક્તાનન્દજી**એ એવા તે શા સમાચાર લખ્યા છે, મહારાજ, કે આપને એકદમ આટલો બધો હર્ષ થઈ આવ્યો?!"

ગુરુજીના મુખમાંથી તરત જ ઉદ્‌ગાર સરી પડ્યા: "શી એની ગુરુસાન્નિધ્યની તમન્ના અને ઈશ્વરપ્રાપ્તિ માટેની વ્યાકુળતા! અને શી એની જીવનસાધનાની તીવ્ર ઉત્કણ્ઠા!"

"કોની? **મુક્તાનન્દજી**ની? ઓહો! એમાં તે શી મોટી વાત છે! પણ આ બીજા કોના અક્ષર છે આ કાગળમાં? તદ્દન અપરિચિત લાગે છે એ તો!"

"અરે! જેની હું રાહ જોયા કરતો હતો તે જ આવી પહોંચ્યા ને!"

"કોણ?" **લાલજી** ભગતની ઉત્કણ્ઠા વધી.

"**નીલકણ્ઠ** બ્રહ્મચારી!"

"એ વળી કોણ છે? એમનું નામ તો કદી આપના શ્રીમુખે અમે સાંભળ્યું નથી!"

"એ તો અદ્‌ભુત છે અદ્‌ભુત!" ગુરુ તો જાણે ઘેનમાં હોય એવી રીતે જ બોલી રહ્યા હતા; પણ ભગત વાતને છોડે એમ કયાં હતા?

"—તો એ નવા આવનાર બ્રહ્મચારી સ્વામી **રામદાસ** જેવા છે કે?"

"**રામદાસ** તે શું? એથી તો બહુ મોટા!"

"ત્યારે તો **મુક્તાનન્દ** સ્વામી જેવા હશે, નહિ?"

"અરે, એથી યે બહુ મોટા!"

"તો પછી આપ અદ્‌ભુત અદ્‌ભુત કરો છો તે શું એ ખુદ આપના જેવા છે?!" નીડર અને હિંમતવાન **લાલજી**એ અકળાઈને પૂછી નાખ્યું. અને ગુરુએ પણ ભરી સભામાં તરત જ જવાબ આપ્યો :

"અરે! અમે યે શું એમની આગળ?! અમારાથી પણ બહુ મોટા, બહુ મોટા!" **રામાનન્દજી**નો આ સચોટ ઉત્તર સાંભળી આખી સભા દંગ થઈ ગઈ અને **લાલજી** ભગત પણ અવાક્ જ બની ગયા!

પછી તો **રામાનન્દજી**ની મંડળી ફરતી ફરતી પાછી સ્વસ્થાને આવી પહોંચી અને ૧૯ વર્ષના **નીલકણ્ઠ** બ્રહ્મચારી દીક્ષા લઈ '**સહજાનન્દ**' બન્યા. ટૂંક સમયમાં જ આ નવા સ્વામીની પ્રતિભાથી બધા અંજાવા લાગ્યા અને **રામાનન્દ** ગુરુએ પણ જાણે પોતાને શિરેથી બધો ભાર ઉતારી તેમને શિરે મૂક્યો.

શરૂઆતમાં તો **લાલજી** ભગતને આ બધું રુચ્યું નહિ અને કંઈક ઈર્ષ્યાથી 'આ વળી નવી લપ વળગી કે શું?' એવો ભાવ પણ એમના સરળ હૃદયમાં ઉદ્‌ભવ્યો. પરન્તુ જેમ જેમ એ જુવાન સ્વામીની અદ્‌ભુત શક્તિઓનો, સમાજ-ઉદ્ધારની તેમની તમન્નાનો તથા ઈશ્વરનિષ્ઠાની તેમની એકતાનતાનો પરિચય થવા લાગ્યો તેમ તેમ તેમના આ ભાવમાં ઝડપી પરિવર્તન આવ્યું એટલું જ નહિ, પણ તે ભક્તનું સ્ફટિક-હૃદય તેમના પ્રત્યેના ભક્તિભાવથી ઉભરાઈ ઊઠ્યું, અને, પરિચય વધતાં, એ નવા ગુરુનો પણ નિષ્ઠાવાન્ **લાલજી** તરફ ઘણો સારો ભાવ જાગ્યો.

* * *

**સ્વામીનારાયણ**ને આવ્યે ચાર વર્ષ વીતી ગયાં છે. ઈ.સ. ૧૮૦૪નું યાદગાર વર્ષ હજી બાલ્યાવસ્થા ઓળંગી શક્યું નથી. શિયાળાની ઠંડીના ચમકારા હજી શમ્યા નથી. છતાં આંબા ઉપર મો'ર બેસવા લાગ્યા છે. બકુલ અને પલાશ વાતાવરણમાં માદકતા પૂરવા લાગ્યા છે. 'કામિની કોકિલાના કેલિકૂજન'નો પ્રારમ્ભ થતો જણાય છે. ઋતુઓની રાણી વસન્ત ઉંબરે આવી ઊભી છે. તેના સ્વાગતની તૈયારી સર્વત્ર ઉમંગભેર થઈ રહી છે. નાના-મોટા સર્વના ઉરમાં અનેરો આહ્‌લાદ ઊગવા લાગ્યો છે. ત્યારે **લાલજી** ભગતના હૃદયમાં તો આનન્દનો મહાસાગર ઊમટ્યો છે. તેમનું ઘર જાણે નવીન સ્વર્ગસમ બની ગયું છે અને ઉલ્લાસમય પ્રવૃત્તિથી ધમધમી રહ્યું છે. ગુરુ **સહજાનન્દ** સ્વામીની પધરામણી થઈ છે. પુલકિતહૃદય **લાલજી** સ્વાગતમાં કશી મણા રાખતા નથી. તેમના ભાવથી તુષ્ટ થઈ ગુરુજી સ્મિત વેરતા કહી રહ્યા છે:

"**લાલજી** ભગત, આ વખતે તો આપણે વસન્તોત્સવ અહીં જ ઉજવવો છે; ભલે બધી મંડળી અહીં જ આવે."

આ વચનામૃતના પાનથી હર્ષોત્તેજિત બનેલ **લાલજી** બોલી ઊઠે છે: "તો તો મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો કહેવાય, મહારાજ! અને અમે ય તે અહીં મોટો જલસો જ કરશું તો!"

ભક્તિઊર્મિના આ સરળ ઉદ્‌ગારોથી સંતુષ્ટ થઈ સાચે જ ગુરુ શેખપાટમાં રોકાય છે. તેમના આદેશ અનુસાર બધી મંડળી વિવિધ સ્થળેથી શેખપાટ પ્રતિ પ્રવાહિત થાય છે. પૂરા રંગથી વસન્તપંચમીનો મહોત્સવ ઉજવાય છે. યજમાન **લાલજી** નિજ કલાકૌશલ્યના નવનીતરૂપ એક અદ્‌ભુત ઝૂલો રચે છે અને તેમાં ગુરુ શ્રી**સ્વામીનારાયણ**ને પ્રેમથી ઝુલાવે છે.

ઉત્સવ પતતાં સત્સંગીઓની મંડળી વિખરાય છે, પરંતુ સ્વામીજી પ્રેમાળ શિષ્યને ત્યાં જ રોકાય છે અને બીજે દિવસે શાન્તિથી વાત કરે છેઃ

"ભગત, તમારું સ્નેહપૂર્ણ અતિથ્ય માણ્યું. હવે તો અમારે અહીંથી સીધા જ કચ્છમાં જવું છે. તો તે માટે કોઈ સારા ભોમિયાની વ્યવસ્થા કરી આપશો?"

ભગત આવી તક જતી કરે એવા તો હતા જ નહિ. તેમણે તરત ઉત્તર વાળ્યો:

"બીજા ભોમિયાને શોધવાની જરૂર જ કયાં છે, મહારાજ? હું જાતે જ સાથે આવીશ ને!"

"ના-ના-ના-ના, ઉત્સવમાં તમે બહુ શ્રમ કર્યો છે. તમારે તો હવે થોડા દિવસ આરામની જરૂર હોય. માટે તમે રહેવા દો, ભગત!"

"અરે, જ્યાં પ્રભુનો સંગ ત્યાં સદાય અમારે તો આરામ જ હોય છે ને, મહારાજ! અને ઉત્સવમાં જે કાંઈ થયું તે તો આપશ્રીની પ્રેરણાને જ આભારી છે, મેં તો તેમાં કંઈ જ કર્યું નથી! એટલે હું જ સાથે આવીશ." લાલજીએ ભારપૂર્વક જણાવ્યું.

"તો જેવી તમારી ઇચ્છા. તમે સાથે હશો તો અમને તો સારો સત્સંગ રહેશે!" ગુરુએ સમ્મતિ આપી.

"ને મારે ય એ જ જોઈએ છે ને, પ્રભુ!" શિષ્યે પણ અન્તરની વાત કહી નાખી.

હવે રણ વીંધવાનું હોવાથી લાલજીભાઈએ ભાથું અને એક મોટી બતક ભરીને પાણી પણ સાથે લઈ લીધું. વળી માર્ગમાં લૂટારાનો ભય રહેતો હોવાથી 'ખરે વખતે ખપ લાગશે' એવું વિચારી, પરીક્ષાર્થી ચોરી કરવાનાં કાગળિયાં જેમ બૂટમાં સંતાડે છે તેમ, ૧૨ કોરી પણ તેમણે સાચવીને પગરખાંમાં સરકાવી દીધી. પરન્તુ વિચક્ષણ નિરીક્ષક સમા સહજાનન્દ સ્વામીથી આ વાત છૂપી રહી શકી નહિ! સ્વામીજીએ કેવળ મન્દસ્મિત કરી ભોમિયાને આગળ ચાલવા આજ્ઞા આપી.

બેઉ સન્તો ઉત્સાહથી ગોષ્ઠી કરતા કરતા આગળ વધવા લાગ્યા—એક ગૃહસ્થ અને બીજા સંન્યાસી, અને બેઉને પરસ્પરના સંગથી સફરમાં રંગ આવ્યો. કેટલુંક અન્તર કાપ્યું ત્યાં એક ભિખારી જેવો લાગતો બ્રાહ્મણ સામે આવી ઊભો:

"બાપુ! ઘણો ભૂખ્યો થયો છું! કંઈ ખાવાનું હોય તો આપો! ગરીબ બ્રાહ્મણની દુવા લેશો તો ભગવાન તમારું ભલું કરશે, બાપુ!"

તેની આજીજી સાંભળી ભગતનું હૃદય પીગળ્યું અને તેને કંઈક આપવાની ઈચ્છા થઈ. પરન્તુ તેમને તરત જ ખ્યાલ આવ્યો કે થોડું આપવા જતાં બધું ખાવાનું એ જોઈ જશે, અને વળી બેઉ સફરીને ખાવા તો પૂરતું જોઈશે જ. એટલે ગૃહસ્થે પોતાના મનને મનાવી લીધું. પણ સંન્યાસીને આવા વિચારો શાના આવે? તેમણે તો લાલજીની આનાકાનીને ગણકાર્યા વિના બધું જ ખાવાનું પેલા ભિક્ષુકને અપાવી દીધું! ભક્તથી તો આટલું જ બોલાયું: "હરીચ્છા!"

આ વાત આટલેથી અટકી નહિ. વળી થોડે દૂર ગયા ત્યાં લૂટારા આવી લાગ્યા: "અલ્યા એય સાધુડા! એય મુસાફર! લાવો, હાલો, તમારી પાંહે જે હોય ઈ આપી દ્યો ઝટ, નહિ તો જીવતા નહીં છોડીએ!"

**લાલજી**ના પેટમાં ધ્રાસકો પડ્યો: "ભાઈ સા'બ! અમારી કને તો કંઇયે નથી. આ મા'રાજ સંગાથે હાલવાનું થયું છે. બાકી તો ખાવાનું રાખ્યું'તું એય મા'રાજે કો'કને અપાવી દીધું છે. હવે તો આ બતક રહી છે અમારી પાસે!" તે કરગર્યા.

લૂટારાને આવા વચન ઉપર વિશ્વાસ બેસે નહિ. તેથી તેમણે બરાબર જડતી લીધી, પણ કશું મળ્યું નહિ. "ચાલો, યાર, આજ તો અપશુકન થયા!" કહેતા તેઓ નિરાશ થઈને ચાલવા લાગ્યા. આ જોઈ ચકોર સ્વામીજીએ ટકોર કરી:

"અરે! એમ નિરાશ શું થાઓ છો? અમે તો, ભાઈ, જે ધંધો લઈને બેઠા છીએ એમાં ચીવટ રાખીએ જ છીએ. પણ તમને તો તમારો ધંધો પણ બરાબર આવડતો નથી!" આમ બોલી તેમણે **લાલજી**ના જોડામાં સંતાડેલ ધન તરફ અંગુલિનિર્દેશ કર્યો. પછી લૂટારા કંઈ છોડે?

ભગત તો બોલ્યા વગર આગળ ચાલવા લાગ્યા. ગુરુનું વર્તન તેમને ગમ્યું તો નહિ, પણ સહન કર્યા વિના બીજો માર્ગ જ કયાં રહ્યો હતો? અને એમાંથી કદાચ કંઈ સારું જ પરિણામ નિપજવાનું હશે, ગુરુમાં તેમની શ્રદ્ધા અડગ હતી. અરે! પણ વળી સામેથી કોઈ આવે છે કે શું? રણમાં ઊડતી રેતી વચ્ચે દૂરથી આવતી કોઈ આકૃતિની ઝાંખી થતી હતી. તેમને થયું, "આ પણ કંઈ લેવા જ આવે છે કે શું? પણ હવે તો સ્વામીજી તેને આપશે યે શું? મારી પાસે તો બસ આ પાણી જ રહ્યું છે!"

**લાલજી**ભાઈની વાત સાચી હતી. તે તૃષાતુર સાધુપુરુષને સ્વામીજીએ પેલી ભાંગ્યાના ભેરુ સમી પાણીની બતક પણ અપાવી દીધી. **લાલજી**ને આમાં પોતાની કપરી કસોટી થતી લાગી. તેમણે બિલકુલ વિરોધ કર્યો નહિ. પરન્તુ ગુરુશિષ્ય વચ્ચે વાર્તાલાપ તો સદન્તર બંધ પડ્યો હતો. બતક જતાં સ્વાભાવિક રીતે જ ભગતને ગ્લાનિ થઈ. તે ભૂખ્યા ને તરસ્યા આગળ વધવા લાગ્યા. પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ જાણે તેમના પગ રેતીમાં ઊંડે ને ઊંડે ખૂંપી જવા લાગ્યા. બળપૂર્વક આગળ ડગલાં ભરવા જતાં જાણે પગ પાછા ચાલતા હોય તેવું લાગવા માંડયું. તૃષાથી કણ્ઠ પણ રૂંધાવા લાગ્યો. અને આ ગુરુને તો જાણે તેની કંઈ પરવા જ નથી! અને તેમને તો નથી ભૂખ, નથી તરસ, નથી થાક! પણ પોતાનું હવે શું થશે? આ સ્થિતિમાં તો હવે આ રણને પાર કરી શકાશે કેમ? શ્રદ્ધાળુ ભક્ત હતાશ થવા લાગ્યા અને પિપાસાથી તરફડતા કરગરવા લાગ્યા:

"મા'રાજ! હવે તો નથી રહેવાતું, નથી સહેવાતું! એટલી બધી તરસ લાગી છે કે બોલાતું યે નથી ને હવે તો ચલાતું યે નથી! ખાધા વિના ચાલશે, પણ પાણી પીધા વિના શે જિવાશે?"

અને મહારાજે શાન્તિથી કચ્છના અખાત તરફ આંગળી ચીંધી: "ઓહો! એમાં ગભરાવાની શી જરૂર છે, **લાલજી** ભગત? આ આટલું બધું પાણી ભરેલું છે ને! જાઓ, જાઓ, એમાંથી પીવું હોય એટલું પી લ્યો!"

"પણ એ તો ખારું......"

"અરે, ખારું તો ખારું. આપણી કાયા યે ક્ષારથી જ ઘડાયેલી છે ને! એમાં શું વાંધો છે? તમે તમારે તરસ છિપાવો ને!"

ડૂબતાના હાથમાં તરણું આવે એવું આશ્વાસન ભગતને મળ્યું. તેમણે તો જેમ તેમ કરી જઈને સમુદ્રજલની અંજલિ ભરી. અરે! આ શો ચમત્કાર! આ પાણી તો અમૃત જેવું મીઠું છે! લાંબો વિચાર કર્યા વિના તેમણે ધરાઈને પાણી પી લીધું. ગુરુ આગળ ચાલ્યા ત્યારે ભગતને વિચાર આવ્યો, "લાવ ને, ફરી ચાખી જોઉં! સાગરનાં જળ તે વળી મીઠાં હોતાં હશે?!" અને જુએ છે, તો ખરેખર ખારું ઊસ!! આ તે આ જાદુગર મા'રાજે મારા માટે ખારા દરિયામાં યે મીઠી વીરડી ઊભી કરી, કે પછી બહુ તરસ લાગી'તી એટલે પાણીની ખારાશ દબાઈ ગઈ હશે?!" ભગત નિર્ણય ન બાંધી શક્યા.

પરન્તુ હવે તેમના પગમાં નવું જોમ આવ્યું અને ઝડપથી રણ વટાવી ગયા. નવા ઉત્સાહમાં ગુરુ પ્રત્યે કશો ડંખ ન રહ્યો. એક નાનકડા તળાવને કાંઠે વિસામો લેવા બેઠા. બાવળના ઝાડ નીચે સ્વામીજી થાક ઉતારવા આડા પડ્યા અને **લાલજી** તેમના પગ ખોળામાં લઈ કાંટા કાઢવા લાગ્યા. કેટલા કોમળ ચરણ છે! અને આટલો શ્રમ વેઠીને પણ કેવા ઠંડા રહ્યા છે! અને એમાંની રેખાઓ કેવી સરસ ઊપસેલી છે! અરે, આ સોળે ચિહ્નો તો ઈશ્વરના અવતારનાં જ સૂચક લાગે છે! તો શું આ **સહજાનન્દ** સ્વામી...તે આગળ વિચાર ન કરી શક્યા. તેમના હૃદયમાં અપૂર્વ આનન્દની છોળ ઊછળી. તે જ ક્ષણે મહારાજ બેઠા થયા:

"ચાલો, ભગત! હવે આગળ વધીએ!"

ભગત માટે તો આ શબ્દોમાંથી જાદુ જ નીતરતું હતું. તે યન્ત્રવત્ ઊઠ્યા અને પાછા આગળ ચાલવા લાગ્યા; પરન્તુ હવે તે ગુરુની હારોહાર ચાલતા વારંવાર તેમના મુખારવિન્દનાં દર્શન કરવા લાગ્યા.

"કેમ, ભગત, કંઈ બોલતા નથી ને મારા મોં સામે તાકી તાકીને જોયા જ કરો છો?! કંઈ ડાઘ બાઘ પડ્યો છે કે શું?" ગુરુએ ટકોર કરી. અને ભગત જાણે ઊંઘમાંથી જાગ્યા:

"હા, મા'રાજ! બહુ મોટો ડાઘ મેં જોયો આજે! પણ એ ભુસાય એવો યે નથી ને બીજાને દેખાય એવો યે નથી!"

"તમે પણ, ભગત, બહુ માર્મિક વચનો બોલવા લાગ્યા છો ને કંઈ!" સ્વામીજી હસી પડ્યા.

એટલામાં આવ્યું આધોઈ ગામનું પાદર. સ્વામીજી કહે, "**લાલજી** ભગત, તમે તો રહ્યા ત્યાગી માણસ! પણ આપણને તો, ભાઈ, ભૂખ બહુ લાગી છે! તો હવે એનું કંઈ ઓસડ કરો!"

**લાલજી**થી બોલી જવાયું: "તે મારી જતનપૂર્વક સંતાડી રાખેલી બાર કોરી પણ આપે ન રહેવા દીધી, તો હવે હું શું કરું, મા'રાજ?" તેમના મુખ પર વેદનાની રેખાઓ સ્પષ્ટ રીતે તરી આવતી હતી.

"ભિક્ષા માગી લાવો ને!" સામેથી તદ્દન સાહજિક જવાબ આવ્યો.

"અહીંના તો લોકો બધા મને ઓળખે; તે ભીખ માગવા જતાં મારી મશ્કરી જ કરે ને!" ભગતે મુઝવણ જણાવી.

"વારુ, ત્યારે તમને કોઈ ઓળખી જ ન શકે એવું કરીએ તો?" ગુરુએ ઉપાય સૂચવ્યો.

"તો તો પછી મને કશો વાંધો નથી, મા'રાજ!" **લાલજી**એ બરાબર સમજ્યા વિના જ સરળતાથી સંમતિ આપી દીધી.

બસ. હવે **સહજાનન્દ** સ્વામી કંઈ બાકી રાખે? **લાલજી**ને માથે મુણ્ડંન તો હતું જ. મૂછ અને શિખા ગુરુએ સ્વહસ્તે કાપી નાખી. વસ્ત્રો ઉતરાવી કૌપીન અને અલફી ધારણ કરાવી. હાથમાં સરસ મજાની ઝોળી આપી. પછી હસતા હસતા કહે:

"કહો, હવે ઓળખશે કોઈ આ શેખપાટના સુથારને?"

"ના, મહારાજ! હવે મને અહીં કોઈ ઓળખે નહિ!" કહેતા રમૂજ અનુભવતા **લાલજી** ઝોળી ખભે ટીંગાડીને ચાલ્યા ગામ ભણી. ભિક્ષા લેવા જતા આ નવીન ચેલાને તેનાથી ૧૫ વર્ષે નાના ગુરુ એકીટશે નીરખી રહ્યા. એમણે જોયું કે તેની ચાલમાં સહેજ પણ ગભરાટ ન હતો, સંકોચ ન હતો, શિથિલતા ન હતી; હતી કેવળ દઢતા. તેના ૩૮ વર્ષની વયે પહોંચેલા ગૌર વર્ણના ઊંચા ને કૃશ દેહની ગતિમાં નવું જોમ હતું, અદમ્ય ઉત્સાહ હતો.—અને ગુરુનું સ્મયમાન મુખારવિન્દ તેજથી મણ્ડિત બન્યું.

ભક્ત ભિક્ષા લઈ આવ્યા. શાન્તિથી વિધિપૂર્વક બન્નેએ ભોજન કર્યું. પછી ગુરુએ મહત્ત્વની વાત છેડી:

"ગુરુજીએ તે દિવસે તમને વખત આવ્યે બોલાવી લેવાનું વચન આપેલું તે યાદ છે કે, **લાલજી**?"

"હા, પ્રભુ, આજે ય એ એટલું જ તાજું છે! પણ ત્યારે તો આપ અહીં પધારેલા જ નહિ; તો તેની આપને ક્યાંથી ખબર?"

"એ તો ગુરુમા'રાજ અમને ય આજ્ઞા આપે ને? અને અમારાથી યે પછી કેમ વીસરાય? તો હવે દીક્ષા ગ્રહણ કરશો કે? હવે બાહ્યવેશ તો બદલવાનો રહ્યો નથી; અને આન્તરિક પરિવર્તન પણ ઠીક ઠીક થઈ ગયું છે!" ગુરુના તેજસ્વી મુખ પર આછું સ્મિત ફરકી રહ્યું.

—અને **લાલજી**એ પોતાના વહી ગયેલા જીવન ઉપર એક દૃષ્ટિપાત કર્યો. પોતે સમજણા થયા ત્યારથી અત્યાર સુધી અનુભવેલ અનેક સારા-માઠા પ્રસંગો તેમના સ્મૃતિપટ પર એક પછી એક વેગપૂર્વક આવ્યા અને ગયા, જાણે તે કોઈ સરસ બોલપટ નીરખી રહ્યા હતા. તેમાં ક્યાંય તેમને સંસારની લોલુપતા ન જણાઈ, જિજ્ઞાસા અને વૈરાગ્યની તીવ્રતા જ તેમાં તેમણે જોઈ. અને ભાવિના અકળ પડને ભેદવા મથતી તેમની તીક્ષ્ણ દૃષ્ટિએ પણ ઉજ્જવલતાનાં જ દર્શન કર્યાં. એમને એવો તો ખ્યાલ ત્યારે ક્યાંથી જ આવે કે દીક્ષિત બનતાં જ અન્તરમાં સંતાયેલી ઊર્મિઓને પ્રકટ થવાની સુન્દર તક મળી જશે અને પરિણામે પોતે નિજ ગુરુની પ્રેરણાથી ૪૪ વર્ષ પર્યન્ત વૈરાગ્યપ્રધાન સાહિત્યની રચનામાં આત્માને ઉતારી ૨૪ જેટલા કાવ્યગ્રન્થો તથા સરળતા, નિરાડમ્બરતા અને સચોટતાને કારણે લોકજીભે રમ્યા કરે એવાં ૩૦૦૦ જેટલાં જ્ઞાન-વૈરાગ્યનાં પદો દ્વારા પોતાની અંદર રહેલા 'જડભરતી જોગિયા'ને પ્રકટ થવાની તક આપી, ગુજરાતના પ્રથમ કોટિના વેરાગી કવિ બની, સચેતન અને સરસ શ્રદ્ધાભક્તિયુક્ત વૈરાગ્યની ઉત્કટતાને પ્રતાપે '**વૈરાગ્યમૂર્તિ**'નું બિરુદ પ્રાપ્ત કરશે અને ગુરુ **સહજાનંદ—સ્વામીનારાયણ**—ના

પટ્ટશિષ્યોની અષ્ટછાપની મધ્યમાં વિરાજી શકશે? તથાપિ તેમને એટલું તો સ્પષ્ટ જણાયું કે દીક્ષા લેવાથી ત્યાગ સમ્પૂર્ણ બનશે અને ગુરુસાન્નિધ્યમાં રહેવું હશે એટલું રહેવાશે તથા તેમની પ્રેરણાને ધરાઈ ધરાઈને પી શકતાં નિજ પ્રકટેશ્વરનિષ્ઠાને અદમ્ય અને ઉત્કૃષ્ટ બનાવી શકાશે. ભૂતભાવિના આ સમગ્રદર્શને પરિસ્થિતિને સ્પષ્ટતા અર્પી અને તેથી તેમણે ગુરુની ટકોરને સહર્ષ ઝીલી લીધી. આટલા અનુભવે તેમણે ગુરુને સાચા સચ્ચિદાનન્દસ્વરૂપે ઓળખી લીધા હોવાથી, જીવનરણના આ વિકટ પથમાં અનુક્રમે નિરન્ન, નિર્ધન અને નિર્જળ બની ચૂકેલા **લાલજી** ભગતે હવે **'નિષ્કુળ-આનન્દ'** થવામાં જીવનની ધન્યતા અનુભવી.

* * *

**નિષ્કુળાનન્દ**ના જીવનના આ પ્રસંગોને કંઈક વિગતે અને કથાત્મક રૂપે નિરૂપવા પડ્યા છે; પરન્તુ તેમના જીવનમાં કેવી રીતે અને કેવા સ્વરૂપનાં પરિવર્તનો આવેલાં તે સમજવા માટે આવું આલેખન આવશ્યક લાગ્યું છે. વળી તેમના કવનનું મૂલ્યાંકન કરતાં પણ જીવનના પલટાઓનો ખ્યાલ રાખવો જરૂરી ગણાય. અને અહીં આલેખેલા આ પ્રસંગો નિરાધાર નથી. એક યા બીજા સ્વરૂપે તે સર્વ તેમના પોતાના સાહિત્યમાંથી જ પ્રકટ થાય છે. નિરાધાર કિંવદન્તીઓને અત્ર સ્થાન અપાયું નથી. અને આ પરિવર્તનનિદર્શક પ્રસંગોમાંથી યે જે કંઈ અત્યુક્તિના અંશો જણાય તે તારવી લેતાં પણ એટલું તો સ્પષ્ટ સમજાશે કે ગુરુભક્તિને પ્રભાવે તથા જિજ્ઞાસા અને વૈરાગ્યની ઉત્કટતાને લીધે તેમણે સંસાર છોડેલો. એમની કૃતિઓમાં સ્થળે સ્થળે આવા નિર્દેશો પ્રાપ્ત થાય છે. તેમનું **'સંતો સાંભળો સાચી વારતા'**એ પદ આખું જ અહીં ઉતારવાનો લોભ રોકાતો નથી, કેમ કે તે તેમના જીવનદર્શનની સળંગ રૂપરેખા આપી જાય છે એટલું જ નહિ, પરન્તુ તેમની ભાષાશૈલીનો પણ સુન્દર નમૂનો પૂરો પાડે છે :

"સંતો સાંભળો સાચી વારતા, નથી લીધો આ ભૂખ્યે ભેખ રે;
જનુનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક રે.—સંતો૦

ગાડું બળદ ગાય ને ઘોડી, ડોબાં હતાં દશબાર રે;
પાંચ મળીને પૂછતાં મુને, કરતો હું કારભાર રે.—સંતો૦

અન્ન ધન ધામ ને ધરણી, પરણી હતી ઘેર રે;
છોટાં છોટાં છોકરાં હતાં, હતી માતાજીની મ્હેર રે.—સંતો૦

ખાવાપીવાનું ખૂબ જડતું, વસ્ત્રનો નહિ પાર રે;
જોઈએ તેવા જોડા જડતા, તકે તકે તૈયાર રે.—સંતો૦

એટલું મેલી આંહી આવ્યો છું, ઉર કરી વિચાર રે;
ભૂખે મરતાં ભેખ લિયે છે, ગણશો નહિ એની હાર રે.—સંતો૦

જ્ઞાનવૈરાગ્યે ગળે ઝાલ્યો, ક્યાંય ન ચોટયું ચિત્ત રે;
**નિષ્કુળાનન્દ** કહે નહિ કહું તો, જોડશે મારું ગીત રે.—સંતો૦[૧]

---

૧ **'निष्कुलानन्दकाव्यम्'**, સં. હરિજીવનદાસ, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૨૮, પ્રારમ્ભિક પૃષ્ઠ ૭; દેશાઈ ઈચ્છારામ સૂર્યરામ, **'બૃહત્ કાવ્યદોહન'** ગ્રંથ ૧ (આવૃત્તિ ૭), ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ, ૧૯૨૫, પૃ. ૭૮૬

દીક્ષા લીધા પછીનું **નિષ્કુળાનન્દ**નું સાધુજીવન સમ્પ્રદાય માટેનું જાહેરજીવન જ બની ગયું અને સાહિત્યરચના તથા ઉપદેશ એ જ તેમનાં મુખ્ય કાર્યો બની રહ્યાં. એમની વૈરાગ્યની તીવ્રતાએ એમને '**વૈરાગ્યમૂર્તિ**'નું માનાર્હ બિરુદ અર્પ્યું. એક વખત **શ્રીસ્વામીનારાયણે** આ તટસ્થ વૃત્તિના ત્યાગી સ્વામીને પોતાના ગઢડા ગામના મન્દિરના મુખ્ય મહન્ત બનાવવાનો વિચાર કર્યો, પરન્તુ 'જડભરતની જાતના જોગી જે જગમાંય જી' એમને એવું પ્રલોભન કેમ ખપે? તેથી રાતોરાત તે ગઢાળા ગામે ચાલ્યા ગયા. આ પ્રસંગ પછી ગુરુએ કદી આવી કોઈ વાત કાઢી જ નહિ. આમ નિજ ગુરુ ઉપર પણ આ સ્વામીની વિરાગવૃત્તિનો પ્રભાવ પડ્યા વિના રહ્યો નહિ.

પોતાની શિલ્પકલાની કુશળતાનો લાભ પણ **નિષ્કુળાનન્દે** સમ્પ્રદાયને સારો આપેલો અને આજે પણ **સ્વામીનારાયણ સમ્પ્રદાય**નાં કેટલાંક મન્દિરોમાં તેમની કોતરકામની કૃતિઓ દૃષ્ટિગોચર થાય છે. સમ્પ્રદાયના સત્સંગીઓમાં એવી એક કહેતી છે કે વડતાલમાં એક વખતે તેમણે બાર દ્વારનો એક હિંડોળો રચેલો જેમાં **શ્રીસ્વામીનારાયણ** એક સાથે બાર સ્વરૂપો ધારણ કરીને ઝૂલેલા અને એ પ્રસંગનો મહોત્સવ ઉજવાયેલો. આ વાતમાં અત્યુક્તિ કે અદ્ભુત રસ ભલે હોય, પણ એમાંથી એટલું તો નિષ્પન્ન થાય છે કે **નિષ્કુળાનન્દ** કુશળ શિલ્પી હતા અને ગુરુનો અનન્ય પ્રેમ સમ્પાદિત કરી શકેલા.

આ સ્વામી વર્ષનો મોટો ભાગ ધોલેરાના મન્દિરમાં રહેતા અને ત્યાં જ ઈ.સ. ૧૮૪૮માં ૮૨ વર્ષની વયે તે અક્ષરધામ પામ્યા. એવી કિંવદન્તી છે કે અન્તકાળે **રામાનન્દજી** તેમને સ્વધામમાં લઈ જવા આવ્યા તો તેમની સાથે તે ન ગયા, પરન્તુ જ્યારે **શ્રીસ્વામીનારાયણ** સ્વયં પધાર્યા ત્યારે તેમની સાથે સિધાવ્યા! **શ્રીસ્વામીનારાયણ**માંની તેમની અપૂર્વ એકનિષ્ઠા આ કહેતી દ્વારા પ્રતિપાદિત થાય છે અને તેમની કાવ્યકૃતિઓમાંથી પણ એ પ્રકટેશ્વરનિષ્ઠા જ ઝર્યા કરે છે.

* * *

**લાલજી** સુથારને દીક્ષા આપી **નિષ્કુળાનન્દ** સ્વામી બનાવીને તેમની શક્તિને પિછાનનાર ગુરુએ આધોઈમાં જ ઉપદેશક તરીકે રહી '**યમદણ્ડ**' નામના ગ્રન્થની રચના કરવાનો તેમને આદેશ આપ્યો. તદનુસાર તેમણે તે જ વર્ષમાં ૨૧ કડવાંનો તે કાવ્યગ્રન્થ રચી ગુરુચરણે ધરી દીધો. મૃત્યુ પહેલાં તથા તે પછીની માનવપ્રાણીની યાતનાઓનું સુન્દર આલેખન તેમાં કરવામાં આવ્યું છે. આ ગ્રન્થમાંની કવિત્વશક્તિ નિહાળીને **શ્રીસ્વામીનારાયણે** અન્ય વિપુલ સાહિત્યના સર્જન માટે તેમને આજ્ઞા કરી. પરિણામે **નિષ્કુળાનન્દ**ના અન્તરમાં સન્તાયેલી અને લાંબા સમયથી બહાર નીકળવાની તકની રાહ જોતી ઊર્મિઓને પ્રકટ થવાનો અવસર પ્રાપ્ત થયો.

**સ્વામીનારાયણ સમ્પ્રદાય**ની સ્થાપનાના સમયે જેમ ગુજરાત સામાજિક તથા રાજકીય રીતે અંધાધૂંધીમાં અટવાયેલું હતું, તેમ સાહિત્યમાં પણ, સ્વાભાવિક રીતે જ, તે 'સૂકવણીનો સમય' હતો. **નાકર-પ્રેમાનન્દ**ની અસર ઓસરી રહી હતી. **દયારામ** અને **દલપત–નર્મદ**ના યુગને હજી વાર હતી. **ભોજો-ધીરો-નિરાંત** ભક્તિગીતો ગાતા ફર્યા કરતા હતા.

આવા અંધકારના યુગમાં અશરણશરણના શરણ સિવાય બીજું શકય પણ શું હોઈ શકે? સાહિત્યની મંદીના એ જમાનામાં **સહજાનન્દ** સ્વામીએ પોતાના શિષ્યો દ્વારા અતિવિપુલ સાહિત્ય સર્જાવીને ભક્તિસાહિત્યની પ્રણાલીને દૃઢતા અર્પી. અને આ નવા સાહિત્યકારોમાં **વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનન્દે** શ્રદ્ધા, ભકિત અને વૈરાગ્યની ઉત્કટતા તથા શૈલીની સીધી સચોટતા દ્વારા અતિ ઉચ્ચ સ્થાન સમ્પાદિત કરી લીધું છે.

**સહજાનન્દ** જેવા સમાજસુધારક નૂતનદૃષ્ટિવાળા ગુરુની પ્રેરણા મળતાં **નિષ્કુળાનન્દે 'યમદણ્ડ'** ઉપરાન્ત જે અન્ય કાવ્યકૃતિઓ રચી તેમનો સંક્ષિપ્ત પરિચય હવે આપણે કરી લઈએ. આમાં જે નવ કૃતિઓની રચનાસંવત્ આપેલી છે તે ક્રમશઃ જોઈ જેની રચનાસંવત્ આપેલી નથી તેવી કૃતિઓ તરફ વળીશું.

આવી કૃતિઓમાં પ્રથમ આવે છે સં. ૧૮૭૧ (ઈ.સ. ૧૮૧૫)માં રચાયેલ '**મનગંજન**'.[૨] ૧૮૭ દોહાના આ કાવ્યમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પોતાના પાંચ યોદ્ધાઓને કારણે અજેય બનેલ મન કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા, નિન્દા, અવિદ્યા વગેરેની બનેલી પોતાની ફોજનું વર્ણન કરે છે તે સુન્દર છે. આ સૈન્ય લઈને તે 'નિજમન' સામે યુદ્ધમાં ઊતરે છે તેનું આલેખન પણ સચોટ છે. છેવટે મન હારી જાય છે :

"ભાર ઉતાર્યો ભૂમિનો, મારી મનની ફોજ;
રહ્યો ન વેરી રાજમાં, તબ પાયો નિજમોજ. ૧૮૨

સાચો સેવક શ્યામનો, નિજમન જેનું નામ;
ભલો લડ્યો ભારતમાં, ,ન કર્યો હુંણહરામ."[૩] ૧૮૩

તે પછીના વર્ષે અર્થાત્ સં. ૧૮૭૨ (ઈ.સ. ૧૮૧૬)માં રચાઈ તેમની '**સ્નેહગીતા**'.[૪] ૧૧ પદ અને ૪૪ કડવાના આ કાવ્યમાં પ્રેમલક્ષણા ભક્તિનું નિરૂપણ કરેલું છે. ઈશ્વરપ્રાપ્તિ માટેના કાયાકલેશના બધા ઉપાયો કરતાં સ્નેહનો માર્ગ વધારે સારો છે, કેમ કે પ્રભુ સ્નેહવશ છે, જ્યારે બીજા માર્ગે વિચરનારા થાકી જાય છે એવું પ્રતિપાદન કરનાર આ કૃતિનું '**સ્નેહગીતા**' એ નામ સાર્થક છે. ગોપીપ્રેમની પરીક્ષા કરવા માટે શ્રીકૃષ્ણ મથુરા જતા રહે છે તે પ્રસંગ અને તેમાંયે ગોપીઓની વિરહવ્યથાનું આલેખન અત્યન્ત સુન્દર છે. તેમાં આવતાં કેટલાંક વૈચિત્ર્યયુક્ત સૂત્રો નોંધપાત્ર છેઃ

---

૨ "સંવત અઢાર એકોતેરે, શ્રાવણ સપ્તમી ચંદ;
એકસો સત્યાશી સત્ય છે, સરવાળે સહજાનન્દ" ॥૧૮૭॥

—ઉપર્યુક્ત, પૃ. ૩૪૯

૩ ઉપર્યુક્ત, પૃ. ૩૪૯

૪ "**સંવત અઢાર બોતેરના,** વૈશાખ શુદ ચતુરથી;
**હરિજનના હેત અર્થે, સ્નેહગીતા** કહી કથી."

—કડવું ૪૪, કડી ૧૧; ઉપર્યુક્ત, પૃ. ૧૦૩

"પ્રીતની રીત ને પ્રેમનું લક્ષણ, તે તો શીખવ્યું આવે નહિ"[૫];
"વેગળાં ગયા વિના પ્રીત ન પ્રિછાય જી"[૬];
"પ્રેમને બાઈ નેમ ન હોય"[૭];
"હેત વિનાનું હૃદય એવું, જેવી વર વિનાની જાન";
"સ્નેહ વિના સરવે સૂનું, જેમ ભોજન ઘૃત વિણ હોય".

સંવત્ ૧૮૮૩ (ઈ.સ. ૧૮૨૭)માં[૮] કચ્છી-હિન્દીમાં રચેલ '**लग्नशकुनावली**' આ કવિના જ્યોતિષના જ્ઞાનની પ્રતીતિ કરાવે છે. મેષથી મીન સુધીનાં બારે લગ્નનાં ફલ આ ૧૭ દોહાની લઘુકૃતિમાં નિર્દેશેલાં છે.

રચનાસંવત્‌ના ક્રમમાંઆ પછી આવે છે '**ભક્તચિન્તામણિ**'. સં. ૧૮૮૭ (ઈ.સ. ૧૮૩૧)ના આસો શુ. ૧૩ને ગુરુવારે ગઢડામાં રહી પૂરો કરેલો[૯] આ વિશાળ ગ્રન્થ **નિષ્કુળાનન્દ**નો શ્રેષ્ઠ ગ્રન્થ ગણાય છે. કવિ પોતે જ આ ગ્રન્થ વિષે યથાર્થ રીતે કહે છે તેમઃ

"બીજા ગ્રન્થ તો બહુ જ છે, સંસ્કૃત પ્રાકૃત સોય;
પણ પ્રગટ ઉપાસી જનને, આ જેવો નથી બીજો કોય."[૧૦]

૧૬૪ પ્રકરણમાં વહેંચાયેલા અને કુલ ૮૫૨૭ દોહા-ચોપાઈઓવાળા આ સુન્દર વિપુલ ગ્રન્થમાં ભક્તોની અભિલાષાઓ પૂર્ણ કરનાર ચિન્તામણિરૂપ ઈશ્વરાવતાર **શ્રીસ્વામીનારાયણ**નું વિસ્તૃત જીવનચરિત્ર આલેખ્યું છે. આમાંના પ્રકરણ ૧૧૩ થી ૧૨૮માં આપેલી **સ્વામીનારાયણ સમ્પ્રદાય**ના ભક્તોની દેશ, ગ્રામ, જાતિ અને ગુણ અનુસારની નામાવલિઓ આ મહાગ્રન્થની એક ખાસ વિશિષ્ટતા ગણાય. આ નામાવલિઓનું મૂલ્ય સામ્પ્રદાયિક દૃષ્ટિએ તો ઠીક, પણ ઐતિહાસિક દૃષ્ટિએ પણ અંકાવું જોઈએ જ. **સ્વામીનારાયણ સમ્પ્રદાય**નું સર્વરહસ્ય સમજવા માટે આ એક જ ગ્રન્થ પૂરતો લેખાય એવી સમૃદ્ધ સામગ્રી તેમાં ભરેલી છે. ગુરુના ચરિત્રચિત્રણની સાથે સાથે તેમના અન્તેવાસી એવા કવિના પોતાના જીવનના પણ કેટલાયે પ્રસંગો અહીં ગુંથાઈ ગયા છે, જે આ ગ્રન્થનું મહત્ત્વ અનેક રીતે વધારી દે છે. એક અવતાર તરીકેનું આ વર્ણન ચમત્કારયુકત હોવા છતાં ગુરુથી ૧૫ વર્ષે મોટા અને ગુરુના આગમન પહેલાં ૧૨ વર્ષથી સમ્પ્રદાયમાં જોડાયેલા તથા પ્રારમ્ભકાળે તો તેમની કંઈક ઈર્ષ્યા પણ કરનારા **નિષ્કુળાનન્દ** જેવા

---

૫ કડવું ૩, કડી ૧૦ક-ખ; ઉપર્યુક્ત, પૃ. ૭૫

૬ કડવું ૧૦, કડી ૧ક; ઉપર્યુક્ત, પૃ. ૭૯

૭ કડવું ૧૩, કડી ૯ક; ઉપર્યુક્ત, પૃ. ૮૨

૮ सुनत यह शकुनावली, भक्त भये सानन्द ।
संवत अढार ब्राशीए, मही बीज निष्कुलानन्द ॥ १७ ॥

—ઉપર્યુકત, પૃ. ૪૨૮

૯ ઉપર્યુક્ત, પ્રારમ્ભિક પૃ. ૧૨

૧૦ ઉપર્યુક્ત, પ્રારમ્ભિક પૃ. ૧૧

વૈરાગીની કલમે આલેખાયેલા આ જીવનપ્રસંગોનું ઐતિહાસિક મહત્ત્વ ઓછું આંકવાની ભૂલ ન જ કરવી જોઈએ.

'**હૃદયપ્રકાશ**' એ ગ્રન્થ કવિએ વડતાલમાં રહીને સં. ૧૮૯૬ (ઈ.સ. ૧૮૪૦)ના અષાઢ શુ. ૧૧ના રોજ પૂરો કરેલો.[૧૧] તેનાં પ્રકરણોને 'પ્રસંગ' કહ્યાં છે. ૧૫ પ્રસંગમાં વહેંચાયેલી આ કૃતિમાં ગુરુશિષ્યના સંવાદ દ્વારા માનવશરીરનાં અંગપ્રત્યંગ તથા તેના દુન્યવી સંબંધોનું મિથ્યાત્વ પ્રતિપાદિત કરેલું છે. આ ગ્રન્થમાં આપેલી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધના વિષયોની સ-રસ લાંબી યાદીઓ કવિની સૂક્ષ્મ દૃષ્ટિનાં દર્શન કરાવે છે.

સં. ૧૮૯૮ (ઈ.સ. ૧૮૪૨)ના પુરુષોત્તમ માસની પૂર્ણિમાએ પૂર્ણ થયેલ[૧૨] કૃતિ '**હરિબલગીતા**' ૪૪ કડવાં અને ૧૧ પદમાં વિસ્તરેલી છે. તેમાં અવિદ્યાને ઓળખી દૂર કરીને, બ્રહ્માણ્ડના સ્રષ્ટા, સર્વશક્તિમાન્ અને સર્વવ્યાપી શ્રીહરિને શરણે જવા બોધ આપેલો છે. અહીં આપેલું 'અવિદ્યા'નું વર્ણન અતિસુન્દર છે અને તેની સામે પુષ્કળ ઉદાહરણો દ્વારા હરિના બલની પ્રતીતિ કરાવીને કવિએ નિજ કૃતિના કવિત્વમય નામની યથાર્થતા પ્રતિપાદિત કરી છે. 'અવિદ્યા'ના સકંજામાંથી મુક્ત થવા માટેનો એક માત્ર ઉપાય 'પ્રપત્તિ' અને તેનાં અંગોનું અહીં કરેલું વિશદ આલેખન પણ ખાસ ધ્યાન ખેંચે એવું છે.

આ પછીને વર્ષે એટલે સં. ૧૮૯૯ (ઈ.સ. ૧૮૪૩)માં[૧૩] ગઢડામાં કવિએ '**ધીરજાખ્યાન**' પૂરું કર્યું. ૬૪ કડવાં અને ૧૬ પદમાં વિસ્તરેલ આ ગ્રન્થમાં કવિએ ધીરજનો મહિમા ગાયો છે. તે માટે પ્રહ્લાદ, ધ્રુવ, હરિશ્ચન્દ્ર, રન્તિદેવ, મયૂરધ્વજ, ઋભુ, શિબિ, જનક, નળરાજા, અમ્બરીષ, વિભીષણ, સુધન્વા, જડભરત, શુકદેવજી, નારદમુનિ વગેરે ભક્તોનાં આખ્યાનો જોરદાર શૈલીમાં આલેખ્યાં છે. કપરાં સંકટોમાં પણ ધૈર્યશીલ રહેનાર આ ભક્તજનોનાં આખ્યાનોની માળા દ્વારા કવિ પ્રતિપાદિત કરવા ધારે છે કે હરિના જનને જ આકરી કસોટીમાંથી પસાર થવાનું હોય છે, બીજાને નહિ. આ કસોટી માટે આપેલી ઘરગથ્થુ ઉપમાઓમાંથી માત્ર થોડા નમૂના જોઈએ:

> "જેમ કુલાલ કસે મૃત્તિકા, વળી કાષ્ઠને કસે સુતાર;
> દરજી કસે દુકૂલને, લોહને કસે છે લુહાર."
> "જેમ શલાટ શિલાને કસી કરી, રૂડું આણે વળી તેમાં રૂપ;
> **એમ કસાય છે જન હરિના, ત્યારે થાય છે શુદ્ધ સ્વરૂપ.**"

---

૧૧ "**સંવત અઢાર છનુંવો,** અષાઢ શુદી એકાદશી દન;
રચ્યો ગ્રન્થ વરતાલમાં, રાખી હૃદે ભગવન."—પ્રસંગ ૧૫, કડી ૫૦; ઉપર્યુક્ત, પૃ. ૨૫૩

૧૨ "**સંવત અઢાર અઠાણુંનો,** માસ પુરુષોત્તમ પુન્યમ દને;
**નિષ્કુલાનંદ** જનહેત અર્થે, કર્યો ગ્રંથ સમજી મને."
—કડવું ૪૪, પદ ૮; ઉપર્યુક્ત, પૃ. ૨૨૫

૧૩ "**સંવત અઢાર નવાણુંવો,** ચૈત્ર વદી દશમી દન;
રચ્યો ગ્રંથ ગઢપુરમાં, સુણી સમરો શ્રીભગવન."
—"**ધીરજાખ્યાન**"ને અન્તે પુષ્પિકાનો દોહો ૨; ઉપર્યુક્ત, પૃ. ૨૯૮

"જેમ પરિયટ પટકે પટને, વળી દિયે મૂશળનો માર;
ત્યારે મેલ માંહ્યલો, નવ રહે રતિ નિરધાર."
"જેમ મજીઠને ખાંડે ખરી, રૂડી રીત શું રંગરેજ;
ચળકે રંગે આવે ચટકી, વળી તેમાં તે આવે તેજ."[૧૪]

વળી મારવા ધસતા ચાણ્ડાલસેવક **હરિશ્ચન્દ્ર**ને રાણી **તારામતી** સિન્ધુરાગમાં વેગીલી વાણીથી કહે છે:

"રાણી વાણી જાણી તાંણી તીખી કહે,
કાઢ કાઢ કાઢ કરવાલ તારી;
ગ્રહે અતિ ગાઢ ગાઢ ગાઢ મને,
વાઢ વાઢ વાઢ વળી મુંડ મારી—રાણી૦ (૧)
રખે અડર નર ડરે ડરતો,
થર થર થર કર કરીશ માં જો;
ધરી ધીર શરીર શૂરવીર વીર થઈ,
નાથ હાથ વાળતાં દિલે ડરીશ માં જો—રાણી૦ (૨)"[૧૫]

આ ગ્રન્થમાં પણ વિવિધ પ્રકારનાં વર્ણનો સરસ રીતે આલેખાયાં છે.

'**ભક્તિનિધિ**' એ આ કવિનો છેલ્લો ગ્રન્થ મનાય છે. તે સં. ૧૯૦૨ (ઈ.સ. ૧૮૪૬)ના ચૈત્ર શુ. ૯ ને રવિવારના રોજ પૂરો થયેલો.[૧૬] ૪૪ કડવાં, ૨ સોરઠા, ૧૧ પદ અને ૧ ધોળમાં વિસ્તરેલ આ કૃતિમાં **નિષ્કુળાનન્દે** ભક્તિનો મહિમા અતિ સુન્દર રીતે, થોકબંધ ઉદાહરણો આપીને, ગાયો છે. જેમ **નરસિંહ મહેતા**એ ગાયું છે કે "ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે", એ જ રીતે આ કવિ પણ સ્પષ્ટ રીતે કહી દે છે કે:

"જેમ અતિ ઊંચો અંબરે ચઢે, આકાશે વસે જ્યાં અનલ;
એથી ઊંચો તો એક શૂન્ય છે, બીજાં હેઠાં રહ્યાં સકળ.
તેમ ભક્તિ થકી આ બ્રહ્માંડમાં, નથી સરસ જોયું શોધીને;
**નિષ્કુલાનંદ** પદ પરમ પામ્યા, જે અગમ છે મનબુદ્ધિને."[૧૭]

"**ભક્તિ છે ભવજળવહાણ**" એ પ્રસિદ્ધ રૂપકયુક્ત પદ આ ગ્રન્થનું અન્તિમ પદ છે.[૧૮]

---

૧૪ એ જ, કડવું ૪, કડી ૩, ૪, ૮, ૯; ઉપર્યુક્ત, પૃ. ૨૫૭

૧૫ એ જ, કડવા ૨૪ પછીનું પદ ૬, કડી ૧-૨; ઉપર્યુક્ત, પૃ. ૨૭૦

૧૬ "**સંવત સુંદર ઓગણીસ, વરસ જુગલ વખાણિયે એ;**
ચૈત્ર સુદી નૌમી દિનેશ, ગ્રંથ પૂરણ પરમાણિયે એ."
—'**ભક્તિનિધિ**'ને અન્તે ધોળની કડી ૧૮; ઉપર્યુક્ત, પૃ. ૨૦૨

૧૭ '**ભક્તિનિધિ**', કડવું ૩૮, કડી ૯-૧૦; ઉપર્યુક્ત, પૃ. ૧૯૭

૧૮ ઉપર્યુક્ત, પૃ. ૨૦૧-૨૦૨

જેમાં રચનાસંવત્ મળતી નથી એવા પણ એમના ઘણા ગ્રન્થો છે. **'પુરુષોત્તમપ્રકાશ'** નામના ૫૫ 'પ્રકાર'માં વહેંચાયેલા આવા એક વિસ્તૃત ગ્રન્થમાં આ કવિએ શ્રીહરિના અવતાર અર્થાત્ 'પુરુષોત્તમ' તરીકેનું **સહજાનન્દ** સ્વામીનું ચરિત્ર-ચિત્રણ કર્યું છે, જેમાં હૂબહૂ વર્ણનો આવે છે. 'ડાબા કાનમાં બિંદુ જે શ્યામ રે' અને 'વાંસે તિલ મોટો જેણે જોયો રે' જેવી સૂક્ષ્મ વિગતો પણ આ આલેખનમાં કવિની ઝીણવટભરી દૃષ્ટિમાંથી છટકી શકી નથી. વળી સપ્તસ્વર, ૩ ગ્રામ, ૨૧ મૂર્ચ્છના, ૨૨ સુર, ૬ રાગ, ૩૨ રાગિણી, વિશ્રામ, તાલ, કાલ, માન, આરોહ, અવરોહ ઇત્યાદિના ઉલ્લેખો કવિના સંગીતશાસ્ત્રના જ્ઞાનની પ્રતીતિ કરાવે છે.

પ્રભુવચનમાં શ્રદ્ધા રાખવાનો બોધ આપતા અને તેથી ઢોંગી અને વચનવિમુખને ચાબખા મારતા **'વચનવિધિ'**નો વિસ્તાર ૫૨ કડવાં અને ૧૩ પદ જેટલો છે. તે ગ્રન્થને અન્તે કવિ કહે છે:

"આ ગ્રંથ અતિ અનુપમ છે, **મુખ દેખાડવા દરપણ;**
**પણ હબશી** મુખ જોઈ **હૈયે, લિયે** નહિ **લ**ગારે ગુણ.
**દેખી મુખ દુઃખિયો થઈ, કરે ગ્રંથમુકુર પર રોષ;**
**જેમ છે તેમ દેખાડિયું, ગ્રંથદરપણનો શો દોષ?**"[19]

આવી ચોટદાર સ્પષ્ટતા જેના વિષે કરાઈ છે તે ગ્રન્થમાં ઢોંગી સાધુઓ માટે આ સિવાય બીજા કયા શબ્દો કવિ વાપરી શકે? !—

"ઘોડા પરજાપતઘરના, **ખાયે ખતા ખણું ખણું** એ ઘણા;
એવા સાધુ કે'વાય છે સંસારમાં, અતિ લબાડ લજામણા."[20]

માટે—

"ગદ્ધા ધોળા ધોળ્યા પરા, સારી લાગે શ્યામળી ગાય;
**નિષ્કુલાનંદ** ગાય પૂજીએ, પણ ખર ખરા ન પૂજાય."[21]

એ તો કહી નાખે છે કે:

"કહો **કામ**દુઘાનું ત્યાં **કામ કશું**, જ્યાં **ઘણા ગદ્ધા ઘર** બારણે;
**એમ આ**જ્ઞાકારીનું શું ઉપજે, જ્યાં વિમુખ હોય **કાજ કાર**ણે."[22]

અને—

"લુલા પાંગળા **રોગી વિયોગી, દુઃખી દીન દરિદ્રી** અતિ;
તે તો **પૂર્વ**ના **પાપથી, દુઃ**ખ ભોગવે છે **દુર્મ**તિ."[23]

---

૧૯ **'વચનવિધિ'**ને અન્તે મૂકેલા બે દોહા; ઉપર્યુક્ત, પૃ. ૧૩૫

૨૦ **'વચનવિધિ'**, કડવું ૨૭, કડી ૨; ઉપર્યુક્ત, પૃ. ૧૧૯

૨૧ એ જ, કડવું ૨૭, કડી ૮; ઉપર્યુક્ત, પૃ. ૧૨૦

૨૨ એ જ, કડવું ૧૨, કડી ૭; ઉપર્યુક્ત, પૃ. ૧૧૧

૨૩ એ જ, કડવું ૨૦, કડી ૭; ઉપર્યુક્ત, પૃ. ૧૧૬

૪૮ કડવાં અને ૧૨ પદના વિસ્તારવાળી 'સારસિદ્ધિ'માં કવિએ જીવનના સાચા સાર તરીકે વૈરાગ્ય, ભક્તિ, ધર્મ અને સત્સંગનો મહિમા ગાયો છે. પ્રકટને ત્યજી પરોક્ષને ભજનારની ટીકા કરતાં કવિ સચોટ દૃષ્ટાન્ત આપે છે કે :—

"જેમ સાજો જમે રે સુંદર સુખડી રે,
માંદાને મગઉદકે આરામ રે." અને

"જેમ કોઈ ફૂલવાડીનાં ફૂલ મેલી, આકાશફૂલની આશા કરે;
પાર વિના પરિશ્રમ પડે, સાર થોડું જ મળે સરે.
તેમ પ્રગટ પ્રભુને પરહરી, પરોક્ષમાં કરે પ્રતીત;
તે તો પીયૂષનો તરુ પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત."[૨૪]

પચાસ-પચાસ કડીના સાત 'ચિન્તામણિ'માં વિસ્તરેલ 'હરિસ્મૃતિ'માં, તેનું નામ દર્શાવે છે તેમ, શ્રીકૃષ્ણનાં જીવનસ્મરણોનું વિશદ અને આહ્લાદક આલેખન કરાયું છે. તેમાં આપેલી ભોજનની વિવિધ વાનગીઓ, શાકભાજી, મુખવાસ, ફળ વગેરેની લાંબી છતાં રસપ્રદ અને ઉપયોગી યાદીઓ ખાસ નોંધપાત્ર ગણાય.

'ચોસઠપદી'માં આઠ આઠ પદના આઠ વિભાગ પાડેલા છે. તેમાં સન્ત અને અસન્ત—સજ્જન અને દુર્જન—નું વર્ણન કરી તે બે વચ્ચેનો ઝીણવટભર્યો વિવેક દર્શાવેલો છે. આ પદોમાં પાદાન્તાદિયમક જેવા શબ્દાલંકારનાં પુષ્કળ ઉદાહરણો મળે છે. તેનો એક નમૂનો અહીં બસ થશે :

"હોય કાચના સર્વે આકાર, રવિશશિ તારા વળી;
વળી તેજ તેજ ત્યાં અંબાર, રહે બહુ ઝળમળી.
મળી પૂરણ દિશે પ્રકાશ, એકરસ તેજ એવું;
એવો ધામમાં છે ઉજાસ, એ વિના કહિયે કેવું.
કે'વું કેડે નથી હવે કાંય, સમઝો તો સમઝો સાને;
સાને નિષ્કુલાનન્દ ગાય, જેને આવ્યું એવું પાને."[૨૫]

એકસો એક કડીના કચ્છી-હિન્દી કાવ્ય 'ગુણગ્રાહક'માં ભિન્નભિન્ન વસ્તુઓના ગુણોનું આલેખન કરવામાં આવ્યું છે. સહજાનન્દ સ્વામી કરતાં ૧૫ વર્ષે મોટા અને તેમના આગમન પહેલાં ૧૨ વર્ષથી સમ્પ્રદાય સાથે સંકળાયેલા નિષ્કુળાનન્દ આ કાવ્યને અન્તે ગુરુને નમ્રતાપૂર્વક અરજ કરે છે કે :

"अब अवगुन मेरा आप तमे,
देखो नहीं ज्युं दयाळ ।
अर्भक करे अपराधके,
तो बाप तजत नहीं बाळ ॥"[૨૬]

---

૨૪ 'સારસિદ્ધિ', કડવું ૪૭, કડી ૩-૪; ઉપર્યુક્ત, પૃ. ૬૯૮

૨૫ 'ચોસઠપદી', વિભાગ ૮ નું પદ ૭, કડી ૨-૪; ઉપર્યુક્ત, પૃ. ૩૩૯

૨૬ 'ગુણગ્રાહક', કડી ૯૮; ઉપર્યુક્ત, પૃ. ૩૫૫

**'हरिविचरण'** એ ૪૦ થી ૫૦ કડીના એક એવા આઠ 'વિશ્રામ'માં વિસ્તરેલું કચ્છી-હિન્દી મિશ્ર ભાષામાં લખાયેલું કાવ્ય છે. તેનું શીર્ષક સૂચવે છે તેમ, તેમાં શ્રીહરિના અવતાર એવા **સહજાનન્દ** સ્વામી જે જે વન, તીર્થ, દેશ કે ગામમાં વિચર્યા અને જે જે જળાશયોમાં તેમણે સ્નાન કર્યું તે સર્વની વિગત આપી છે. આ વિચરણ-વિવરણમાં સાલ, માસ અને તિથિ પણ ચોકસાઈપૂર્વક દર્શાવેલાં છે. આથી આ ગ્રન્થ ઐતિહાસિક તેમ જ ભૌગોલિક મહત્ત્વ ધરાવે છે. આ આલેખનમાં સ્વામીજી બાકરોલ, આણુંદ, સાંકરદા, વડોદરા અને ભરૂચમાં આવેલા[૨૭] તથા 'બાલવાકુંડ ગંડકિ', 'ઓર', 'રેવા' અને 'વિશ્વામિત્રી'માં પણ તેમણે સ્નાન કરેલું તે હકીકત પણ આપેલી છે.[૨૮]

વિવિધ છન્દની ૧૦૨ કડીના લઘુકાવ્ય **'અરજીવિનય'**માં વિવિધ પ્રકારની હૃદયના ઊંડાણમાંથી આવેલી અસરકારક પ્રાર્થનાઓ સંગ્રહાયેલી છે; જ્યારે **'કલ્યાણનિર્ણય'**માં મુક્ત-મુમુક્ષુની પ્રશ્નોત્તરી દ્વારા મનુષ્યજીવનનાં સર્વપાસાંમાં કલ્યાણ શું તેના અઢાર નિર્ણયો આપેલા છે.

**'અવતારચિન્તામણિ'**ની ૩૩ ચોપાઈઓમાં ભિન્નભિન્ન અવતારોનું સંક્ષિપ્ત અવલોકન કરેલું છે; જ્યારે **'चिह्नचिन्तामणि'**ના ૧૬ હિન્દી દોહામાં ઈશ્વરાવતારના ચરણમાંનાં ૧૬ શુભચિહ્નોનું આલેખન કર્યું છે. તેના છઠ્ઠા દોહામાં કવિ કહે છે :

---

૨૭ "गाम बाकरोल गये बहुनामी, सुंदर श्याम संतके स्वामी ।
आनंद गामे गये प्रानपति, देखी दुष्ट दाझे उर अति ॥
सांकरदामें आये सुखकारी, रहे रात भक्तभयहारी ।
शेहेर बडोदरे आये सुखदाता, कहुं कछुंक में ताहिकी बाता ॥
नृप प्रभु पधरावन काजा, आये सामैये गज बहु बाजा ।
गाजते वाजते घरुं पधराये, करे विनय परे प्रभुके पाये ॥
किनी पूजा षोडश प्रकारा, धूप दीप कर आरती उतारा ।
कर जुग जोडी कहत नरेशा, हम हे तुमारे कही नामे शिशा ॥
पिछे प्रभुजी आयेहे उतारे, आये दर्शने शहेर लोक सारे ।
बडेबडेके मोडेहे माना, अति सामर्थी देखाइ भगवाना ॥
तियां रये हरि दिन तीना, पिछे चले प्रभुजी प्रवीना ।

—**'हरिविचरण'**, विश्राम ५, चोपाई ३०-३५ कख; ઉપર્યુક્ત, પૃ. ૩૬૮-૩૬૯
આ રાજા તે દામાજીરાવ ગાયકવાડ હશે.

૨૮ "बडि रावती नदी विसवि, तामें ना'ये हरि कहत हे कवि ।
बालवाकुंड गंडकिमें घनश्याम, ना'ये ओरमें संत सुखधाम ॥

* * *

चोकिमें रही चतुर सुजाम, चिनि नदीमें किनेहे स्नान ।
भरोच शहेर ना'ये नदी रेवा, विश्वामित्री ना'ये जुगदेवा ॥"

—**'हरिविचरण'**, विश्राम ७, चोपाई ४, ९; ઉપર્યુક્ત, પૃ. ૩૭૨

"जिन जान्यो रस जांबुको, सरवे रसमहि सार ।
अन्य रसकि इच्छा टरि, निरस भयो संसार ॥ "[२९]

હિન્દી-કચ્છીમાં લખાયેલા '**पुष्पचिन्तामणि**' નામક લઘુકાવ્યની ૩૧ ચોપાઈઓમાં પ્રભુ-વિરહના દુઃખને ઉદ્દીપિત કરનાર ૩૧ પુષ્પોનું ચિન્તન કર્યું છે; પ્રિયતમ પ્રભુ પધારે તો આ સર્વ પુષ્પો તેમને સમર્પણ કરવાની ભાવના તેમાં વ્યક્ત કરેલી છે. તેમાંની એક ચોપાઈમાં વિરહિણી કહે છે:

"पिया गये परदेशकुं, मैं एकिली नार ।
गुलहजारी गुंथके, किन कंठ आरोपुं हार ॥ "[३०]

અને અન્તે તો—

"केसर भीने कानजी, घेर आये गोविन्द ।
प्यारे प्रितम उपरे, वारी निष्कुलानन्द ॥ "[३१]

આવું જ બીજું કાવ્ય છે '**સ્નેહના બાર મહીના**'.તેમાં કાર્તિક માસમાં વિદેશ ગયેલા પ્રિયતમ પ્રભુના વિયોગમાં માસે માસની પ્રિયતમાસમ કવિહૃદયની વિરહની વેદનાનું સુન્દર આલેખન કરાયું છે. અન્તે આસો માસમાં પ્રિયતમ પાછા ફરે છે ત્યારના તેના આહ્લાદ—ઊમળકાનું વર્ણન વાંચતાં આધુનિક ભક્તકવિ **પૂજાલાલ**ના અમર કાવ્ય '**વિરાટની પગલી**'નું સહેજે સ્મરણ થઈ આવે છે.

વીસ પદના '**વૃત્તિવિવાહ**'માં પણ શુદ્ધ અવિચ્છિન્ન મનોવૃત્તિ અને પુરુષોત્તમ શ્રીહરિના લગ્નનું રૂપક નિરૂપેલું છે. લગ્ન પ્રસંગે ચુંદડી, વિવિધ આભૂષણો, જાનૈયા વગેરે જેની જેની જરૂર હોય છે તે સર્વના આધ્યાત્મિક નિરૂપણ દ્વારા આ રૂપકને પરિપૂર્ણ બનાવવાનો સરસ પ્રયત્ન કવિએ આ ટૂંકી કૃતિમાં કર્યો છે. આ સમગ્ર આલેખન એવા ક્રમમાં ગોઠવેલું છે કે લગ્નપ્રસંગનું આખું ચિત્ર આપણા માનસપટ પર ખડું થઈ જાય છે.

શ્રી **સહજાનન્દ** સ્વામીએ વિ. સં. ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૬)માં રચેલ '**शिक्षापत्री**' **સ્વામીનારાયણ સમ્પ્રદાય**નો એક અનુપમ ગ્રન્થ છે. તેમાં સ્પષ્ટ રીતે જણાવ્યા પ્રમાણે

"सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता— "

અર્થાત્—સર્વ સત્-શાસ્ત્રોના સારરૂપ ઉપદેશ તેમાં ગૂંથેલો છે. તેમાં આ સમ્પ્રદાયના સર્વ 'સત્સંગી'ઓ માટેની આચારસંહિતા આપેલી છે. ચારે વર્ણાશ્રમના સામાન્ય ધર્મો, આચાર્યના વિશેષધર્મો, તેમની પત્નીઓના વિશેષધર્મો, ગૃહસ્થના વિશેષધર્મો, રાજાના વિશેષધર્મો, સધવા સ્ત્રીઓના વિશેષધર્મો, વિધવા સ્ત્રીઓના વિશેષધર્મો, સધવા-વિધવા નારીમાત્રના સામાન્યધર્મો, બ્રહ્મચારીના વિશેષધર્મો, સાધુઓના વિશેષધર્મો અને વર્ણી સાધુના સામાન્યધર્મોનું વિશદ અને

---

૨૯ '**चिह्नचिन्तामणि**', દોહો ૬; ઉપર્યુક્ત, પૃ. ૪૨૪
૩૦ '**पुष्पचिन्तामणि**', ચોપાઈ ૧૧; ઉપર્યુક્ત, પૃ. ૪૨૬
૩૧ એ જ, ચોપાઈ ૩૧; ઉપર્યુક્ત, પૃ. ૪૨૭

સહેજ પણ ગૂંચવાડા વિનાનું નિરૂપણ તેમાં કરવામાં આવ્યું હોઈ સર્વ અનુયાયીઓ માટે તે નિત્યપાઠનો ગ્રન્થ ગણાયો છે. અને **શ્રીસ્વામીનારાયણ**નો અન્તિમ ઉપદેશ તેમાં સંગ્રહાયેલો હોઈ '.સત્સંગી ' માત્ર તેમાં દર્શાવેલા નીતિનિયમોને અનુસરવાનો સભાન પ્રયત્ન આજ સુધી કરતા આવ્યા છે. પરન્તુ ૨૧૨ શ્લોકમાં નિબદ્ધ આ બહુમૂલ્ય ગ્રન્થ મૂળ સંસ્કૃતભાષામાં લખાયેલો છે. આથી તેને અધિક સરળતા અર્પીને સર્વભોગ્ય અને સર્વોપયોગી બનાવવાના સદુદ્દેશથી તેમના અન્તેવાસી અને તેમની પ્રેરણા અનુસાર સત્સાહિત્યની રચનામાં જીવન અર્પનાર સ્વામી **નિષ્કુળાનન્દે** ૨૬૦ ચોપાઈઓમાં તેનો સરળ ગુજરાતી અનુવાદ કર્યો છે. વિષય અનુવાદકને હસ્તામલકવત્ અને આત્મસાત્ થયેલો હોઈ તેમના અન્તરના ઊંડાણમાંથી આવતો હોય એવો આ અનુવાદ મૂળગ્રન્થરૂપ બની ગયો છે. તેના પ્રારમ્ભમાં જ **સ્વામીનારાયણે** સ્પષ્ટતા કરી છે કે:—

"બહુ બહુ કરી મેં વાત રે, તે સાંભળી તમે સાક્ષાત રે;
**હવે છેલ્લી વાત છે આ મારી** રે, તમે સૌ લેજ્યો હૈયે ધારી રે."[૩૨]

અને અન્તે તેઓ આદેશ આપે છે કે:—

"એમ સંક્ષેપે સર્વના ધર્મ રે, કહ્યા ત્યાગી ગૃહસ્થના પર્મ રે;
ઇચ્છો ધર્મ સુંણવા વિસ્તારે રે, તો છે સંપ્રદાય ગ્રંથે અમારે રે.
સતશાસ્ત્ર સહુનું આ છે સાર રે, બુદ્ધિમાંહી મેં કરી વિચાર રે;
પછી **શિક્ષાપત્રી** લખી સારી રે, મનવાંછિત ફળ દેનારી રે.

* * *

એમ ન રહે જે નરનાર રે, તે તો અમારા સંપ્રદાય બા'ર રે.
એમ સમઝી મારા આશ્રિત રે, કરો શિક્ષાપત્રીપાઠ નિત્ય રે;
ભણ્યા ન હો તો ભાવે સુણજો રે, વાંચનાર ન હોય તો પૂજજો રે.
મારી વાણી તે મારું સ્વરૂપ રે, માનો આદરે સહુ અનૂપ રે;
દૈવી સંપત્તિવાળા જે નર રે, તેને દેજો આ પત્રી સુંદર રે.
આસુરી સંપત્તિવાળા જે જન રે, તેને દેવી નહિ કોઈ દન રે."[૩૩]

પછી આ અનુપમ ગ્રન્થની રચનાસંવત્ આ પ્રમાણે નિર્દેશે છે:

"**સંવત અઢાર વર્ષ બ્યાસી રે,** મહા શુદિ પંચમી સુખરાશી રે.
તે દિ પત્રી લખી પ્રમાણ રે, જેથી થાય સહુનું કલ્યાણ રે"[૩૪]

અન્તે અનુવાદક ઉપસંહાર કરતાં જણાવે છે કે:

---

૩૨ **'શિક્ષાપત્રીભાષા',** ચોપાઈ ૫; ઉપર્યુક્ત, પૃ. ૫૦૨

૩૩ એજ, ચોપાઈ ૨૫૦, ૨૫૧, ૨૫૩ ગધ, ૨૫૪, ૨૫૫, ૨૫૬ કખ; ઉપર્યુક્ત, પૃ. ૫૧૭

૩૪ એજ, ચોપાઈ ૨૫૬ ગઘ, ૨૫૭ કખ; ઉપર્યુક્ત, પૃ. ૫૧૭

"સહજાનંદ ગુરુએ એ વિધિ રે, **શિક્ષાપત્રી** અનુપમ કીધી રે;
પત્રી ગીર્વાણુ એ કહેવાતી રે, તે પર **ભાષા કરી ગુજરાતી** રે."[૩૫]

*                    *                    *

ઉપરિનિર્દિષ્ટ ૨૪ કૃતિઓ ઉપરાન્ત ૩૦૦૦ જેટલાં પદ, કીર્તન અને ઘોળ આદિ પણ આ કવિએ રચ્યાં છે. સર્વત્ર ચિન્તનગામ્ભીર્ય વ્યાપેલું હોવા છતાં સ-રસતા અને સાદી, સરળ, હૃદયંગમ, નિર્દમ્ભ-નિરાડમ્બર ભાષાશૈલી કથયિતવ્યને રોચકતા તથા સચોટતા અર્પે છે. તેમણે સંસારની અસારતા અને નશ્વરતા પર પ્રહારો કર્યા છતાં મનુષ્યજન્મના મહત્ત્વ અને તેની દુર્લભતા ઉપર ખાસ ભાર મૂકયો છે. તેમનું સહેતુક સાહિત્ય ઉપદેશ કરતાં આચાર પર વિશેષ ભાર મૂકે છે. શ્રીકૃષ્ણની લીલાનાં શૃંગારમય વર્ણનો સુન્દર છે, છતાં તે સર્વમાં હેતુ તો તેની પાછળ રહેલ રહસ્ય સમજાવવાનો છે. ઘરગથ્થુ ગુજરાતી ભાષાનો પ્રયોગ તેમની વાણીને સાહજિક અને અસરકારક બનાવી મૂકે છે. 'ઠાલું', 'રાજીરળિયાત', 'બાર્ય', 'જટિયા' (=વાળ), 'મોર્યે' (=પહેલાં), 'મર' (=ભલે), 'મૂળગું', 'કૈયે' (=કયારે), 'ઓશિંગણ', 'ધાંધા થવું' જેવા તદ્દન તળપદા શબ્દો પુષ્કળ પ્રમાણમાં તેમની કૃતિઓમાં ઘૂસેલા છે. જે પ્રદેશમાં તેઓ ઊછર્યા અને રહ્યા તે પ્રદેશની તળપદી ભાષા તેમના જેવા ઉપદેશકના સાહિત્યમાં સવિશેષ પ્રયુક્ત થાય એ સમજી શકાય એમ છે, અને છતાં તેજસ્વિતા પણ સ્થળે સ્થળે તરી આવે છે. ગમ્ભીર છતાં રસળતી શૈલીએ તેને અધિક પ્રાબલ્ય અર્પ્યું છે. દહીં, દૂધ, છાશ, ઘી વગેરે જેવી રોજિંદા વપરાશની વસ્તુઓનાં ઘરગથ્થુ ઉદાહરણો દ્વારા આ કવિએ પોતાના કથનને અધિક ચોટદાર બનાવ્યું છે. વળી પોતાના જ્ઞાનભંડારમાંથી તેમણે પૌરાણિક ઉદાહરણો પણ થોકબંધ આપ્યાં છે, જે કથયિતવ્યનું સુન્દર પ્રતિપાદન કરે છે. વિશદતા તો સર્વત્ર વ્યાપેલી જ છે. તેમનું સાહિત્ય તો સામાન્ય પ્રજાને માટે જ રચાયેલું હતું, એટલે સરળતા તેનો પ્રધાન ગુણ હોય તે સ્વાભાવિક છે.

અને આપણા પ્રાચીન આલંકારિક આચાર્ય **ભામહ** (આશરે ઈ. સ. ૫૦૦)ના મત પ્રમાણે તો કાવ્યો સરળ જ હોવાં જોઈએ. પોતાના '**काव्यालङ्कार**' નામક પ્રસિદ્ધ ગ્રન્થમાં તે અસંદિગ્ધ ભાષામાં જણાવે છે કે:

"काव्यान्यपि यदीमानि
व्याख्यागम्यानि शास्त्रवत् ।
उत्सवः सुधियामेव
हन्त दुर्मेधसो हताः ॥"[૩૬]

---

૩૫ એ જ, ચોપાઈ ૨૫૯; ઉપર્યુક્ત, પૃ. ૫૧૭

૩૬ **ભામહ**, '**काव्यालङ्कार**,' પરિચ્છેદ ૨, શ્લોક ૨૦

આ કથનની સામે '**भट्टिकाव्य**' એ નામથી વિશેષ જાણીતા '**रावणवध**' નામના મહાકાવ્યના કર્તા મહાકવિ **ભટ્ટિ** (ઈ. સ.નું ચોથું-પાંચમું શતક)નું આમાંના જ શબ્દોના પ્રયોગવાળું નીચેનું કથન નોંધવું રસપ્રદ થશે. આ કવિનું આ મહાકાવ્ય, આઠસો વર્ષ પર થઈ ગયેલા ગુજરાતના મહાન્ સાહિત્યાચાર્ય **હેમચન્દ્ર**ના સંસ્કૃત તેમ જ પ્રાકૃત '**द्व्याश्रयकाव्य**'ની જેમ, બે આશ્રય ધરાવે છે: એક બાજુ રાવણવધની

અર્થાત્–શાસ્ત્રગ્રન્થોની જેમ આ કાવ્યો પણ જો ટીકા–સમજૂતી–વિવરણ દ્વારા જ સમજી શકાય એમ હોય તો શાસ્ત્ર અને કાવ્ય વચ્ચે ફરક શો ? એવી અઘરી કાવ્યકૃતિઓ તો વિદ્વાન્ અને બુદ્ધિશાળી માણસો માટે જ ઉત્સવરૂપ છે, તેવા વિદગ્ધોને જ તેમાં રસ પડે; મન્દ બુદ્ધિવાળા સામાન્યજનો તો અરેરે! તેથી માર્યા જ જાય!—તેમનો તો તેમાં ચંચુપ્રવેશ સરખો ન થઈ શકે ! તો આવાં કાવ્યો લોકભોગ્ય તો થઈ શકે જ કેવી રીતે ?

આ માપદણ્ડ વડે માપતાં ગમ્ભીર વિષયનો પણ અર્થબોધ સાહજિક રીતે કરાવનાર **નિષ્કુળાનન્દ**નું લોકભોગ્ય સાહિત્ય બહુ ઊંચે આસને બેસી શકે તેમ છે ! અને સરળતા હોવાથી તેમાં અલંકૃતતાનો સદંતર અભાવ છે એમ માનવાની જરૂર નથી. અલંકારો તો તેમની કૃતિઓમાં જ્યાં ને ત્યાં દૃષ્ટિગોચર થાય છે, તેમના કથયિતવ્યને તે સવિશેષ સમૃદ્ધ અને અસરકારક બનાવે છે. વ્યવહારજીવનમાંથી ચૂંટેલી ઉપમાઓ, ઉત્પ્રેક્ષાઓ અને અન્ય અર્થાલંકારો તેમનાં કાવ્યોને અધિક ઓપ અર્પે છે એમ કહેવામાં સહેજ પણ અત્યુક્તિ નહિ થાય. ઉપર ઉતારેલાં કેટલાંક ઉદાહરણોમાંથી પણ આવા અલંકારો ડોકિયાં કરતા જણાશે. યમક અને અનુપ્રાસ–ઝડઝમકનો તો આ વૈરાગી કવિને ભારે શોખ હોય એમ લાગે છે. તેમના '**અરજીવિનય**'માંથી એક ઉદાહરણ જોઈએ :

"ભાગે મારી ભૂધર ભેટતાં ભૂખ,
દેખી દૂર થાયે દયાળું જો દુઃખ;
અણુદીઠે અંતર મારું ઉદાસ,
પ્રભુ હવે પ્રીતે રહો મમ પાસ "[37]

અને રાગવૈવિધ્ય પણ **નિષ્કુળાનન્દ**ની કૃતિઓમાં સારા પ્રમાણમાં છે.

---

રામકથા કહે છે તો બીજી બાજુ વ્યાકરણના નિયમોનાં ઉદાહરણો ક્રમબદ્ધ રીતે આપે છે. આ બહુ કપરું કામ છે અને પુષ્કળ પરિશ્રમ તથા પાણ્ડિત્ય માગી લે છે. આથી આવું કઠિન વિદ્વદ્‌ભોગ્ય કાવ્ય રચતાં વિદગ્ધકવિ **ભટ્ટિ**ને સહજ ગર્વ થાય છે. આ રહી તેના મહાકાવ્યને અન્તે મૂકેલી તેની તે ગર્વોક્તિ :

"व्याख्यागम्यमिदं काव्यमुत्सवः सुधियामलम् ।
हता दुर्मेधसश्चास्मिन् विद्वत्प्रियतया मया ॥"

(સર્ગ ૨૨, શ્લોક ૩૪)

અર્થાત્–આ મારું રચેલું કાવ્ય, વ્યાખ્યા–ટીકા–સમજૂતી–વિવરણની મદદ વિના સમજી શકાય એવું નથી; અને તેથી તે વિદ્વાન્ અને બુદ્ધિશાળી રસિકો માટે પૂરતા ઉત્સવરૂપ બની ગયું છે, તેઓ મારી વિદગ્ધતાથી ખુશ થઈ પ્રશંસા કર્યા વિના રહી શકે એમ નથી. પરિણામે વિદ્વત્પ્રિયતાને કારણે મારા વડે આ કાવ્યની બાબતમાં મંદબુદ્ધિવાળા પ્રાકૃતજનો તો હણાઈ જ ગયા છે—તેમની બુદ્ધિ તેનો અર્થ સમજવામાં ચાલે એમ છે જ નહિ, કેમકે વિદ્વાનો મને વધારે ગમે છે !

વળી જુઓ '**નૈષધીયચરિત**'ના રચયિતા મહાકવિ **શ્રીહર્ષ** (ઈ.સ.નું ૧૨મું શતક)ની આવી જ ગર્વોક્તિ સર્ગ ૨૨, શ્લોક ૧૫૨.

૩૭ '**અરજીવિનય**', કડી ૬૮; '**निष्कुलानन्दकाव्यम्**', પૃ. ૩૮૩

પરન્તુ આ સાહિત્યિક ગુણો છતાં પુનરુક્તિ અને પિંગળના નિયમોનો ભંગ ધ્યાન ખેંચ્યા વિના રહેતાં નથી. કાવ્યના નિયમો કે તાલમાત્રાનો મેળ ઘણીવાર સચવાતાં નથી. પદ ગોઠવવાની કે પ્રાસ મેળવવાની કે તેની રાગબદ્ધ કે તાલબદ્ધ રચના કરવાની પરવા કવિએ કરી નથી. કવચિત્ તો સાદાં જોડકણાં જેવી સરળતા આવી ગઈ છે. પૌરાણિક કથાઓની વિગતોમાં પણ કવચિત્ અણગમો ઉપજાવે તેવાં તત્ત્વો નજરે પડે છે. ઉદાહરણ તરીકે, '**ધીરજાખ્યાન**'માં, **દમયન્તી**ને અર્ધી રાત્રે વનમાં છોડી ચાલ્યા જવાનો નિર્ણય લેવામાં **નળ** કારણ આપે છે કે:

"રાણી ખાણી સર્વે દુઃખની,
માટે તજી દેઉં નિરધાર."[38]

'**મહાભારત**'માં આપેલી **નળ**ની લાંબી મનોવ્યથામાં ક્યાંય નહિ જડતો આ વિચાર **નળ**ને કેટલો બધો નીચો પાડે છે! કવિએ મૂળ ગ્રન્થો કરતાં કર્ણપરમ્પરાએ જ વિશેષ જ્ઞાન મેળવ્યું હશે તે કારણે આમ થયું હશે? કે નારીમાત્રને દુઃખની ખાણ તરીકે ઓળખાવવાનો સાધુસંન્યાસીઓનો પરમ્પરાગત રિવાજ આના મૂળમાં હશે? કારણ ગમે તે હોય, પરન્તુ **નળદમયન્તી**ની ભવ્ય-કથાના સન્દર્ભમાં આવું વિધાન કોઈ રીતે ક્ષમ્ય ગણી શકાય નહિ.

વળી ભાષામાં જ્યારે સંસ્કૃતપ્રચુરતા આવે છે ત્યારે ક્લિષ્ટતા અને દુર્બોધતા આવી જાય છે, અને શબ્દોની રમત કવચિત્ અર્થબોધનો ભોગ લેતી લાગે છે. ઉદાહરણ તરીકે '**ધીરજાખ્યાન**'-માંની જ નીચેની કડીઓ જુઓ:

"જગઉપહાસ ત્રાસ હરિદાસ સહે,
અન્ય કાસ તાસ નાશ કીધી જેણે;
અવિનાશ પાસ વાસ આશ કરી,
શ્વાસ ઉચ્છ્વાસ ઉલ્લાસ રહે છે તેણે.
સત્યવાદી સંત સંકટને સહે."[39]

તથાપિ આમાંની કાવ્યચમત્કૃતિ પ્રત્યે આંખ આડા કાન કરી શકાય તેમ નથી. કાવ્યનો આત્મા રસ છે અને **નિષ્કુળાનન્દ**ની કવિતામાં તે સ્થળે સ્થળે દેખા દે છે એમ કહેવા કરતાં તેમાં તે સભર ભર્યો છે એવું વિધાન કરવું એ વધારે સાચું લાગે છે.

તેમાં યે વૈરાગ્ય તો કવિએ જીવનમાં પચાવેલો હોવાથી એ 'જડભરતી જોગિયા'નાં વૈરાગ્યનાં પદો તો ઉત્તમ કોટિનાં સિદ્ધ થયાં છે. એક જ વખત વાંચતાં કે સાંભળતાંમાં તો તે હૃદયસોંસરાં ઊતરી જાય છે. સામાન્યજનની જીભ પણ જલદી વળી શકે તેવા ગરબી અને ધોળના ઢાળે આ ઉચ્ચ કવિત્વવાળાં પદોને અત્યન્ત લોકપ્રિય બનાવી મૂક્યાં છે, અને ભિખારીઓને મોંએ પણ તે ચઢી ગયાં છે; કેમકે જ્ઞાન-વૈરાગ્યના નવનીતરૂપ આ સત્ય કથનારા ખરબચડા કાવ્યખણ્ડોને લયમાધુર્ય તેમ જ પદલાલિત્યે મોહકતા અર્પી છે. તેમનાં આ પદો રાષ્ટ્રપિતા **ગાંધીજી**ને પણ બહુ પ્રિય હતાં અને તેમાંનાં—

---

૩૮ '**ધીરજાખ્યાન**', કડવું ૪૩, કડી ૯ ગધ; ઉપર્યુક્ત, પૃ. ૨૮૩

૩૯ એ જ, પદ ૫, કડી ૨; ઉપર્યુક્ત, પૃ. ૨૯૮

'જનની જીવો રે ગોપીચંદની',
'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના',
'જંગલ વસાવ્યું રે જોગીએ' તથા
'જડભરતની જાતના જોગી જે જગમાંયજી'

એ ચાર પદો તો **'આશ્રમભજનાવલિ'**માં પણ સ્થાન પામ્યાં છે.

એક પદમાં આ ત્યાગી કવિ ડામાડોળ સ્થિતિવાળા વેરાગીને ઉદ્દેશીને કહે છે:

"ભ્રષ્ટ થયો ભોગ-જોગથી, જેમ બગડયું દૂધ જી;
ગયું ઘૃત મહિ માંખણ થકી, આપે થયું રે અશુદ્ધ જી."[40]

—અને સંસારીને માટે તો આ સિવાય બીજા કયા શબ્દો આ નિષ્ઠાવાન્ વેરાગી કવિ પાસે હોઈ શકે?—

"ફટ ફટ કુમતિ મતિ તારી રે,
તજી મહિ ને વલોવ્યું જઈ વારિ રે!"[41]

વળી અન્યત્ર કહે છે:

"શિદને **ખાય ખાટી** છાશને,
મેલી **પીયૂષ** રસ **પ્રવાહ**;
પટ્ટ **પાંબરી** પરહરીને,
કરે **કોણ ચરમની ચાહ**."[42]

અને સજ્જનનો મહિમા ગાતાં કવિ કહે છે:

"कामदुघा अरु कल्पतरु,
पारस चिन्तामणि चार ।
सन्त समान कोई नहीं,
मैंने मन कियो बिचार ॥"[43]

**નિષ્કુળાનન્દ**નાં પ્રસંગકાવ્યો પણ એટલાં જ આકર્ષક છે. **શ્રીસ્વામીનારાયણ**ના અવસાન બાદ સત્સંગમંડળમાં વ્યાપેલી શિથિલતાને લીધે ગુરુમાં એકનિષ્ઠાવાળા આ સ્વામીનું હૈયું વલોવાઈ ગયું, જે **"શ્રીજી પધાર્યા સ્વધામમાં રે"**—એ લાંબા હૃદયવેધી ધોળની રચનામાં પરિણમ્યું. એમાં જીવનની ઝીણી વિગતો વિષે સૂક્ષ્મ દૃષ્ટિથી જે ખરાબ ભવિષ્યની આગાહી ઉચ્ચારેલી છે તે બરાબર સાચી પડી હોઈ એ આત્મશ્રદ્ધાવાળા વિચારકની દીર્ઘદૃષ્ટિનાં

---

૪૦ દેશાઈ ઇચ્છારામ સૂર્યરામ સં. **'બૃહત્કાવ્યદોહન'** ગ્રન્થ ૧, આવૃત્તિ સાતમી, 'ગુજરાતી' પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ, ૧૯૨૫, પૃ. ૭૮૦

૪૧ એ જ, પૃ. ૭૮૪

૪૨ **'ધીરજાખ્યાન'**, કડવું ૫૬, કડી ૯; **'निष्कुलानन्दकाव्यम्'**, પૃ. ૨૯૨

૪૩ 'कल्याण'નો 'सन्त अंक', ગોરખપુર, પૃ. ૬૭૩

દર્શન કરાવે છે. આ પ્રસંગે "ધરમસંકટની માંહ્ય સત્સંગીની સાહ્ય" કરવા તેમણે "વા'લા"ને કાલાવાલા પણ ઘણા કરેલા.[૪૪]

આ પહેલાંનું એક બીજું પ્રસંગકાવ્ય અહીં ખાસ નોંધવા જેવું છે. **શ્રી** અવારનવાર ભકતોની કસોટી કરતા. ધોરાજીની ઉત્તમ ધાબળીઓ ત્યાગીઓ વાપરતા. એક દિવસ તેમણે બધાની ધોરાજીની બનાવટની સુન્દર કાંબળીઓ ભેગી કરી સળગાવવાની આજ્ઞા આપી. તે સમયે કેટલાક 'ત્યાગઢીલા તપસી કામળી કારજ કરગર્યા' હતા તેનું વર્ણન કરતું એક ધોળ કવિએ ગાયું હતું, તેમાંની થોડી કડીઓ તો આપણે જોઈ લઈએ જ:

"પાછી આપો તમારો પાડ રે, મારી ધોરાજીની ધાબળી।
સૂતા બેઠા સાંભરે મને, ધાબળી ધોળી ફૂલ;
દશ રૂપૈયા દેતાં ન મળે, એવી હતી અમૂલ રે.
—મારી૦

* * *

પાઠ દીધાનું પુસ્તક દીધું, લીધું તેનું ધન;
કાલાવાલા કોડ કર્યા છે, જાણે છે મારું મન રે.
—મારી૦

એકના અઢી રોકડા આવ્યા, બીજાના આવ્યા બે;
અરધો જેમ તેમ જોજો, એ પાંચ પૂરાની છે રે.
—મારી૦

* * *

કામળી બળતી કેમ દેખાશે, થાશે મારું મણું;
બાળો મા એ બાંધી મૂકો, માંડ ફરે પ્રકર્ણ રે.
—મારી ધોરાજીની ધાબળી।"[૪૫]

આ ધોળમાં કરુણ અને હાસ્ય રસનો કેવો સુન્દર સમન્વય સધાયો છે તે ઉપર ઉતારેલી થોડી કડીઓ ઉપરથી પણ સમજાશે. અને એથી સ્પષ્ટ થાય છે કે **નિષ્કુળાનન્દ**નો વૈરાગ્ય જડ નીરસ શુષ્ક નહીં પણ સચેત અને સરસ હતો.

* * *

**શ્રીસ્વામીનારાયણે** સમાજને ઘોર અંધકારમાંથી બહાર કાઢવા માટે આચાર, વિચાર અને ઉચ્ચારની એકતા, શુદ્ધિ અને નિષ્ઠા ઉપદેશવાનો પોતાની શિષ્યમંડળીને આદેશ આપ્યો તેમાંથી વિપુલ સામ્પ્રદાયિક સાહિત્ય ઉદ્‌ભવ્યું. પરન્તુ તે સર્વમાં, વૈરાગ્યની અદ્વિતીય તીવ્રતાને કારણે, **નિષ્કુળાનન્દ** અન્ત સુધી મોખરે રહ્યા. પોતે કેવળ શુષ્ક ઉપદેશક ન હોઈ ઉપદેશને જીવનમાં

---

૪૪ મશરૂવાળા ઈશ્વરલાલ ઇચ્છારામ, '**સ્વામીનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય**', ગુજરાતી સાહિત્ય, ખંડ ૫, વિભાગ ૭, સાહિત્ય સંસદ, મુંબઈ, ૧૯૨૯, પ્રકરણ ૫

૪૫ એ જ.

ઉતારવા ઉપર એટલે કે આચાર ઉપર વિશેષ ભાર મૂકતા હોવાથી તેમના સમકાલીન બીજા કવિઓ કરતાં જનસમાજના માનસ ઉપર તે વધારે મજબૂત પકડ જમાવી શકયા હતા. તે સમયના રીતરિવાજો અને લોકમાન્યતાઓ વગેરે જેટલાં **નિષ્કુળાનન્દ**ની કવિતામાં ઝિલાયાં છે તેટલાં તેમના સમકાલીનોમાંથી કોઈના સાહિત્યમાં નથી ઝિલાયાં એ એક નિર્વિવાદ સત્ય છે, અને આ ઉપરથી કદાચ તેઓ બીજા સમકાલીન કવિઓ કરતાં સમાજના માનસને વધારે સમજી શકેલા તેવું અનુમાન પણ તારવી શકાય.

એ અતિ કપરા કાળમાં સમાજને ઊંડા અંધારેથી પરમ તેજ તરફ લઈ જવાના પ્રશસ્ય પ્રયત્નમાં બહુ મોટો ફાળો આપનાર, એ પ્રયાસના જ એક અંગ રૂપે અતિવિપુલ છતાં સ-રસ અને ભાવસમૃદ્ધ સાહિત્ય સર્જનાર, નિજ જીવન અને કવનમાં એકસૂરતા, એકતાનતા અને એકાગ્રતા જાળવી રાખનાર **નિષ્કુળાનન્દ** ગુજરાતના ઉત્તમ કોટિના વૈરાગી કવિ હતા.[૪૬]

---

૪૬ વૈરાગ્યમૂર્તિ **નિષ્કુળાનન્દ**ના જીવન અને કવનના પરિચય તથા અધ્યયન માટે ઉપયોગી નીવડે એવું થોડું સાહિત્ય આ પ્રમાણે છે :

(૧) **'कल्याण'—संत अंक**

(૨) જોષીપુરા જ. પુ. : **'સાક્ષરમાળા'**

(૩) દેશાઈ ઇચ્છારામ સૂર્યરામ : **'બૃહત્ કાવ્યદોહન'** (વિવિધ ભાગો)

(૪) **'નર્મગદ્ય'**

(૫) નિષ્કુળાનન્દકૃત **'ભક્તચિન્તામણિ'**, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૨૪

(૬) નિષ્કુળાનન્દકૃત **'વીસચન્થી'**, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ

(૭) **'પરિષદ પ્રમુખોનાં ભાષણો'**, ગુજરાતી સાહિત્ય પરિષદ, મુંબઈ

(૮) મશરૂવાળા ઈ. ઇ. : **'સ્વામીનારાયણ સંપ્રદાય અને ગુજરાતી સાહિત્ય'**, ગુજરાતી સાહિત્ય, ખંડ ૫, વિભાગ ૭, સાહિત્ય સંસદ, મુંબઈ, ૧૯૨૯, પૃ. ૨૧૧-૨૬૩

(૯) મશરૂવાળા કિ. ઘ. : **'સહજાનંદ સ્વામી'**

(૧૦) મુનશી ક. મા. : **'ભક્તિ અને ગુજરાતી સાહિત્ય'**, પ્રકરણ ૨૨-૨૩, પૃ. ૩૮૨ થી

(૧૧) વૈદ્ય ઘનસ્યામ બાપુભાઈ : (સં.) **'નિષ્કુળાનન્દ કાવ્યસંગ્રહ'**

(૧૨) વ્યાસ ત્રિભુવન ગૌરીશંકર : **'સ્વામીનારાયણ સંપ્રદાયનો સાહિત્યમાં ભાગ'**, ચોથી ગુ. સાહિત્ય પરિષદ્‌નો અહેવાલ, પૃ: ૧૧૩-૧૧૮

(૧૩) શાસ્ત્રી દુર્ગાશંકર કે. : **'ભારતીય સંસ્કારો અને તેનું ગુજરાતમાં અવતરણ'**

(૧૪) શાસ્ત્રી દુ. કે. : **'સ્વામીનારાયણ સંપ્રદાયનાં તીર્થો'**, ઐતિહાસિક સંશોધન, પૃ. ૬૯૬-૬૯૭

(૧૫) હરજીવનદાસ : (સં.) **'निष्कुलानन्दकाव्यम्'**, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૨૮

(16) Bhai Manilal C. Parekh : **Sri Swami Narayana, Rajkot, 1936**

# જાડોલીનું વૈદ્યનાથ શિવાલય

મધુસૂદન ઢાંકી

સાતેક વર્ષ પહેલાં મેં આર્કયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા( Archaeoligical Survey of India )ના દફ્તરમાંથી મેળવેલી દેવમન્દિરોની તસ્વીરોમાં જાડોલીના બૈજનાથ (વૈદ્યનાથ) મહાદેવના મન્દિરની પણ બે તસ્વીરો હતી. મન્દિર કેટલેક અંશે મહત્ત્વનું હોઈ, જાડોલીની મુલાકાત લઈ તેની વિસ્તૃત નોંધ લેવા વિચારેલું; પણ એવો અવસર પ્રાપ્ત થવાનો સંભવ આજે ઘણો ઓછો જણાતાં, અહીં પ્રસ્તુત તસ્વીરોના અધ્યયન પરથી જે કંઈ ઉપલબ્ધ થઈ શકે તેવું છે તે એક લઘુલેખ રૂપે રજૂ કરીશ. દત્તાત્રય રામકૃષ્ણ ભણ્ડારકરે આ મન્દિર વિષે અતિ સંક્ષિપ્ત નોંધ કરી છે, તેમાં અપાયેલ હકીકતોનો અહીં યથાસ્થાને ઉપયોગ કર્યો છે.[1]

શિવાલય પૂર્વાભિમુખ હોવાનું ભાણ્ડારકર કહે છે, જે વાતની તસ્વીરો પરથી પણ અટકળ થઈ શકે છે: (ચિત્ર નં. ૧-૨). ચિત્રોમાં તેના 'મૂલપ્રાસાદ' (નિજમન્દિર) અને 'પ્રાગ્ગ્રીવ' (મુખમંડપ) એ બે ભાગો સ્પષ્ટ રીતે દેખાય છે. મન્દિરના મુખમંડપની બાજુમાં ઉત્તરે એક દખ્ખણમુખી 'કુલિકા' (દહેરી) છે, જે કદાચ મૂળ વિનાયકની હશે,[2] અને મુખમંડપની લગોલગ સામેના ભાગમાં ખડી કરેલી પીઠિકા અસલમાં 'વૃષમંડપ' માટે હોય કે પાછલા કાળે કોઈ અન્ય પ્રયોજનસર ઊભી કરી હોય. મન્દિર પાસે આવેલા દેવાલય સમુદાયમાં તે સૌથી મોટું હોવાનું ભણ્ડારકર નોંધે છે.[3]

મૂલપ્રાસાદમાં 'ભદ્ર' (ભદર), 'પ્રતિરથ' (પઢરો) અને 'કોણ' (મૂળ ખૂણો) હોઈ, તેનું તળ 'ત્ર્યંગ' પ્રાસાદના વર્ગમાં આવે છે. પ્રાસાદને 'પીઠ' નથી; પણ બે 'ભિટ્ટ' (ભાટડા) કાઢેલાં જોવાય છે. 'મંડોવર' (મંડોરો) 'વેદીબન્ધ', 'જંઘા' (જાંઘી) અને 'વરંડિકા'-(કેવાળ)નાં ઉપાંગોથી બનેલો છે. વેદીબન્ધના 'કુંભો' પર વચ્ચે 'મણિબંધ' (કંદોરો) કાઢેલો છે. અન્તરપત્રમાં 'કુંજરાક્ષ' (કુંજરખી) જાલની ભાત કાઢેલી દેખાય છે. વેદીબન્ધની 'કપોતાલિ' (કેવાળ) અને જંઘાની 'મંડિકા' (માંચી) વચ્ચે અન્તર થોડુંક જ રાખ્યું હોઈ, પ્રમાણુતોલન જળવાયું નથી. જંઘા પર ('ભદ્રખત્તકો'–ગોખલાઓ–છોડતાં) રૂપકામ કર્યું નથી; પણ એકવિધતા તોડવા માટે રૂપને બદલે પહેલાં ઊંચેરી 'ઠકાર'(ઠગારી)નો પટ્ટ, તે પછી 'ગ્રાસપટ્ટી' અને તેના માથલા ભાગમાં ફરીને ઠગારી કાઢી છે. ભદ્રના ગોખલામાં પશ્ચિમ અને ઉત્તરે કયા

---

૧ *See* D. R. Bhandarkar, *Progress Report of the Archaeological Survey of India* [ Western Circle ], 1905, p. 54.

૨ દેવકુલિકાના દિઙ્મુખ પરથી તેવી અટકળ થઈ શકે.

૩ Bhandarkar, p. 54.

'ભદ્રદેવ'ની મૂર્તિઓ હશે તે કળાતું નથી; કે ભણ્ડારકર તે વિશે કશું જણાવતા નથી, પણ દક્ષિણમાં તો પબાસણમાં બે સિંહવાળી દુર્ગા–ક્ષેમંકરી કે કાત્યાયિનીની અર્ધપર્યંકાસનસ્થ સપરિકરસ્ય સુંદર મૂર્તિ છે.[૪] જંઘાની ઉપર સાદાં 'ભરણ' અને કેવાળ' કાઢેલાં છે. શિખર 'લતિન' જાતિનું છે; પણ 'વેણુકોશ'ના 'ભૂમિકાણ્ડો'નો નિકાર જોઈએ તેવો સ્પષ્ટ નથી. 'મધ્યલતા'ની ટોચે, 'ગ્રીવા'માં, ચતુર્દિશાએ દેવશીર્ષો કાઢેલાં છે તે કદાચ શિવનાં ચાર રૂપો–ઈશાન સદ્યોજાત, વામદેવ અને અઘોર–હોઈ શકે.[૫] 'આમલસારક' (આમલસાળો) કંઈક પાતળો અને તેમાં નીચે અન્યત્ર એટલો પહોળો નહીં જોવા મળતો 'કર્ણ' (પટ્ટો) કરેલો છે. કળશનો 'અંડ' ભાગ લતિનાદિ પ્રાસાદમાં હોવો ઘટે તે પ્રમાણ અનુસાર ઊંચેરો કરેલો છે.

મન્દિર અને મંડપ સન્ધિસ્થાને રહેલી 'કોલિકા'(કોળી)ની ઉપર 'શુકનાસ'માં એક પછી એક એમ ઘટતી જતી ઊંચાઈવાળા 'રત્નપટ્ટ' અને 'છાદ્યકી'ના ત્રણ થરો કાઢી, પછી તેના ઉપર 'સિંહકર્ણ' (દોઢિયો) કાઢ્યો છે. શુકનાસના પડખલામાં નીચલા પટ્ટમાં 'રત્નપટ્ટ' અને ઉપલા બેમાં 'ઉદ્ગમ'ની ભાત કાઢેલી છે.

મુખમંડપના મોઢા આગળના સ્તમ્ભો 'મિશ્રક' જાતિના છે. તેમાં 'કુમ્ભી' ઉપર જંઘામાં પ્રતિહારોનાં રૂપ, તે પછી અષ્ટાશ્ર, ષોડશાસ્ત્ર અને વૃત્તભાગ' જેમાં અર્ધવલયમાં પત્ર અને વલયોના સન્ધિસ્થાને 'કીંકણિકા,' પછી અષ્ટકોણ ગ્રાસપટ્ટી, અને ત્યાર બાદ સાદી 'ભરણી' અને માથે 'કુમારાંકિત શીર્ષક' (જનભાષાનાં "કીચક"વાળાં શરાં) કાઢેલાં છે. થંભ ઉપરના 'ભારપટ્ટ' (ભારોટ) સાદા છે. દ્વારની આજુબાજુ રહેલા અર્ધસ્તંભો પણ મુક્ત-સ્તમ્ભોની જાતિના જ છે. તેની જંઘામાં અઘોર, ખડ્ગધારી નગ્ન પાર્ષદોની મૂર્તિઓ હોય તેમ લાગે છે. ગર્ભગૃહની દ્વારશાખા કેવી હશે તે તસ્વીર પરથી જણાતું નથી પણ ભણ્ડારકર લલાટબિંબ રૂપે જિન સમાન શિવમૂર્તિ (ધ્યાની શિવ) હોવાનું જણાવે છે. મુખમંડપનું છાપરું 'ફાંસનાકાર' કરેલું છે. ભારોટ પરના 'દણ્ડચ્છાદ્ય' (ઘોકા-છાજલી) અને કેવાળ છોડ્યા બાદ ચાર ભૂમિવાળી (અને એથી ચાર 'ખુરચ્છાદ્ય'વાળી' ફાંસનાં ઉપરનાં 'ઘંટાકલશ' નષ્ટ થયાં છે.

---

૪ ભણ્ડારકરના કથન અનુસાર પ્રતિમા દશ ભૂજાળી અને પ્રભામંડલયુક્ત જણાય છે. આયુધોમાં જમણી બાજુએ અનુક્રમે દંડ, અક્ષમાલા, બાણ, ત્રિશૂલ, અને વરદ મુદ્રા બતાવે છે (ભણ્ડારકર છેલ્લા હાથને 'open' કહે છે તે અયુક્ત છે) અને ડાબી બાજુએ ઉપરના બે હસ્તો ખંડિત છે; બીજા બે હસ્તો દ્વારા ચાપ અને છેલ્લા વતી ઘંટિકા ગ્રહી છે. પરિકરની નીચે આસનમાં સિંહો કોતર્યા છે (ભણ્ડારકર તેને Tiger કહે છે તે બરાબર નથી). દેવીના મસ્તક પર જટામુકુટ શોભે છે. ભણ્ડારકર (પરિકરમાં) બન્ને બાજુની ત્રણ ત્રણ મળી કુલ છ માતૃમૂર્તિ ગણાવે છે પણ મુખ્ય મૂર્તિને સાતમી માતૃકા ગણાવે છે, તે ઠીક લાગતું નથી: એ દશ ભૂજાળી દેવી દુર્ગા વા કાત્યાયિની સ્વરૂપ હોવું જોઈએ. ભણ્ડારકર આ મૂર્તિનું સ્થાન દક્ષિણ ભીંતે બતાવે છે પણ વાસ્તવમાં તે ઉત્તર બાજુના ભદ્રમાં સ્થિત છે.

૫ તસ્વીરમાં સૂક્ષ્મદર્શકથી અવલોકતાં દક્ષિણ બાજુ 'અઘોર' જેવું મુખ લાગે છે તે ઉપરથી અટકળ કરું છું. સત્તરમી સદીથી પશ્ચિમ ભારતમાં એ સ્થાને 'જોગણી'ઓનાં મુખ કરવાની પ્રથા પડી છે તેની પાછળ આવી કોઈક પરમ્પરા હોવાની શકયતા છે.



ચિત્ર ૧
જાડોલી ( રાજસ્થાન ) શિવાલય, ઉત્તર બાજુનું દર્શન



ચિત્ર ૨
જાડોલી, શિવાલયનો મોરો

શૈલીની દૃષ્ટિએ આ મન્દિર પશ્ચિમ ભારતમાં ૧૧મી સદીથી સાર્વત્રિક બનેલી મારુ-ગુર્જર શૈલીનું નથી. એનાં તમામ લક્ષણો મધ્ય પ્રદેશની પૃથક્ પૃથક્ શૈલીઓમાં (વિશેષતયા માલવ શૈલીમાં) મળી આવે છે, જે અંગે અહીં હવે વિગતવાર જોઈએ :

(૧) સોલંકીયુગમાં ગુજરાતી મન્દિરોમાં વેદીબન્ધના કુંભમાં વચ્ચે મણિબન્ધ કાઢવાનો રિવાજ નહોતો.[૬] પણ માળવા અને માલવપ્રભાવિત સેઉણદેશ(ખાનદેશ-મહારાષ્ટ્ર)નાં મન્દિરોમાં તે કેટલેક સ્થળે મળી આવે છે.[૭] (ગુજરાત-મેવાડ, તદ્ અલંકૃતિનો પ્રવેશ તો પશ્ચાત્-કાલીન-માલવ પ્રભાવનાં મોજાં હેઠળ પંદરમી સદીમાં થયેલો.)

(૨) જંઘા પરના ઠકારની શોભનપટ્ટિકાઓ માળવા, વાગડ[૮] અને દખ્ખણનાં મન્દિરોમાં ઘણી જગ્યાએ મળે છે પણ મારુગુર્જર શૈલીનાં ઘણાં મન્દિરોમાં તેનો સર્વથા અભાવ વરતાય છે.

(૩) ઠકારનો ઊંચેરો ઘાટ પણ રાજસ્થાની-ગુજરાતી ન હોતાં માલવી-મહારાષ્ટ્રી છે.

(૪) ગ્રીવામાં મૂકેલાં શિવનાં વિભિન્ન શીર્ષરૂપો મારુ-ગુર્જર પ્રથામાં ક્યાંયે જોવા મળતાં નથી. ત્યાં તો એને બદલે મધ્યાલતાની જીભ આમલસારકના પેટાળને સ્પર્શ કરતી જોવા મળે છે; જ્યારે બીજી બાજુ જોઈએ તો એક કાળે માલવપ્રદેશનો ભાગ હતું તે મહાનાલ-ગ્રામના પરમાર ઉદયાદિત્યના સમયના(૧૧મી સદીના આખરી ચરણના) મહાનલેશ્વરના ભૂમિજ પ્રાસાદની ગ્રીવામાં આવાં રૂપો મળે છે.[૯]

(૫) ઊંચેરાં જણાતાં શિખરનાં 'ચાર'(બ્રહ્મસૂત્ર) અને 'રેખાસૂત્ર' (વક્રતા) પણ મારુ-ગુર્જર કરતાં માળવી જ વધારે જણાય છે.

(૬) કળશનો ઘાટ પણ પશ્ચિમ ભારતીય ન હોતાં માળવી ઘાટની નજીકનો છે. કંઈ નહીં તો યે ઉપરમાળ-પ્રદેશમાં આવેલાં બાડોલીનાં મન્દિરોના કળશની નજીકનો છે. (બાડોલીનાં મન્દિરો મેવાડ, માળવા અને દશાર્ણ દેશના ત્રિભેટે આવેલાં છે.)[૧૦]

(૭) શુકનાસની ઊંચાઈ રાજસ્થાની-ગુજરાતી મન્દિરોની શુકનાસના મુકાબલે ઘણી વધારે છે; પણ શુકનાસના સ્થાનનો એ નિયમ મધ્યપ્રદેશના માળવી, જેજાકભુક્તિ, ડહાલદેશાદિ પ્રદેશોનાં મન્દિરોમાં પળાતો આવ્યો છે. શુકનાસમાં રત્નપટ્ટો, અને ઉપલા સિંહકર્ણમાં કાઢેલ રથિકાસ્થાને 'રત્ન' આપણને ફરીને માળવાના બદનાવર જેવા સ્થાનનાં મન્દિરો અને ડહાલદેશ-

---

૬ અપવાદરૂપે ચિતોડના કહેવાતા સમિદ્ધેશ્વર મન્દિર (વાસ્તવમાં જૈન મંદિર; મોટે ભાગે 'કુમાર વિહાર'; ૧૨મી સદીનું ત્રીજું ચરણ)ના કુંભમાં તે ભૂષણ જોવા મળે છે.

૭ ઉદયપુર, ઓડગા વગેરે જેજાકભુક્તિ અને ડાહલદેશમાં પણ કાંચક ક્યાંક તે મળી આવે છે.

૮ વાગડમાં અર્થુણા; ત્યાં તે સમયે પરમારોની એક શાખાનું શાસન હતું.

૯ મારી પાસેની તસ્વીરોના આધારે લખું છું. મન્દિરની વિગતો હજી અપ્રસિદ્ધ છે.

૧૦ વિગત માટે જુઓ : L. K. Tripathi, "The Ghaṭeśvara Temple of Baroli," *Bhāratī*, Nos. 12-14, pp., 290-306.

(ચેદીદેશ)ના ચંદરેહે (૧૦મી શતાબ્દી),[૧૧] અમરકંટક (૧૧મી-૧૨મી સદી)[૧૨] ઇત્યાદિ સ્થળોનાં મન્દિરોની શુકનાસની સંરચના અને ભૂષાનું સ્મરણ કરાવે છે, અને આ શુકનાસ મધ્યપ્રદેશની પરંપરા અનુસરતું હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. કંઈ નહીં તો યે માલવ-ડાહલ સાથે તો તેનો ગોત્રીય સંબંધ હોવાનું અસંદિગ્ધપણે પ્રગટ થઈ જાય છે. (મારુ-ગુર્જર મન્દિરોની શુકનાસનાં પડખલાં પણ આ રીતે આકારવામાં કે શણગારવામાં આવતાં નથી.)

(૮) સ્તંભોનાં ઘાટ-રૂપ-લક્ષણોમાં બાડોલીના ઘટેશ્વર મન્દિરના નૃત્યમંડપના સ્તંભોનું સ્મરણ કરાવે છે.[૧૩] બાડોલીનાં મંદિરો પર એક બાજુથી મહાગુર્જર અને બીજી બાજુથી માળવાની ઘેરી અસર છે. ત્યાંનું રૂપકામ તો સ્પષ્ટતયા માળવી છે

(૯) સ્તંભોની જંઘાની પ્રતિહાર-મૂર્તિઓની શૈલી માળવી છે.

આ સૌ પ્રમાણોને એકત્રિત તેમ જ અલગ અલગ રીતે લક્ષમાં લેતાં આ મન્દિરને મધ્યપ્રદેશની હથોટીનું, મુખ્યતયા માળવી શૈલીનું ગણવું જોઈએ.

જાડોલીગામ બિજોલિયાથી દક્ષિણે ૬ માઈલ પર આવેલું છે. આ ભૂમિભાગ એક કાળે માલવદેશ અને મેદપાટ(મેવાડ)ની સરહદે આવેલો હતો. પરમારપતિ ભોજ અને સંભવતયા ઉદયાદિત્યના સમયમાં તે માળવી હકુમત નીચે હોવો જોઈએ. માળવી શૈલીનું ભૂમિજ મન્દિર ધરાવતું મહાનાલ પણ આ પન્થકમાં આવેલું છે તે વાત સ્મરણમાં રાખવી જોઈએ. બિજોલિયાના ઊંડેશ્વર મહાદેવનું મન્દિર પણ ભૂમિજ શૈલીનું છે. ભણ્ડારકર આ મન્દિરના શિખરને ગુજરાત શૈલીનું કહેવાને પ્રેરાયા છે,[૧૪] તે કેવળ ઉપરછલ્લાં સામ્યને કારણે લાગે છે.

મન્દિર શૈવ ધર્મના કયા ફિરકાનું હશે તે વિશે જોવું જોઈએ. તેનાં અલંકરણમાં જો ક્યાંક પણ લકુલીશનું રૂપ કંડાર્યું હોય તો તે પાશુપત પન્થનું હોવાનો તર્ક કરી શકાય; પણ તેમ ન હોવાથી આમર્દક, કાલામુખ, સૈદ્ધાન્તિક-મત્તમયૂર સરખા માલવા અને મધ્યપ્રદેશમાં અન્યત્ર તે સમયે પ્રચારમાન એવા શૈવમતનું આ મન્દિર હોઈ શકે. નગ્ન પાર્ષદોની મૂર્તિઓ તેને પહેલા બે પૈકીના કોઈ સંપ્રદાય હોવાનું પ્રેરે છે.

---

૧૧ *Cf.* R. D. Banerji, "The Haihayas of Tripuri and their Monuments", *Memoir of the Archaeological Survey of India*, No. 23, Poona 1922, pl. 1; also in the *sukanāsa* front of the Śīva temple at maśaun; *Ibid.*, pl. VI.

૧૨ *Ibid*, pl. XV.

૧૩ *See* Tripathi, pl. II.

૧૪ "The *Śikhara* is in Guiarat Style ...," Bhandarkar, p. 54.

મેં મેળવેલી તસ્વીરો પાછળ જાડોલી ગામ ક્યાં આવેલું છે તેની નોંધ નહોતી. આથી તે શિરોહી પાસેનું જાડોલી હોવાનું મેં પહેલાં માનેલું, પણ મારા અમેરિકી મિત્ર માઈકલ માઈસ્ટરે તે મેવાડની સરહદ પરનું જાડોલી હોવાનું જૂની નોંધો પરથી શોધી મને મૂળ સન્દર્ભ બતાવેલો; તેનો અહીં સાભાર ઉલ્લેખ કરવો જરૂરી માનું છું.

મન્દિરના કાળ વિશે જોઇએ તો તેના નિર્ણયમાં સહાયભૂત થનારાં તત્ત્વો તસ્વીરો પરથી જૂજવાં જ મળે છે. કાત્યાયિની-દુર્ગા-ક્ષેમંકરીની શૈલી અને સ્તંભોનાં રૂપકામ અગિયારમી શતાબ્દી પછીનાં લાગતાં નથી. સ્તમ્ભની જાતિ પણ બાડોલીના સ્તમ્ભોની સન્તાનીય જણાય છે. શુકનાસનો દર્શનભાગ પણ ડાહલદેશનાં મન્દિરોની દશમા અને બારમા શતકની શુકનાસના મોવાડની વચ્ચે મૂકી શકાય તેવો છે. ઠકારનાં મળતાં બે સ્વરૂપોનાં ઘાટ અને વળાંકો ૧૧મી શતાબ્દીનાં છે. આ મુદ્દાઓ લક્ષમાં લેતાં, મન્દિરનો નિર્માણકાળ ઈ.સ. ૧૦૫૦ આસપાસ મૂકીએ તો અસ્થાને નહીં ગણાય.

સામાન્ય રીતે માલવપ્રદેશમાં 'ભૂમિજ' જાતિના પ્રાસાદો કરવાની પ્રથા હતી પણ અહીં લતિન જાતિનો પ્રાસાદ કર્યો હોઇ, માલવ શૈલીમાં પ્રસ્તુત જાતિના પ્રાસાદનો એક વિરલ નમૂનો દેવાલય સ્થાપત્યના તજ્જ્ઞોને અધ્યયનાર્થે સાંપડી રહે છે. માલવ શૈલીની વિશિષ્ટતા અને પડોશી મેવાડી-ગુજરાતી લતિન જાતિના પ્રાસાદોથી નોખો ઢંગ તેમાં સ્પષ્ટપણે વરતાય છે.

# ભાષાનો સ્વાધ્યાય

## [ શૈક્ષણિક ફલિતાર્થોના સન્દર્ભમાં ]

**શાસ્ત્રી જયેન્દ્ર દવે**

### (૧) શબ્દ અને વાક્ય સંરચના—અર્થપ્રતીતિનું વિજ્ઞાન :

ભાષાના ઉપયોગના પાયામાં ભાષાની સમજ અને તેનું જ્ઞાન રહેલું છે. ભાષાનું જ્ઞાન, સમજ અને તેનો ઉપયોગ એ બધું ભેગું કરીને કહેવું હોય તો એમ કહી શકાય કે તે શબ્દની ઉપાસના છે. ભાષાના વિદ્યાર્થી અને શિક્ષકે પોતાના વ્યવહારમાં ભાષાને સમજવી અને પામવી પડે છે, એ માટે થોડો વ્યાયામ કરવો પડે છે. એ સ્વાધ્યાય-વ્યાયામની આ નોંધ અહીં લેખના સ્વરૂપે રજૂ કરવાનો ઉપક્રમ છે.

**શબ્દ અને શબ્દસંરચના :**

**૧.૧** ભાષા એટલે શું ? યા ભાષા શું છે? એ પ્રશ્ન સામાન્યતઃ સર્વ પ્રથમ વિચારાતો હોય છે. એ જ રીતે ભાષા શું નથી ? એનો પણ વિચાર થવો ઘટે. આમ તો ભાષાનો ઉપયોગ હંમેશ થતો જ હોય છે, પરંતુ તેની પરિભાષા નક્કી કરવાનું કામ ઘણું કઠિન બની રહે છે. બ્લોક અને ટ્રેગરની આ પરિભાષા :—

> " A language is a system of arbitrary vocal system
> by means of which a particular society counteracts. "

પણ એક રીતે જોઈએ તો અપૂર્ણ છે. કારણ કે, પરિભાષામાંના દ્વિરુક્ત " system " શબ્દની સંકલ્પના ( Concept ) સ્પષ્ટ થતી નથી; વળી એ ભાષાવિદોએ આ સંકલ્પના સ્પષ્ટ કરવાનું ઉચિત પણ માન્યું નથી. એ જ રીતે 'arbitrary' વિશેષણ પણ 'system' અને 'society counteracts'ના સંદર્ભમાં બંધબેસતું નથી. પરિણામે ભાષાની પરિભાષા સ્પષ્ટ થતી નથી.

**૧.૨** આ પરિસ્થિતિમાં અદ્યતન ભાષાવિજ્ઞાનવિદ ચોમ્સ્કીએ નિબન્ધેલી આ પરિભાષા :—

> " A language is a set of ( finite or infinite )
> sentences, each finite in length and constructed
> out of a finite set of elements. "

આપણા માટે ઉપયુક્ત છે એમ કહી શકાય; તેમાંથી નીચેનાં જેવાં તારણો મળી રહે છે. :—

१ ભાષાના અસંખ્ય વાક્યોનો ' સેટ '—સમૂહ છે, વાક્યોચ્ચય છે.

२ એમાંથી પ્રત્યેક વાક્યની લંબાઈ સીમિત છે.

૩ પ્રત્યેક વાક્ય સીમિત સંખ્યાનાં તત્ત્વોનું બનેલું છે.

અહીં પણ એક બાબત જોવા જેવી છે કે વાક્યની આન્તરિક વ્યવસ્થા અંગે કશું પણ કહી શકાયું નથી એ ઉચિત પણ છે, કારણ કે ભાષામાં વાક્યની આંતરિક સંરચનાનો પ્રશ્ન જેવો ઉપસ્થિત થાય કે તરત વ્યાકરણ આવીને ઊભું જ રહેવાનું. અને વ્યાકણ એટલે પરંપરાગત વિધિ-નિષેધાત્મક વ્યાકરણ ( Prescriptive grammar )ની તથા કથિત વિતણ્ડાથી પર રહીને ભાષાની સમગ્ર સંરચનાને તપાસવી એ ભાષાવિજ્ઞાનનું કામ છે. તેથી જ પરંપરાગત વ્યાકરણથી થોડાક દૂર રહીને, પૂર્વીય અને પશ્ચિમી ભાષાવિજ્ઞાનની દષ્ટિએ શબ્દ અને વાક્યનાં સ્વરૂપ, સંરચના વા તરાહો અને તત્સમ્બદ્ધ અર્થ-પ્રતીતિના આધારોનો વિચાર કરી શકાય.

१.૩ ભાષાને વાક્યોચ્ચય, શબ્દોચ્ચય વા પદોચ્ચયના સ્વરૂપે સમજ્યા પછી શબ્દ એટલે શું ? એનો વિચાર કરવામાં આવે તો જ વાક્યની વિમાસણમાં પડવું સુકર થઈ પડે. અભ્યાસ કરતાં એમ લાગે છે કે, ' શબ્દ ' ની સંકલ્પના સ્પષ્ટ કરવામાં પૂર્વના પ્રાચીન ભાષાવિદોની અપેક્ષા પશ્ચિમના નવીન ભાષાવિદોને થોડી વધુ મુશ્કેલી નડી છે; એટલે જ કદાચ ગ્લીસન કહે છે:— **અંગ્રેજીના શબ્દશાસ્ત્રમાં શબ્દ પોતે વ્યાખ્યા કરવાની બાબતમાં કઠિન સંકલ્પના છે;** જોકે ગુજરાતી શબ્દાવલીને માટે પણ આવી અમૂંઝણ અનુભવાતી હશે કે નહિ તે જાણવું ઘણું રસિક થઈ પડે.

**१.४** શબ્દ એટલે શું ? એ પ્રશ્નની ગંભીર ચર્ચા ભગવાન પતંજલિએ મહાભાષ્યમાં કરી છે. સામે ઊભેલું ' પશુ ' ગાય હોય તો ' ગાય ' શબ્દ કઈ રીતે કહેવાય ? એ પ્રશ્નના આવા ઉત્તરો મહાભાષ્યકાર વિચારે છે :— **' ગાય ' શબ્દ છે**–કારણ કે,

o તેના ગળે–ગોદડી, શીંગડાં, ખરી, પૂંછડું, વગેરે છે, એટલે કે, આવા આકારવાળો આ એક પદાર્થ છે–**સંજ્ઞા** છે.

o તે આંખો મટકાવવી, માથું–પૂંછડું વગેરે હલાવવું, ચેષ્ટા કરવી વગેરે **ક્રિયા** કરે છે

o તેને સફેદ, રાતો, કાળો એવો કોઈક વર્ણ છે, જે તેનો **ગુણ** છે.

o એનામાં એક એવું તત્ત્વ છે, જે તેના જેવા જ બીજા પદાર્થોમાં પણ વંશાનુગત તથા તેના પોતાના નષ્ટ થવા છતાં પણ નષ્ટ ન થનારું તત્ત્વ એટલે કે **જાતિ** છે.

**१.५** આમ પતંજલિના દર્શન **પ્રમાણે–જે ઉચ્ચરિત ધ્વનિઓ દ્વારા સંજ્ઞા, ક્રિયા, જાતિ, ગુણ અથવા તેમાનાં કોઈ એક યા વધુ તત્ત્વોથી યુક્ત ' ગાય-વ્યક્તિ '-**

**નો બોધ કરાવે તે શબ્દ છે.** અથવા **લોકવ્યવહારમાં જે ધ્વનિનો અર્થબોધ થાય તે શબ્દ છે.** બીજા શબ્દોમાં કહીએ તો **જેના સંયોજનથી તથાકથિત શબ્દસ્વરૂપ-( word-form )નું નિર્માણ થાય છે એ શબ્દ નથી, કિન્તુ જેના દ્વારા કોઈક અર્થનો નિશ્ચય યા પ્રાપ્તિ થાય છે એ શબ્દ છે.** આનો અર્થ એ થયો કે આપણે જ્યારે કંઈ પણ સાંભળીએ છીએ ત્યારે, જ્યાં સુધી તેની કશીક અર્થપ્રતીતિ ન થાય ત્યાં સુધી તે શબ્દ કહેવાય નહિ. અનર્થક ધ્વનિ હોય કે કોઈક શબ્દ હોય, જો તેનાથી કોઈક અર્થનું પ્રત્યાયન ન થાય તો તે શ્રોતાને માટે અર્થહીન બની રહે. એટલે સાંભળતાની સાથે જ શ્રોતાના મનમાં કોઈક આકારની કેવળ છાપ જ નહિ પરંતુ પ્રતિક્રિયાત્મક ભાવના જાગૃત થાય તો જ ધ્વનિ શબ્દ કહેવાય. તેથી જ **શબ્દો કેવળ ધ્વનિશાસ્ત્રનાં એકમ વા ધ્વનિશાસ્ત્રીય પૃથક્કરણ નથી, પરંતુ તે તો ભાષાચી એકમ છે;** એવી યેસ્પર્સનની માન્યતા વિચારણીય બની રહે છે.

૧.૬ અહીં બ્લૂમફીલ્ડે પ્રબોધેલી પરિભાષા પણ જોઈ લેવા જેવી છે. તેઓ શબ્દને એક એવા લઘુતમ મુક્ત રૂપમાં જુએ છે; જે નથી તો પદબન્ધ ( Phrase ) વા નથી તો સમગ્રપણે લઘુતર એવા મુક્ત-રૂપોથી બનેલું :—

"A free form which is not a phrase is a word. A word then is a free form which does not consist entirely of lessor free forms, in brief, a word is a minimum free form."

દેખીતી રીતે જ બ્લૂમફીલ્ડની આ પરિભાષા પ્રત્યાયનના ભાવને સ્પર્શતી નથી. આના સન્દર્ભમાં ગ્લીસને કરેલા નિર્દેશને યાદ કરીએ તો ગુજરાતીમાં નીચેનાં રૂપોને શબ્દ તરીકે સ્વીકારી શકાય કે નહિ એ વિચારણીય બની રહે :

- ☐ અમુક પ્રત્યય જેવા શબ્દો—સુધી, સુદ્ધાં, પર, થકી.
- ☐ વાળો, વાળી, વાળું—'લાલ ચડ્ડી**વાળો** છોકરો', 'બેસ બેસ હવે ભણવા**વાળી**', 'સામા**વાળા** આવવાના છે.' વગેરે.
- ☐ કેટલાક અવધારકો—જ, બી, સોત, સઉ, માત્ર ( પ્રાણી માત્ર પર દયા રાખો ), ય.

૧.૭ આ રીતે શબ્દને સમજ્યા પછી તેની પરિભાષાના સંદર્ભમાં તેના સ્વરૂપની છણાવટ કરી શકાય. ભારતીય ભાષાવિદની દૃષ્ટિએ શબ્દ એક નિત્ય સત્તા છે. શબ્દ પોતે નિત્ય અર્થવાન છે. આ માન્યતા ભર્તૃહરિના વિચારમાં આધુનિકોની નવીન વૈજ્ઞાનિક સંકલ્પનાના સ્વરૂપે અવતરી છે, એમણે શબ્દ અને અર્થ ઉભયને બે બાજુઓ તરીકે સ્વીકારી છે :

૧ બાહ્યરૂપ—શબ્દનો આકાર (outer word-form)

૨ અન્તઃરૂપ એટલે કે અર્થ ( inner word-form )

ભાવના (intent) અને શબ્દના સ્વરૂપ (form) ઉભયની વચ્ચે આધુનિકો (સવિશેષ પશ્ચિમના ભાષાવિદો) પણ ભાવનાને પ્રાધાન્ય આપતા જોવા મળે છે. એટલે કે: **અભિવ્યક્તિના સમસ્ત પ્રયત્ન વા માધ્યમ આપણી ચેતનાને અભિવ્યક્ત કરવા માટે જ હોય છે,** એવું માનતા જોવા મળે છે. અર્થાત્ એમ કહી શકાય કે શબ્દનું સ્વરૂપ જેટલું મહત્ત્વનું નથી તેટલું 'અર્થ'ના રૂપમાં વક્તાના મનમાં અને શ્રોતાના મનમાં રહેલી ભાવનાનું મહત્ત્વ છે. જ્યાં સુધી આ ભાવના (intent) ન હોય ત્યાં સુધી શબ્દના બાહ્યસ્વરૂપનો અવિર્ભાવ થવો પણ શક્ય નથી. ઉચ્ચરિત શબ્દ 'સ્મૃતિ'વા પરમ્પરાગત સ્વરૂપે ભલે નિત્ય હોય. પરંતુ વસ્તુતઃ તેની નિત્યતાનો વૈજ્ઞાનિક આધાર તેના પ્રયોગમાં રહેલો છે. આ રીતે શબ્દ અને અર્થનો સંબંધ બે બાબતો પર આધાર રાખે છે:—

(૧) ઇન્દ્રિયજનિત (યાંત્રિક) યા ભૌતિક પરિસ્થિતિઓ

(૨) વક્તા-શ્રોતાની ભાવનાત્મક સ્થિતિ અથવા શબ્દના પ્રયોક્તા(પ્રયોગ કરનારની પ્રાગ્બુદ્ધિ અને ગ્રહીતા (ગ્રહણ કરનાર) વ્યવસાય બુદ્ધિ.

**૧.૮** વિભિન્ન પરિસ્થિતિઓમાં એક જ શબ્દ અનેકવિધ અર્થોને દ્યોતિત કરે એ વાત પર ભર્તૃહરિ, બ્લૂમફીલ્ડ અને જ્યૂ. રોર્બટહોલ ત્રણેય સમ્મત છે. પરિસ્થિતિ પ્રમાણે વિભિન્ન અર્થ દ્યોતિત કરતા 'try' અને 'party' શબ્દોનાં ઉદાહરણો રોર્બટ હોલે આપ્યાં છે. જ્યારે પરિસ્થિતિના સંદર્ભમાં અન્ય અથવા તો પરિવર્તિત અર્થ ગ્રહણ કરવો પડતો હોવાનો ઉલ્લેખ કરીને બ્લૂમફીલ્ડ કહે છે: "......He married a lemon....."આપણને પરિવર્તિત અર્થ ગ્રહણ કરવાની ફરજ પાડે છે, કારણ કે, આપણે જાણીએ છીએ કે "man does not go through a marrige ceremony with a piece of fruit." અહીં ભારતીય વિચારકોની શબ્દશક્તિ ઉપરની વિશદ મીમાંસા, શબ્દના અભિધાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થની સૂક્ષ્મ છણાવટ સુવિદિત છે એમ માની લઈએ. ગુજરાતી ભાષાના સંદર્ભમાં ધાતુઓ પરથી બનતી ક્રિયાઓના વિભિન્ન અર્થોનો અભ્યાસ થઈ શકે. 'બેસો' અને 'બેસ બેસ હવે', 'ગેડ નથી બેસતી', 'બેસીને સૂવું' વગેરેમાં 'બેસવું'ના મૂળ અર્થમાં પરિસ્થિતિ-જનિત વિભિન્ન અર્થો આવી જાય છે.

૧.૯ આ રીતે શબ્દનો અર્થ પૂર્ણતઃ વકતાની ભાવના પર અવલંબતો હોવાથી **વાગ્વ્યવહારમાં વકતા અને શ્રોતાની 'ભાવના'માં જો એકવાક્યતા ન આવે તો પ્રત્યાયનની પ્રક્રિયા ખોરવાઈ જવાની શક્યતા ઊભી થાય છે.** वक्ता श्रोता च दुर्लभः *એમ કહેવા પાછળનો આશય ભાવનાને તાકે છે. ટૂંકમાં શબ્દનો અર્થ શબ્દકોષમાં નહિ પરંતુ* વકતાની બુદ્ધિમાં રહેલો છે, શ્રોતાના ગ્રહણ કરવામાં રહેલો છે. વકતા અને શ્રોતા એકબીજાની 'ભાવના' સુધી પહોંચવા માટે જ શબ્દનું માધ્યમ શોધે છે. પ્રયોકતા અને ગ્રહીતાની વચ્ચે રહેલા શબ્દને આ રીતે સમજી શકાય:




**૧.૧૦** શબ્દનો અર્થ નિશ્ચિત કરતી વખતે ભર્તૃહરિનો આ શ્લોક યાદ રાખી શકાય:

यस्मिंस्तूच्चरिते शब्दे यदा योऽर्थः प्रतीयते ।
तमाहुरर्थं तस्यैवं नान्यदर्थस्य लक्षणम् ॥

અર્થાત્ **ઉચ્ચારણ વખતે જ્યારે શબ્દનો જે અર્થ પ્રતીત થાય તેને જ શબ્દનો 'અર્થ' માનવો. 'અર્થ'ની અન્ય પરિભાષા ન હોય.**

**૧.૧૧** અહીં એક વાત નોંધવી ઘટે-કવિતામાં પ્રયોક્તા કવિની ભાવના સુધી પહોંચવું ગ્રહીતાને માટે ઘણી વાર કપરું બની રહે છે. ભાવકની ગ્રહીતા બુદ્ધિ અને કવિની પ્રયોક્તા બુદ્ધિની વચ્ચેનું પ્રત્યાયન કવિનો શબ્દ ઝંખે છે. તેથી જ કવિતાનું અનુભાવન ગ્રહીતાને માટે કસોટીરૂપ બની રહે છે.

**૧.૧૨** હવે એક પ્રશ્ન–તો પછી કોશ-ગત અર્થોનું પ્રયોજન શું? પ્રયોજન તો છે જ. કોશમાં અપાતા અર્થો ખોટા નથી, પરંતુ એ અર્થો અન્તિમ નથી. દેશ, કાળ, પરંપરા આદિને કારણે શબ્દના અર્થ-અર્થચ્છાયાઓ બદલાય છે. આજથી સો વર્ષ પૂર્વે ઘણા એવા શબ્દો હતા, જેનું આજે નામોનિશાન નથી. આજે ઘણા નવા શબ્દો જન્મતા જાય છે; જે સાર્થ કોષમાં શોધ્યાય નહિ જડે. ટૂંકમાં શબ્દને અર્થની સાંકળમાં બાંધવા યા બાંધી રાખવાની વાત હવે ભ્રામક ઠરે છે. 'ગાય'નો અર્થ 'ધેનુ' નથી, પરંતુ ગાયનો અર્થ તો ગ્રહીતાના મનમાં ગોદડી, ખરી, શીંગડાં, પૂંછડાવાળી સંજ્ઞા વિશેષની જે પ્રતીતિ થઈ તે છે. એ જ રીતે શબ્દનું નિર્માણ સંસ્કૃતિ અને સમાજના પરિવેશમાં થતું હોય છે. અરણ્યની સંસ્કૃતિમાં પાંગરેલી સંસ્કૃત ભાષા અને ઉષ્ણ-કટિબંધની સંસ્કૃતિમાં કે શીત પ્રદેશની સંસ્કૃતિમાં પાંગરેલી ભાષાઓનાં ક્રિયાપદોના તુલનાત્મક

અભ્યાસ થઈ શકે. 'ચાલવું'ને માટેની ક્રિયાઓનું વવિધ્ય સંસ્કૃતમાં ગ્રીક-લેટીનની અપેક્ષા વધુ નહિ હોય? ખબર નથી, અભ્યાસ થઈ શકે.

૧.૧૩ શબ્દની આ મહત્તાની સાથે વ્યવહારમાં શબ્દોની અપેક્ષા અપશબ્દોનું વિશેષ પ્રમાણ જોવા મળે છે; એ વાતનો નિર્દેશ પતંજલિએ કર્યો છે. **भूयांसोऽपशब्दाः अल्पीयांस शब्दाः** આ વાત ઘણી સાચી છે. તેથી જ દુષ્ટ શબ્દ વા અપશબ્દથી તેના પ્રયોગથી બચીને એકાદ શબ્દનો સમ્યક્ પ્રયોગ–સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય એ આશયની પૂર્તિને માટે શબ્દનો અભ્યાસ જરૂરી છે. શબ્દનો અભ્યાસ તેના પ્રયોગને માટેની સભાનતા, જાગરૂકતા અને તમન્ના કેળવે એ ઇષ્ટ છે.

**વાક્ય અને વાક્યસંરચના:**

૧.૧૪ શબ્દસંરચનાનો પ્રમુખ આધાર વાક્ય છે. વાક્ય પોતે શબ્દોચ્ચય વા પદોચ્ચય છે. આગળ કહ્યું છે તેમ, કેવળ કોષ-ગત શબ્દના કરતાં પ્રયોગાર્હ શબ્દ વધુ અર્થવાન છે. શબ્દનો પ્રયોગ વાક્ય સ્વરૂપે અથવા વાક્યના એક સ્વતન્ત્ર એકમ તરીકે થતો હોય છે. અર્થાત્ ચોમ્સ્કી કહે છે તે પ્રમાણે ભાષા પોતે વાક્યોચ્ચય છે-શબ્દોચ્ચય નથી.

૧.૧૫ વાક્ય જે રીતે શબ્દોચ્ચય છે એ રીતે શબ્દ—સ્વતન્ત્ર શબ્દ પણ જો શ્રોતાને વક્તાના બુદ્ધિસ્થ અર્થનું પ્રત્યાયન કરાવતો હોય તો તે પણ વાક્ય જ છે. જેમ કે—"રમેશ...!" એટલો ઉચ્ચરિત શબ્દ વ્યવહારમાં "રમેશ અહીં આવ"નું અર્થ-પ્રત્યાયન બહુધા કરાવતો જ હોય છે. આ દૃષ્ટિએ પણ "પ્રત્યેક વાક્ય અપેક્ષાકૃત સીમિત તત્ત્વોનું બનેલું હોય છે" એવું ચોમ્સ્કીનું મન્તવ્ય યોગ્ય છે.

૧.૧૬ ભર્તૃહરિના મન્તવ્યે તો **અકથિત** પણ વાક્ય છે. આંખનો ઈશારો, હાથનો હાવભાવ કે અન્ય કોઈ ઇંગિત કેવળ વાક્ય જ નહિ, બહુધા સમ્પૂર્ણ વાક્યનું પ્રત્યાયન કરાવતાં જ હોય છે. એટલે કે પ્રયોક્તા જ્યારે અમુક પ્રકારનો હાવભાવ કરે છે ત્યારે તેના મનમાં પૂરું વાક્ય રહેલું હોય છે.

૧.૧૭ વાક્યની સંકલ્પના સ્પષ્ટ કરતી કેટલીક પરિભાષાઓનો વિચાર અહીં કરી શકાય:—**હેતુપુરઃસર, બુદ્ધિપૂર્વક પ્રયોજાયેલો શબ્દ વા શબ્દોચ્ચય વાક્ય** છે; એમ ગાર્ડીનરનું કહેવું છે; જ્યારે યેસ્પર્સન વાક્યને માણસની નિરાકાંક્ષ અભિવ્યકિત તરીકે ઘટાડે છે:

"A sentence is a (relatively) complete .and independent human utterance—the completeness and independence shown by its standing alone, i e. of being utterer by itself.

આ રીતે વાક્ય વક્તાના બુદ્ધ્યર્થને એ રીતે અભિવ્યક્ત કરે કે, જેથી શ્રોતા યા ગ્રહીતા સ્વયં નિરાકાંક્ષ બની રહે. અર્થાત્ **શ્રોતા વા ગ્રહીતાની તદ્વિષયક આકાંક્ષાની પૂર્તિ કરવાની ક્ષમતા એ વાક્યની પૂર્ણતા** છે. વાક્ય વક્તા અને શ્રોતાની વચ્ચે વા પ્રયોક્તા અને ગ્રહીતાની વચ્ચે એક-વાક્યતા સ્થાપવાનું કામ કરે છે.

**૧.૧૮** વાક્યની આ પ્રકૃતિને ભારતીય વિચારકો આસત્તિ, આકાંક્ષા અને યોગ્યતાની શરત મૂકે છે. યોગ્યતા એટલે: एकपदार्थेऽपर पदार्थसंसर्गो योग्यता, અર્થપૂર્ણ એવું શબ્દોનું સંયોજિત પ્રયોગ-રૂપ 'પાણીથી સીંચે છે' એમ કહેવામાં યોગ્યતા છે, પરંતુ 'અગ્નિથી સીંચે છે' એમ કહેવામાં યોગ્યતા નથી; જ્યારે આકાંક્ષા એટલે: आकांक्षा प्रतीति पर्यवसानविरहः, પ્રયોક્તાના પ્રયોગ પછી ગ્રહીતાના મનમાં જન્મતી ક્રિયાની આકાંક્ષા અથવા પ્રયુક્ત ક્રિયાને માટે કર્તાની આકાંક્ષા પૂર્ણ થવી જરૂરી. આસત્તિ અર્થાત્ कारणं सन्निधानं तु पदस्यासत्तिरुच्यते, યોગ્ય શબ્દોની સમકાલીન સહસ્થિતિ એટલે કે એક શબ્દ અને બીજો શબ્દ સહસ્થિતિથી યોગ્ય હોય એ જરૂરી છે.

**૧.૧૯** વાક્યમાં અન્ય પદોની અપેક્ષા ક્રિયાપદોનું મહત્ત્વ નોંધનીય છે; જોકે આપણી ભાષા પૂરેપૂરી ક્રિયાગામી છે એમ તો ન કહી શકાય. પરંતુ ક્રિયાની પ્રધાનતા વાક્યમાં અને સવિશેષ તો કવિતામાં જોવા મળે છે. વાક્યમાંની ક્રિયા બહુધા ગૌણ ક્રિયા ન હોતાં કર્તાના અનેક ગૌણ વ્યાપારોના પરિપાકરૂપે યોજાયેલી પ્રમુખ ક્રિયા છે. જેમ કે—" છોકરી રસોઈ કરે છે " આ વાક્યમાં " કરે છે " એ દાળ-ચોખા કાઢવા, સાફ કરવા, ધોવા, ગેસ સળગાવવો, ગેસ પર કૂકર મૂકવું, પ્રેશર મૂકવું, સમયનો ખ્યાલ રાખવો જેવી અનેક ગૌણ ક્રિયાઓના પરિપાકરૂપે પ્રયોજાઈ છે. ઓખાની સખી ચિત્રલેખાની પ્રધાન ક્રિયાની પાછળ રહેલા ગૌણ વ્યાપારોને પ્રેમાનન્દે (ઓખાહરણમાં) કેવી સરસ રીતે ભૂતકાળના સંબંધક કૃદન્તો દ્વારા રજૂ કર્યા છે :

" ચિત્ર ચાલીને, વાનો વાળીને, રંગ ભેળીને, પટ મેલીને
લેખણ લાવીને, કરમાં સાહીને, ચિત્ર કરતી રે રંગ ભરતી રે. "

**૧.૨૦** ગુજરાતીમાં સર્વનામોનો પ્રયોગ નોંધપાત્ર છે. એને/એણે, તેને/તેણે, તેમને/તેમણે, એમને/એમણે-માં કર્તા અને કર્મનું વાચકત્વ રહેલું હોવાથી અશુદ્ધિઓ થવાનો ખૂબ જ સંભવ રહે છે. "**કોણે** કહેલું એ તો યાદ નથી"માં કર્તા અને "આ પુસ્તક **કોને** આપવાનું છે?"માં કર્મ છે. એમ અન્યત્ર પણ સમજવું. જ્યારે શું, શા, શી, શે, શેં, શો વગેરે પ્રશ્નાર્થક સાર્વનામિક વિશેષણોના પ્રયોગ આ ભાષાની પ્રયોકતાની ભાવનાને સ્પર્શતી લાક્ષણિકતા છે. એ જ રીતે અનુસ્વારનો ઉપયોગ પણ ભાવનાનો પરિચાયક છે. ટૂંકમાં આ બધી ભાષાની કરામતોનું સ્પષ્ટ જ્ઞાન પ્રત્યાયનને માટે છે.

## અર્થપ્રતીતિના આધારો :

**૧.૨૧** શબ્દ-સ્વરૂપ-સંરચના તથા વાક્ય-સ્વરૂપ અને સંરચનાને કથિત વ્યાકરણથી અળગા રહીને સમજવાનો પ્રયાસ કર્યા પછી શબ્દ અને વાક્યની અર્થપ્રતીતિની, જોકે પહેલાં વાત તો કરી જ છે છતાં અહીં વિશદ ચર્ચાનો ઉપક્રમ છે. શબ્દ અને વાક્યનાં અર્થઘટનને માટે એવાં કોઈ તત્ત્વો છે ખરાં જેની મદદથી ગ્રહીતા કેવળ શબ્દકોષ ઉપર જ આધાર ન રાખતાં સ્વયં સૂઝથી અર્થઘટન કરી શકે? આ માટે શબ્દબ્રહ્મના એ અનન્ય ઉપાસક ભર્તૃહરિએ ચીંધેલાં ૧૦ તત્ત્વો આજે પણ ઘણાં ઉપયોગી હોઈ અહીં તેનું વિગતે વિવરણ પ્રસ્તુત કર્યું છે.

**૧.૨૨ વાક્ય**—સ્વયં અર્થ-પ્રતીતિનું મોટામાં મોટું સાધન છે. વાક્યને કારણે જ પ્રયોગાર્હ—'મહારાજ'નું ગ્રહણ રસોઈયા તરીકે થતું હોય છે. તથા "અરે ભાઇ, એ તો બડો ઉસ્તાદ છે"—માં ઉસ્તાદનો અર્થ 'ચાલાક'—બધી વાતે પૂરો એવો અર્થ થઈ જાય છે. અહીં એક વાત નોંધવા જોઈએ કે ક્યારેક એક જ શબ્દ પણ વાક્યનો અર્થ આપી જાય છે—'સારું', 'ભલે', 'છે ને!' તો ક્યારેક એકલી ક્રિયા જ ઘણા મોટા અર્થની વાચક બનતી હોય છે—"પતાવ્યું?"—'પત્યું'". વગેરે.

**૧.૨૩ પ્રકરણ**—એટલે સન્દર્ભ. ક્યારેક એક શબ્દ અનેક 'ભાવનાઓ'-(intents)ને અભિવ્યક્ત કરતો હોવાથી તે અનેકાર્થી હોવાનો ખ્યાલ વ્યાપક બની જાય છે. પત્ની, દારા, ભાર્યા વગેરે શબ્દ પ્રકરણ-સન્દર્ભની દૃષ્ટિએ પ્રયોજાય એ ઇષ્ટ છે. ક્યારેક પ્રયોક્તા આ ખાસ કરીને કવિ કોઈક વિશિષ્ટ સન્દર્ભમાં વાત કરતો હોય છે—"धूरी धरत अपने ऊपर कहि रहीम केही काज..."માં શલ્યાની અહલ્યા થઈ પ્રકર છે; જ્યારે નિરંજનભાઈની આ 'પંક્તિમાં—"પૃથ્વીની તો ય જે લાગી દાન્તેને મન નારકી"...માં દાન્તેના કાવ્યનો સન્દર્ભ છે. સામાન્ય વાતચીતમાં પણ—"શું થયું પછી?" ઉ. "કશું થયું તો નથી, પણ જોઈએ હવે..." વક્તા અને શ્રોતા કોઈક પ્રકરણના સન્દર્ભમાં વાત કરે છે.

**૧.૨૪ અર્થ**—ની વાત આગળ કરી છે. અહીં શબ્દના વ્યુત્પત્તિજનિત અર્થની વાત કરવાની છે. શબ્દના અર્થનું વ્યુત્પત્તિજનિત સ્વરૂપ તથા તે જ શબ્દના પ્રયોજનનું કોઈક નિશ્ચિત અર્થમાં રૂઢ થઈ જવું એ પણ એક શબ્દગત વિશેષતા છે. જેમ કે: કૃષ્ણ-આકર્ષક, मयूर-मह्यां अतिशयेन रौति इति, भ्रमर-भ्रमन् सन् अतिशयेन रौति इति વગેરે જાણી લેવા જરૂરી થઈ પડે છે. શબ્દનું વ્યુત્પતિજનિત અર્થતત્ત્વ શબ્દસંરચના પાછળની જે તે સમાજ અને સંસ્કૃતિના પરિવેશમાં ઊછરેલા પ્રયોક્તાઓની ભાષાનિષ્ઠા અને આન્તરસૂઝનું પરિચાયક હોય છે.

**૧.૨૫ ઔચિત્ય યા ઔચિતી**—વાક્યમાંના શબ્દનો અર્થ નિશ્ચિત કરનારું એક તત્ત્વ—सामर्थ्य-मौचिनी देशः कालो व्यक्तिः स्वरादयः, ઔચિત્ય પ્રયોક્તા અને ગ્રહીતાની રસવૃત્તિનું પરિચાયક પણ બની શકે. શબ્દના સમ્યક્ પ્રયોજનમાં ઔચિત્ય જળવાય એ માટે પ્રયોક્તાએ સતત સાવધાન રહેવું પડે. વિશેષણો, વિશેષ્યો આદિના પ્રયોગમાં તો આ બાબત ઘણી વિચારણીય બની રહે. એટલે કે શબ્દનો પ્રયોગ સહેતુક—હેતુપુરઃસર હોય તો જ ઔચિત્ય જળવાય.

**૧.૨૬** દેશ-કાળની મર્યાદાનો ખ્યાલ અર્થપ્રતીતિમાં ઘણો જરૂરી છે. શબ્દનું પ્રયોગાર્હ સ્વરૂપે ત્વરિત બદલાતા જવું સ્વાભાવિક છે. ગુજરાતના એક ભાગમાં સામાન્ય ગણાતો શબ્દ કોઈ બીજા ભાગમાં અપશબ્દ ગણાતો હોય, લોકો બોલતા પણ શરમાતાં હોય એમ બને. એ જ રીતે આજે આપણે ત્યાં 'વ્યભિચાર' શબ્દ 'અસામાજિક આચરણ'ના અર્થમાં રૂઢ થયો છે. પરંતુ ભારતીય શાસ્ત્રોમાં એક જમાનામાં એ શબ્દ ન્યાયશાસ્ત્રમાં "હેતુના નિયત સાહચાર્યનો અભાવ" વા કાવ્યશાસ્ત્રમાં" સ્થાયીભાવને અલ્પ પ્રમાણમાં સ્થિર કરીને ચાલ્યા જતા ક્ષણિક આવેગ"ના અર્થમાં પ્રયુક્ત થતો હતો. અરે, 'ન્યાય' શબ્દ જ જુઓને. અત્યારે 'સામાજિક ન્યાય'

લોકશાહીનું ધ્યેય છે. પરિણામે 'ન્યાય' પ્રમાણવિજ્ઞાન મટીને કાયદાશાસ્ત્રીની સાથે જોડાતો જાય છે. હવે અમદાવાદના કોઈ બુકસેલરને "આપને ત્યાં ન્યાયશાસ્ત્ર પરના ગ્રન્થો હશે કે?" એમ પૂછીએ તો એ બાપડો કાયદાના જ ચાર ગ્રન્થો પકડાવે ને?

**૧.૨૭** સંસર્ગ-શ્લેષાદિ દ્વારા પણ ઇપ્સિત **અર્થ**ની પ્રાપ્તિ થાય છે. અનેક ભાવનાને દ્યોતિત કરતા શબ્દની કઈ ભાવના **પ્રયોક્તાને** અભિપ્રેત છે તે સમજવું જરૂરી છે. કવિ શ્રી સુન્દરમ**ની** પંક્તિમાં "મને આકર્ષ્યો છે, સતત ગરવાં આ પયધરે"માં આમ તો કવિ મેઘથી પણ આકર્ષાય એમ બને, પરંતુ અહીં યુવામ કવિ કોઈક સન્નારીના વક્ષઃસ્થળથી જ આકૃષ્ટ બન્યા હશે એવી **અર્થ**પ્રતીતિ થાય છે.

**૧.૨૮ સાહચર્ય**માં વાક્યના અન્ય શબ્દો એકમેકના **અર્થ**ના વાચક બનતા હોય છે. સાહચર્ય વાક્યના વાચનથી **અર્થની પ્રતીતિ** કરાવી **આપે** છે.

**૧.૨૯ વિરોધ** દ્વારા થતી અર્થપ્રતીતિ પણ મહત્ત્વની છે 'રામ-રાવણ' શબ્દ યુગ્મ સાંભળતાં જ 'પરશુરામ'નો બોધ ન થતાં 'દાશરથી રામ'નો બોધ થાય છે. એ જ રીતે 'અગ્નિ-વર્ષા'માં પર્જન્યની **પ્રતીતિ** ન થતાં ઉષ્ણતાતિશયની પ્રતીતિ **થાય** છે.

**૧.૩૦ સારૂપ્ય** એ શબ્દની **પ્રવૃત્તિ** છે. એક જ શબ્દ અનેક વાર બોલાતાં પ્રયોજાતાં બીજા કોઈ ભળતા શબ્દ જેવો **થઈ** જાય. સિગ્નલનું સિંગલ, કંડક્ટરનું સિલેંડર, બોક્સનું બાકસ વગેરે. **પ્રયોક્તાને** ખબર પણ ન પડે એ રીતે મૂળ શબ્દ અન્ય **પ્રચલિત** શબ્દના જેવો બની જાય છે.

**૧.૩૧ અનુતાન, સ્વરાઘાત અને બલાઘાત** ત્રણેય ઉચ્ચારણ પર અર્થપ્રતીતિ થતી હોવાનું મહત્ત્વ ધરાવે છે. ત્રણેયની સંયુક્ત અસરને કારણે "રામ આવ્યો"જેવું નાનું વાક્ય ઉચ્ચાર-ભેદે કરીને વિધાન, **પ્રશ્ન**, આશ્ચર્ય, ઘૃણા, આનન્દ, વિસ્મય આદિ અનેક 'ભાવનાઓ'ની **અર્થપ્રતીતિ** કરાવી શકે.

## [૨] ભાષાવસ્તુ અને વ્યાકરણિક સંરચના :

ભાષા એટલે શું? એ **પ્રશ્ન**નો ઉત્તર મેળવવાનું કામ તો ઘણું મોટું છે, છતાં એ પ્રશ્નને ખૂબ જ **પ્રાથમિક** સ્તરે સમજવાનો, વિચારી જોવાનો, **પ્રાથમિક** માહિતી એકત્ર કરવાનો થોડો **પ્રયત્ન** આ પૂર્વે કરી જોયા પછી, : "ભાષા એ તો વાક્યોચ્ચય છે", એ ચોમ્સ્કીના વિધાનને સમજવાનો પ્રયત્ન કર્યા પછી "ભાષા શું નથી?" એ પણ જાણી લેવું જરૂરી છે. એમ કરવાથી કદાચ—

- △ ભાષા વિશેની સમજ વધુ સ્પષ્ટ થાય.
- △ ભાષા-દૃષ્ટિનો વિકાસ થાય અને જો ભાષાનું શિક્ષણકાર્ય કરતા હોઈએ તો ક્યાં ઝોક મૂકવો આવશ્યક છે, એ સ્પષ્ટ થાય.

**ભાષાવસ્તુ અને ભાષાસંરચના :**

૨.૧ ભાષા શું નથી ? એનો વિચાર કરવો હોય તો એમ કહી શકાય કે—

[ अ ] ભાષા એ લિપિ નથી.

[ ब ] ભાષા એ પરમ્પરાગત વિધિ-નિષેધાત્મક વ્યાકરણ ( Prescriptive grammar ) નથી.

[ क ] ભાષા એ કેવળ શબ્દોચ્ચય વા શબ્દાવલી નથી.

[ ड ] ભાષા એ સાહિત્ય નથી.

૨.૨ अ—**લિપિ** એ તો ધ્વનિઓનો લિખિત સંકેત માત્ર છે; જોકે આપણી લિપિ એ માત્ર ધ્વનિ-લિપિ નથી. પરંતુ પ્રતીક-લિપિ છે; એટલે એ લિપિમાં અ, ઉ, ક, મ જેવા ઘણા વર્ણો પણ અર્થયુક્ત છે. છતાં પણ કેવળ લિપિ શીખવાથી ભાષા શીખી શકાતી નથી. "અક્ષરજ્ઞાન એ કેળવણી નથી" એવું મહાત્મા ગાંધીજીનું ગૃહીત આ દષ્ટિએ પણ સાચું છે.

ब—**પરંપરાગત વ્યાકરણ** પણ જે તે ભાષાનું નિયામક બળ હોવા છતાં એ છે તો ભાષેતર તત્ત્વ જ અને એટલે એ ભાષા નથી. વ્યાકરણ તો ભાષાના યોગ્યાયોગ્ય પ્રયોગની ચર્ચા એટલે કે વિધિનિષેધાત્મક નિયમો છે. અથવા એમ કહી શકાય કે સંજ્ઞા, વિશેષણ જેવા શબ્દ-ઘટકો( word category )ની છણાવટ છે. **કેવળ** આવા વ્યાકરણનું અધ્યયન બહુધા અનાવશ્યક પણ હોઈ શકે. આવા વ્યાકરણની અવગણના કરીને પણ ભાષાના પ્રયોગાત્મક જ્ઞાન દ્વારા ભાષા વ્યવહાર કેળવી શકાય ખરો. જ્યારે આવું જ્ઞાન ધરાવનાર પણ ભાષા-વ્યવહારમાં પાંગળા રહી જવાનો ભય રહે છે. ભાષાગત વ્યાકરણિક સંરચના( Grammatical patterns)નું વિશ્લેષણાત્મક ભાષાનિષ્ઠ અધ્યયન જ ભાષાસૂઝના વિકાસમાં મહત્ત્વપૂર્ણ છે, પરંપરાગત વ્યાકરણ નહિ.

क—માત્ર **શબ્દાવલી**ને ભાષા માની બેસવાનો ભ્રમ પણ જોવા મળે છે. અમુક ભાષાની શબ્દાવલીનો અમુક જથ્થો, માધ્યમિક શાળાના ધોરણમાં શીખવી નાખવાનો પ્રયત્ન થતો જોવા મળે છે. પરંતુ માત્ર શબ્દોના જથ્થાથી ભાષાની પ્રાપ્તિની ક્ષમતા માપી શકાય નહિ. ઓછા શબ્દો દ્વારા પણ ભાષાની સંરચના જાણનાર માણસ સરસ અભિવ્યક્તિ કરી શકે. આમ શબ્દાવલીનું પ્રયોજન સંરચનાને સુગઠિત કરવામાં થવો જરૂરી છે. एकः शब्दः सप्रयुक्तः सम्यज्ञातः स्वर्गे लोके च कामधुक् भवति એ શ્રુતિ-ગૃહીતની ફરીથી સમજ કેળવવાની જરૂરત શબ્દાળુતાના વ્યામોહની સામે જરૂરી છે. છતાં એનો અર્થ એ નથી કે શબ્દાવલીની જાણી-બૂઝીને ઉપેક્ષા કરવી.

ड **સાહિત્ય** અને ભાષાની વચ્ચે જોકે અભિન્ન દેખાતો એવો સંબંધ છે, છતાં ય તે બન્ને એક જ નથી. બન્નેનાં સ્વરૂપ ભિન્ન છે. સાહિત્યમાં ભાષાની વિશિષ્ટ પરિષ્કૃત શૈલીઓ તથા સાહિત્યના સ્વરૂપવસ્તુનું પ્રકાશન હોય છે. ભાષા-વ્યવહારનાં ઔપચારિક અને અનૌપચારિક સ્તરો ( formal and informal levels of language behaviour)

અનેક પ્રકારનાં હોય છે. ભાષાનાં આ વિભિન્ન અને નાનાવિધ વ્યાવહારિક સ્વરૂપો અને અભિવ્યક્તિની વ્યાવહારિક શૈલીઓનું અધ્યયન કેવળ સાહિત્ય દ્વારા ન થઈ શકે.

૨.૩ અહીં જ્યારે આપણે એક અર્થમાં ભાષાના ક્ષેત્રફળનો અંદાજ કાઢી રહ્યા છીએ ત્યારે એટલું નોંધી શકાય કે, ભાષા એ એક વર્તન-વ્યવહાર ( language is a behaviour) છે. વર્તનના સ્વરૂપે ભાષાનું સ્વરૂપ આ રીતે સમજી શકાય :

o એ ઉદ્દીપન-પ્રતિક્રિયાનિષ્ઠ પ્રક્રિયા ( stimulus-response process ) છે. ભાષાનો વ્યવહાર ઉદ્દીપન અને પ્રતિક્રિયાની વચ્ચે આવી જાય છે. માણસ જે રીતે ખાય છે, દોડે છે કે બીજી કોઈ પ્રતિક્રિયા કરે છે એ રીતે એ ભાષાનો પણ વ્યવહાર કરે છે.

o ભાષાનો વ્યવહાર પ્રતિપોષણની યાંત્રિકતા ( feedback mechanism ) પર આધારિત છે. દર્શન, શ્રવણ અભ્યાસ અને પ્રોત્સાહન જેવાં પ્રતિપોષણથી માણસનો ભાષાવ્યવહાર કેળવાય છે.

આ દૃષ્ટિએ ભાષા એ મનોવિજ્ઞાનનો વિષય બની રહે છે. ભાષા એ એક સામાજિક પાસું છે. સમાજમાં વ્યક્તિના અસ્તિત્વ અને તેની સામાજિક ક્રિયાઓ( social activities )નો પ્રમુખ આધાર ભાષા પૈર છે. એ રીતે ભાષા સમાજશાસ્ત્ર( sociology )નો વિષય છે. છેવટે ભાષા એક સંરચના ( structure ) અને વ્યવહાર ( system ) છે; એ ક્રમિકોચ્ચારિત વિભિન્ન ધ્વનિઓની શ્રૃંખલાબદ્ધ સંરચના છે; એ વિભિન્ન પદોનું ક્રમબદ્ધ રૂપ છે; તેમાં પદો પરસ્પર અન્વય-સંબંધથી મુક્ત હોય છે. એ રીતે પદ, શબ્દ, શબ્દસમુચ્ચય, વાકયાંશ, વાકય અને કોઈ પ્રકારનું વિશદ વર્ણન—જેવાં બધાં સ્તરે એ સંરચના ફેલાયેલી છે. ભાષાની શબ્દસંરચના અને તેની અર્થસંરચના બન્ને, પૂર્વનિર્દિષ્ટ ભાષેતર તત્ત્વોથી સ્વતન્ત્રપણે ભાષામાં જ—તેના વ્યવહારમાં જ સમાવિષ્ટ થયેલી હોઈ ભાષા ભાષાવિજ્ઞાનનો વિષય બની રહે છે. ભાષા બીજી અનેક વિષયશિસ્તની સાથે સંકળાયેલી હોઈ તેના અભ્યાસમાં વિવિધ વિષય શિસ્તાનુગામી અભિગમ ( multidisciplinary approch ) જરૂરી થઈ પડે છે.

૨.૪ ભાષા-વ્યવહાર (language behaviour) બે ક્રિયાઓ પર આધારિત છે: ૧. સાંભળવું-શ્રવણકૌશલ્ય, ૨. બોલવું-વાણીકૌશલ્ય. આ બન્ને અનુક્રમે પ્રયોકતા ( વકતા ) અને ગ્રહીતા( શ્રોતા )નાં કાર્યો છે. ભાષા સાંભળીને તેની ધ્વનિ-વ્યવસ્થા, અનુતાન શૈલી, શબ્દપ્રયોગ, વ્યાકરણિક સંરચનાના સંદર્ભોની વિશિષ્ટતાને ઓળખવાનો પ્રયત્ન એટલે સાંભળવું યા શ્રવણ-કૌશલ્ય. પોતાની મનોગત વિચારભાવનાને એ રીતે રજૂ કરવા કે જેથી શ્રોતાને તેનો બોધ થાય એ બોલવું યા વાણીકૌશલ્ય. તેથી એમ કહી શકાય કે ભાષાવ્યવહારને માટે ભાષા-ક્ષમતા ( language ability ) કેળવવી આવશ્યક થઈ પડે છે; આ ક્ષમતા સવિશેષ તો માણસની બુદ્ધિક્ષમતા પર આધાર રાખે છે, તેની પ્રતીતિ માણસની શ્રવણ અને વાણી ક્રિયા દ્વારા થાય છે.

૨.૫ ભાષા અને વ્યવહારના સંબંધને આ રીતે સમજી શકાય :




આકૃતિના અર્થઘટનમાંથી નીચેની બાબતો ફલિત થાય :

૧ આકૃતિ પ્રતિપોષણના સિદ્ધાન્તનું ભાષાશિક્ષણમાં મહત્ત્વ દર્શાવે છે એટલે કે ભાષાના input દ્વારા વ્યક્તિનો ભાષાવ્યવહાર outputના સ્વરૂપે વધુ બલવત્તર બને છે. **ભાષા દ્વારા જ ભાષાનો વ્યવહાર (language behaviour) અને ભાષાક્ષમતા (language ability) કેળવાતી જાય.**

૨ આકૃતિમાં क—ભાષાનાં જ્ઞાનાત્મક પાસાં(knowledge aspect)નો નિર્દેશ કરે છે; જ્યારે ख-નો વ્યવહાર–૧—સાંભળવું અને વ્યવહાર–૩–વાંચવું કૌશલ પાસાં(skill aspect) તથા વ્યવહાર–૨ બોલવું અને વ્યવહાર–૪—લખવું, ભાષાના ઉપયોગનાં પાસાં(application)નો નિર્દેશ કરે છે.

૩ કેવળ જ્ઞાન વ્યવહારાત્મક ન બની શકે. વ્યવહાર જ્ઞાન વિના ન કેળવાય. જ્ઞાન અને વ્યવહારની વચ્ચે input–outputનો સંબંધ છે. એવું આ આકૃતિને અભિપ્રેત છે.

૪ ભાષાનો input એ ભાષાવસ્તુ છે; જ્યારે તેના outputમાં કૌશલ્ય અને ઉપયોગ બન્ને પાસાં સમાન ભાગે વહેંચાયાં છે.

૫ આકૃતિ ભાષાનાં રસાત્મક પાસાં(effective aspect)નો નિર્દેશ કરતી નથી.

૨.૬ આ ઉપરથી એમ કહી શકાય કે સમગ્ર ભાષા સંરચના તરફ ઉપેક્ષા સેવીને અત્યારે ભાષાના નામે જે કંઈ શીખવાય છે, એ 'કંઈક' શું હોય છે? મોટે ભાગે તો સાહિત્ય જ, કે લિપિ કે વિધિનિષેધાત્મક વ્યાકરણ અને બધાં જ સ્તરે કોષમાં આપેલા અર્થોવાળા શબ્દો જ

શબ્દો !! શિક્ષણના આવા વ્યાયામના અન્તે વિદ્યાર્થી જે કાંઈ ભાષા-ક્ષમતા મેળવે છે એ તો આડપેદાશ ( byproduct ) બની રહે છે. આ અવૈજ્ઞાનિક દૃષ્ટિના મૂળમાં ભાષાની પ્રકૃતિ તથા ભાષા અને ભાષેતર તત્ત્વો વિશેની ઉપેક્ષા કારણભૂત છે, એમ કહી શકાય.

**વ્યાકરણિક સંરચના :**

**૨.૭** વ્યાકરણિક સંરચનાની દૃષ્ટિએ અત્યારે પરંપરાગત વ્યાકરણમાં જોવા મળતી સંરચનાઓ સિવાયની કેટલીક વિશિષ્ટ સંરચનાઓ અભ્યાસમાં જોવા મળી છે, તેમનો અહીં નિર્દેશ કરવાનું ઉચિત ધાર્યું છે. વ્યવહારમાં એવું જોવા મળે છે કે, ભાષા પોતાની પ્રયોજનની પ્રક્રિયામાં ક્રમશઃ ઓછાવત્તા પ્રમાણમાં વ્યાકરણિક નિયમોને અતિક્રમે છે.

**૨.૮** ભાષાઓની પ્રકૃતિ સમાન નથી હોતી. પ્રકૃતિની દૃષ્ટિએ ગુજરાતી ભાષા સ્થિતિપરક ( positional language ) ભાષા છે. જ્યારે સંસ્કૃત રૂપપરક ( inflectional language ). સ્થિતિપરક ભાષામાં શબ્દની સ્થિતિનું મહત્ત્વ વધારે હોય છે. શબ્દની સ્થિતિમાં ફેરફાર થતાં વાક્યનો આખો અર્થ બદલાઈ જાય કે વાક્ય નિરર્થક બની રહે. તેથી સ્થિતિપરક ભાષાનો ઉપયોગ કરનાર માણસનું વ્યક્તિત્વ માનસિક અને સાંવેગિક રીતે સ્વસ્થ હોવું ઘણું જરૂરી થઈ પડે છે.

**૨.૯** ગુજરાતી ભાષાની વ્યાકરણિક સંરચનાની બીજી વિશેષતા એ છે કે તે સંસ્કૃતની જેમ જ વિભક્તિગામી હોવા છતાં પણ સ્થિતિપરક છે. તેના વિભક્તિગામીત્વ અને સ્થિતિપરકતા બન્નેને કારણે આ ભાષાની વાક્યસંરચનાઓ પ્રમાણમાં વધારે જટિલ બની જાય છે. પરિણામે વાક્યનો પૂરેપૂરો પૂર્વવિચાર કર્યા વિના જો પ્રયોક્તા વાક્ય બોલી જાય તો એ વાક્ય તેની પ્રયોગગત જટિલતાને કારણે ગ્રહીતાને માટે દુર્બોધ બની જાય.

**૨.૧૦** વિભક્તિ પ્રત્યયોના અર્થમાં પણ અસાધારણ વધારો થતા હોવાનું પણ વ્યવહારમાં જોવા મળે છે. 'સંબંધ' વિભક્તિના વિવિધ સંબંધ-અર્થો નોંધી શકાય: અવયવ-અવયવી સંબંધ, સ્વ-સ્વામિ સંબંધ, આધાર-આધેય સંબંધ, ધાર્ય-ધારક સંબંધ, સંજ્ઞા-સંજ્ઞી સંબંધ, ભોક્તા-ભોજ્ય સંબંધ, નાના-મોટાનો સંબંધ( કાગનો વાઘ, વાતનું વતેસર ), પ્રેષ્ય-પ્રેષક સંબંધ, ક્રય-વિક્રય સંબંધ, કર્તા-કૃતિ સંબંધ, વાહક-વાહ્ય સંબંધ, સેવ્ય-સેવક સંબંધ, પૂજ્ય-પૂજક, સાધ્ય-સાધક, શાસક-શાસિત સંબંધ અને રૂપ્ય-રૂપક સંબંધ ( કવિતામાં જોવા મળે છે: વ્હાલનો તારો વાયરો વાયો-ભાવના છે; વહાલ રૂપી વાયરો ). આ સંબંધો તો અગણિત સ્વરૂપે વ્યવહારમાં જોવા મળે છે. પરંપરાગત વ્યાકરણમાં આવા સંબંધની છણાવટ ન હોય. તેથી અન્ય વિભક્તિઓની લાક્ષણિક અર્થ-છટાઓનો પણ અભ્યાસ થવો જોઈએ.

**૨.૧૧** એ જ રીતે ક્રિયાઓનું સ્વરૂપ પણ જોવા જેવું છે. ગુજરાતી ભાષાની ક્રિયાઓ સામાન્યતઃ પોતાના મુખ્ય અર્થની જ અભિવ્યક્તિ કરતી હોય છે. પરંતુ તેમના વિશિષ્ટ પ્રયોગોમાં તેઓ લક્ષ્યાર્થની સવિશેષ પ્રતીતિ કરાવતી હોય છે. એવી અસંખ્ય ક્રિયાઓ છે જે સહાયક ક્રિયાના સ્વરૂપે પોતાના મુખ્યાર્થ બાજુએ રાખી લક્ષ્યાર્થની અભિવ્યક્તિ કરતી હોય છે. જેમ કે:

Δ **'જવું'-નો નૈરન્તર્યના અર્થમાં થતો પ્રયોગ.**

o છોકરો આંક બોલ્યે જ **જાય** છે.

Δ **'લેવું'—અનભ્યાસ (ટેવ ન હોવાના)ના અર્થમાં**

o મને ચા પીવાની ટેવ નથી, પણ કોઈ આગ્રહ કરે તો પી **લઉં** છું.

Δ **'ઊઠવું'-અકસ્માત્ આરંભના અર્થમાં**

o રમેશ બોલી **ઊઠ્યો**–હવે હું સહન નહિ કરી શકું.

Δ **'પામવું'-શક્તિ-અશક્તિ સામર્થ્ય-અસામર્થ્યના અર્થમાં**

o માંડ મળવા **પામ્યા.**

o હું હજી બી.એડ્. કરવા **પામ્યો** નથી.

Δ **'દેવું'-પર-અર્થમાં**

o એમને કહી **દેજો**, આનું પરિણામ સારું નહીં આવે.

Δ **'પડવું'—વિવશતાના અર્થમાં**

o પાંચ માઈલ ચાલીને આવવું **પડે** છે.

Δ **'કરવું'-આવૃત્તિના અર્થમાં.**

o ફર્યા **કરે** છે. o રખડ્યા કરે છે.

Δ **'મારવું'-વગર વિચાર્યે-પરવા કર્યા વિના કાર્ય કરવું**

o પરીક્ષાની શી ચિંતા, જે આવે એ લખી **મારવાનું.**

આના જેવી સહાયક ક્રિયાઓના વ્યવહારમાં જોવા મળતા વિશિષ્ટ પ્રયોગ સંદર્ભો પર ઘણું કામ થઈ શકે.

**૨.૧૨** સહાયક ક્રિયાઓની નિરાળી અર્થ-છટાઓના ઉદાહરણ રૂપે **'કરવું'**ની અર્થ-છટાઓ જોઈ લઈએ: કરે છે, કરી લે છે, કરી આપે છે, કરી આવે છે, કરી જાય છે, કરી શકે છે, કરી ઊઠ્યા, કરી નીકળ્યો, કરી ચૂક્યો, કરી નાખ્યું, કરી પરવાર્યો, કરી બેઠો, કરી બતાવ્યું, કરી લીધું, વગેરે.

**૨.૧૩** મુખ્ય ક્રિયાઓના લાક્ષણિક પ્રયોગો પણ જોવા જેવા છે. જેમ કે **'ખાવું'** ક્રિયા. ફળ ખાવું, માર ખાવો, હવા ખાવી, લાંચ ખાવી, રાવ ખાવી, હવા ખાવી, તમાચો ખાવો, ભૂલ ખાવી, ગમ ખાવી, પૈસા ખાવા, અક્ષર કે શબ્દ ખાઈ જવા, વ્યાજ ખાવું, ઝોકાં ખાવાં, ઠોકર ખાવી, ખાંડ ખાવી, જીવ ખાવો, માથું ખાવું, સમ ખાવા (આટલું બધું 'ખાઈ' શકાય!).

# પ્રાચીન ભારતીય સંસ્કૃતિસ્રોત

## નાલંદા વિશ્વવિદ્યાલય

પૃથ્વીસિંહ ઝાલા

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય (બીજા) પછી તેનો પુત્ર કુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય પાટલિપુત્રના રાજસિંહાસન પર બેઠો. આ સમય ઈસ્વીસન ૪૧૩નો છે. આ સમય સુધી ચીની યાત્રી ફાહ્યાન પોતાના દેશ ચીન જવા ભારત છોડી ગયો હતો. કુમારગુપ્ત મહેન્દ્રાદિત્યે બૌદ્ધધર્મનાં વિકાસ તથા સ્થિરતા માટે એવું કામ કર્યું જેવું કે સમ્રાટ અશોકે પણ ન કર્યું. આ કામ હતું નાલંદામાં બૌદ્ધધર્મના શિક્ષણ માટે વિશ્વવિદ્યાલયની સ્થાપના; જોકે નાલંદા ઘણા વર્ષો પૂર્વે અર્થાત્ બુદ્ધના સમયથી જ બૌદ્ધધર્મનું કેન્દ્ર રહ્યું હતું. અને સમય જતાં તેના કેન્દ્રનો વિકાસ પણ થયો. છતાં પણ સંસાર પ્રસિદ્ધ વિશ્વવિદ્યાલયની સ્થાપના આ ગુપ્તરાજા કુમારગુપ્તના સમયમાં જ થઈ અને તેનો વિકાસ ગુપ્તવંશના સમ્રાટ કરતા જ ગયા.

કુમારગુપ્તના ૪૩ વર્ષોના રાજ્યકાળમાં સુખ, શાંતિ તથા ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્થાનનો સમય રહ્યો છે. તેના પૂર્વજો તેની પ્રભુતા સ્વીકાર કરી ચૂકયા હતા અને તેની ઉદારતા અને સ્નેહ-વત્સલતાને કારણે પ્રજા પરમ સુખ, શાંતિ તથા ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્થાન પર હતી. તેના પૂર્વજોના બલવાન પ્રભુત્વને કારણે આસપાસના બધા શત્રુ ક્ષીણવીર્ય અને હતપ્રભ બની તેની પ્રભુતા સ્વીકારી ચૂકયા હતા અને તેની ઉદારતા અને સ્નેહવત્સલતાને કારણે તેનાં સિક્કામાં 'અજિત મહેન્દ્ર', 'મહેન્દ્રાદિત્ય' અને 'પરમરાજાધિરાજ'નો પણ ઉલ્લેખ મળે છે. આ રીતે કુમારગુપ્તે કલા તથા ધાર્મિક ઉત્થાન દ્વારા પોતાના શાંતિમય સમયનો પરમ સદુપયોગ કર્યો. એવા જ સદુપયોગના પરિણામરૂપ નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ.

નાલંદા વિશ્વવિદ્યાલયનું કુમારગુપ્ત મહેન્દ્રાદિત્યના સમયમાં નિર્માણ થયું તેનો પ્રબળ પુરાવો છે કે ચીની યાત્રી ફાહ્યાન ભારત આવ્યો હતો ત્યારે નાલંદાનું અસ્તિત્વ નહોતું. તેણે પાટલિપુત્રમાં રહીને ત્રણ વર્ષ સુધી બૌદ્ધધર્મનું અધ્યયન કર્યું. એવી ઉચ્ચ સ્થિતિએ નાલંદા વિશ્વવિદ્યાલય તે સમય સુધીમાં પોતાની પ્રસિદ્ધિએ પહોંચી શકયું નહોતું. તેણે નાલંદા નગરનું નામ 'નાલ' નામના ગ્રામના રૂપમાં અવશ્ય નોંધ્યું છે પણ ત્યાંના કોઈ ચૈત્ય, વિહાર યા વિદ્યાલયનો ઉલ્લેખ નથી કર્યો.[1] તેના સમય સુધી બૌદ્ધ ધર્મની મુખ્ય શિક્ષણસંસ્થા પાટલિપુત્રમાં હતી. તેણે પાટલિપુત્રનાં સંબંધમાં લખ્યું છે કે, પાટલિપુત્ર ધનવાન નગર હતું. ત્યાં 'હીનયાન' અને 'મહાયાન'નું શિક્ષણ વિહારોમાં અપાતું હતું. પ્રત્યેક વિહારમાં લગભગ ૭૦૦ બૌદ્ધ ભિક્ષુ ધર્મનું શિક્ષણ લેતા હતા. અહીંના વિદ્વાનોની કીર્તિથી પ્રભાવિત થઈ દેશના દરેક પ્રદેશમાંથી વિદ્યાર્થીઓનાં ટોળાં તેમની પાસે અભ્યાસ માટે આવતાં હતાં ('પ્રાચીન

---

૧ શાસ્ત્રી, હીરાનંદઃ નાલંદા.

ભારત', 'ગંગાપ્રસાદ મહેતા'). આ પાટલિપુત્રના બે વિહાર કયા હતા ? નિશ્ચિત રીતે કહી શકાય કે આ વિહાર અશોકરામ અને કુક્કુટરામ જ હતા; તે ફાહ્યાનના ભારત આવતા પહેલાં ૬૫૦ વર્ષ પૂર્વે સ્થાપિત થયા હતા. સમ્રાટ અશોકે તેની સ્થાપના કરી હતી, તે મૌર્ય-શાસન સમય સુધી અખંડિત રહી હતી. ત્યારબાદ પુષ્યમિત્ર શુંગના સમયમાં પણ આપણે જોયું કે મિનાન્દરના ગુરુ નાગસેનનું શિક્ષણ અશોકરામ વિહારમાં જ થયું ત્યારબાદ કનિષ્ક કાળમાં પણ આપણે અશ્વઘોષને આ જ વિહારમાં શિક્ષણ મેળવતા જોઈએ છીએ. તેથી મગધમાં નવાં નવાં સામ્રાજ્ય તથા ધર્મ બન્યા અને બગડ્યા પણ શિક્ષણ સંસ્થાઓને જરા પણ આંચ આવી નહિ. એ વિહાર આ ગુપ્તકાળમાં અવ્યવસ્થિત હતો, તેની ચર્ચા ફાહ્યાન કરે છે. આ સમય મગધનો અતિ પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન 'બુદ્ધઘોષા' ધર્મપ્રવૃત્તિને માટે લંકા ગયો. તેનું શિક્ષણ પણ તે વિહારોમાં થયું હતું. તેવી ઘણી કરીને શકયતા છે. પણ હવે પ્રશ્ન થાય છે કે કુમારગુપ્ત મહેન્દ્રાદિત્યની પોતાની રાજધાની પાટલિપુત્રમાં જ્યાં પહેલેથી જ બૌદ્ધની બે શિક્ષણ સંસ્થાઓ હતી ત્યાં વિશ્વવિદ્યાલયનું નિર્માણ ન કરાવતાં નાલંદામાં કેમ કરાવ્યું. તેથી નાલંદાની પ્રાચીનતા અને પવિત્રતાના સંબંધમાં અહીં આપણે થોડો દૃષ્ટિપાત કરવો પડશે...

નાલંદા નગર ભગવાન બુદ્ધના સમયમાં જ પ્રસિદ્ધ હતું. ત્યાં તેઓ કેટલીય વખત ગયા હતા. સાથે આ તીર્થ, મહાવીરનું પણ કેન્દ્રસ્થાન હતું. ભગવાન બુદ્ધના મુખ્ય શિષ્ય સારિપુત્રનો જન્મ નાલંદા પાસે જ થયો હતો. તે ઉપરાંત હ્યુ-એન-સ્વાંગે લખ્યું છે કે, નાલંદાને પાંચસો સોદાગરોએ દસ કોટિ મુદ્રામાં ખરીદીને ભગવાન બુદ્ધને આપ્યું હતું (નાલંદાઃ ડૉ. હરિલાલ શાસ્ત્રી). ત્યાર બાદ અશોકના સમયમાં પણ જોઈએ છીએ કે, ત્રીજી પરિષદ્‌ના અવસર પ્રસંગે જે સર્વાસ્તિવાદીઓએ અશોકને સંઘમાંથી કાઢી મૂકયા તેમણે નાલંદા જઈને પોતાની પરિષદ્ તરફથી આ સર્વાસ્તિવાદીઓનો ગઢ બનાવી દીધો; એટલું જ નહિ, બાદમાં પણ નાલંદાની પ્રસિદ્ધિ ઘટી નહિ. શુંગ રાજા પુષ્પનાથ, તારાનાથના કથન અનુસાર, પોતાની એક પરિચિત મહિલાને નાલંદામાં જ જઈને મળ્યો હતો. જો તે સમયે નાલંદાની આવી પ્રસિદ્ધિ ન હોત તો તારાનાથ તેનો ઉલ્લેખ કરત જ નહિ. ઈ.સ.ના પ્રારંભમાં સર્વાસ્તિવાદનું આ તીર્થધામ જ હશે. જેથી હ્યુ-એન-સ્વાંગના સર્વાસ્તિવાદીઓએ એ કાળથી આને શિક્ષણનું કેન્દ્ર માન્યું છે. તે ઉપરાંત મહેન્દ્રાદિત્ય અહીં વિશ્વવિદ્યાલયની સ્થાપના હ્યુ-એન-સ્વાંગના કથનાનુસાર તે માટે કરી કે, કોઈ જ્યોતિષીએ તેને જણાવ્યું હતું કે, જો નાલંદામાં વિદ્યાનું કેન્દ્ર થશે. તો તે એક હજાર વર્ષ સુધી સ્થિર રહેશે. આવી રીતે અનેક વાતો હતી તેને કારણે કુમારગુપ્ત મહેન્દ્રાદિત્યએ નાલંદામાં વિદ્યાકેન્દ્ર સ્થાપિત કર્યું. આ વિદ્યાકેન્દ્રનો સઘળો ઇતિહાસ ચીની યાત્રી હ્યુ-એન-સ્વાંગના યાત્રા-વિવરણમાં જોવા મળે છે; તે ૬૩૦ ઈ.સ.માં ભારત પહોંચ્યો અને ૬૪૫ ઈ.સ.ની લગભગ ભારતમાંથી વિદાય થયો...હ્યુ-એન-સ્વાંગે બૌદ્ધધર્મનું શિક્ષણ મેળવવાને માટે પોતાના દેશથી ૧૯ વર્ષની ઉંમરે ભારત માટે પ્રસ્થાન કર્યું. ભગવાન બુદ્ધે પોતાની ૨૯ વર્ષની ઉમરમાં દીક્ષા લઈ ગૃહત્યાગ કર્યો હતો. આથી જણાય છે કે હ્યુ-એન-સ્વાંગે તેમનું અનુકરણ કર્યું હોય! તે હર્ષવર્ધનના રાજ્યકાળ(સાતમી સદીના પૂર્વાર્ધ)માં ભારત આવ્યો અને તેના દરબારમાં સન્માન પામી પોતાના દેશ તરફ વિદાય થયો. ભારત આવી હર્ષવર્ધનને મળી જ્યારે તે 'થાનેશ્વર' ગયો ત્યારે હર્ષવર્ધન યાત્રા પર ગયો હતો અને તે પૂર્વ દેશમાં હતા. હ્યુ-એન-સ્વાંગ

ત્યાંથી આગળ વધી મથુરા, શ્રાવસ્તી થઈ, બિહાર પ્રદેશમાં આવ્યો. બિહારમાં સૌ પ્રથમ મહાશાલ ( મસાઢ, શાહાબાદ ) આવ્યો. ત્યાંથી આરાનગરનું ચૈત્ય જોઈને તેણે ગંગા પાર કરી અને આટવી, વૈશાલી, શ્વેતપુર થઈ ફરી ગંગા પાર કરી પટણા પહોંચ્યો. ત્યાર બાદ બૌદ્ધ-ગયા આદિ સ્થાનોમાં ભ્રમણ કરી તે નાલંદા ગયો. ત્યાં 'શીલભદ્ર' આચાર્ય સાથે તેનો મેળાપ થયો. પરંતુ થોડા દિવસો બાદ તે ભારત ભ્રમણને માટે નાલંદાથી નીકળી પડ્યો. સમસ્ત ભારતના પ્રાચીન નગરો અને બૌદ્ધ તીર્થોનું ભ્રમણ કરી પાછો તે બીજી વાર નાલંદા આવ્યો ત્યારે પાટલિપુત્ર પર માળવાના રાજા માધવસેનના પુત્ર માધવગુપ્તનું શાસન હતું. તેને હર્ષવર્ધને ગાદી પર બેસાડ્યો હતો. આ માધવસેન પાટલિપુત્રના ગુપ્ત રાજાઓનો જ વંશજ હતો. તે માળવાનું શાસન ચલાવતો હતો અને જે ગુપ્ત તેજ અસ્તિત્વમાં હતું તેનો માત્ર નમૂનો રહ્યો હતો. નાલંદામાં હ્યુ-એન-શ્વાંગે જ્યારે શિક્ષણ મેળવવાની ઇચ્છા પ્રગટ કરી, ત્યારે પ્રાચાર્ય શીલભદ્રે તેમને પહેલા 'યોગદર્શન' અને 'ન્યાયદર્શન' વાંચવાને માટે એક ક્ષત્રિય વિદ્વાનની પાસે મોકલ્યા. તે વિદ્વાન કોણ હતું અને તે સમયે વિદ્વત્તાનું ગૌરવ કેવું હતું તેનું વર્ણન હ્યુ-એન-શ્વાંગે જ કર્યું છે, તેના જ શબ્દોમાં જોઈએ—"રાજગૃહના યષ્ટિવન વિહાર( આજનું જેઠીવનગ્રામ )માં સુરથ જયસેન નામના એક ક્ષત્રિય હતા તે દર્શન અને શબ્દશાસ્ત્રના મહાન વિદ્વાન હતા. તેમની પાસે યોગ-દર્શન અને ન્યાયશાસ્ત્ર શીખવાને માટે શીલભદ્રે અમને મોકલ્યા. તેમની પાસેથી જઈને બે વર્ષ સુધી મેં 'વિદ્યામાત્ર સિદ્ધિ' આદિ શાસ્ત્રોનું અધ્યયન કર્યું. ત્યાર બાદ યોગશાસ્ત્રનું અને હેતુવિદ્યાના કઠિન સ્થળોનું વિવિધ અધ્યયન-મનન કર્યું. જયસેન બચપણમાં નાલંદાના આચાર્ય ભદ્રરુચિ પાસે ભણતા હતા અને ભણીને ન્યાયશાસ્ત્રના પ્રકાણ્ડ વિદ્વાન બન્યા હતા. ત્યાર બાદ જયસેને 'બોધિસત્ત્વ સ્થિરમતિ' શબ્દવિદ્યાનું અધ્યયન કર્યું. પછી તેને હીનયાન—મહાયાન આદિ અનેક શાસ્ત્રોનું અધ્યયન સમાપ્ત કર્યું. ત્યાર બાદ તેમણે શીલભદ્ર પાસેથી યોગશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. પછી વેદ, વેદાન્ત, ઉપવેદ, તંત્ર શાસ્ત્રાદિના પંડિત થઈ યષ્ટિવનવિહારમાં રહેતા હતા. તે અત્યંત આચારનિષ્ઠ હતા તથા લોકોમાં તેમની ખૂબ જ પ્રતિષ્ઠા હતી. મગધના રાજા પૂર્ણવર્માએ તેમની વિદ્વત્તા તથા આચારની કીર્તિ સાંભળી એક વાર તેમને પોતાની પાસે બોલાવ્યા અને વીસ ગામની જાગીર આપવાનું વિચાર્યું પણ જયસેને અસ્વીકાર કર્યો. ત્યાર બાદ તેમની કીર્તિ હર્ષવર્ધન સુધી પહોંચી અને તેમણે પણ તેમને ઓરિસ્સાના વીસ મોટા ગામના માલિક બનાવવા વિચાર્યું. પણ જયસેન સારી રીતે જાણતા હતા કે, દાન લેવાથી મનુષ્ય રંગરાગમાં ફસાઈ જાય છે. જયસેનને આવી વાતોને માટે સમય જ ન હતો." જયસેન જીવનભર અધ્યયન કરતા રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ભણાવતા રહ્યા. અધ્યયન અને અધ્યાપન ઉપરાંત તેમને બીજું કોઈ જ કામ ન હતું. હ્યુ-એન-શ્વાંગે પોતાના આ ગુરુની સાથે મહાબોધિ વિહાર(બોધગયા)નો ઉત્સવ જોવા ગયા હતા ત્યાં તેમણે ભગવાનની ધાતુઓને રાત્રે સૂર્યની જેમ પ્રકાશતી જોઈ. તેણે જયસેન પાસે અધ્યયન સમાપ્ત કરી નાલંદા વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ કર્યો અને શીલભદ્ર પાસેથી બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કર્યો.

નાલંદા વિશ્વવિદ્યાલય સંબંધી હ્યુ-એન-શ્વાંગ લખે છે કે, "નાલંદા વિશ્વવિદ્યાલયમાં ( મારા સમયમાં ) ૭ સંઘારામ ( વિહારો ) હતા. તેમાંનો એક પડી ગયો હતો અને પાંચ હયાત હતા.

તે મગધના રાજા શક્રાદિત્ય( મહેન્દ્રાદિત્ય કુમારગુપ્ત )ના બનાવેલા હતા. તેની વચ્ચે એક વિહાર પણ બનેલો છે. આ વિહાર આજે પણ છે. અહીં ચાલીસ શ્રમણોને નિત્ય ભોજન મળે છે. શક્રાદિત્યની સભામાં એક જ્યોતિષી હતો. તેનું કહેવું હતું કે, આ એક હજાર વર્ષ સુધી વિદ્યાનું કેન્દ્ર બની રહેશે. શક્રાદિત્ય પછી તેનો પુત્ર બુદ્ધગુપ્ત ગાદી પર આવ્યો. તેણે પિતાના સંઘારામની દક્ષિણમાં બીજો સંઘારામ બનાવ્યો. બુદ્ધગુપ્ત બાદ તેના પુત્ર તથાગતગુપ્તે ત્રીજો સંઘારામ શક્રાદિત્યના સંઘારામની પૂર્વ દિશામાં બનાવ્યો. ત્યાર બાદ બાલાદિત્ય (નરસિંહગુપ્ત) મગધની ગાદી પર આવ્યો. તેણે શક્રાદિત્યના સંઘારામની ઉત્તર-પૂર્વ દિશામાં ચોથો સંઘારામ બનાવ્યો છે. આ સંઘારામમાં એક નિયમ હતો કે ઉપાસકોમાં જે ગૃહત્યાગ કરી ભિક્ષુસંઘમાં રહેશે અને જ્યાં સુધી દીક્ષા ગ્રહણ નહિ કરે તે ઉંમરમાં નાનો હશે છતાં તેને મોટો ગણવામાં આવશે. આ રાજા( બાલાદિત્ય )ની એષણાને કારણે જ આયુથી મોટાઈ મનાતી હતી. (નરસિંહગુપ્ત) બાલાદિત્ય પોતાની ૩૦ વર્ષની ઉંમરમાં જ પ્રવ્રજિત થઈ ભિક્ષુસંઘમાં મળી ગયો છતાં પણ મોટો મનાતો ન હતો. પોતાના પુત્રના મૃત્યુથી પાગલ બની ૩૬ વર્ષની ઉંમરમાં તેણે આત્મહત્યા કરી લીધી. ભિક્ષુસંઘમાં રહેવા છતાં તેની ગૃહએષણા ગઈ નહોતી. ('બિહાર-એક ઐતિહાસિક દિગ્દર્શન') ત્યાર બાદ વજ્રાદિત્ય નામના ગુપ્ત રાજાએ પોતાના પિતા(બાલાદિત્ય)ના વિહારથી પશ્ચિમ અને શક્રાદિત્યના વિહારથી ઉત્તરમાં એક પાંચમો સંઘારામ બનાવ્યો હતો. વજ્રાદિત્ય પછી દક્ષિણના એક રાજાએ શક્રાદિત્ય સંઘારામની પશ્ચિમની તરફ એક છઠ્ઠા વિહારનું નિર્માણ કરાવ્યું હતું. ઉપર્યુક્ત આ છ સંઘારામનો આકાર એક સુદૃઢ પ્રકારનો હતો. વિદ્યાપીઠ મધ્યભાગમાં હતું. તેના કિનારે કિનારે દીવાલો એકબીજાને અડીને આઠ ખૂણે હતી. તેનાં કાંગરા આકાશ સાથે વાતો કરતાં હતા.

વાંકા પર્વત સમાન મનોહર ઉત્સેધ (અટાલિકા) શ્રૃંખલાબદ્ધ બની હતી. વેધશાળા એટલી ઊંચી હતી કે નજર કામ નહોતી કરી શકતી. તેની ઉપરનું માથું વાદળને અડતું હોય એમ જણાતું. તેના ઉપર એવું યંત્ર સ્થાપિત કરેલ હતું કે તેનાથી હવા અને વરસાદના આવવાનું જ્ઞાન થઈ જતું. તેનાથી સૂર્ય-ચંદ્ર આદિના ગ્રહણ તથા ગ્રહયુદ્ધનું નિરીક્ષણ પણ થતું. વિહારથી જુદો એક છાત્રાવાસ હતો, જે ચાર માળનો હતો. તેમાં મોતીની સમાન શ્વેત વર્ણના સ્તંભોની હારમાળા હતી. સૌથી ઉપર છજાં અને ઝરૂખા હતા. તેમાં હંમેશા ૧૦,૦૦૦ (દસ હજાર) ભિક્ષુ રહેતા તથા દૂર દૂરથી અભ્યાસ કરવા આવતા..વિદ્યાપીઠમાં ફક્ત હીનયાન અને મહાયાન તથા તેના અઢાર નિકાયોનું જ શિક્ષણ અપાતું ન હતું પણ વેદ-વેદાન્ત, ઉપવેદ-દર્શન આદિનું શિક્ષણ પણ મળતું હતું. કેવળ ત્રિપિટક જાણવાવાળા તો મોં છૂપાવીને ફરતા હતા. વિદ્યાપીઠમાં ૧૫૦૦ ઉપાધ્યાય હતા તેમાં એક હજાર ઉપાધ્યાય વીસ ગ્રંથોના શિક્ષક હતા. તે બધામાં મુખ્ય (પીઠ-સ્થવિર) ઉપાધ્યાય શીલભદ્ર હતા. તે બધી વિદ્યાઓમાં પારંગત તથા સમસ્ત ગ્રંથોનું શિક્ષણ આપવામાં હોંશિયાર હતા. અહીંના ભિક્ષુ ખૂબ ગંભીર અને શાંત હોય છે. સાતસો વર્ષોથી જ્યારથી આ વિદ્યાપીઠ સ્થપાઈ છે ત્યારથી અહીં ક્યારેય સંભળાયું નથી કે (વિદ્યાધ્યયન કરવાવાળા અથવા અહીં રહેવાવાળા) વિનયના નિયમોનું ઉલ્લંઘન કર્યું હોય! આ વિદ્યાપીઠમાં મોટા મોટા વિદ્વાન અધ્યાપકો થઈ ગયા. તેમાં ધર્મપાલ, ચંદ્રપાલ, ગુણમતિ, સ્થિરમુનિ, પ્રભામિત્ર, જ્ઞાનચંદ્ર, જ્ઞાનગાર્ભ, શીઘ્રબુદ્ધ, ભદ્રસેન, શીલભદ્ર ઇત્યાદિ મુખ્ય હતા. તે બધા શાસ્ત્રકાર,

વ્યાખ્યાતા અને ભાષ્યકાર હતા." ચીની યાત્રીનાં વર્ણનોથી નાલંદા વિશ્વવિદ્યાપીઠની ખ્યાતિ તથા અસ્તિત્વનો સારો એવો પરિચય મળી આવે છે. તેની સાથે બૌદ્ધ ધર્મના વિકાસમાં ગુપ્ત સમયમાં બિહારનો સહયોગ પણ એક વિદેશી વિદ્વાન દ્વારા પ્રશંસા પામ્યો જણાય છે. તે પ્રશસ્તિ પક્ષપાત રહિત અને પ્રામાણિક સમજી લેવી જોઈએ. ગુપ્તકાળમાં નાલંદા નગર જ બૌદ્ધ સમયનું સૌથી મોટું કેન્દ્ર હતું, જેના વિદ્વાનો દેશ-દેશાન્તરમાં બૌદ્ધ ધર્મના પ્રચાર તથા બૌદ્ધ ગ્રન્થોના પ્રમાણમાં સત્યનિષ્ઠ હતા. આ વિશ્વવિદ્યાલયના પુસ્તકાલય સંબંધી ચીની યાત્રી ઇત્સિંગ (જે હ્યુ-એન-સ્વાંગ) પછી ભારત આવ્યો હતો તેણે નાલંદાના સંબંધમાં લખ્યું છે કે, નાલંદાના ધર્મ-ગંજના હિસ્સામાં ત્રણ વિશાળકાય પુસ્તકાલય છે; તેમનાં નામ રત્નસાગર, રત્નોદધિ અને રત્નરજ્જક; તેમાં રત્નોદધિ નવ ખંડોમાં વહેંચાયેલું હતું. બધા ખંડોમાં અગણિત ગ્રન્થ-રત્ન પડયાં હતાં. કેવળ પાંડુલિપિમાં તૈયાર કરવાને માટે અનેક ભિક્ષુ નક્કી કરવામાં આવ્યા હતા હ્યુ-એન-સ્વાંગ પણ બે વર્ષ સુધી અહીં બેસીને કેવળ પ્રતિલિપિ તૈયાર કરતા રહ્યા અને ત્યાંથી ૬૫૭ ગ્રન્થોની પ્રતિલિપિ તૈયાર કરી પોતાની સાથે ચીન લઈ ગયા.

ઇત્સિંગે પણ બૌદ્ધધર્મનું શિક્ષણ નાલંદામાં મેળવ્યું હતું. તેના સહપાઠીઓમાં શાન્તિરક્ષિત જેવા વિદ્વાન હતા. એ સાતમી સદીમાં ભારત આવ્યા હતા; તેમણે પણ નાલંદાના રત્નોદધિ પુસ્તકાલયમાંથી ૪૦૦ ગ્રન્થોની પ્રતિલિપિ તૈયાર કરી હતી. નાલંદાના કેટલાક હસ્ત-લિખિત ગ્રન્થો કેમ્બ્રીજ અને લંડનનાં પુસ્તકાલયોમાં મળે છે.

હ્યુ-એન-સ્વાંગે લખ્યું છે કે આ વિશ્વવિદ્યાલયના નિયમ આચાર ખૂબ કડક હતા. તેમનું બધા ભિક્ષુ તથા વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ કાળજીથી પાલન કરવામાં આવતું. બેલના નિયમ મુજબ જ સૂવાનું, જાગવાનું, ભોજન, અધ્યયન, પૂજા, આરાધના થતી. ગુરુજનો પ્રતિ શ્રદ્ધા તથા સભ્યતાનું વર્તન અહીં પ્રશંસાપાત્ર હતું. સંઘારામની એક એક ઓરડીમાં એક એક વિદ્યાર્થીને રહેવાનો પ્રબંધ હતો. તેમાં પથ્થરની પટ્ટીઓનું શયનાસન બનાવેલું હતું. સભા તથા સામૂહિક વાતચીત માટે અલગ પ્રશસ્ત-મંડપ હતો. તેમાં બે હજાર જેટલા ભિક્ષુ એકીસાથે બેસી શકતા હતા. વિદ્યાપીઠમાં અધ્યયનાર્થીઓને માટે અન્ન, વસ્ત્ર, સૂવાનું, ઔષધ આદિનો મફત પ્રબંધ હતો. સ્વયં હ્યુ-એન-સ્વાંગ જ્યાં સુધી નાલંદામાં રહ્યા ત્યાં સુધી રોજના ૧૨૦૦ જમ્બીરે, ૨૦ સોપારીઓ, અડધો છટાંક કપૂર અને સાડાત્રણ છટાંક બારીક બાસમતી-અરબી ચોખા મળતા હતા. આ ઉપરાંત જરૂરિઆત મુજબ એમને માખણ મળતું. આ બધા દૃષ્ટિકોણથી જોવા જઈએ તો જાણવા મળે છે કે ગુપ્તકાળમાં બૌદ્ધધર્મનાં પ્રવાહોનો મૂળ સ્રોત આ નાલંદા વિશ્વવિદ્યાલય હતું; ત્યાંથી બૌદ્ધ ધર્મની નિર્મળ જલધારા દેશ દેશાવરમાં વહેતી રહેતી હતી.



વિરલ દ્વિમુખી ગણેશ

# વિરલ દ્વિમુખી ગણેશ

**વસંતકુમાર એસ. પારેખ**

ગણેશ-પૂજાની ઉત્પત્તિ વિશે વિદ્વાનોમાં ઘણા મતભેદો પ્રવર્તે છે. ગણેશ-પૂજાનું મૂળ ગમે તે હોય પરંતુ ગણેશની પ્રારંભિક મૂર્તિઓનું અધ્યયન કરતાં એક વાત સ્પષ્ટ થાય છે કે તેનો સંબંધ યક્ષ-પૂજા સાથે રહ્યો છે, કારણ કે ગજમસ્તકવાળા દેવની કલ્પનાના મૂળમાં પ્રાચીન યક્ષ સંપ્રદાય અને યક્ષ-પ્રતીકની અસર વરતાય છે.[1]

પ્રારંભમાં ગણેશ અથવા ગજાનન યક્ષની દ્વિભુજ મૂર્તિઓ બનતી હતી. આમાં મથુરામાંથી મળેલો એક કુષાણકાલીન શિલાપટ્ટ વિશેષ ઉલ્લેખનીય છે; તેમાં હાથીના મસ્તકવાળા પાંચ ગજાનન યક્ષ કોતરેલા છે. પંચગણેશ મૂર્તિની વિભાવનાના વિકાસમાં, પંચ ગજાનન યક્ષનાં મૂર્તિ-સ્વરૂપોએ ભાગ ભજવ્યો હોય એવી શક્યતા છે.[2]

ગણેશનું સૌથી પ્રાચીન નિરૂપણ હર્મિયસ( ઈ.સ. પૂ. પ્રથમ શતાબ્દી )ના[3] સિક્કા પર મળે છે, તથા તેના પર કોતરેલું ગણેશનું નામ દર્શાવે છે કે અન્ય હિંદુ દેવોની જેમ ગણેશે પણ ઈ.સ. પૂ. પ્રથમ શતાબ્દી સુધીમાં દેવ તરીકેનું મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સિવાય વિદિશા પાસેની ઉદયગિરિની ગુફામાં કોતરેલી દ્વિભુજ ગણેશની પ્રતિમા પણ ઉલ્લેખનીય છે. અહીં ગણેશ લલિતાસનમાં બેઠેલા છે અને તેમને શિવની જેમ ઊર્ધ્વરેતસ્ બતાવ્યા છે. આ મૂર્તિ લગભગ ઈ.સ.ની ચોથી સદીમાં કોતરાઈ હોય એમ જણાય છે. આ સદીમાં ચતુર્ભુજ ગણેશની પૂર્ણ-વિકસિત પ્રતિમાઓ પુષ્કળ પ્રમાણમાં મળે છે.

ગણેશની નવી નવી મૂર્તિઓની શોધને કારણે તેનાં નવાં નવાં સ્વરૂપો પ્રકાશમાં આવતાં જાય છે. આમાંનું ગણેશનું એક હેરમ્બ પ્રકારનું સ્વરૂપ ધ્યાનપાત્ર છે. તેમાં ગણેશને પાંચ મસ્તક હોય છે. પંચમુખી ગણેશની પ્રતિમાનું બીજ કદાચ મથુરામાંથી મળેલ કુષાણકાલીન, પંચ ગજાનન યક્ષોની આકૃતિઓમાં રહેલું હોવાની સંભાવના છે. આ પ્રકારની પાંચ ગણેશને નિરૂપતી

---

૧ કુમારસ્વામી, એ. કે., યક્ષાઝ, ભાગ ૧, પૃ. ૭. વળી જુઓ, 'પાટણની વિનાયિકીની એક વિરલ મૂર્તિ', પારેખ વસંતકુમાર એસ., સ્વાધ્યાય પુ, ૧૦, અંક ૩, પૃ. ૩૨૨-૨૩.

૨ બાજપેયી કૃષ્ણદત્ત, 'ગણેશ કા પ્રતિમા–વિજ્ઞાન', પ્રાચ્ય પ્રતિભા, ( હિન્દી ), પૃ. ૨, અંક ૨, જુલાઈ ૧૯૭૪, પૃ. ૬૬-૬૯.

૩ ઉપર્યુક્ત સંદર્ભ

મૂર્તિઓ મધ્યપ્રદેશના બડોહ (જિ. વિદિશા) તથા કદવાહા(જિ. ગુના)માંથી મળી છે[૪] આ સિવાય કિરાડુ(રાજસ્થાન)ના[૫] સોમેશ્વર મંદિરના રંગમંડપ પર, જયપુર નજીક જમરોલી[૬]-(રાજસ્થાન)ના શિવમંદિર પર તેમ જ વારાણસી(વિશ્વનાથ ગલી)ના એક શિલાપટ્ટ[૭] પર પણ પાંચ ગણેશની આકૃતિઓ કોતરેલી જોવા મળે છે. આ પંચ ગણેશ પ્રતિમા-પટ્ટોમાં, વારાણસીનો શિલાપટ્ટ ઈ. સ. ૮ સદીનો છે અને કિરાડુ તેમ જ જમરોલીના શિલાપટ્ટ ઈ.સ. આશરે ૧૧મી સદીના છે. ઉપર્યુક્ત ઉલ્લેખેલી રાજસ્થાનની બે પંચ ગણેશની મૂર્તિઓના શિલાપટ્ટોમાં નવીનતા એ છે કે, તેમાં ઊભેલા ચાર ગણેશની સાથે જમણી બાજુથી બીજા નંબરે ઊભેલો હાથી બતાવ્યો છે; જમરોલીના હાથીની પાછળ પ્રભામંડળ, ઊભા રહેવા માટે કમલાસન અને તેના પગ પાસે ઉંદર બનાવ્યો છે; નિઃશંક રીતે તે ગણેશનું પ્રાણીસ્વરૂપ તરીકેનું નિરૂપણ છે; પણ કિરાડુ અને વારાણસીના પંચ ગણેશના શિલાપટ્ટમાં હાથી એ પ્રાણી-સ્વરૂપે છે; તેમાં ગણેશના સ્વરૂપનું સૂચન નથી.

પંચ ગણેશની હેરમ્બ તરીકે જાણીતી જે પ્રતિમાઓ જોવા મળે છે તેમાં "પાંચ ગજમસ્તકવાળા ગણેશને આઠ હાથ તેમ જ તેમને મૂષક પર આરૂઢ થયેલા બતાવેલા છે. તેમના જમણી બાજુના હાથ પૈકી ક્રમશઃ એક વરદ મુદ્રામાં અને બાકીના હાથોમાં અંકુશ, દન્ત તથા પરશુ પકડેલાં હોય છે. ડાબા હસ્તોમાં ક્રમશઃ કપાલ, બાણ, અક્ષમાલા, પાશ તથા ગદા હોય છે' (રૂપમણ્ડન, ૧૬-૧૭). આ ઉપરાંત શિલ્પ રત્નાકર(૧૧,૩૦૭-૮)માં પણ હેરમ્બ ગણેશનું પ્રતિમાવિધાન વર્ણવેલું છે. આ પ્રકારની હેરમ્બ ગણેશની એક પથ્થરની મૂર્તિ લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં છે.[૮] અહીં ગણેશની સાથે શક્તિ પણ છે; આ મૂર્તિ લગભગ ૧૨-૧૩ શતાબ્દી જેટલી પ્રાચીન હોવાનું જણાય છે. તાજેતરમાં વિશ્વનાથની ગલી, વારાણસીમાંથી[૯] લગભગ ૧૬-૧૭મા સૈકાની એક હેરમ્બ ગણેશની પ્રતિમા મળી છે. તેમાં નગ્ન ગણેશના પેટ પર સર્પયજ્ઞોપવિત છે. અહીં મુખ્ય ગજમસ્તકની બન્ને બાજુએ, બે બે ગજ-મસ્તકો કોતરેલાં છે; અને આ રીતે ગણેશને પંચમુખી દર્શાવેલ છે. આવી જ એક પંચમુખી હેરમ્બ ગણેશની કાષ્ઠ-પ્રતિમા

---

૪ ઉપર્યુક્ત સંદર્ભ

૫ ઢાંકી, એમ. એ., 'કિરાડુ એન્ડ મારુ-ગુર્જર સ્ટાઈલ ઑફ ટૅમ્પલ આર્કિટેકચર,' બુલેટીન ઑફ ધી અમેરિકન એકેડેમી ઑફ બનારસ, વોલ્યુમ ૧, નવેમ્બર, ૧૯૬૭, આકૃતિ ૬૮.

૬ અગ્રવાલ, આર. સી; 'ન્યુલી ડિસ્કવર્ડ પંચ-ગણેશ ફ્રોમ જયપુર, રાજસ્થાન' જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા, વોલ્યુમ ૨૧, અંક ૧-૨, ૧૯૭૧, પૃ. ૧૦૭.

૭ અગ્રવાલ, પી. કે., 'એ પંચ-ગણેશ પેનલ ફ્રોમ વારાણસી', જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા, વોલ્યુમ ૨૫, અંક ૧, પૃ. ૭૧-૭૩.

૮ ગેટ્ટી, એલીસ, 'ગણેશ : એ મોનોગ્રાફ ઑન ધી એલીફન્ટ-ફેસેડ ગોડ', પ્લેટ ૪-બી.

૯ અગ્રવાલ, પી. કે., ઉપર્યુક્ત સંદર્ભ

(ઈ.સ. ૧૩-૧૪મી સદી) શ્રીમતી વિમલા શેઠ( નવી દિલ્હી )ના શિલ્પ-સંગ્રહમાં સચવાયેલી છે.[૧૦]

બૌદ્ધ મૂર્તિવિજ્ઞાનમાં હેરમ્બ ગણેશનું વાહન સિંહ દર્શાવેલું છે. 'શારદા-તિલક'માં[૧૧] પણ આ પ્રકારનો ઉલ્લેખ છે. એન. કે. ભટ્ટસાલીએ લગભગ[૧૨] ૧૧મી ૧૨મી સદી જેટલી પ્રાચીન, ઢાકા મ્યૂઝિયમમાં સંગૃહીત સિંહારૂઢ હેરમ્બ ગણેશની પ્રતિમાનો ઉલ્લેખ કર્યો છે. તે ઉપરાંત એલીસ ગેટ્ટીએ[૧૩] નેપાળ અને ટિબેટમાંથી પ્રાપ્ત થયેલી હેરમ્બ ગણેશની કાંસ્ય મૂર્તિઓ અને ચિત્રકૃતિઓ (પ્લેટ્સ ૪બી, ૧૮સી, ૧૯, ૨૦બી અને ૨૧એ) પ્રસિદ્ધ કરેલી છે. આ બૌદ્ધ-હેરમ્બ ગણેશના આલેખનોમાં મુખ્ય ગજમસ્તકની ડાબી-જમણી બન્ને બાજુઓએ એક એક ગજમસ્તક તથા મુખ્ય મસ્તકની ઉપર બે ગજમસ્તકો કોતરેલાં, આલેખેલાં જણાય છે. મોટે ભાગે નૃત્યમુદ્રામાં મળતા હેરમ્બ ગણેશની ડાબી બાજુએ ઘણી વખત તેની શક્તિ હોય છે.

મૂળમાં એક શિલાપટ્ટ પર ઊભેલા પંચ-ગણેશની વિભાવનામાંથી હેરમ્બ પ્રકારના ગણેશના મૂર્તિવિધાનનો વિકાસ થયેલો જણાય છે. હેરમ્બ ગણેશની મહાયાન બૌદ્ધ ધર્મમાંની વ્યાપક પૂજા એ વિસ્તૃત અર્થમાં શિવધર્મની તથા ખાસ કરીને ગણેશ સંપ્રદાયની પ્રબળ અસર બતાવે છે. એક જ શિલાપટ્ટ પર ઊભેલા પંચ ગણેશની મૂર્તિઓના આલેખનમાંથી એક જ દેહ ધરાવતા ગણેશના મુખ્ય મુખની ડાબી-જમણી દરેક બાજુએ એક એક ગજમસ્તક અને મુખ્ય મસ્તક ઉપર બીજાં બે મુખ, એમ પાંચ મુખવાળા—પંચમુખી ગણેશનું મૂર્તિવિધાન વિકાસ પામેલું જણાય છે. અહીં વર્ણવેલી જૂનાગઢ મ્યૂઝિયમમાં સંગ્રહાયેલી દ્વિમુખી ગણેશની મૂર્તિ વ્યાપક અર્થમાં હેરમ્બ ગણેશનો જ પ્રકાર છે. ગુજરાતમાંથી હેરમ્બ પ્રકારની આ પહેલી જ મળી આવેલી મૂર્તિ છે.

જૂનાગઢ મ્યૂઝિયમની આ ગણેશ મૂર્તિના મુખ્ય ગજમસ્તક ઉપર એક બીજું નાનું ગજ-મસ્તક કોતરેલું હોવાથી તેને વિરલ કહી શકાય. કમનસીબે આ મૂર્તિનો ફક્ત મસ્તકથી ખભા સુધીનો જ ભાગ મળેલો છે. મૂર્તિના મોટા ભાગના હાથ ખંડિત છે અને તેથી મૂળ મૂર્તિને કેટલા હાથ હશે તે કલ્પવું મુશ્કેલ છે. બાકી રહેલા જમણી બાજુના હસ્તોમાં ત્રિશૂળ, પરશુ તથા તૂટેલા દન્ત જેવી વસ્તુ પકડેલી દેખાય છે; અને ડાબી બાજુના હસ્તમાં કમળ છે. ગણેશની ડાબી બાજુએ વળેલી સૂંઢમાં મોદક છે. ઉપરના ગજમસ્તકની સૂંઢ પણ ડાબી બાજુએ વળેલી છે. ગણેશના ગળામાં ગોળ મણકાનો ચાર સેરનો હાર છે. મસ્તક પરથી કપાળ પર પથરાયેલું બે સેરનું ગોળ મસ્તકાભરણ, કાંડા પર મોટા મણકાનાં હસ્તવલય અને બાહુ પર બાજુબંધ પહેરેલાં છે. ઉપરના બીજા ગજમસ્તકના કરણ્ડ મુકુટની આસપાસ પણ આભરણ રૂપે મણકાની સેર વીંટળાયેલી છે.

---

૧૦ જોશી એમ. સી. એન્ડ રામચન્દ્રન્ કે. એસ., 'એ રેર લુડન સ્કલ્પચર ઑફ ફાઈવ-ફેસેડ ગણેશ', ઇસ્ટ એન્ડ વેસ્ટ, (ન્યુ સીરીઝ), વૉલ્યુમ ૨૧, નં. ૩-૪, સપ્ટેમ્બર-ડીસેમ્બર, ૧૯૭૧.

૧૧ ભટ્ટસાલી, એન. કે.-કૃત 'આઇકોનોગ્રાફી ઑફ ધ બુદ્ધિસ્ટ એન્ડ બ્રાહ્મેનીકલ સ્કલ્પ્ચર્સ ઇન ધ ઢાકા મ્યૂઝિયમ'માં ઉલ્લેખાયેલા 'શારદાતિલક'નો સંદર્ભ

૧૨ ભટ્ટસાલી એન. કે., ઉપર્યુક્ત સંદર્ભ, પૃ. ૧૪૬, પ્લેટ, ૫૬ બી.

૧૩ ગેટ્ટી, એલીસ, ઉપર્યુક્ત સંદર્ભ

બે ગજમસ્તકને જોડતી ત્રણ રેખાવાળી આડી પટ્ટી, ઉપરના મસ્તકને આધાર આપવા માટે કદાચ કોતરાયેલી જણાય છે.[૧૪]

ઈસ્વી સનના બારમા સૈકામાં ગુજરાતમાં મહાકાય શિલ્પોના સર્જનની જે પરંપરા વિકસી તેમાં આવી મૂર્તિઓ પણ સર્જાઈ છે. તેનાં ઘાટ, આભરણ, આલેખન-શૈલી આદિ પરથી આ મૂર્તિને આશરે ઈસ્વી સનના બારમા સૈકાના ઉત્તરાર્ધમાં મૂકી શકાય.

૧૪ એલીસ ગેટ્ટીએ 'ગણેશ-જયન્તિ' નામે ઓળખાતા, હજી ય મુંબઈમાં પુજાતા દ્વિમુખી ગણેશની મૂર્તિનો સંદર્ભ આપી જણાવ્યું છે કે સર વિલિયમ જોન્સના મત પ્રમાણે 'ગણેશ જયન્તિ' અને દ્વિમુખી રોમન દેવ 'જનુસ', એ બન્ને ભારતીય ગણેશની લાક્ષણિકતાઓ ધરાવે છે. પરંતુ આ મૂર્તિમાં ગણેશના ગજમસ્તકની ડાબી બાજુએ માનવ-મસ્તક છે. (ગેટ્ટી એલીસ, ઉપર્યુક્ત સંદર્ભ, પૃ. ૧૪, આકૃતિ ૧)

# ગ્રન્થાવલોકન

**અહો બત કિમ્ આશ્ચર્યમ્:** લે. સુરેશ જોષી, પ્રકાશકઃ બુટાલા **પ્રકાશન,** વડોદરા પૃ. ૨૫૨, કિંમતઃ રૂ. ૧૫.

નર્મદે 'નિબંધ લખવા જેવી તેવી વાત નથી' એમ કહેલું તે આજે દાયકાઓ પછી પણ યથાર્થ માલૂમ પડે છે. ગુજરાતી સાહિત્યમાં જો કોઈ સાહિત્યસ્વરૂપ સૌથી વિશેષ ઉપેક્ષા પામ્યું હોય તો તે નિબંધનું. આ સાહિત્યસ્વરૂપના દારિદ્ર્યને મિટાવવાનો પ્રબળ પુરુષાર્થ કાકાસાહેબ કાલેલકર પછી જો કોઈએ કર્યો હોય તો તે સુરેશ જોષીએ. 'જનાન્તિકે' અને 'ઇદમ્ સર્વમ્' પછી એવો જ સમૃદ્ધ નિબંધસંગ્રહ 'અહો બત કિમ્ આશ્ચર્યમ' આપણને તેમની પાસેથી સાંપડે છે.

પ્રસ્તુત નિબંધસંગ્રહમાં વિદ્યાપીઠ ઉપરનો એક દીર્ઘ નિબંધ (પૃ. ૧૫૦-૧૭૧) અને બીજા ૪૮ લઘુનિબંધો સંગૃહીત થયાં છે. પ્રથમ નિબંધ ૮-૨-'૬૭ના રોજ લખાયેલો છે તો ૪૮મો નિબંધ ૩-૧૨-'૭૪ના રોજ લખાયો છે. (૪૯મા નિબંધની લખ્યા તારીખ છપાઈ નથી. એમ તો પુસ્તકનું પ્રકાશન વર્ષ પણ દર્શાવાયું નથી. શું આ શરતચૂક છે કે મુદ્રણદોષ? મુદ્રણદોષો તો પુસ્તકમાં અસંખ્ય છે. લેખકે પણ એકરાર કર્યો છે.) આમ લગભગ છેલ્લાં આઠેક વર્ષોમાં લખાયેલા નિબંધો અહીં સમાવેશ પામ્યાં છે.

શ્રી ઉમાશંકર જોશીએ કહ્યું છે તેમ "નિબંધ એ અચૂકપણે લેખકના વ્યક્તિત્વની—વૈયક્તિક જીવનની—મુદ્રાથી અંકિત થતો હોય છે." (શૈલી અને સ્વરૂપ, પૃ. ૫૭) નિબંધ કોઈ વિષયનું જ્ઞાન આપવા કરતાં વિશેષ તો લેખકનું વ્યક્તિત્વ પ્રગટ કરે છે. આ સંગ્રહના નિબંધોમાંથી આપણને શ્રી સુરેશ જોષીનો પ્રકૃતિ પ્રત્યે ઉત્કટ અનુરાગ ધરાવનાર સંવેદનશીલ કવિ તરીકેનો અને માનવીની સાંપ્રત અવસ્થા વિશે સમર્થ વિચારણા કરનાર મૌલિક ચિંતક તરીકેનો પરિચય પ્રાપ્ત થાય છે. કહી શકાય કે 'જનાન્તિકે'ની કવિસહજ મુગ્ધતા અને 'ઇદમ્ સર્વમ્'ની વિદગ્ધ ચિંતનશીલતાનો સુભગ સમન્વય અહીં સિદ્ધ થયો છે.

ઋતુચક્રના નાનામોટા પ્રત્યેક પરિવર્તનને શ્રી સુરેશ જોષી કવિસહજ કૌતુહલથી નિહાળે છે અને સમર્થ ગદ્યસ્વામીની હેસિયતથી શબ્દાંકિત કરે છે. સંગ્રહના લગભગ અડધોઅડધ નિબંધોમાં આપણને પ્રકૃતિનાં રમણીય ચિત્રોની મનહર લીલા જોવા મળે છે. વર્ષાઋતુનું એક ચિત્ર આસ્વાદીએ:

"વૈશાખ જેઠમાં ચંચળ બની ઊઠેલાં વન મેઘની મેદુર પશ્ચાદ્ભૂની પડછે કોતરાયેલાં શિલ્પની જેમ સ્થિર ઊભાં રહી જાય છે. પછી વર્ષાને શિવની અદાથી ઝીલે છે ને નવા જ ગૌરવથી જાણે પુનઃ પ્રતિષ્ઠિત થાય છે. વર્ષાનાં બિન્દુની કાલી કાલી વાણી ધ્યાનથી વૃક્ષો સાંભળ્યા કરે છે. વર્ષાનાં એ બિંદુઓને જ જાણે આંખ ફૂટે છે, પાંખ ફૂટે છે ને એ આગિયા બનીને ઊડાઊડ કરે છે." (પૃ. ૨૨)

આ ગદ્યખંડ વાંચતાં, ઊર્મિકાવ્ય વાંચતા હોઈએ એવો રસાનુભવ નથી થતો ? નિબંધ અને ઉર્મિકાવ્ય—એ બે સાહિત્યપ્રકારો કેટલા તો ગાઢ રીતે સંકળાયેલા છે એ અહીં સ્પષ્ટ થાય છે. વર્ષાના આગમનથી વનમાં થતા પરિવર્તનને કવિની હેસિયતથી શ્રી સુરેશ જોષીએ આલેખ્યું છે. વનની ગ્રીષ્મઋતુની ચંચળતા મેઘના આગમનથી જે સ્તબ્ધતા અનુભવે છે તેને કોતરાયેલા શિલ્પ સાથે સરખાવી લેખક એક ભવ્ય ચિત્ર આપણી દૃષ્ટિ સમક્ષ ખડું કરે છે. પછી વર્ષાને પોતાની વૃક્ષરાજિમાં ઝીલતા વનને ગંગાને ઝીલતાં શિવ સાથે તથા વર્ષાનાં બિન્દુના રવને શિશુની કાલી કાલી બોલી સાથે સરખાવી તેઓ આપણી ચેતનાને એક વિરાટ ઝોલો ખવડાવે છે. છેલ્લી પંક્તિની ઉત્પ્રેક્ષા અને સમગ્રચિત્રનો સજીવારોપણ આસ્વાદ્ય છે. સંસ્કૃત અને તળપદા શબ્દોની વચ્ચે 'અદા' જેવો ફારસી શબ્દ પણ એવો સહજ રીતે ગોઠવાઈ ગયો છે કે તેને અલગ પાડવો પણ દુષ્કર બની જાય છે. લેખકની શબ્દપસંદગીની સૂઝ અને વર્ણનશક્તિ ઊડીને આંખે વળગે એવાં છે.

વર્ષાનાં આવાં અનેક ચિત્રોની સાથે હેમંત, શિશિર, ગ્રીષ્મ વગેરે ઋતુઓનાં પણ કાવ્યમય ચિત્રો સંગ્રહમાં ઠેર ઠેર વેરાયેલાં જોવા મળે છે. કોઈને કદાચ આ ઋતુચિત્રોમાં એકવિધતા માલૂમ પડે. લેખકને પણ આનો અંદેશો છે જ. તેથી ગ્રીષ્મ ઋતુની વાત કરતાં તેઓ આની સ્પષ્ટતા કરતાં કહે છે કે પ્રકૃતિનું જે રૂપ છે તે તો અધું ખંડરૂપ છે. એને પૂર્ણ બનાવનારું રૂપ જ્યારે આપણામાં સંભવે ત્યારે જ એ રૂપ પ્રકટ કરવા જેવું થાય. સંગ્રહમાં સંખ્યાબંધ પ્રકૃતિચિત્રો અવલોકચા પછી આપણને ખાત્રી થાય છે કે પ્રકૃતિનું ખંડરૂપ શ્રી સુરેશ જોષીની સૂક્ષ્મ ને કેળવાયેલી રસવૃત્તિથી પૂર્ણ વૈભવ સાથે પ્રગટ થાય છે અને તેથી જ તે માત્ર પ્રકૃતિચિત્ર ન રહેતાં જીવંત તત્ત્વરૂપે અનુભવાય છે. આવાં સ્થળોએ શ્રી સુરેશ જોષીમાં રહેલો કવિ જ વિહરે છે :

"સાંજ ઢળે પછી પવન અને લીમડાં ગપ્પાં મારવા બેસે, ઘડીકમાં ખડખડ હસે, ઝૂમે, ડોલે. વાદળ અને ચન્દ્ર આકાશમાં વિહરે. આમ રાત ઘેરી થાય. ઘડીક પવન થંભે, કચાંકથી અનનુભૂત આનંદની એવી લહેરખી આવે કે આ પૃથ્વીને ઢાંકતું આવરણ ઊડું ઊડું થઈ રહે. પોતાની માયા સરી પડશે કે શું એવી ચિંતાથી ઈશ્વર હાંફળો ફાંફળો દોડાદોડ કરે. એનો પદધ્વનિ હૃદયના ધબકારામાં સંભળાય ત્યારે નિદ્રાનાં પુરને ખાળીને હું સાંભળ્યા કરું. સવારે જાગીને જોઉં તો કોઈનાં ચરણનો અળતો મારી આંખમાં લુછાઈ ગયેલો દેખાય." (પૃ. ૬૯)

કાકાસાહેબના સર્જનનું મુખ્ય તત્ત્વ જેમ 'આનંદ' છે તેમ શ્રી સુરેશ જોષીના સર્જનનું કેન્દ્રીય તત્ત્વ 'લીલા' છે. તેમને મન લીલા એટલે અહેતુક નિર્માણની પ્રવૃત્તિ. તેમના લલિત નિબંધોમાં રોમેન્ટિક સૃષ્ટિ ઠેર ઠેર જોવા મળશે. અહીં તર્કસંગતિ શોધવા મથનારને નિરાશા જ સાંપડશે. હવે ઉપરનો પરિચ્છેદ આસ્વાદીએ. પ્રથમ પંક્તિમાં આવતાં બધાં જ ક્રિયાપદો—બેસે, હસે, ઝૂમે, ડોલે—એકારાંત છે. આ લંબાતો 'એ'કાર સાંજને લંબાવી રાતમાં ભેળવી દે છે. બીજી પંક્તિમાં થતો ચન્દ્રનો ઉલ્લેખ રાત પડી ગઈ છે તે દર્શાવે છે. પ્રથમ પક્તિનાં ઉપરાઉપરી આવતાં ક્રિપાપદો ઝડપથી પસાર થઈ જતી સાંજની ઝડપનું સૂચન પણ કરે છે એ સમજાશે. ત્યાર પછી નાનાં નાનાં વાકચો પછી આવતું દીર્ઘવાકચ કોઈ દૂરના અગમ્ય પ્રદેશમાંથી અનનુભૂત

આનંદ આવી રહ્યો છે એની પ્રતીતિ કરાવી રહે છે. પ્રાણીમાત્રના અંતરમાં ઈશ્વરનો વાસ છે એ સીધીસાદી વાતને કવિએ કેવી અપૂર્વ કલ્પનાથી મઢીને અભિવ્યક્ત કરી છે! છેલ્લી પંક્તિમાં સ્વપ્નશીલતા વ્યંજિત થઈ છે.

આ નિબંધોનું ગદ્ય એ ગુજરાતી ગદ્યસાહિત્યનો આગવો ઉન્મેષ પ્રગટ કરે છે. આવું ભાષાપ્રભુત્વ બહુ ઓછા લેખકો સિદ્ધ કરી શક્યા છે. લેખકની સર્ગશક્તિના ચમકારા આ લલિત નિબંધોમાં ઠેર ઠેર જોવા મળે છે. નિદ્રા જેવા અમૂર્ત પદાર્થને લેખક કેવી મૂર્તતાથી પ્રત્યક્ષ કરાવી શક્યા છે તેનું ઉદાહરણ પૃ. ૪૮ પરનો ગદ્યખંડ પૂરું પાડશે. આ ઉપરાંત 'ઈદમ્ સર્વમ્'ના 'સમય' વિશેના નિબંધનું અનુસંધાન ધરાવતા પ્રસ્તુત સંગ્રહના છ અને સાત નંબરના નિબંધોના સમયવિષયક ખંડો (પૃ. ૩૦-૩૮) પણ સર્જનાત્મક ગદ્યના ઉલ્લેખપાત્ર નમૂના છે. આ ગદ્યખંડો કોઈને રૂઢ કે શાસ્ત્રીય અર્થમાં નહીં પણ વિશિષ્ટ અર્થમાં ગદ્યકાવ્યો જણાય તો આશ્ચર્ય પામવા જેવું નથી. વાસ્તવમાં લલિત નિબંધ અને ગદ્યકાવ્ય આજે તો સાવ લગોલગ આવી ગયા હોય એવું જણાય છે.

'અહો બત કિમ્ આશ્ચર્યમ્'ના બાકીના લગભગ અડધા લેખોમાં ચિંતક સુરેશભાઈના તલસ્પર્શી ચિંતનના ચમકારા પણ અનુભવાય છે. તેમના ચિંતનનો મુખ્ય વિષય છે માનવીની સાંપ્રત અવસ્થા. સંગ્રહના પ્રથમ લેખમાં જ 'માનવી હોવાનું ગૌરવ શી રીતે લોપ પામ્યું?' એ પ્રશ્ન ઉઠાવી તેનાં કારણોની મીમાંસા સામર્થ્યપૂર્વક કરી છે. માનવીના દુભાવાનું સૌથી મોટું કારણ લેખકને મરણ લાગે છે. કારણ કે મરણ માનવીના જીવનને નર્યું અર્થશૂન્ય ને બેહૂદું બનાવી દે છે. આપણા વિશ્વને જાણવાની આપણી અદમ્ય જિજ્ઞાસા અને એને માટેનાં આપણાં કરણોની મર્યાદા એ માનવીય પરિસ્થિતિની એક પાયાની અસંગતિ છે. અને તેથી જ કદાચ વર્તમાન પરિસ્થિતિની વિશદ સંવિત્તિના કારણે થતો અનિવાર્ય વિષાદ જ માનવીના માનવ્યનું વ્યાવર્તક લક્ષણ બની ગયો છે.

આપણા સમાજજીવનને ચારે બાજુથી કોરી ખાતાં અનિષ્ટો સામેનો લેખકનો પુણ્યપ્રકોપ ઠેર ઠેર પ્રજ્જ્વળી ઊઠેલો જોવા મળે છે. સત્તાલોલુપ તંત્રવાહકો સામેનો તેમનો રોષ પૂર્ણ આક્રોશથી પ્રગટ થયો છે: "આપણા જમાનામાં પોતાને સર્વોપરિસ્થાને માનનારો વર્ગ તે તંત્રવાહકોનો છે. એમનું વ્યક્તિત્વ અમાનુષી હોય છે... આ તંત્રવાહકો ખૂબ સુલભ હોય છે. પરિણામે કોઈ ખુરશી ખાલી રહેતી નથી. ખુરશીને પરમ ધ્રુવની જેમ વળગી રહેનારા આ લોકો એ ખુરશી પર બેસવાનું કેવું તો કષ્ટદાયક હોય છે તેની વાત ભારે લિજ્જતથી કરતા હોય છે... એઓ શરીરનું રૂંવાડું પણ ફરકવા દીધા વિના ભારે ઉત્પાતો સરજી શકે છે." (પૃ. ૯૬-૯૭)

આવું નિર્ભીક અને સ્પષ્ટવકતૃત્વ બહુ ઓછા લેખકો (કે માણસો) ધરાવતા હોય છે. શ્રી. સુરેશ જોષીના વિદ્રોહી આત્માનો અવાજ આવા અનેક લેખોમાં પડઘાતો સંભળાય છે. આવા લેખોમાં સૌથી વિશેષ ઉલ્લેખનીય લેખ છે વિદ્યાપીઠો ઉપરનો ક્રાંતિકારી લેખ. પોળે પોળે જેમ દૂધની કેબિનો ખૂલે છે તેમ શહેરે શહેરે વિદ્યાપીઠો ખૂલતી જાય તો તેથી આપણો શૈક્ષણિક કે સાંસ્કૃતિક વિકાસ થઈ રહ્યો છે એવી ભ્રાંતિને વશ થનારાને લેખક બાલિશ જ ગણે છે.

વિદ્યાપીઠોના વિનિપાત માટે જવાબદાર પરિબળો પૈકી સમાજ સરકાર અને વિદ્યાર્થી વર્ગની ઝાટકણી કાઢ્યા પછી સત્યપ્રિય શ્રી. સુરેશ જોષી પોતાના વ્યવસાય બંધુઓની મર્યાદાઓ પણ હિંમતપૂર્વક છતી કરે છે. બીજે કયાંય નભી નહીં શકનારા, મૌલિક વિચારશક્તિ વિનાના, વૈતરું કૂટી જાણનારા કે ઓછી મૂડીએ બહોળો વેપાર કરવાની વહેવારુ કુનેહવાળા, શિક્ષણને પણ અનેક વ્યવસાયો પૈકીનો એક વ્યવસાય ગણીને આ ક્ષેત્રમાં પ્રવેશનાર અધ્યાપકોને લેખક 'ટયુટરો' (પુનરાવર્તન કરનાર) તરીકે ઓળખાવે છે. આખરે તેઓ જણાવે છે કે જો હજી વિદ્યાપીઠોને બચાવવી હશે તો પ્રામાણિકપણે આત્મશોધન કરી ક્રાંતિકારી પરિવર્તનો કરવાં પડશે. સાહિત્ય અને શિક્ષણ માટે જેના હૈયામાં ઊંડી દાઝ છે તેવા પ્રાધ્યાપક અને સાહિત્યકારની આ ચેતવણી જેટલી વહેલી આપણે ધ્યાન પર લઈશું તેટલી આપણા હિતમાં છે.

સંગ્રહના કેટલાક લેખોમાં પ્રત્યક્ષ રૂપે તો કેટલાક લેખોમાં પરોક્ષ રૂપે સાહિત્ય વિશેની વિચારણા સમર્થ સાહિત્યસ્વામી પાસેથી આપણને સાંપડી છે. સાહિત્ય અંગેની તેમની દઢ થયેલી વિભાવનાઓ, માન્યતાઓ, જે અગાઉ તેમનાં અનેક વિવેચનલેખોમાં પ્રગટ થયેલી છે તે જ આ લેખોમાં અત્રતત્ર ડોકાય છે. ૨૫મા નિબંધમાં શ્રેષ્ઠ કૃતિ વિશેની તેમની વિભાવના જાણવા મળે છે. તેઓ બરાબર જાણે છે કે સાહિત્યશાસ્ત્ર જેને ઉચ્ચ કોટિની કવિતા કહે છે તે લોકપ્રિયતાના દરબારમાં માન્યતા મેળવી શકતી નથી. તેથી જ સર્જક સાથે લોકપ્રિયતાને જોડવાની વાતનો વાલેરી, બ. ક. ઠાકોરની જેમ તેઓ પણ વિરોધ કરે છે. તેઓ માને છે કે સાહિત્ય અને કલા તો તદ્વિદ અને સહૃદયના પરિતોષ માટે જ છે. શ્રેષ્ઠ કૃતિની તેમની વિભાવના આવી છે: પોતાનું રહસ્ય જે દીર્ઘકાળ સુધી પ્રચ્છન્ન રાખી શકે તે કૃતિ શ્રેષ્ઠ.

૪૦મા નિબંધમાં જગતના પ્રથમ પંક્તિના નિરાશાવાદી કહેવાતા લેખકો—દોસ્તો એવ્સ્કી, કાફકા, માલરો, સાર્ત્ર, કેમ્યૂ વ.—સામેના આરોપોનું શ્રી સુરેશ જોષી ખંડન કરે છે. તેમનું કહેવું છે કે માનવી પ્રત્યેના ધર્મ વિશે આ લેખકો સજાગ હતા. આ લેખકોની કહેવાતી નકારાત્મક ફિલસૂફી હકીકતમાં સ્વતંત્રતા કે ધૈર્યનાં મૂલ્યોની વિરોધી નથી. વાસ્તવમાં પૂર્વગ્રહોથી મુક્ત થઈ તટસ્થ રીતે વિચારીશું તો આપણને પણ પ્રતીત થશે કે નિરાશાવાદી દર્શન અને પુરુષાર્થનિર્ભર નૈતિક આચાર-એનું સહઅસ્તિત્વ સંભવી શકે. આપણો જે યુગસંદર્ભ છે તેમાં જ રહીને આપણે જીવવાનું છે. તેથી આ યુગનો જે સંઘર્ષ છે તેની સાથે ઓતપ્રોત થઈને જીવીશું તો જ એનું સત્ય આપણને લાધશે. જો એમાં શૂન્યવાદનો પ્રભાવ વરતાતો હોય તો એ શૂન્યવાદ સાથે આભડછેટનો સંબંધ રાખવાનું આપણને પરવડે નહીં. આવા શૂન્યવાદી સર્જકોની મહત્તા થોડીક આક્રોશપૂર્ણ વાણીમાં લેખક સ્પષ્ટ રીતે ઉપસાવી આપે છે.

વિશ્વના મહાન સર્જકોને ઉચિત અંજલિ આપનાર શ્રી સુરેશ જોષી કવિપદવાંચ્છુ નવોદિત કવિઓની ઠેકડી પણ ઊડાવી જાણે છે: "કવિતાની એક બાની તૈયાર થઈ ગઈ છે. એ સૌને સુલભ બની ગઈ છે. એમાં અહીં તહીં થોડો ઉમેરો કરીને કવિપદવાંચ્છુ થોડીક પંક્તિઓ ઉપજાવી કાઢી શકે છે. પછી પ્રસિદ્ધિનો પ્રશ્ન. સર્જન માત્રથી સંતોષ નથી. પ્રસિદ્ધિની વ્યવસ્થા થવી જ જોઈએ. માટે નાનાં નાનાં ફરફરિયાંઓ બહાર પડવા માંડે.

આને સર્જનમાં આવેલો જુવાળ ગણીને હરખાઈ જનારા ભોળા રસિકો પણ છે." (પૃ. ૮૧-૮૨) આવી જ કાતિલ મજાક પૃ. ૫૯ પર તેમણે સભારંજની કવિતાની પણ કરી છે.

અકવિઓ અને આભાસી કવિતા સામે આવી લાલબત્તી ધરવાનું કારણ તો શ્રી સુરેશ જોષીની ઉત્કટ કવિતાપ્રીતિ જ છે એમાં તો કોઈ શક નથી જ. તેઓ માને છે કે કવિતા જેવી કળાનો આનંદ સમૂહમાં ન લઈ શકાય. તેઓ કાવ્યાનંદમાં જ ભક્તિના આનંદનો પણ સમાવેશ કરે છે. હવે ઉપરોક્ત પરિચ્છેદનાં વાક્યો જુઓ. કેવાં ટૂંકાં ટૂંકાં વાક્યો લેખકે પ્રયોજ્યાં છે! ઓછામાં ઓછા શબ્દો દ્વારા વક્તવ્યને સચોટ રીતે તેઓ નિરૂપી શકે છે અનાવશ્યક શબ્દાડંબર જવલ્લે જ જડશે,

આ નિબંધોમાં શ્રી. સુરેશ જોષીની બહુશ્રુતતા પણ અનુભવવા મળે છે. વિશ્વસાહિત્યના શ્રેષ્ઠ સર્જકોના ઉત્તમ ગ્રંથોના તેમણે કરેલા પરિશીલનનો લાભ અનેક લેખોને મળ્યો છે. કોઈ પણ વિષય પર લખતી વેળા તે વિષે તેમણે જે કંઈ વાંચેલું હોય તેનો ઉલ્લેખ તેઓ કરે છે. આવા ઉલ્લેખો માત્ર વિદ્વત્તા પ્રગટ કરનાર પાદટીપો જેવાં નથી લાગતા, પણ સમગ્ર સંદર્ભમાં સહજ રીતે સમન્વિત થઈ લેખની મૂલ્યવત્તાને વધારી આપે છે.

પ્રસ્તુત નિબંધસંગ્રહમાં રૂઢ પરિભાષા વાપરીને કહીએ તો લલિત અને લલિતેતર એમ બંને પ્રકારના નિબંધો મળે છે. આ બે પ્રકારો વચ્ચેનો ભેદ ઍડિસને સુંદર રીતે સમજાવ્યો છે. મૂઠી ભરીને વેરેલાં મોતીમાંથી સહજ રીતે નિર્માતા આકાર સાથે લલિત નિબંધની અને કાળજીપૂર્વક દોરીમાં પરોવીને બનાવેલી મોતીની માળા સાથે લલિતેતર નિબંધની ઍડિસને કરેલી સરખામણી શ્રી. સુરેશ જોશીના આ નિબંધો વાંચતાં યથાર્થ લાગશે. આ નિબંધોમાં લેખકનાં કલ્પનાવૈભવ અને વિચારોની ગહરાઈના જેટલું જ આસ્વાદ્ય છે તેમનું ભાષાસામર્થ્ય, અને તેથીય વિશેષ આસ્વાદ્ય છે નિબંધોમાં પ્રગટ થતું લેખકનું મુગ્ધ શિશુ તરીકેનું અને બળવાખોર વિદગ્ધ વિચારક તરીકેનું અનોખું વ્યક્તિત્વ. તેમના વ્યક્તિત્વના આસ્વાદથી સહૃદય અનેરી તૃપ્તિ અનુભવી રહે છે.

**પ્રસાદ બ્રહ્મભટ્ટ**

*        *        *

**અભિક્રમ :** લે. ચી. ના. પટેલ, **પ્રકાશક :** ગૂર્જર ગ્રન્થ કાર્યાલય, અમદાવાદ–૧, આવૃત્તિ: ૧૯૭૫, પૃ. ૨૬૪, કિંમત રૂ. ૧૮.

'અભિક્રમ' પ્રા. ચી. ના. પટેલનો સાહિત્યવિવેચનનો સંગ્રહ છે. સાહિત્ય પરત્વેનો લેખકનો અભિગમ વિશિષ્ટ રીતે જીવનતત્ત્વવાદીનો રહ્યો છે; સાહિત્યકૃતિના રચનાકૌશલ દ્વારા થતા સૌન્દર્યબોધ પરત્વે પણ એમની દૃષ્ટિ રહી છે.

સાહિત્ય-પદાર્થની સૈદ્ધાન્તિક કે કૃતિનિષ્ઠ વિવેચના કરતાં પ્રા. પટેલે ઐતિહાસિક અને તુલનાત્મક પર્યેષક દૃષ્ટિનો સતત અને સમ્યક્ ખપ પાડ્યો છે, અને એથી આ લેખો ગુજરાતી વિવેચનસાહિત્યમાં એક પ્રકારની સમૃદ્ધિ લાવે છે. એમાં પ્રગટેલાં વિચારસત્ત્વ અને સાહિત્યદૃષ્ટિ આ લખાણોની ઉપયોગિતા સિદ્ધ કરે છે.

'વાલ્મીકિ રામાયણ—એક સાહિત્યકૃતિ' અને 'શેક્સ્પિયરની આંતરયાત્રા', સંગ્રહના આ બે લેખો પ્રા. પટેલની સમીક્ષક તરીકેની પૂર્ણ સજ્જતાની અને વિવેચક-વ્યક્તિત્વની પ્રતીતિ કરાવે છે. 'વાલ્મીકિ રામાયણ—એક સાહિત્યકૃતિ' એ લેખમાં પ્રા. પટેલે કહ્યું છે કે 'વિવેચન-શાસ્ત્રના સિદ્ધાન્ત અનુસાર તો કોઈ પણ કળાકૃતિનો રસાસ્વાદ કૃતિમાં વ્યક્ત થતાં નૈતિક કે ધાર્મિક મૂલ્યોથી નિરપેક્ષ હોવો જોઈએ; પરંતુ હકીકતમાં એમ બનતું નથી. કળાકૃતિ પ્રત્યેની ભાવકની અભિમુખતા કે વિમુખતા એમાં વ્યક્ત થતા જીવનદર્શન કે જીવન-અનુભવ પ્રત્યેની એની અંગત દૃષ્ટિ ઉપર ઘણો આધાર રાખે છે.' પ્રા. પટેલના આ શબ્દો એમના વિવેચક-વ્યક્તિત્વને ઓળખવામાં ખૂબ સૂચક રીતે ઉપયોગી બની રહે છે. અહીં પ્રગટ થતું જીવનતત્ત્વવાદી અભિગમનું વર્ચસ્, આ બે લેખો ઉપરાંત 'સાહિત્ય અને જીવનમૂલ્યો' અને 'કળાની સાર્થકતા' જેવા સૈદ્ધાન્તિક લેખોમાં પણ સ્પષ્ટ રીતે વર્તાય છે. 'અજેય માનવમન' પ્રા. પટેલની યુરોપીય સાહિત્યના ઊંડા પરિશીલનની પ્રતીતિ કરાવતો લેખ છે. પરદેશી સાહિત્યમાં વ્યક્ત થતાં જીવનમૂલ્યો અને રસમૂલ્યોને આત્મસાત્ કરવા માટે એક ખૂબ મહત્ત્વનું એમનું સૂચન છે કે 'તે (પરદેશી) સાહિત્ય આપણે તેની મૂળ ભાષામાં વાંચીએ, પણ તેની વિવેચનાત્મક ચર્ચા તો આપણી પોતાની ભાષામાં જ કરીએ.' આ ઉપરાંત આનુષંગિક રીતે માધ્યમ તરીકે માતૃભાષાની હિમાયત પણ આ લેખમાં થઈ છે. સાહિત્યના અભ્યાસ માટે એમની અપેક્ષા અને દૃષ્ટિ આવી છે—'દરેક પ્રજાનું સાહિત્ય તેની સંસ્કૃતિનું સૌથી વધુ સંવેદનાત્મક ફળ છે, અને તેના આત્માને પામવા માટે એ સંસ્કૃતિના સમગ્ર સંદર્ભમાં તેનો અભ્યાસ કરવો રહ્યો. વિશ્વની ભિન્ન ભિન્ન પ્રજાઓનાં સાહિત્ય માનવમનની અનંત અનુભૂતિક્ષમતાની વિકાસ-દશાઓનાં સૂચક છે. મનુષ્યની એ અનુભૂતિક્ષમતાની પ્રતીતિ કરવા માટે વિશ્વના સર્વ સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ. ××× એવો તુલનાત્મક અભ્યાસ વાચકને સંસ્કૃતિ અને સાહિત્ય વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ સ્પષ્ટ કરી આપશે અને તે તે સાહિત્યના આસ્વાદમાં પણ એક નવું પરિમાણ ઉમેરી આપશે.' આ લેખમાં યુરોપીય સાહિત્યના અભ્યાસમાં અનિવાર્ય રીતે ઉપકારક ગણાય તેવાં યુરોપીય સાંસ્કૃતિક પરિબળો, પ્રજાકીય સ્વભાવગત કલ્પનાશીલતા, ખ્રિસ્તી ધર્મના સંસ્કારો અને ગ્રીક તથા લેટિન સાહિત્યના અભ્યાસે પ્રેરેલાં અને પોષેલાં બૌદ્ધિક જિજ્ઞાસા અને સૌન્દર્યપ્રેમ, એ બધાંની એકબીજા પર અસર અને એમની વચ્ચેના સંઘર્ષમાંથી નીપજતી વિસંવાદિતા અને ક્યારેક એ સર્વની વચ્ચે થતી સંવાદિતા—એમ આખી વિકાસકથાને લક્ષમાં લેવાનો પ્રયત્ન છે, અને એ રીતે છેક સાતમી સદીથી વીસમી સદી પર્યન્તના યુરોપીય સાહિત્યની ગાથા વિશિષ્ટ રીતે ઉપસાવવાનો પ્રયત્ન સ્તુત્ય છે.

'સાહિત્યમાં આધુનિકતા' ઊહાપોહ સ્વરૂપનો લેખ છે. આ લેખમાં નવી વિવેચનાના અગ્રણી પુરસ્કર્તા શ્રી. સુરેશ જોશીના 'આધુનિકતા'ની વિભાવના વિશેનાં મંતવ્યોના સંદર્ભમાં પ્રા. પટેલે ઊહાપોહ ઉઠાવ્યો છે. એમ કરતાં, એમણે, શ્રી સુરેશ. જોશીની ચર્ચામાં અસ્પષ્ટ રહી ગયેલા કેટલાક મુદ્દાઓ તરફ ધ્યાન ખેંચીને, એ વિશેની પોતાની સમજૂતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

'સમૂળી ક્રાન્તિ'માંની ધર્મવિચારણા, 'સરસ્વતીચંદ્રનો અંત', 'શાકુન્તલ અને રોમિયો ઍન્ડ જુલિયેટ', 'સરસ્વતીચંદ્ર અને માનવીની ભવાઈ', 'શ્રી દર્શક અને ઇતિહાસ'

જેવા લેખોમાં તે તે કૃતિ અંગેના પ્રસ્તુત પ્રશ્નો ઊભા કરીને કરેલી ચર્ચા મૂલ્યાંકનલક્ષી બનાવી છે. એક રીતે કૃતિનિષ્ઠ બનતા આ લેખોમાંય એમની વિવેચક દૃષ્ટિ તો તે તે કૃતિને જીવનના વ્યાપક સંદર્ભમાં જ જોવાની રહી છે. આમ બધા લેખો ગુજરાતી વિવેચન સાહિત્યમાં મૂલ્યવાન પ્રદાન બની રહે છે, એથી આ સંગ્રહને અભ્યાસીઓદ્વારા સાનંદ આવકાર મળી રહેશે જ.

**સુભાષ મ. દવે.**

*          *          *

**કૃષ્ણ-રુકિમણી :** લે. મહાત્માશ્રી યોગેશ્વરજી; **પ્ર.** સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત-૨; પૃ. ૨૦૮ + ૧૬, કિંમત રૂ. ૫.

સર્જક કવિ, સમર્થ યોગી અને તત્ત્વદર્શી ભક્તનો ત્રિવેણીસંગમ આધુનિક કાળમાં વિરલ હોય છે. કૉલેજ છોડી હિમાલયમાં તીવ્ર તપ કરી યોગસાધનાનાં ઉચ્ચ શિખરો સર કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી ગુજરાતના પ્રથમ પંક્તિના સંત સાહિત્યકાર છે. આર્ય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનનાં શાશ્વત મૂલ્યોનું આધુનિક ઢબે રસિક રોચક શૈલીમાં પ્રતિસ્થાપન અને સંમાર્જન કરનારાં તેમનાં લગભગ ૫૫ પુસ્તકો અને પ્રેરક પ્રવચનો તથા સ્વાધ્યાય-શિબિરોએ ગુજરાતની જનતાની મહામૂલી સેવા બજાવી છે. બુદ્ધિગમ્ય તર્કપૂત જ્ઞાનના વિશાળ ફલક પર પ્રસરતી-પથરાતી તેમની અસંકુચિત સમુદાર વાગ્મિતાનો પ્રભાવ હંમેશાં હૃદયસ્પર્શી રહ્યો છે. તેમના મૂર્ધન્ય ગદ્યગ્રન્થો 'ઉપનિષદનું અમૃત' અને 'ભગવાન રમણ મહર્ષિ'ની તથા સુદીર્ઘ કથાકાવ્ય 'ગાંધી ગૌરવ'ની વિસ્તૃત સમાલોચના મેં 'સ્વાધ્યાય'ના ( પુ. ૮, ૯, ૧૦ ) અંકોમાં આ અગાઉ કરેલી છે; એટલે કવિશ્રીની સાહિત્યિક પ્રવૃત્તિ, પ્રતિભા, શૈલી વગેરે વિષે પુનરુક્તિ ન કરતાં અત્રે તેમની દ્વિતીય પ્રસ્તારિત કથાકાવ્યકૃતિ '**કૃષ્ણ રુકિમણી**'નો રસલક્ષી દૃષ્ટિએ સંક્ષિપ્ત આસ્વાદ માણીશું.

મુખ્યત્વે ભાગવત અને મહાભારતમાંના પ્રસંગોમાંથી હાનોપાદાનવિવેકપૂર્વક પસંદગી કરી કવિએ, સ્વપ્રતિભા અને કલ્પનાનુસાર રૂપરંગો ઉમેરીને, આશરે ૪૧૦૦ જેટલી પંક્તિઓમાં કથાપટનો વિસ્તાર કર્યો છે. આરંભ અને અંતમાં ભગવાનના દિવ્ય મન સમા નારદના પાત્રને નિમિત્ત બનાવ્યું છે. મૂળ કથા સુપ્રસિદ્ધ હોઈને તેનો સાર ન આપતાં અત્રે કવિએ કરેલા મૌલિક ઉમેરા અને તેના ઔચિત્યની નોંધ લેવાનું સુયોગ્ય થઈ પડશે.

બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણે પૂછેલા પ્રશ્નના ઉત્તર રૂપે નારદ, પોતે જોયેલા અવનીના અણમોલ અસાધારણ આશ્ચર્યરૂપે 'ચૈતન્યધારા પ્રેમપ્રતિમા માધુર્યમૂર્તિ માંગલ્યમાળા' એવી વિદર્ભરાજકુમારી રુકિમણીના વિલક્ષણ વ્યક્તિત્વનું ઉપમા-ઉત્પ્રેક્ષાદિથી વર્ણન કરતાં છેવટે કહે છે :

"અવાઙ્મનસને વાણી વ્યક્ત કેમ કરે કદા !" ( પૃ ૧૫ )

પ્રેમાનન્દના 'નળાખ્યાન'માં હંસે કરેલા દમયંતીના મુખ્યત્વે સ્થૂળ રાજસ સૌન્દર્યનાં ગુણગાનની જેમ અહીં નારદનાં—અલબત્ત સૂક્ષ્મ સાત્ત્વિક સૌન્દર્યસૂચક—વચનો કૃષ્ણના મનને રુકિમણી વિષે અભીપ્સિત કરે છે. કૃષ્ણનારદનો આખોય સંવાદ અને એ દ્વારા કરાતો નાયિકાનો પરોક્ષ પરિચય કાવ્યનું નાટ્યાત્મક ઉદ્‌ઘાટન કરે છે. આ અધ્યાય કવિશ્રીનું તદ્દન મૌલિક સંવર્ધન છે. રુકિમણીના પ્રાદુર્ભાવની ઉત્પ્રેક્ષા કેવી સુંદર છે !—

"તમિસ્રથરમાંહેથી ચારુ કો ચંદ્રિકા સમો,
સુધાઘટ સમુદ્રેથી પ્રકટી મંથને ગયો,
અથવા વેણુનું દૈવી તમે વાદન જે કર્યું,
આટલાં વરસોથી તે બની સાકાર ત્યાં ગયું." (પૃ. ૧૬)

— અને પ્રતિક્રિયા રૂપે કૃષ્ણના પ્રાણે સંવેદનની રસસિતારી જાગી અને રુકિમણીનીય કલ્પનાઓમાં

"રંગોળીઓ નવલ પ્રકટી પ્રાણની દિવ્ય પ્રીતે" (૨૨)

અહીં અને સમગ્ર કાવ્યમાં કવિએ કૃષ્ણને, તેમની વૃત્તિ-પ્રવૃત્તિઓને, માનવીય રૂપે જ—અલબત્ત અત્યુચ્ચ આદર્શ માનવી, પુરુષવર, સંત-સજ્જન, સમાજરાજ્યના નાયક તરીકે જ—વર્ણવીને પાત્રનું અભિજાત ગૌરવ જાળવ્યું છે. ક્યાંય પાત્રને અલૌકિક અતિમાનવ અવતાર રૂપે આગળ ધરીને અળપાવા દીધું નથી. કવિના આ દૃષ્ટિકોણથી કાવ્યની ગુણવત્તામાં વધારો થાય છે.

ચતુર્થ અધ્યાય 'વરદાન'માં ચાતુર્માસ દરમ્યાન નિષ્કામભાવે સેવા કરતી રુકિમણીને સંતપ્રવર પરાશરે જે આશીર્વાદ આપ્યો એ વરદાનની ભાવિમાં સત્ય થવા સર્જાયેલી આખીય સ્વપ્ન-ઘટના અત્યંત આલંકારિક અને મોહક છે. તે પણ કવિની મૌલિક કલ્પના-પરિણતિ છે. શુશ્રૂષાના બદલામાં માગવાનું કહેતાં 'સ્વાત્મ-સંતૃપ્તિ'ને પ્રાપ્ત રુકિમણી સેવાનો આદર્શ રજૂ કરે છેઃ

"પુરસ્કાર કદી હોયે સેવાનો સ્નેહની નહીં." (૨૫)

છતાં મુનિમુખે કવિ સત્કર્મફળનો સિદ્ધાંત રજૂ કરે છે:

"માગે નહીં વર છતાં જગમાં અમારો
સંસર્ગ નિષ્ફળ થતો ન કદીય ન્યારો." (૨૭)

સ્વપ્નજાગૃતિ પછી 'ભાવોદ્રેકમહીં ડૂબી' ગયેલી રુકિમણીના હૃદયના પ્રતિભાવોનું કવિએ રૂપકાત્મક શૈલીમાં સુંદર નિરૂપણ કર્યું છે.

પાંચમા અધ્યાયમાં "વસંતઋતુ શી વિશુદ્ધ મધુ જિંદગી એમની" (૩૦) વગેરેથી પિતાએ કરેલી પુરુષોત્તમની પ્રશસ્તિથી રુકિમણીના હૃદયમાં પૂર્વે સ્થપાયેલા સ્નેહબીજનું અનુસિંચન થાય છે; તો બીજી બાજુ નપુંસક કામી કૃતઘ્ની—વગેરે કટુશબ્દોમાં ભાઇ રુકમીએ કરેલી કૃષ્ણનિંદા અને શિશુપાલની અતિશયોક્ત પ્રશંસાથી તેનું હૃદય ક્ષોભ અનુભવે છે.

"પ્રભાકરસમાન એ પ્રકટ, કૃષ્ણ ખદ્યોત શો,
મહાજલધિ શો વિશાળ, વસુદેવનો પુત્ર તો
કૃશાંગ કટુ સ્રોત શો, સ્વર જ માત્ર સંગીતનો
પરંતુ શિશુપાલ તો સ્વરસમૂહ રંગેભર્યો." (૩૩)

પિતાપુત્રના ગયા પછી એકલી પડેલી રુકિમણીની મનઃસ્થિતિનું સુરેખ સ્વભાવોક્ત ચિત્ર કવિએ લાઘવ દ્વારા દોર્યું છે:

"ચઢી પ્રણયનાવ કામકલિકાસમી રુકિમણી" (૩૪)

કવિએ ઉમેરેલા પ્રસંગોમાં તેમની દૃષ્ટિનો વિશાળ અને આધુનિક અભિગમ વરતાયા વિના રહેતો નથી. તેનો પુરાવો ૬ઠ્ઠો અને ૧૪મો અધ્યાય છે. ૬ઠ્ઠામાં ભીષ્મક કૃષ્ણને વિદર્ભમહેલમાં નિમંત્રે છે (જેથી "રુકમી કિંતુ રહ્યો બળી") અને ભાવિ જમાઈનો પુત્રીથી પરિચય કરાવે છે. અન્યોન્યનાં દર્શનથી—

"અંતરહૃદયમાં એવા પ્રવાહો પ્રકટી રહ્યા
પ્રેમ-આદરના ન્યારા સંસ્કારો સૂક્ષ્મ પ્રાણના
અનુસંધાન સાધીને પુનઃ પ્રથમ દર્શને
સુસીંચનથકી ફાલ્યા પ્રકટી પુષ્ટ સૌ થયા." (૩૮)

૭-૮મા અધ્યાયમાં રુકમીએ પિતાને બંદીખાને નાખ્યા, બહેનની સમક્ષ કૃષ્ણનિંદા અને શિશુપાલસ્તુતિ કરી, અને 'માસાંતમાં જ' લગ્ન લીધાનું જાહેર કર્યું. એટલું જ નહીં પણ શિશુને મહેલમાં અતિથિ તરીકે નિમંત્ર્યો. શિશુએ રુકિમણી સમક્ષ આલંકારિક શૈલીમાં તેની પ્રશંસા કરી જે પ્રેમોદ્ગાર કાઢ્યા તે વિલાસી દૃષ્ટિના દુષ્ટ પાત્રને છાજે તે પ્રકારના છે. આખો ય પ્રસંગ મૌલિક છે. પણ શિશુપાલે શુક્રશશી, સરપદ્મિની, મયંકજ્યોત્સ્ના, વૃક્ષવલ્લરી, સ્વર્ગઅપ્સરા, દીપજ્યોત, પુષ્પસૌરભ, નભધરા, મેઘવર્ષા.. વગેરેથી જે અતિલાંબી ઉપમામાળા યોજી છે એમાં પ્રમાણ અને ઔચિત્યના ભંગ ઉપરાંત પુનરુક્તિ થાય છે અને તે કવિતાના રસપ્રવાહને સહેજ કુંઠિત કરે છે. રુકિમણી પોતાનો સ્પષ્ટ નન્નો-નિર્ધાર સરોષ જણાવીને એકલી મનનશીલ બનતાં 'સાંત્વન' અધ્યાયમાં આત્મા-પાન્થના રૂપક દ્વારા પ્રેરક ચિંતન-કંડિકાઓ રજૂ કરે છે. સુરેખા સખી પાસે તે 'લેખ લલાટના પલટાશે નહીં' કહી સૂક્તિઓ ઉચ્ચારે છે:

"સ્વતંત્ર છે સ્ત્રી જગમાં સદાયે,
દાસી નથી, ભાગ્ય તણી વિધાત્રી
બની શકે ને પુરુષોતણું યે
ઘડી શકે ભાગ્ય વળી ઉજાળે." (૫૨)

અને ભાવિ યાત્રાની યોજના વિચારતાં—

"આશનૈરાશ્યમાં ચિંતા તેમ નિશ્ચિંતતાતણા
દ્વંદ્વમાં ઝૂલતી અંકે પર્યંકે પ્રેમિકા પડી." (૫૩)

૧૦મા અધ્યાયમાં ૬ ઈટાલિયન અને ૧ શેક્સ્પીઅરશાઈ સૉનેટોથી શોભતો પોણી બસો પંક્તિનો રુકિમણીનો પત્ર વાંચતાં કૃષ્ણનું હૃદય વિવિધ ભાવોનો આરોહ-અવરોહ અનુભવે છે. તેમાં નાયક-નાયિકા ઉભયનું વ્યક્તિત્વ વ્યક્ત થાય છે, અને ભાષા, છંદ, અલંકાર, ચરિત્રચિત્રણ અને શબ્દચિત્રો ઉપસાવવાની કવિની શક્તિની પ્રતીતિ થાય છે. પ્રત્યેક સૉનેટમાં ચાતક-મેઘ, ચંદ્ર-અબ્ધિ, રજની-સુધાકર, માળા, અને પ્રભાકર-પદ્મિની—ની અન્યોક્તિઓ દ્વારા 'પ્રેમ પિપાસુ' રુકિમણીની તીવ્ર અંતરવ્યથા અને નિવેદિતા રૂપે 'પરા પ્રકૃતિ ઝંખતી પુરુષને'ની ઉત્કટ અભીપ્સા વ્યક્ત થઈ છે.

"ગ્રીષ્મ જેવી બની મારી શુષ્ક જીવનવાટિકા" (૫૪)

એ અંતિમ સૉનેટમાં મનની ક્ષુબ્ધ સ્થિતિનું સુરેખ ચિત્ર રજૂ કરતા અંતિમ યુગ્મમાં તે પ્રાર્થે છે:

"વસંત બનતાં આવો સંજીવન લઈ હવે
શાંતિ સંસ્પર્શથી જાગે દુઃખદર્દતણા દવે." (૬૪)

પરંતુ "સામર્થ્ય હો તમારું તો પધારી ત્યાં ઉગારજો"માં શ્રદ્ધાસમર્પિતા રુકિમણીના 'હો' અને 'તો' એ શબ્દો—પૂર્વાર્ધમાં કરેલી કૃષ્ણશક્તિની પ્રશસ્ત અને સ્વપ્રપન્નતાના સંદર્ભમાં—સહેજ ખૂંચે છે...કે પછી એ ઉદ્દગારોને પ્રેમપ્રત્યયની ખુમારીના પડકારરૂપ કાં ન ગણવો!

પ્રત્યુત્તરમાં 'મને મોહ નથી કોનો સંસારે પણ અન્યનાં સંવેદન સદા સ્પર્શે'થી કરુણાર્દ્ર બનેલા કૃષ્ણનું ચિત્ત જે ચિંતનને ચાકડે ચઢે છે તે આજે પણ માનવીના (નેતાના) સાચા ધર્મ અને આદર્શ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે:

"પુરુષોત્તમ ના હું તો છેક સામાન્ય માનવી,
આદર્શ માનવી પેઠે મહેચ્છા જીવવાતણી,
સ્વયંસેવક નાનો શો આપણા આ સમાજનો
આસુરી વૃત્તિની સામે કરું સંઘર્ષ ક્યારનો,
સ્વધર્મ સમજું મારો પરના પરિત્રાણનો
ઉત્થાનશાંતિ સુખનો શ્રેષ્ઠ કર્માનુષ્ઠાનનો" (૬૫)

પ્રત્યુત્તરપત્રથી સુદઢચિત્ત બનેલી રુકિમણી પણ ભાઈને સંદેશો પાઠવે છે:

"વિસાત મુજ પાસે ના સહસ્રો શિશુપાલની
કહેજો કામભાવે એ બગાડે મનને નહીં,

ખદ્યોત ચંદ્રિકાકેરા, જનજન્માંધ દષ્ટિના
મનોરથ કરે તોયે ફળે સ્વપ્નેય ના કદી." (૬૬)

આથી રુકમીનો રોષ પ્રકટ થાય છે. ૧૨મા અધ્યાય 'સહાય'માં પત્રનિર્દેશ પ્રમાણે કૃષ્ણ રુક્મિણીને રથમાં બેસાડી લઈ જાય છે. આરંભમાં આવતા શેક્સપીઅરસાઈ સૉનેટમાં સરિત, તારક અને ષટ્પદ-નાં પ્રતીકોને ૩ ચતુષ્કોમાં નિરૂપી અંતિમ યુગમાં વળાંક લઈ કવિએ માનવ-પ્રકૃતિના વૈષમ્યનો સુંદર રીતે વિનિયોગ કર્યો છે. આ સૉનેટ અર્થાન્તરન્યાસ અને સ્વભાવોક્તિથી શોભે છે:

"મનુષ્યો દ્વંદ્વોમાં પ્રતિદિન ધરે ના અચળતા,
નથી એ નાની શી ખલુ જગતકેરી કરુણતા". (૭૪)

ગીતામાં અર્જુનને તેમ અહીં રથમાં રુક્મિણી પ્રતિ કૃષ્ણ તત્ત્વબોધ વહેતો મૂકે છે. કેટલાંક સુવચનો મનનીય અને સમાજસેવકો માટે પ્રેરક છે:

(૧) સદા સુખદ સાનુકૂળ પરિણામ છે પ્રીતનું. (૭૯)

(૨) ઘટે ન અભિનંદનો નવ ચહું પુરસ્કાર કે
પ્રશસ્તિવચનો, સમાજહિતકાજ કાયા ધરી
ધરું સકળ શ્વાસ હું જગતમાં; મને આર્તની
ગમે અવદશા નહીં; સુહૃદ સર્વદા શોષિતો—
તણો પતિતબદ્ધનો; અશુભ ને અનાચારનો
અખંડ પ્રતિકારમંત્ર મુજ જિંદગીમાં ગ્રથ્યો. (૭૯)

(૩) થતો વિજય સત્યનો, અનૃતનો નહીં, ઋતનો (૮૦)

રુકમીને દંડી, જરાસંધાદિ દુશ્મનોને હરાવી કૃષ્ણ દ્વારકામાં પધાર્યા. ૧૪મો અધ્યાય કવિત્વથી છલકાય છે. રુક્મિણી માટે આરંભની ૭ ઉત્પ્રેક્ષાઓ મનોહારી છે દા. ત.:

"અમૃતઘટ જ જાણે સ્વર્ગથી મૃત્યુલોકે
સુભગ તન ધરીને સુંદરી સાથ આવ્યો.
ગગનપટ રહેતા મેઘની સંગ વર્ષા
મદભર અભિસારે નીકળી વિશ્વકેરા.".(૮૯)

કૃષ્ણનું પાત્ર અહીં માનવતા અને ઉદાત્તતાની પરાકાષ્ટાએ પહોંચે છે. તે રુક્મિણીને સ્પષ્ટ શબ્દોમાં કહે છે:

"કર્યો કર્તવ્યનો યજ્ઞ, પરિપૂર્ણ હવે તને
સ્વતંત્રતા સમર્પું છું, મમત્વ નવ છે મન." (૯૦)

સ્વસ્થાને જવા કે દ્વારકામાં સુકુમારી રૂપે રહેવા કે સ્વયંવર રચી મનપસંદ પતિને વરવા "તને અર્પું પરિપૂર્ણ સ્વતંત્રતા" કૃષ્ણ કહે છે:

"શરણાગતનો મિથ્યા લાભ લેવા નહીં ચહું,
પરિચારક છું સૌનો, પરિચારક છો રહું". (૯૧)

અલબત્ત, જાણે 'તૂટી પડ્યા પ્રલયકારક મેઘ ભારે' એવી સંક્ષુબ્ધ રુકિમણી, દૈવી પ્રેમની ભૂમિકા પરથી અપહરણના પ્રસંગની પળનું સ્મૃતિચિત્ર Flash-back દ્વારા "આવે છે એ ધન્ય ઘડી ધન્ય પળ યાદ?"થી લયસંવાદી પણ અછાંદસ કવિતામાં લગભગ ૧૫૦ લીટીમાં દોરે છે, અને અંતે પ્રેમની ખુમારીથી કહે છે:

"કરુણાભિક્ષા જરાયે માગતી નથી,
પ્રેમની કથા જ આ તો અનેરી કથી." (૯૭)

પરિણામે કવિને 'લગ્નના ઉત્સવનું અવનવું આદર્શ પણ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ એવું સુંદર વર્ણન કરવાની તક મળે છે.

"કરો ઉત્સવ
મધુ મહોત્સવ
જીવનોત્સવ આજ
ઓ ચરાચર, વસંતતણી
સ્વર્ગ કે અપવર્ગની યે
છો લૂંટાયે લાજ!" (૧૦૨)

મંગલ પ્રસંગની દંપતિની પ્રતિજ્ઞા સાંભળીએ:

"આપણે બે સાથે મળી સમાજનું શ્રેય
સાધીશું સાધીને સદા સર્વવિધ પ્રેય.
અનીતિની જડોને ઉખેડી નાખી રોજ
માનવઆત્માની આદિ પ્રશાંતિની ખોજ
પરિપૂર્ણ કરવાને પ્રયત્નો કરી
અવિનાશી આનંદને રહીશું ધરી." (૧૦૬)

વીતરાગી કવિએ દંપતીના એકાંત 'પ્રેમાલાપ'નો મૌલિક અધ્યાય યોજ્યો છે જે સ્નેહ અને સંયમના સુમેરુ શિખર જેવો આસ્વાદ્ય બની રહે છે. તેમાં 'નથી જગત વ્યર્થ, જીવન ન બોજ' પણ બ્રહ્મના 'અનુગ્રહતણી અમોઘ અણમોલ વર્ષા' હોઈ તે 'મધુરી મહાવાટિકા મળી મનુજને...'માં કૃષ્ણનો અને કવિનો વિધેયાત્મક (positive) અભિગમ પ્રકટ થાય છે. પ્રેમનો આદર્શ ચિંતવતાં બન્ને પરસ્પરને કહે છે:

"તું મંદિર; મહા તમે મધુરદેવતા મંદિરે." (૧૧૫)

પછી તો શિશુપાલનો નાશ થતાં રાજસૂય યજ્ઞ—

'ઈન્દ્રપ્રસ્થનો શૃંગાર થયો સર્જનના સાકેત સમો, (૧૨૪)

સમગ્ર કૃતિના મૂર્ધન્ય મંડન રૂપ 'વ્રજમંડળમાં' નામક અધ્યાયનું વસ્તુ તદ્દન મૌલિક છે. તે કવિત્વમય, સુંદર, અદ્ભુત અને લાવણ્યયુક્ત છે. એમાં રાધાનું ચિત્ર ગુજરાતી કવિતાના અપ્રતિમ નમૂનારૂપ છે. 'બ્રહ્માંડ ગૃહ આ મારું' કથનાર કૃષ્ણ વ્રજમાં રુકિમણી સમક્ષ, શૈશવ-કિશોરકાળની અવનવીન લીલાઓના ભાવભર્યાં સજીવ સુખદ સ્મૃતિચિત્રો રજૂ કરતાં કરતાં જે તે પ્રસંગોનાં આધ્યાત્મિક રહસ્યોનો પણ સ્ફોટ કરે છે. મિશનરી કવિએ આમ પરોક્ષ રીતે—પાત્ર દ્વારા—જ્ઞાનગંગા વહાવીને કવિતાને ઉગારી લીધી છે. યોગીવર્ય શ્રીકૃષ્ણે "સમષ્ટિહિતમાં જ...વિભિન્ન સમિધા ધરી સસ્મિત કર્મના યજ્ઞની" (१२९) શ્રીકૃષ્ણનો નાચેનો આદર્શ તો લોકશાહીના મુદ્રાલેખ જેવો છે :

> **"પ્રજા જ બળ ને પ્રજા જ મુજ પ્રેરણા કે પ્રભા**
> **પ્રજા જ પરબ્રહ્મ કે પરમપૂજ્ય કો દેવતા.**
> **કરી સ્મરણ એહનું અવનવાં કરું કર્મને**
> **પરંતુ સમજે નહીં સકળ માનવી મર્મને." (१३०)**

રુકિમણીની ઇચ્છાથી 'પ્રજ્ઞાની પ્રેમવર્ષા', કરતી 'પ્રણયની રસપૂર્ણ ધારા' 'શાશ્વતી શુચિ' એવી રસેશ્વરી રાધા પ્રકટ થાય છે. પછી યશોદા, દેવકી, નંદ, બલરામ વગેરે પાત્રોના સંવાદ દ્વારા કવિ જીવનનું રહસ્ય, વ્રજનું ગૌરવ અને રાધાનું અભિવાદન પ્રકટ કરતાં કહે છે :

> "રાધિકા એક આ વિશ્વે, અન્ય એવી થશે નહીં
> મહિમામયી બની એને લીધે આ આપણી મહી." (१४२)

પણ

> 'એના ચરણની હું તો રજમાત્ર, સિતારની
> સુરાવલિ સમી મારી બની પાવન જિંદગી;
> બિંદુ રસતણું હું તો, રાધા દિવ્ય રસેશ્વરી." (१४३)

'સુદામાનો મેળાપ' એ અધ્યાયને પ્રેમાનન્દ અને શ્રી ઉપેન્દ્રાચાર્યજીની કૃતિઓ સાથે સરખાવી શકાય તેમ છે રુકિમણીએ સુદામાનું સ્વાગત કર્યું એટલો જ ઉલ્લેખ, અને—

> "સાંદીપનિ આશ્રમશા બ્રહ્માંડમાંહે
> જીવશિવ બંને દૈવી વિહંગો વસે." (१४९)

એ રૂપક-રહસ્ય વિના આ સુંદર અધ્યાય કૃતિમાં કોઈ રીતે સંગતિ સાધતો નથી. તે જ પ્રમાણે, ૨૦મા અધ્યાયમાં રુકિમણીના 'મહાભારત શા માટે?' એ પ્રશ્નના ઉત્તરમાં કૃષ્ણના મુખે યુદ્ધવિષયક સૂક્ષ્મ પર્યેષણા મૂકી છે :

> "નહીં સંગ્રામો મટે માનવીમનમાં થતાં
> ત્યાં સુધી સંઘર્ષ ના સ્થૂલ સૌ શમશે બધા.
> સૂક્ષ્મની છાયા બધી સ્થૂલમાં પ્રકટ્યે જતી,
> તર્ક કે તલવારથી નિત્ય લડતો માનવી." (१५६)

'નારદ અને કૃષ્ણ'ના સંવાદમાં સ્તુતિ, અવતારહેતુ, સંસ્કૃતિચક્રાનુસાર તિરોધાનનો કૃષ્ણનો સંકલ્પ...વગેરેનું વર્ણન છે. પણ ૧૦૭ પંક્તિઓમાં પથરાયેલો કૃષ્ણરુકિમણી-લીલાસંવરણનો આખોય અધ્યાય ઉચ્ચ પ્રતિભાપ્રભાથી આલોકિત બન્યો છે. વિવિધ છંદોની

વચ્ચે પ્રધાનતઃ અછાંદસ શૈલીમાં કવિતારસને નિર્વહતું, ઉચિત કલ્પનાઓ, અલંકારો, ભાવપ્રતીકો અને શબ્દચિત્રોથી શોભતું અને કથા-કવિતામાં સહજ રીતે ભળી જતા ચિંતનને ચમકાવતું લીલા-સંવરણનું કવન સ્વતંત્ર elegy કરુણપ્રશસ્તિકાવ્ય—કૃતિ રૂપે (જો સ્વતંત્ર છપાય તો) સમીક્ષાની સરાણે ચઢાવી શકાય તેવું છે. રુક્મિણીની કરુણપ્રશસ્તિ, પૃથ્વીનું ક્રંદન, નારદનું સમાશ્વાસન વગેરે સ્વસ્થ છતાં ગહન પ્રેમભાવથી ભરપૂર હોઈ તેમાં રુરુદિષા કે વિલાપનો અભાવ છે, તેથી શોકશમનનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી; પરંતુ વિશ્વની વેદનાને વાચા આપી તેમાંથી સ્વાભાવિક રીતે સ્ફુરતું પ્રગલ્ભ ચિંતન ચમકી ઊઠે છે.

"મરે મરણ, જિંદગી નવમરે કદી શાશ્વતી." (૧૭૫),
"મૃત્યુને મહેફિલ મળી...કિન્તુ પૃથ્વીને
પડી ખોટ કપરી કેટલી" (૧૮૪), કે
"મૌક્તિક મન તણું આ શરીરની છીપ
છોડીને વિહરે પેલા દૈવી લોકમાં" (૧૮૧),
"કાળ એનો ગ્રાસ ના કદીકાળ કરી શકે,
બની મૃત્યુંજય ગયું એ તો ચરાચરમાં વસે." (૧૮૭)

......જેવી અનેક ચિરંજીવ પંક્તિઓથી સભર આ અધ્યાયમાં કૃષ્ણે યોગધારણાથી લીલા-સમાપ્તિ કર્યા પછી 'સ્મૃતિઓની પરંપરા'ને વાગોળતી—

"પ્રણયમૂર્તિશી રુક્મિણી...સમાધિરસ-યોગવિજ્ઞાનમાં નિમજ્જન
કરી અનંત પરમાત્મતત્ત્વે મળી, પરમકૃષ્ણ માંહે ભળી." (૧૯૭).

અહીં સંયત કરુણને ચિંતનરસાયન અને સાતત્ય—એકતા દ્વારા એક અખંડ આકાર મળી ગયો છે.

વૃત્તવૈવિધ્ય અને ભાવનિરૂપણની દૃષ્ટિએ ધ્યાન ખેંચતા છેલ્લા 'નમન' અધ્યાયમાં સંત-કવિની વિનમ્રતા વરતાય છે.

જુદાં જુદાં પાત્રોના મુખે થતી કૃષ્ણની પ્રશંસા-નિંદામાં, રુક્મિણીપ્રશસ્તિમાં અને દ્વારકા, વ્રજ, યુદ્ધ વગેરેનાં ચિત્રાત્મક વર્ણનોમાં થતી વિશેષણ-સમાસ-ઉપમાન વગેરેની કેટલીક પુનરુક્તિઓ, અને સૌ ઉપરાંત છાપભૂલોને ક્ષમ્ય ગણીએ તો, સમગ્રતયા શ્રીકૃષ્ણની ગૌરવગાથા ગાતું આ 'કૃષ્ણ-રુક્મિણી' કાવ્ય ઉત્તમ કક્ષાની આસ્વાદ્ય કલાકૃતિ બની રહે છે. ગુજરાતીમાં સુબોધ સરળ પ્રસન્નપ્રવાહી શૈલીમાં તત્ત્વબોધને કૌશલપૂર્વક ગૂંથી લેનારું—અને તે પણ અધ્યાત્મયોગી સંતકવિની કલમે સર્જાયેલું—આ સફળ દીર્ઘ કથાકાવ્ય છે એમ અતિશયોક્તિ વિના કહી શકાય. નારદની જેમ આપણે પણ કહીએ કે :

"ત્યાગ ને અનુરાગની
કથા વિસ્મયપૂર્ણ આ
રહેશે કલ્પો લગી
અમર અક્ષર વિશ્વમાં." (૧૯૭)

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* *

## સાભાર સ્વીકાર

૧ **ગુજરાતમાં વ્યાયામ અને રમતગમત પ્રવૃત્તિ :** લે. શ્રી ચિનુભાઈ પુ. શાહ, પ્ર. માહિતી ખાતું, ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર; પૃ. ૧૨૬, કિંમત: છાપી નથી.

૨ **ગુજરાતનું સંગીત અને સંગીતકારો :** લે. શ્રી હરકાન્ત શુક્લ, પ્ર. માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર, પૃ. ૪૭, કિંમત: છાપી નથી.

૩ **ધ્રાંગધ્રાની લોકલઢત :** લે. શ્રી કાન્તિલાલ મણિલાલ શાહ, પ્ર. માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર, પૃ. ૮૯. કિંમત : છાપી નથી.

૪ **પ્રાર્થના અને ધ્યાન :** અનુવાદકો . શ્રી સુંદરમ્ અને શ્રી અમીધર ભટ્ટ, પ્ર. શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી વતી—શ્રી હસમુખભાઈ શાહ, શ્રી અરવિંદ સેન્ટર, કોચરબ, પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬, પૃ. ૬૬. કિંમત: રૂા. ૨ = ૫૦.

૫ **તત્ત્વદીપ :** લે. શ્રુતિ શાહ, ૫૮, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬, પૃ. ૭૨, કિંમત રૂા. ૩=૦૦.

૬ **દિવ્ય ઔષધિ-ભાગ ૨ :** લે. શ્રી શોભન, પ્ર. શ્રી જગદીશ વસાણી, 'આયુ પ્રકાશન", ૬, હરસિદ્ધ ચેમ્બર્સ, બીજે માળ, આકાશવાણી સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯, પૃ. ૧૨૮, કિંમત: રૂા. ૫ = ૦૦,

૭ **નિબંધ સ્વરૂપ અને વિકાસ :** લે. ડૉ. પ્રવીણ દરજી, પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, આર્ટ્સ્ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા, પ્ર. શ્રી છોટુભાઈ ર. અનડા, સંચાલક, અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, પૃ. ૩૧૪. કિંમત: રૂા. ૧૫ = ૦૦.

૮ **સાહિત્યદર્શન ( ભારતીય-૨ ) :** લેખકો: સર્વશ્રી રામપ્રસાદ બક્ષી, ચી. ના. પટેલ, ઉપેન્દ્રરાય જ. સાંડેસરા, તપસ્વી નાન્દી, સુરેશચંદ્ર ગો. કાંટાવાલા, કરસનદાસ માણેક; પ્ર. શ્રી કાંતિભાઈ અમીન, રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પૃ. xi + ૩૮ + ૨૦૮; કિંમત: રૂા. ૩૦ = ૦૦.

૯ **સમન્વય :** લે. સુન્દરમ્-ઉમાશંકર: સૉનેટ-સંચય; પ્ર. શ્રીમતી કમલિની હર્ષદ ભણસાલી, રજિસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ—૪૦૦ ૦૨૦, પૃ. ૯ + ૧૨૪, કિંમત રૂા. ૧૭ = ૦૦.

૧૦ **પોષણવિદ્યા :** લે. ડૉ. જે. ડી. પાઠક, ડાયરેક્ટર, મેડિકલ રીસર્ચ સેન્ટર, બોમ્બે હૉસ્પિટલ ટ્રસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૦, પ્ર. યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ—૬, પૃ. ૫૫૪ + ૧૪, કિંમત: રૂા. ૧૯ = ૦૦.

૧૧ **મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ :** લે. અને પ્ર. ડૉ. હસમુખરાય વ્રજલાલ યાજ્ઞિક, નહેરૂ નગર, પટેલ કૉલોની, જામનગર, પૃ. ૧૭૦, કિંમત: રૂા. ૬ = ૦૦.

૧૨ **Qissa-I-Ghamgin :** સં. ડૉ. એસ. સી. મિશ્રા, **પ્ર.** ઇતિહાસ વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટસ્, મ. સ. યુનિવર્સિટી, વડોદરા, પૃ. ૪૪+૧૬૪, કિંમત : રૂા. ૨૦=૦૦.

૧૩ **આખ્યાનયુગનો સાહિત્યપ્રવાહ :** લે. અને પ્ર. હંસાબેન મોહનભાઈ પટેલ, આચાર્ય નિવાસ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪, પૃ. ૨૮૪, કિંમત : રૂા. ૨૦=૦૦.

૧૪ **આશંકા :** લે. અને પ્ર. શ્રી વિપિન પરીખ, C/o. મે. છોટાલાલ ઍન્ડ સન્સ. ભાનુ ભુવન, ૧૪૧, નારાયણ ગૃહ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦ ૦૦૩, પૃ. ૧૨૪, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

૧૫ **વ્યવહારવાદ :** લે. શ્રી ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, પ્રાધ્યાપક અને અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬, **પ્ર.** યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, પૃ. ૨૨૦, કિંમત રૂા. ૯ = ૦૦.

૧૬ **ભારતીય સાહિત્ય વિચાર મંજૂષા (ખંડ ૧—ભરતથી અભિનવગુપ્ત સુધી) :** સંપાદક : ડૉ. રમેશ સુ. બેટાઈ, સહસંપાદક : ડૉ. નારાયણ મ. કંસારા, પ્ર. ઉપર મુજબ, પૃ. ૮૦૬, કિંમત રૂા. ૩૭=૦૦.

૧૭ **માનવક્રિયા વિજ્ઞાન (પુસ્તક ૩) :** લેખકો : ડૉ. જે. ડી. પાઠક, ડૉ. ટી. એચ. રીંડાણી, ડૉ. એમ. જી. અમીન; **પ્ર.** શ્રી ઈશ્વરભાઈ જે. પટેલ, અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પૃ. ૬૭૫; કિંમત રૂા. ૨૪ = ૦૦.

૧૮ **ક્ષત્રપકાલનું ગુજરાત :** લે. શ્રી રસેશ જમીનદાર, **પ્ર.** શ્રી રામલાલ ડાહ્યાભાઈ પરીખ, વિદ્યાપીઠ પ્રકાશન મંદિર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪, પૃ ૩૨૮ + ૮. કિંમત : રૂા. ૧૮=૦૦

૧૯ **રામોપાખ્યાન કિંવા આદિ રામચરિત :** અનુવાદક : શ્રી કેશવરામ કા. શાસ્ત્રી, પ્ર. શ્રી હરિશ્ચંદ્ર શંકરલાલ પંચાલ, વિશ્વહિંદુપરિષદ કાર્યાલય, માધવ સદન, શ્રી જગન્નાથ મંદિર પાસે, જમાલપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦ ૦૨૨, પૃ. ૫૨, કિંમત : રૂા. ૨=૦૦.

૨૦ **વ્યુત્પત્તિવિચાર :** લે. : શ્રી હરિવલ્લભ ભાયાણી, પ્ર. શ્રી જે. બી. સેંડિલ, અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૩૮૦૦૦૬, પૃ. ૨૯૬, કિંમત : રૂા. ૧૯=૫૦.

---

# સ્વાધ્યાય

પુસ્તક ૧૩ : અંક ૧ નવેમ્બર, ૧૯૭૫

દીપોત્સવી વિ. સં. ૨૦૩૧

## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | યોગાચાર્ય શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... | ૧ |
| ૨. | જૂનાગઢ મ્યૂઝિયમની સૂર્યપ્રતિમાઓ—પુષ્પકાંત વિ. ધોળકિયા ... | ૨૪ |
| ૩. | યાજુષજ્યોતિષભાષ્યકાર સોમાકરનાં સમય અને સ્થળ —હિમ્મતરામ મહાશંકર જાની ... | ૨૯ |
| ૪. | હાલાર પ્રદેશ અને હાલારી વાક્સ્વરૂપઃ ઐતિહાસિક ભૂમિકા —શાન્તિભાઈ આચાર્ય ... | ૪૩ |
| ૫. | લોકમાન્યતામાં સપ્તમાતૃકા—મૃદુલા હ. મહેતા ... | ૫૯ |
| ૬. | "વૈરાગ્યમૂર્તિ"ની જીવનસાધના—જયન્ત પ્રે. ઠાકર ... | ૭૧ |
| ૭. | જાડોલીનું વૈદ્યનાથ શિવાલય—મધુસૂદન ઢાંકી ... | ૯૭ |
| ૮. | ભાષાનો સ્વાધ્યાય—શાસ્ત્રી જયેન્દ્ર દવે ... | ૧૦૨ |
| ૯. | પ્રાચીન ભારતીય સંસ્કૃતિસ્રોતઃ નાલંદા વિદ્યાલય —પૃથ્વીસિંહ ઝાલા ... | ૧૧૬ |
| ૧૦. | વિરલ દ્વિમુખી ગણેશ—વસંતકુમાર એસ. પારેખ ... | ૧૨૧ |
| ૧૧. | ગ્રન્થાવલોકન ... | ૧૨૫ |
| ૧૨. | સાભાર સ્વીકાર ... | ૧૩૯ |

# કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન

# ઇનામી નિબંધ : ૧૯૭૫-૭૬

કૈ. મહારાજા સયાજીરાવ સ્મારક સંશોધન સમિતિ તરફથી **"વિજ્ઞાન અને ગ્રામપુનર્ઘટના"** એ વિષય ઉપર ઇનામી નિબંધ લખાવવાનો નિર્ણય થયો છે, અને તે માટેની હરિફાઈમાં, આ ટ્રસ્ટ-ફંડના નિયમ પ્રમાણે ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સૂરત, અને વલસાડ જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. હરીફાઈમાં ભાગ લેવા ઇચ્છનારે પોતાનો નિબંધ તા. ૩૦-૬-૧૯૭૬ સુધીમાં નીચેના સરનામે મોકલવો. શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂ. ૫૦૦—(રૂ. પાંચસો)નું ઇનામ આપવામાં આવશે. નિબંધ ફુલસ્કેપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે લખવો. નિબંધનો વિસ્તાર, ઓછામાં ઓછા દસ હજાર શબ્દોનો હોવો જોઈએ, અને તે પચીસ હજાર શબ્દોથી વધવો જોઈએ નહિ. નિબંધ ગુજરાતી, હિન્દી અને મરાઠી એ ત્રણમાંથી ગમે તે એક ભાષામાં લખી શકશે.

સહી : **રણજિત મો. પટેલ**
મંત્રી

**કૈ. મહારાજા સયાજીરાવ ત્રીજા**
**સ્મારક સંશોધન સમિતિ**
**ગુજરાતી વિભાગ**
**ફેકલ્ટી ઑફ આર્ટ્સ**
**ટિળક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૨**

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૯=૦૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૪=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક : સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર : શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૪=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૫=૫૦ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૫૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૮=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧ | ૯=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૯=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૭=૫૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૫=૫૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૬=૦૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૩=૦૦ |
| ૧૯ | **ગુજરાત : એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૫=૫૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૩=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૦૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત : ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૧૧=૫૦ |
| ૨૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૬=૦૦ |
| ૨૫ | **આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે) | ૪=૦૦ |
| ૨૬ | **માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫) | ૮=૦૦ |
| ૨૭ | **ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી શાંતિલાલ પી. પુરોહિત | ૮=૭૫ |
| ૨૮ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર | ૧૫=૦૦ |
| ૨૯ | **મીરાંબાઈ : એક મનન** (બીજી આવૃત્તિ-ડૉ. મંજુલાલ મજમુદાર | ૧૯=૦૦ |

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૧૦=૫૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૬=૫૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ—સં.** : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૯=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૧૧=૫૦ |
| ૪. | **ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૫૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૧૦=૫૦ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૨૪=૦૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૫=૫૦ |
| ૯. | **હમ્મીર પ્રબન્ધ**—સંપાદકો : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૬=૦૦ |
| ૧૦. | **પંચદંડની વાર્તા**—લેખક : ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ | ૩૧=૦૦ |
| ૧૧. | વાગ્ભટાલંકાર બાલાવબોધ—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૨=૫૦ |
| ૨. | ,, ,, ,, ૨ | ૨=૫૦ |
| ૩. | ,, ,, ,, ૩ | ૬=૫૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૫૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૨=૫૦ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૪=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૩=૦૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૪=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છટ્ઠું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૨=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૫=૫૦ |


**પ્રાપ્તિસ્થાન :**

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા–૩૯૦ ૦૦૧**

# ખાંસીના ૪ મોરચા પર હૂમલો કરનાર!






# ગ્લાયકોડીન

## એક ઇલાજ—જે ૪ પ્રકારે ખાંસી પર પૂરો કાબૂ મેળવે છે.

☐ મગજમાં—ખાંસીના કેન્દ્ર પર નિયંત્રણ કરે છે. ☐ ગળામાં—ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે ☐ છાતીમાં—જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે. ☐ ફેફસામાં—ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે.

ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો અસરકારક બીજો કોઇ પણ ઇલાજ નથી.

ત્વરિત અસરકારક • મધુર સ્વાદવાળું • કરકસરયુક્ત

ભારતમાં ખાંસીનો સૌથી વધુ વિશ્વસનીય બરગથ્થુ ઇલાજ.

Alembic

everest/365 k /ACW Guj



પોસ્ટ ઑફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિંત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

**નાની બચત**
**ઘડપણનો સહારો**

વિગત માટે :
કલેકટર કચેરી. પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી

# આજ માટે તૈયાર છો. પણ આવતી કાલ નો વિચાર કર્યો છે?



સા-પ્રા-ગુજ ૩-૭૪

श्री ...सागरसूरि ज्ञानमंदिर
... आराधना केन्द्र
कोबा ... ३८२००९




આપનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાનો સમય આવી પહોંચે ત્યારે તેને લગતો ખર્ચ ઉઠાવવા માટે આપે તૈયારી કરી લીધી છે?

**દેના બૅંકમાં બચતખાતું અથવા ફિક્સ્ડ ડિપોઝિટ ખાતું ખોલીને અત્યારથી જ નિયમિત બચત કરવા માંડો.**

**દેના બૅંકની બીજી ૬ બચત યોજનાઓ:**

સગીર બચત યોજના • રિકરિંગ ડિપોઝિટ યોજના • માસિક સેવિંગ્સ-કમ-એન્યુઈટી યોજના • વિવિધલક્ષી ડિપોઝિટ યોજના
કેશ સર્ટિફિકેટ્સ • વીમા સાથે સંકળાયેલી બચત ડિપોઝિટ યોજના.

**દેના બૅંક**

(ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૦૧.

Ratan Batra/DB/G/238

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :

**જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩**

***quality is our creed***





everest/716a/JY gj

# નાના ઉદ્યોગપતિઓ!



જો નાણાં
એ તમારી સમસ્યા હોય, તો

બૅન્ક ઑફ બરોડા
એ તેનો ઉકેલ છે.



**એક વિચારથી માંડીને...
તેને પૂર્તિ કરવાના...
અને વિકસાવવાના સમગ્ર માર્ગમાં
બૅન્ક ઑફ બરોડા તમારી સાથે છે:**

જો નાના પાયા પરનો ઉદ્યોગ શરૂ કરવા માટે અથવા વિકસાવવા માટે તમારામાં ધગશ, કુશળતા અથવા ટેકનીકલ જ્ઞાન હોય તો બૅન્ક ઑફ બરોડા તમને જરૂરી નાણાં ધીરશે ... પુનઃ ચુકવણી અંગેની હળવી શરતોએ. વધુ વિગતો માટે બૅન્ક ઑફ બરોડાની નજીકની શાખાનો સંપર્ક સાધો.

ચિર સમૃદ્ધિનું પ્રતીક
**બૅન્ક ઑફ બરોડા**
ભારતમાં અને પરદેશો — બ્રિટન, પૂર્વ આફ્રિકા, મોરીશિયસ, ફિજી ટાપુઓ અને ગિયાનામાં — મળીને ૭૦૦ ઉપરાંત શાખાઓનું જૂથ.

Shilpi BOB 25A/72 Guj.

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ ન.પૈ. ( ટપાલખર્ચ સાથે )
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, ટિળક રોડ, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા–૩૯૦ ૦૦૧

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા—૩૯૦ ૦૦૧** **સંપાદક**

મુદ્રક: શ્રી રસિકલાલ છો. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ ( સાધના પ્રેસ ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ડિસેમ્બર, ૧૯૭૫.



ચિત્ર ૩
સૂર્યપત્ની (આશરે ઈ.સ. ૧૪મી શતાબ્દી)



ચિત્ર ૪
ખંડિત સૂર્ય–પરિકર

તસ્વીર : શ્રી બહાદુરભાઈ વાંક
( ફોટો : નિયામક, સંગ્રહાલયખાતાના સૌજન્યથી )
[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ધોળકિયાનો લેખ ]



ચિત્ર ૬

સૂર્ય, દામનગર ( અમરેલી )

( આશરે ઈ. સ. ૧૪મી શતાબ્દી )

( ફોટો : નિયામક, સંગ્રહાલયખાતાના સૌજન્યથી )

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ધોળકિયાનો લેખ ]